# જળ : ઝાંઝવાનાં અને ઝરણાનાં

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પંચ પ્રસ્થાન પુણ્ય સ્મૃતિ પ્રકાશન - સુરત

પૂ.પંન્યાસપ્રવર શ્રી યુગચન્દ્રવિજયજી ગણિવર પ્રેરિત
શ્રી સૂરજબેન રીખવચંદ કાનજીભાઈ સંઘવી
ગ્રંથમાળા - ૧૨૬

# જળ : ઝાંઝવાનાં અને ઝરણાનાં

ઝાંઝવાના જળ પાછળની દોડ ત્યાગીને ઝરણાનું જળપાન કરનારા
રણસિંહ-કમલવતીની રસિક રોમાંચક સચિત્ર સળંગ કથા

: શબ્દશિલ્પી :
સાહિત્યસમ્રાટ કામણગારી કથા લેખક પૂ.આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

: સુકૃત સંચય :
આધોઈ નિવાસી ચરલા નરશીભાઈ વીજપાર પરિવાર
૧૭૦, ખાડીલકર રોડ, મુંબઈ-૪. ફોન : ૨૩૮૫૩૦૭૯

: પ્રકાશક :
પંચ પ્રસ્થાન પુણ્ય સ્મૃતિ પ્રકાશન
સુમંગલમ્ કાર્યાલય
૧૦/૩૨૬૮-એ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત

# : લેખક પરિચય :

ચારિત્ર ચૂડામણિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના**

પટ્ટધર વ્યાખ્યાતૃશિરોમણિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

પટ્ટપ્રભાવક સત્વમૂર્તિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્

**વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

આજીવન અંતેવાસી પ્રશમમૂર્તિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્

**વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના**

પટ્ટધરરત્ન સિદ્ધહસ્ત સાહિત્ય સર્જક પૂ.આચાર્યદેવ શ્રીમદ્

**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

❖ પ્રકાશન : ૨૦૬૨, કાર્તિક

❖ પ્રતિ : ૧૦૦૦

❖ આવૃત્તિ : પ્રથમ

**✪ પ્રાપ્તિસ્થાન ✪**

**પંચ પ્રસ્થાન પુણ્ય સ્મૃતિ પ્રકાશન**

**રમેશભાઈ રીખવચંદ સંઘવી**

૩૦૧, સ્વયંસિદ્ધિ એપાર્ટમેન્ટ, ૩જે માળે,

દેવદીપ સોસાયટી, ચાઈના ગેટની ગલીમાં,

સરગમ શોપીંગ સેન્ટરની સામે, પાર્લે પોઈન્ટ,

સુરત - ૩૯૫૦૦૭ - મો. : ૯૩૭૪૫૧૩૬૫૫

✪

**અશોકભાઈ શાહ**

પૂનમ પેપર સેન્ટર

૧૭૦, ખાડીલકર રોડ, કાંદાવાડી, મુંબઈ-૪.

ફોન : ૦૨૨-૨૩૮૫૧૧૪૯

**: મુદ્રણ :**

**મન ગ્રાફિક્સ - 022-9892345116, 23468641**

# જળ : ઝાંઝવાનાં અને ઝરણાનાં

જેમાં જળનું બિંદુ પણ ન હોય, છતાં જળથી ભરપૂર સિંધુ જ જાણે સાક્ષાત લહેરાઈ રહ્યો હોય, એવો જે આબેહૂબ-આભાસ કરાવે એ મૃગજળ ! આવાં મૃગજળ આમ તો રણમાં જ અને એય ક્યારેક ક્યારેક જ જોવા મળતા હોય છે, પરંતુ સુખ એક એવું મૃગજળ છે, જે સંસારમાં સદૈવ વહેતું જોવા મળતું હોય છે, અને સુખનું એ મૃગજળ જ માનવ-મૃગલાઓને મૂંઝવી મારતું હોય છે. આ સંદર્ભમાં પેલા કવિની પંક્તિઓ યાદ આવી જાય છે.

*જળ દેખાડી મૃગજળ પૂંઠે, દોડાદોડ કરાવે,*
*ડાહ્યાનેય ડફોળ બનાવી, ગભરૂં ગણી ગભરાવે,*

મૃગજળમાં મોહાયેલો અને મૂંઝાયેલો માનવ કઈ હદ સુધીની પાગલતાનો ભોગ બનતો હોય છે અને ત્યારે અઘટ / અશક્ય લાગે એવી કેવી કેવી ઘટનાઓ ઘટી જતી હોય છે, એનું રોમાંચક-દર્શન કરાવતી પાત્ર-પરંપરાથી ભરપૂર સળંગ-કથા 'મૃગજળની માયા' વર્ષો પૂર્વે 'કલ્યાણ' માસિકમાં પ્રકાશિત થઈ હતી, અને વિ.સં. ૨૦૪૬માં એ પુસ્તકાકાર પામી હતી, સંસ્કૃતિ પ્રકાશન દ્વારા મુદ્રિત એ પુસ્તક આજે 'પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન તરફથી વધુ ગેટઅપથી સમૃદ્ધ બનીને વાચકોની માગણીને સંતોષી રહ્યું છે.

શ્રી મહાવીર પરમાત્મા દ્વારા સ્વહસ્તે દીક્ષિત શ્રી ધર્મદાસ ગણિવરે શ્રી ઉપદેશમાળા નામક ગ્રંથ રચ્યો છે, મૃગજળ જેવી સંસાર-સૃષ્ટિમાં મોહાયેલા સ્વપુત્ર રણસિંહને મુખ્યત્વે પ્રતિબોધવા રચાયેલા આ ગ્રંથના પ્રારંભે રણસિંહની કથા-સૃષ્ટિના દર્શન થાય છે, એના આધારે આ વાર્તાનું શબ્દ-શિલ્પ કંડારવામાં આવ્યું છે. ખરેખર અદ્ભુત આ વાર્તા છે. જેના વાંચનથી કેટલાય સંસારીઓ મૃગજળની માયા અળગી કરીને સાચા સુખની છાયા મેળવવા સફળ બન્યા છે.

આજનો માનવ તો મૃગ કરતાં પણ વધુ મૂઢ બનીને પૈસાના પગે સુખના ઝાંઝવા પાછળ દોટ મૂકી રહ્યો છે. એને સાવધાન કરવાની જરૂર છે કે, થોભી જા, નહિ તો થાકી જઈશ ! અટકી જા, નહિ તો ભટકી ભટકીને ભવાટવીમાં ભસ્મશેષ બની જઈશ. આ કર્ત્તવ્ય થોડા ઘણા અંશે પણ **'જળ : ઝાંઝવાનાં અને ઝરણાં'**નાં દ્વારા સિદ્ધ થશે, અને ઝાંઝવાના જળનો આશક માનવ ઝરણાના જળનો આશક બનશે, એવો વિશ્વાસ છે.

ઝાંઝવાંનાં જળ પાછળ હરપળ દિલ દઈને દોડતી આ દુનિયાને રણસિંહ અને કમલવતી જાણે પ્રસ્તુત સળંગ કથાના માધ્યમે શાયર બનીને ગઝલ સ્વરૂપે સાવધાનીનો એવો સંદેશ સુણાવી રહ્યા છે કે,

*દોડે મૃગજળ પાછળ કહું છું દિલને હરપળ*
*એ દિશામાં દોડ તું કે, જ્યાં વહે છે ઝરણું ખળખળ.*
*ઝરણાનાં જળ જીવન દેશે, યુગોની પ્યાસ તો ટળશે*
*સમંદર ખારા કામ ના આવે, ન મૃગજળ થી કંઈ વળશે.*

**સંવત્સરી પર્વ, ૨૦૬૧**
**૭-૯-૨૦૦૫, બુધવાર**

✍ **આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ**
કુમુંદ મેન્શન, તારદેવ, મુંબઈ

# પ્રકાશક પરિવારનો પુણ્ય પરિચય

કચ્છ-વાગડની ધિંગી ધરા ધર્મથી સમૃદ્ધ છે, એમ ધનથી પણ સમૃદ્ધ છે. આ ધરતીનું ધાવણ પીને ઉછરેલા સપૂતોના જીવનમાં જોવા મળતી ધર્મ અને ધન વચ્ચેની પારસ્પરિક સમૃદ્ધિએ સરજેલો ઈતિહાસ રોમાંચક હતો, એમ આજેય એ સ્પર્ધા જે ઈતિહાસ સરજતી રહી છે, એ પણ ઓછી અનુમોદનીય નથી !

કચ્છવાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી પૂ.આચાર્યદેવશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી પૂ.મુનિરાજ શ્રી તત્વવર્ધન વિજયજી મ. તથા પૂ.મુનિરાજ શ્રી તત્વદર્શનવિજયજી મ.નો સંત્સગ - સમાગમ જે અનેકાનેક પરિવારને ધર્માભિમુખ બનાવી ગયો, એમાનાં જ એક પરિવાર તરીકે **ચરલા નરશીભાઈ વીજપાર** પરિવારની આ અવસરે અનુમોદના થયા વિના નથી રહેતી, હાલ મુંબઈમાં વસતા આ પરિવારે આ પુસ્તકના પ્રકાશક બનવાનો લાભ લીધો છે, ત્યારે એમના સુકૃતોની સરવાણી સહેજે સંહેજે આંખ સામે તરવરી ઉઠે છે.

કચ્છ-વાગડની ધરતી પર શોભતું આધોઈ ગામ આ પરિવારની વતનભૂમિ છે. પૂ. ગુરુ ભગવંતોના સદ્ઉપદેશ-માર્ગદર્શનને પ્રાપ્ત કરીને ઉદારદિલ આ પરિવારે અવાર-નવાર અનેક સુકૃતોનો સંચય કર્યો છે.

❑ નખત્રાણા (કચ્છ) તાલુકાના નારાણપર ગામમાં વિ.સં. ૨૦૫૬ના પોષ સુદ ૧૦ રવિવાર તા. ૧૬-૧-૨૦૦૦ના રોજ મુખ્યત્વે શ્રાવક-શ્રાવિકાઓની આરાધના માટે તેમજ શેષકાળમાં વિચરતા મુનિ ભગવંતોનો વસતિદાનનો લાભ મળી શકે, એ ભાવનાથી આ પરિવારે ઉપાશ્રયનું નિર્માણ કર્યું હતું.

રાધનપુર થી ૮ કી.મી. દૂર મોટી પીંપરી ગામમાં પ્રભુજીનું જિનાલય ન હોવાથી શ્રાવકો પ્રભુદર્શનના લાભથી કાયમ લગભગ વંચિત રહેતા હતા. વિહારભૂમિ હોવા છતાં જિનમંદિર ન હોવાથી પૂ.સાધુ-સાધ્વીજી વધુ સ્થિરતા કરી શકતા ન હતા. તેથી આ પરિવારે ત્યાં વિ.સં. ૨૦૬૦ મા.સુ. ૭ રવિવાર તા. ૩૦-૧૧-૨૦૦૩ના રોજ શ્રી સંભવનાથ પ્રભુજીનું નાનકડું રળિયામણું જિનાલય અને શ્રાવક આરાધના ભવનનું નવ નિર્માણ કર્યું, તેમજ શ્રાવિકા ઉપાશ્રયના પુનરુદ્ધારમાં પણ સંપૂર્ણ સહયોગ પ્રદાન કર્યો.

ચાલુ વર્ષે વિ.સં. ૨૦૬૧ના પર્યુષણ દરમિયાન સિદ્ધહસ્તલેખક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શ્રીમુખે પચ્ચક્ખાણ-આશીર્વાદ-માંગલિક-વાસક્ષેપ ગ્રહણ કરી તેમજ પ્રભાવક પ્રવચનકાર પંન્યાસપ્રવર **શ્રી યુગચન્દ્રવિજયજી ગણિવર્ય**ની પાવન પ્રેરણાથી અને પ્રેરક પીઠબળથી આ પરિવારમાં પ્રાયઃ ૪૦ વર્ષ બાદ સૌ પ્રથમવાર તપારાધનાના દ્વાર ખુલ્લાં થતા **અજય અશોકભાઈ ચરલા** (ઉ.વ. ૧૫) **નિશિત પ્રવિણભાઈ નીસર** (ઉ.વ. ૨૧) **બિન્દીયા પ્રવિણભાઈ નીસર** (ઉ.વ. ૧૮) આ ત્રણ પુણ્યાત્માઓએ જીવનમાં પહેલ વહેલી વાર અઠ્ઠાઈતપની આરાધના કરી. ભા.સુ.પ્ર. ૫ ગુરુવારના પારણા પ્રસંગે સ્વગૃહે પૂ.પંન્યાસપ્રવર શ્રી યુગચંદ્રવિજયજી ગણિવરના પગલા કરાવ્યા હતા, બાદ ભા.સુ. ૮ના સાતિ જમણનું આયોજન કરી પ્રત્યેક વ્યક્તિને પૂ.સિદ્ધહસ્તલેખક ગુરુદેવશ્રીનું નવ પ્રકાશિત પુસ્તક પ્રભાવના રૂપે અર્પણ કર્યું હતું.

સ્વ. પ્રવિણભાઈ ગેલાભાઈ રામજી નીસર (લાકડીયા)ના સ્મરણાર્થે પ્રસ્તુત પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવા બદલ પરિવારને શતશઃ અભિનંદન...

## પુણ્યવંતો પરિવાર

**પૂ.પિતાશ્રી ચરલા નરશીભાઈ વીજપાર**

**પૂ.માતુશ્રી શ્રીમતિ મણીબેન નરશીભાઈ**

### સુપુત્રો

**અશોકભાઈ - સૌ. જયાબેન**

**કીશોરભાઈ - સૌ. મનિષાબેન**

**હરેશભાઈ - સૌ. અલ્પાબેન**

### સુપુત્રી

**ગીતાબેન પ્રવિણભાઈ નીસર**

**દીવ્યાબેન દિલીપભાઈ ગડા**

### પૌત્ર-પૌત્રી

**અજય, દિશા, સીમરન, આકાંક્ષા, રુચિ**

# પ્રકાશકીયમ્

લગભગ ૧૬૧૬ પેજનું વાંચન પીરસનારા ૨૫ પુસ્તકોના એક સામટા પ્રકાશન બાદ ટૂંક સમયમાં જ 'જળ: ઝાંઝવાના અને ઝરણાનાં' નામક સળંગ વાર્તા પ્રકાશિત કરવાના સમયે અમને ગૌરવની અનુભૂતિ થાય, એ સહજ છે. વાચકોને રસ અને રુચિથી જકડી રાખતી એક એવી કથા સૃષ્ટિ આ પુસ્તકના પાને અવતરી છે કે, એનું રસપાન કરતા કરતા વાચક ભગવાન શ્રી મહાવીર પરમાત્માના એ કાળમાં વિચરવા માંડે અને શ્રી ધર્મદાસગણિ જેવી વિરલ-વિભૂતિનાં ચરણે જઈને બેઠેલી કલ્પી શકે.

રણસિંહ અને કમલવતીના મુખ્ય બે પાત્રોની આસપાસ અનેક પાત્રો પ્રદક્ષિણા દેતા હોય, એવું દૃશ્ય આ વાર્તા-વાચનની પળે નજર સમક્ષ તરવર્યા વિના નહિ જ રહે, એવો વિશ્વાસ છે. તેમજ વાર્તા-સૃષ્ટિ જેમ જેમ આગળ વધતી જશે, એમ ઝાંઝવા અને ઝરણાના જળ વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા પણ ઉપસતી જશે. સિદ્ધહસ્ત સાહિત્યકાર પૂજ્યશ્રીએ ઘણા વર્ષો પૂર્વે આ કથા કંડારી હતી, છતાં એમાં કલમ અને કથાચિત્ર હાનિ જે હથોટી જોવા મળે છે, એ વર્ષો પૂર્વે પણ એઓશ્રીની કલમને સ્વયં વરેલી સિદ્ધહસ્તતાનો સુપેરે સાક્ષાત્કાર કરાવી જવા સમર્થ છે.

સંઘ-સમાજ અને વાચકવૃંદનો અમારી સાહિત્યયાત્રાને પ્રતિવર્ષ ઉત્તરોત્તર અધિકાધિક સત્કાર મળી રહ્યો છે, તે બદલ અમે તે સહુના ઋણી છીએ.

**''જળ ઝાંઝવાનાં અને ઝરણાનાં''**

**આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લેનાર**

**આધોઈ નિવાસી ચરલા નરશીભાઈ વીજપાર પરિવાર**
૧૭૦, ખાડીલકર રોડ, મુંબઈ-૪.

***આપે કરેલી શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.***

***લિ. પંચપ્રસ્થાન પુણ્ય સ્મૃતિ પ્રકાશન - સુરત***

# જળ : ઝાંઝવાનાં અને ઝરણાનાં

પૂ. આચાર્ય દેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

# પ્રકરણના પગથિયા


| | | |
|---|---|---|
| ૧ | ન બચે બાંસ ન બજે બંસરી ! | ૧ |
| ૨ | પાપ પ્રગટ થાય છે | ૯ |
| ૩ | વિરાગની વિજય યાત્રા | ૧૬ |
| ૪ | ભાગ્ય જાગે છે ત્યારો | ૨૪ |
| ૫ | ખુલ્લું થયેલું રહસ્ય | ૩૧ |
| ૬ | પ્રીત પરાણે ન થઇ | ૩૯ |
| ૭ | ચોરી પર શિરજોરી | ૪૭ |
| ૮ | ભેદીજાળ રચતી ભગ્નાશા | ૫૫ |
| ૯ | દગાના દાવ ખેલતી યોગિની | ૬૩ |
| ૧૦ | મુખમેં રામ બગલમેં છૂરી | ૭૧ |
| ૧૧ | માયાનો માર્ગ | ૭૮ |
| ૧૨ | રણસિંહ કમલવતીનું કાળજું કચડે છે | ૮૬ |
| ૧૩ | માયાનો છેલ્લો દાવ ફેંકતી યોગિની | ૯૪ |
| ૧૪ | કમલવતીને દેશવટો | ૧૦૩ |
| ૧૫ | ભુંસાતી જતી ભ્રમણાની ભુરકી | ૧૧૨ |
| ૧૬ | મનના મોડ અજોડ | ૧૨૦ |
| ૧૭ | મિત્ર મળ્યો મનગમતો | ૧૨૮ |
| ૧૮ | ભયાનક ભાવિની ભૂતાવળ | ૧૩૭ |
| ૧૯ | પુનર્ભેટાનુ એ પરોઢ ખીલશે ખરું ! | ૧૪૬ |
| ૨૦ | પુનર્ભેટાનો ઊંચકાતો પડદો | ૧૫૪ |
| ૨૧ | વિજયપુર પર વિજય વાવટો | ૧૬૨ |
| ૨૨ | દૂર થઇ દુવિધા દિલ દિલની | ૧૭૧ |

૧



# ન બરે બાંસ ! ન બજે બંસરી !

ક્યારેક મોટા મોટા મહેલોમાં નાનકડા સુખનાય દર્શન મળવા દુર્લભ હોય છે અને નાનેરી ઝૂંપડીમાંય મોટાંમોટાં સુખો મહાલતાં નજરે પડે છે. જેમ સુખોની જન્મભૂમિ બનવાનો ઈજારો માત્ર મહેલોને જ નથી મળ્યો હોતો, એમ દુઃખની જનેતા બનવાનું દુર્ભાગ્ય માત્ર ઝૂંપડીના કપાળે જ નથી અંકાયેલું હોતું. કેટલીક વાર મોટાં ગણાતાં સુખો, દુઃખનો લાંબોલચ પડછાયો ધરાવતાં હોય છે, જ્યારે નાનાં ગણાતાં સુખોની આસપાસ દુઃખ આંટોય મારી શકતું નથી. મહેલનાં સુખ જેમ મોટાં હોય છે, એમ એનાં દુઃખ પણ મોટાં હોય છે. ઝૂંપડીનાં સુખ જેમ નાનાં હોય છે, એમ એનાં દુઃખ પણ નાનાં હોય છે.

અજયા રાજરાણી હતી. કોઈ વાતે એને કમીના ન હતી. પટરાણીનું પદ એની પગચંપી કરતું હતું. સત્તા અને સંપત્તિની સેવિકાઓ એનો પડતો બોલ ઝીલી લેવા સદા સજ્જ રહેતી હતી. સૌન્દર્યનો એનામાં વાસ હતો. વિજયસેન જેવા સૌન્દર્ય, સામર્થ્ય અને સરસ્વતીના ત્રિભેટે ઊભેલા રાજવીની પ્રિયતમા બનવા એ બડભાગી બની હતી. આમ, દેખીતી દષ્ટિએ અજયાને મળેલો સુખનો વૈભવ ભલભલાના મનમાં ઈર્ષ્યા પેદા કરે એવો હતો.



• રાજવી વિજયસેનનો રાજ મહેલ

વિજયસેન વિજયપુર નગરનો સમૃદ્ધિશાળી રાજવી હતો. ભગવાન શ્રી મહાવીર દેવના શાસનનો ધર્મધ્વનિ જે પ્રદેશની ધરતીના કણેકણમાં ગુંજી રહ્યો હતો અને જે દેશની પુણ્ય ધરતીને ભગવાન સદેહે પાવન કરી રહ્યા હતા એવા દિશા, દેશ અને કાળમાં જન્મવાનું સૌભાગ્ય એને સાંપડ્યું હતું. વિજયપુરનગર જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં એવા સ્થળે આવ્યું હતું કે, જ્યાં ધર્મની દુંદુભિના નાદ સદા સંભળાયા કરતા. એથી વિજયસેનની ધર્મસમૃદ્ધિ પણ ભલભલાની આંખમાં વસી જાય એવી હતી. નાનપણથી જ એને એવા સંસ્કારો મળ્યા હતા કે, રાજ્યની જવાબદારી સંભાળવાની ફરજ અદા કરવાનો સમય ન આવ્યો હોત, તો વિજયસેન ક્યારનોય ભગવાન શ્રી મહાવીરદેવના શ્રમણ-સંઘમાં જોડાઈ જઈને આત્મસાધક બની ચૂક્યો હોત !

વિજયસેન એકનો એક પુત્ર હતો. એથી યૌવનવયમાં પ્રવેશતાં પૂર્વે જ એનાં માતપિતાના મનના મેદાન પર કર્તવ્ય અને ફરજનું સૈન્ય સામસામો સંગ્રામ ખેલવા ઊતરી પડ્યું ! કર્તવ્યનો ધ્વનિ એવો હતો કે, હું વિજયસેનને ભગવાનના સાધુ-સંઘમાં સામેલ કરાવીને એને આત્મસામ્રાજ્યનો અધિષ્ઠાતા બનાવીશ ! ફરજનો ધ્વનિ એવો હતો કે, હું વિજયસેનને માથે વિજયપુરના સામ્રાજ્યનો તાજ પહેરાવ્યા વિના નહિ જ રહું !

માતપિતા જીવનના આરે આવી ઊભાં હતાં. રાજ્યની જવાબદારી અદા કરી શકે, એવી કોઈ સબળ વ્યક્તિ નજીકનાં સગાંઓમાં મળી શકે એમ ન હતી. એથી મનના મેદાન પરના એ સંગ્રામમાં અંતે ફરજનો વિજય થયો અને વિજયપુરના સિંહાસન પર વિજયસેનનો એક દિ' રાજ્યાભિષેક પણ થઈ ગયો !

**બંધન એનું જ નામ, જે બીજા બંધનોને ખેંચી લાવે !** વિજયસેન રાજવી બન્યો. એના માથે મુકુટનાં બંધન બંધાયાં, હવે લગ્નના બંધનમાં જકડાયા વિના એને કોણ રહેવા દે ! એક દહાડો એનાં લગ્ન લેવાયાં. અજયા નામની રૂપયૌવના સાથે લગ્ન થઈ ગયા બાદ શરૂઆતનાં થોડાંક વર્ષો સુધી તો અજયાના અંતર પર પ્રેમનો અભિષેક બરાબર થતો રહ્યો, પણ પછી એમાં ધીમેધીમે ઓટ આવવા માંડી. લગ્નજીવન પર મહિનાઓનાં વહાણાં વાયાં હતાં, છતાં લગ્નની એ વેલ ફળી ન હતી અને બીજી બાજુ વિજયા નામની એક રાજકુમારી વિજયસેનને વરવા તલપાપડ હતી.

વિજયસેનની દ્વિધાનો પાર ન હતો. એનું મન મૂંઝાતું હતું. એ વિચારતો હતો કે, જેમ વિજયાનો સ્વીકાર કરીને ઘરમાં સંઘર્ષનું એક નક્કર નિમિત્ત ખડું કરવામાં ડહાપણ નથી, એમ રાજ્યની જવાબદારીને વહન કરી શકે, એવા પુત્રની આશામીટ સમી વિજયાનું માગું પાછું ઠેલી દેવું, એમાંય ડહાપણ નથી !

વિજયસેને આગળપાછળની લાંબી વિચારણાને અંતે વિજયાનું માગું સ્વીકારી લીધું. એક દિવસ લગ્નમહોત્સવ પણ ઠાઠમાઠથી ઊજવાઈ ગયો. નવવધૂ વિજયાના આગમન પછી ધીમેધીમે અજયાનાં વળતાં પાણી વધુ પ્રમાણમાં થવા માંડ્યાં. વિજયા રૂપ, રંગ અને ગુણમાં અજયાથી કેઈ ગણી ચડિયાતી હતી, એથી થોડા જ વખતમાં વિજયાનાં માનપાન ખૂબ જ વધી ગયાં.

**એક મ્યાનમાં હજી બે તલવાર રહી શકે, એક ગુફા હજી કદાચ બે સિંહને**

**સમાવી શકે, પણ એક અંતર બે નારીને સમાનભાવે પોતાનામાં સમાવી શકે, એ ઓછું શક્ય છે. વિજયાનું રાજમહેલમાં આગમન થયું, ત્યારથી અજયાના અંતરમાં ઈર્ષ્યાનો અગ્નિ ધીમે-ધીમે વધુ ને વધુ માત્રામાં ભડભડવા માંડ્યો. સંસારનો આ સ્વભાવ જ છે ! રાગના રમકડાના રૂપરંગ ઊતરી જતાં એની પરનો માનવનો અંધરાગ પણ અલોપ થઈ જતો હોય છે અને એક વાર જેના વિના પળ પણ યુગ સમી વસમી લાગતી હોય એની આગળ પછી પળ સુધીય પ્રેમાલાપ કરવા બેસવું પડે, તો એ બેસણું યુગ જેવું લાંબું ભાસતું હોય છે.**

વિજયસેન અંતરથી ભલે વિરાગનો રાગી હતો, પણ અત્યારે તો એ રાગનું રમકડું બન્યો હતો, એથી નવું રૂપાળું રમકડું મળી જતાં, એનો તમામ રાગ અજયા પરથી ઓસરી જઈને વિજયા પર વરસી રહ્યો હતો. રાજાપ્રજા તરફથી વિજયાને જેમજેમ બહુમાન મળતું ગયું, એમએમ અજયાના પેટમાં વધુ ને વધુ તેલ રેડાતું ગયું. બહારનું કોઈ દુઃખ અજયાને અડી પણ શકે એમ ન હતું, પરંતુ એના પોતાના જ મનમાંથી ઊભા થતા ઈર્ષ્યાપ્રેરિત કુવિચારો એને જંપીને બેસવા દેતા નહોતા ! એ વિચારતી કે, આ વિજયા મારા બાગ જેવા સંસાર પર આગ બનીને ત્રાટકી અને મારું નેહનું નંદનવન બળીને રાખખાક બની ગયું ! આ રાખમાંથી રોશની પેદા કરવાનો હવે કોઈ ઉપાય હશે ખરો ? આ અજયા જો...

–ને કોઈ કાળી ચૌદસની મધરાતે, જાણે અડાબીડ અટવીમાં પ્રવેશતી હોય, એમ અજયા પાપ-વિચારોની કાળી દુનિયામાં ટહેલવા નીકળી પડતી! એનું મન જ્યારે જ્યારે નવરું પડતું, ત્યારે ત્યારે એ કાળા વિચારોની દુનિયામાં એક ચક્કર મારી આવતું!

ન કહી શકાય અને ન સહી શકાય, એવી સ્થિતિ અનુભવતી અજયાના દિવસો દર્દભર્યા અને રાતો રિબામણભરી વીતવા માંડી. દિવસો મહિના રૂપે પલટાઈને, મહિનાઓ વર્ષનો સરવાળો માંડવાની તૈયારીમાં હતા, ત્યાં એક દહાડો અજયાને જાણવા મળ્યું કે, પોતાની શોક્ય વિજયાની કૂખમાં કોઈ પંખી માળો નાખી રહ્યું છે, એ ગર્ભવતી બની ચૂકી છે !

ને અજયાના પેટમાં ખળખળતું તેલ રેડાયું ! એ સમજતી હતી કે, પોતાના પરથી પતિદેવનો પ્રેમ જે કારણે ઓસર્યો હતો, એ કારણની પૂર્તિ કરવા વિજયા નિમિત્ત બનનાર હતી, એથી વિજયાનાં માનસન્માનના ચાર ચાર ચાંદ ખીલી ઊઠ્યા વિના



● રાજવી વિજયસેન અને રાણી અજયા-વિજયા

નહિ રહે, આ વાત અજયા બરાબર જાણતી હતી. એના દુઃખનું મૂળ જ આ હતું. અજયાના મનમાં એવા વિચારનું પાપ-ચક્ર વેગ સાથે ઘૂમવા માંડ્યું કે, જો વિજયા પુત્રને જન્મ આપે, તો એ જ આ રાજ્યનો વારસદાર બને ! રાજમાતાનું ગૌરવવંતું પદ પણ વિજયાના કપાળે જ અંકિત થાય ! તો તો મારે વાંઝિયામેણું જ જીવન સુધી સહેવાનું રહે. હાય! આ દુનિયામાં મારા જેવો દુઃખિયારો જીવ બીજો કયો હશે ? સુખ, સગવડો અને સંપત્તિના સરોવર વચ્ચે વસવા છતાં 'જલ બીચ મીન પિયાસી' જેવા દિલનાં દુઃખ તો મારા જેવી કો'ક અભાગી નારીના જ કપાળે લખાયાં હશે ?

**માણસજાત પોતાના સુખ માટે જ નથી મથતી ! પારકો દુઃખી થાય, એમાં પોતાને કોઈ સુખ મળતું ન હોવા છતાં એમાં એ સુખનું સ્વપ્ન નિહાળે છે અને પારકાને દુઃખના દરિયામાં ઝીંકવાની યોજના કરીનેય એ સંતોષ માને છે.**

અજયાએ પોતાની બુદ્ધિને કામે લગાડી દઈને વિજયાની આસપાસ વિપત્તિઓ વેરી દેવાના ઉપાયો ગોતવા માંડ્યા. ઘણી બધી વિચારણાને અંતે એના હાથમાં ગોઝારો એક ઉપાય જડી આવ્યો. એ મનોમન હસી ઊઠતાં ગાવા મંડી પડી કે, ન બચેગા બાંસ! ન બજેગી બંસરી ! વાંસને જ હું છેદી નાખું ! પછી વાંસળી ક્યાંથી વાગી શકવાની છે?

વર્ષોથી રાજભવનમાં સેવાચાકરી બજાવતી ચન્દ્રલેખાને વિશ્વાસમાં લઈને

પોતાની યોજના પાર પાડવાનો અને એ માટે નાણાંની કોથળી ખુલ્લી મૂકી દેવાનો અજયાએ નિર્ણય કર્યો. એને વિશ્વાસ હતો કે, ચાંદીની ચાવી ગમે તેવા તોતિંગ દ્વારને પણ ઉઘાડી નાખવાની શક્તિ ધરાવે છે !

અજયાએ ધીમે ધીમે ચન્દ્રલેખા સાથે સંબંધ વધારવા માંડ્યો. થોડા દિવસોમાં તો એ બંને વચ્ચે 'દેહ બે, દિલ એક' જેવી પ્રીતના તાર બંધાઈ ગયા. ત્યાર બાદ અજયાએ વિજયાની વિરુદ્ધમાં વાતો કરીકરીને ચન્દ્રલેખાની કાનભંભેરણી કરવા માંડી. **નિંદાનો રસ ભલભલી વ્યક્તિઓ છોડી શકતી નથી. નિંદારસ માત્ર કાનને જ આનંદ આપનારો હોય છે, છતાં આ રસના પાનમાં સમગ્ર ઇન્દ્રિયો એવી એકતાન બની જતી હોય છે કે, એવી એકતાનતા કદાચ મધુરા-ભોજનમાંય ન અનુભવી શકાય !**

નિંદારસના આદાનપ્રદાનથી પુષ્ટ બનેલી પોતાની મૈત્રીનું માપ કાઢવા એક દહાડો અજયાએ કહ્યું : ચન્દ્રલેખા ! એક વાત છે, જે સહેવાય એવીય નથી ને કહેવાય એવીય નથી ! તું જો એ વાતને ગુપ્ત રાખવાના કોલ આપે, તો હું આજે મારા દિલનું દ્વાર ઉઘાડી દેવા માગું છું.

ચિત્તમાં ચાનક પેદા કરવા આટલી જ પ્રસ્તાવના બસ હતી. ચન્દ્રલેખાએ છાતી પર હાથ મૂકીને કહ્યું કે, અજયા ! મારા તરફથી તને પૂરો વિશ્વાસ આપું છું કે, તું જે કહીશ, એને કાળજાની કોરની જેમ હું જાળવીશ. હું બલિ થઈ જઈશ, પણ આ બોલને ફોક નહિ થવા દઉં ! માટે જરાય સંકોચ રાખ્યા વિના જે કહેવું હોય, એ કહી દઈશ, તો તારા દુઃખમાં હુંય સહભાગી થઈ શકીશ.

અજયા ચન્દ્રલેખાને છાતી સરસી ભેટી પડતાં બોલી કે, તારી મિત્રતાને પામીને તો હું ધન્ય બની ગઈ ! વિજયાના આગમન પછી જે જીવતર મારા માટે કડવું વખ બની ગયું હતું, તારી સ્નેહસંજીવનીના સ્પર્શે જ એનામાં પાછું નવચૈતન્ય રેડાયું અને આજે જ જીવનના આ ઉપવનમાં ઋતુરાજ-વસંતની પધરામણી થયાની પ્રસન્નતા હું અનુભવી રહી છું. વાતને ગુપ્ત રાખવાનો કોલ-બોલ તું ઢોલ પીટીને આપી રહી છે, એટલે હું જરાય ખચકાટ રાખ્યા વિના મારી વાત રજૂ કરવા તૈયાર થઈ છું. વિજયા અત્યારે પ્રસૂતિની પીડાભરી પળો એ જ આશાએ પ્રસન્નતાપૂર્વક વેઠી રહી છે કે, આ પીડાનું વ્યાજ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવી દેનારો શિશુ જન્મશે અને પોતાના અંતરમાં પ્રસન્નતાની એવી પરબ મંડાશે કે, પેઢાનપેઢી સુધી એનાં પાણી અખૂટ રહેશે! મારી

ઇચ્છા વિજયાની આ આશાને હતાશામાં ફેરવી દેવાની છે !

‘એટલે ? શું વિજયાના જન્મનાર શિશુનો...’ ચન્દ્રલેખા વાક્યને પૂર્ણ ન કરી શકી. એના કાળજામાં કંપનો અને ધ્રુજારી ઊઠી રહ્યાં હતાં. અજયાએ વળતી જ પળે પ્રહાર કરતાં કહ્યું :



• વિજયાના શિશુની હત્યાનું કાવતરું

‘ચન્દ્રા, તું અત્યારથી જ આમ કાચી-છાતીની થઈ જઈશ, તો મારું સ્વપ્ન સાકાર થશે કઈ રીતે ? આ તો પાશેરામાં પહેલી પૂણી જેવી વાત છે. વિજયાને પુત્ર પેદા થાય, તો એ જીવતો રહેવો ન જોઈએ. તું ડરતી નહિ. મને ખબર છે કે, **ચાંદીની ચાવીથી ગમે તેવા દરવાજા ખૂલી જતા હોય છે, અને સુવર્ણના સ્નેહ આગળ ઘણાઘણાની ધર્મ-કર્મની વાતો વાયરામાં વહી જતી હોય છે ! માટે જેની પાસે પૈસાનું બળ છે, એને ક્યાંય હતાશ થવાની જરૂર નથી !**

અજયાએ પોતાના મનમાં મહિનાઓથી ઘડીને અકબંધ રાખેલી એક યોજના ચન્દ્રલેખાને કહી બતાવી. એના અમલ માટે એણે ગોઠવી કાઢેલો વ્યૂહ સાંભળીને ચન્દ્રલેખાના મનમાં કાર્યસિદ્ધિ અંગે કોઈ સંશય ન રહ્યો. બીજીબીજી પણ જરૂરી વાતો કરીને બંને છૂટાં પડ્યાં અને ન બચે બાંસ, ન બજે બંસરીના સ્વપ્નને સાકાર બનાવવા અંગે જોરદાર ભૂગર્ભ-પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ !

વિજયપુર નગરમાં રાજાપ્રજા અનોખી હર્ષાનુભૂતિ માણી રહી હતી. ચિર-પ્રતીક્ષા બાદ વિજયારાણી નગરના ભાવિ રાજવીને જન્મ આપનાર હતી, એની ખુશાલીનો ખજાનો નગરમાં ઠેરઠેર વેરાયેલો જોવા મળતો હતો. ઘરેઘરે તોરણો રચાતાં જતાં હતાં અને આંગણેઆંગણે અબીલ-ગુલાલ ઊડી રહ્યા હતા.

જે જન્મ-પ્રસંગને અનુલક્ષીને વિજયપુરમાં રસના રાસ રચાયા હતા અને ગીતગાનના ગરબા રમાઈ રહ્યા હતા, એ ઘડી-પળ નજીક ને નજીક આવી રહ્યાં હતાં અને પુત્રજન્મની વધામણી સાંભળીને પ્રજા મન મૂકીને નાચી લેવા થનગની રહી હતી. **પણ આ સંસારમાં આડી માત્ર રાત બાકી હોય, એનીય વાત છાતી ઠોકીને જો**

કોઈથી કરી શકાતી ન હોય, તો સપ્તાહોના સપ્તાહો જેની આડે સૂતાં હોય, એની વાત તો વિશ્વાસપૂર્વક કરી શકાય જ શી રીતે ? અને એક દૃષ્ટિએ વિચારીએ, તો આ અજ્ઞાન લાભમાં છે, નહિ તો અત્યારે જિંદગીનો જે અડધો ભાગ જ આંસુ વેરવા પાછળ વેડફાય છે. એ આખો ભાગ જ આંસુથી ભીનો બની જાય ! અને જીવનમાં આશા, આનંદ કે પ્રસન્નતા જેવું કોઈ તત્ત્વ જ જોવા ન મળે !

**માનવ માત્ર મનોરથ ઘડવાનો અધિકારી છે. મનોરથના એ રથના સારથિ બનવાનું એનું ગજું નથી ! સારથિની એ જવાબદારી તો કર્મની અદૃશ્ય-સત્તા પોતાના હાથમાં જ રાખે છે.**

પ્રસૂતિની ઘડી-પળો નજીક આવવા માંડી, એમ પ્રજાનો આનંદ નિરવધિ બનતો ચાલ્યો. વિજયાની અંગત દેખરેખ કરવાનું જવાબદારીભર્યું સ્થાનમાન ચન્દ્રલેખાના હાથમાં હતું. પોતાની યોજના પાર પાડવા એ સાબદી હતી. એ ઘડીપળ પણ આવીને પસાર થઈ ગઈ, પરંતુ રાજાપ્રજાના મનોરથો માટીમાં મળી ગયા ! કાળજાના કટકેકટકા થઈ જાય, એવા ધડાકા સાથે તૂટી પડતી વીજળીની જેમ સૌને એ જાતના માઠા સમાચાર સાંભળવા મળ્યા કે, વિજયારાણીએ મૃતશિશુને જન્મ આપ્યો છે.



# ૨

# પાપ

## પ્રગટ થાય છે........

આ સંસારમાં એટલા માટે પણ રહેવા/રમવા જેવું નથી કે અહીં કોઈના લોહીના આંસુ પર કોઈ પોતાના હાસ્યનો હોજ ખડું કરતું હોય છે. કોઈને માટે જે પ્રસંગ રડીરડીને આંખ ખોઈ નાખવા જેવો કરુણ હોય છે, એ જ પ્રસંગ પર પેટ ભરીને હસનારા પણ આ સંસારમાં મળતાં હોય છે, એથી જ આ સંસારને 'અસાર' તરીકે ઓળખાવીને જ્ઞાનીઓ સૌને ચેતવે છે.

વિજયા માટે જ નહિ, આખા વિજયપુર માટે જે જાહેરાત લોહીનાં આંસુ વહાવનારી બની હતી, એ જ જાહેરાત અજયા અને ચન્દ્રલેખાના માનસિક મહાનંદનું મૂળ હતું. સાવ કાચાં આ મૂળિયાં પર આનંદની અનુભૂતિ માણવા મથતી અજયા અને ચન્દ્રલેખાને કોણ સમજાવે કે, ધરતીમાં ધરબાયેલું બીજ જો બહાર આવ્યા વિના ન રહી શકે, તો કરેલું પાપ ગુપ્ત કઈ રીતે રહી શકે ? કારણ કે પાપનો તો પીપળે ચઢીનેય પોકાર પાડવાનો સ્વભાવ જ છે !

ચન્દ્રલેખાએ એવી રીતે ગોઠવીને પાપના પાસા નાંખ્યા હતા, જેથી અજયા છાતી ઠોકીને ચન્દ્રલેખાને કહી શકતી હતી કે, આ પાપને પ્રગટ કરવાની તાકાત આ

દુનિયામાં માત્ર ત્રણ જ વ્યક્તિઓ પાસે છે : એક મારી પાસે, બીજી તારી પાસે અને ત્રીજી નંદભદ્રા પાસે !

વિજયા શંકાશીલ ન બને, એ માટે પ્રસૂતિ પૂર્વે જ એક મૃત બાળક શોધીને તૈયાર રાખવામાં આવ્યું હતું. પ્રસૂતિ બાદ તરત જ આ મૃત બાળક વિજયા આગળ રજૂ કરતાં ચન્દ્રલેખા ભાંગી પડી હતી. મહેલમાં જે કરુણ આક્રંદનું ગમગીન વાતાવરણ જામ્યું, એની આગેવાનીય ચન્દ્રલેખાએ જ લીધી હતી. એ આગેવાની અદા કરીને બનતી ઝડપે એ અજયા પાસે પહોંચી, એ પૂર્વે તો એક વિશ્વાસુ દાસી દ્વારા એ નવજાત શિશુ અજયાના મહેલમાં પહોંચી પણ ગયું હતું.

નવજાત શિશુ જો અજયાનું હોત તો ? તો અજયા એની પર હૈયાની તમામ લાગણી ઠાલવી દેત ! તો એનું માતૃ-હૈયું આ નવજાતને જાળવવા આખી દુનિયાને ઠુકરાવી દેવા તૈયાર હોત ! પણ મમતાનો સંબંધ અજયાએ જાણીબૂઝીને જ તોડી નાખ્યો હતો. રૂપરૂપના અંબાર સમા એ બાળક પર શત્રુને પણ દ્વેષ કરવો હોય, તો કાળજા પર પથ્થર મૂકવો પડે એમ હતો. છતાં **નારી-હૈયું જ્યારે કઠોર બની જતું હોય છે, ત્યારે એ કઠોરતાની આગળ લોઢાનેય પીગળીને પાણી બની જવું પડતું હોય છે.**

અજયાએ ચન્દ્રલેખાને હવે પછીની યોજના સમજાવતાં કહ્યું : ખરી સાવધાની હવે જ રાખવાની છે ! એક દાસીને મેં ધન આપીને પૂરી વિશ્વાસુ બનાવી દીધી છે. એણે આ બાળકને કોઈ નિર્જળ કૂવામાં પધરાવી દેવાની જવાબદારી સ્વીકારી લીધી છે. બસ, આ કાર્ય પતી જાય, એટલે આપણે પછી ગંગા પાર ઊતરી ગયાં ગણાઈએ !

• નંદભદ્રા દ્વારા વિજયાના શિશુનું અપહરણ



વાતચીતની પળોમાં વચ્ચે જ દ્વાર પર ટકોરા પડ્યા. અજયાએ કહ્યું કે, ચોક્કસ નંદભદ્રા જ આવી હશે ! ચન્દ્રલેખાએ દ્વાર ખોલ્યું. વાસી-ફૂલના ટોપલા સાથે નંદભદ્રા અંદર આવી. એણે કહ્યું : હું બરાબર સાવધાન છું. ક્યાં છે આપનો બાળશત્રુ !

અજયાએ તાજા જન્મેલા બાળક તરફ આંગળી ચીંધી. વિજયસેન અને વિજયાના આકાર અને રૂપની જ જાણે એ પ્રતિકૃતિ હતી. જન્મતાંની સાથે જ માતૃગોદથી એ શિશુ છીનવાઈ ગયું હતું, છતાં એના મોંમાં રુદન નહોતું. ખીલેલા ગુલાબના ગલગોટા

જેવું એનું તનબદન જોઈને નંદભદ્રા પણ એક વાર તો એની પર મોહાઈ પડી. છતાં ધનથી એ ખરીદાઈ ગઈ હતી, એથી કાળજાને કઠણ બનાવીને ચિઠ્ઠીની ચાકરી કર્યા વિના છૂટકો ન હતો. એણે ફૂલના ટોપલામાં બાળને છુપાવી દીધો ને એ સડસડાટ કરતી ચાલી નીકળી. મહેલમાંથી વાસી ફૂલોને બહાર નાખી આવવાનું કામ એ રોજ આ સમયે બજાવતી હતી, એથી રોકટોક વિના એ ગામની બહાર પહોંચી ગઈ.

નંદભદ્રાએ તુચ્છ ગણી શકાય એવા થોડા ધનની લાલચે એક મહાપાપ કરવાનું સ્વીકાર્યું હતું, પણ ગમેતેમ તોય એ એક નારી હતી. એથી નવજાત બાળની રૂપરૂપના અંબાર સમી કાયા જોતાં જ 'બાળહત્યા'ના પાપની કાળજાને કંપાવતી કલ્પના એના અંતરમાં ધ્રુજારી પેદા કરી ગઈ. એને થયું કે, આ બાળની જો હું હત્યારી બનું, તો આ ભવમાં જ નહિ, ભવોભવમાં એ પાપ મને નડ્યા વિના નહિ જ રહે !

નંદભદ્રાની કરુણા જાગી ઊઠી. એણે વિચાર બદલ્યો. ભરજંગલમાં જઈને એક વૃક્ષની નીચે એણે પર્ણશય્યા બિછાવી. એની પર એણે નવજાત શિશુને ધ્રૂજતા હાથે સુવાડ્યો. અને પછી આ નવજાત શિશુ કોના ભાગ્ય-દ્વારે ટકોરા દે છે ? એ જોવા ગુપ્ત રીતે એ નજીકની ઝાડીમાં છુપાઈ ગઈ. નવજાત શિશુ ભલે જન્મતાંની સાથે જ પોતાનાં માતાપિતા પાસેથી ઝૂંટવી લેવામાં આવ્યો હતો, પણ એના ભાગ્યથી એને અલગ પાડવાની કોઈની તાકાત ન હતી ! થોડી જ વારમાં એક ખેડૂત એ પર્ણશય્યા પાસે આવી ઊભો. એના ઘરમાં વાવેલી લગ્નવેલ વર્ષોથી અફળ હતી. એ રાજી થઈ ગયો. એને થયું કે, ચોક્કસ વનદેવતાનું જ આ વરદાન લાગે છે, નહિ તો મારા એવાં ભાગ્ય ક્યાંથી કે રૂપરૂપના અંબાર સમો અને રાજકુમારના અવતાર જેવો બાળક મને મળે !

• તજીદેવાયેલા એક બાળરાજાનું ખેડૂત દ્વારા ગ્રહણ



નવજાત બાળકને હૈયાના હેત સાથે તેડીને ખેડૂત ચાલતો થયો. નંદભદ્રાએ આ નજરોનજર જોયું અને અગ્નિથી બળતા એના અંતરમાં થોડીક શીતળતા છવાઈ ! એક ભયંકર પાપની સાથે થોડુંઘણું પુણ્ય પણ થઈ ગયાનો સંતોષ અનુભવતી

નંદભદ્રા બનતી ઝડપે પાછી નગરમાં પહોંચી. અજયા અને ચંદ્રલેખા એની રાહ જોતાં બેઠાં હતાં. અમંગળની એંધાણીઓ એ વાતચીતમાં ઊભરાતી હતી. એટલામાં દ્વાર પર ટકોરા પડ્યા. ચન્દ્રલેખાએ બારણું ખોલ્યું. નંદભદ્રા તનમનથી થાકી ગઈ હતી. એણે આસન ઉપર બેસીને કહ્યું : પાસા પોબાર પડી ગયા ! મને કોઈ જાતનું વિઘ્ન ન નડ્યું. ભરજંગલમાં હું પહોંચી ગઈ અને એક ઊંડા કૂવામાં આપના બાળશત્રુને ફગાવી દઈને મેં કર્તવ્ય બજાવ્યાનો સંતોષ અનુભવ્યો. ફરમાવો, હવે કંઈ કામકાજ ?

અજયા અને ચન્દ્રલેખાએ નંદભદ્રાને સોનામહોરોથી તૃપ્ત કરી દીધી. નંદભદ્રા સોનામહોરો લઈને ચાલતી થઈ. બહારથી પ્રસન્ન જણાતી એની મુખમુદ્રા ઊંડે ઊંડે એક અકથ્ય આઘાત અનુભવી રહી હતી.

દિવસો વીતવા માંડ્યા એમ વિજયપુરની પ્રજા રાજવી વિજયસેન પર પડેલા વિધિના ફટકાના કારમા ઘાને ધીમેધીમે ભૂલવા માંડી. પ્રજાજનોને લાગ્યું કે, આપણે પુણ્યના અધૂરા છીએ, નહિ તો અજયા અફળ રહી અને વિજયાએ ફળ પેદા કર્યું, તો વિધિ એનો વિનાશ કરી બેઠી ! આમ કેમ બને ?

વિજયસેનના હૈયામાં ધર્મનું બીજ તો ધરબાયેલું જ હતું. એઓ આ પ્રસંગની પાછળ કર્મનો જ દોષ જોઈ રહ્યા હતા. આ બનાવ પાછળ અજયાનો થોડોઘણોય હાથ હોય, એવી કલ્પનાય એમના મનમાં ઊઠી નહોતી. એમને તો અવારનવાર એવો વિચાર આવતો કે, **ભગવાન શ્રી મહાવીરદેવ આ સંસારનું સ્વરૂપ સમજાવતાં એની પર 'અસાર'ની જે કાળી ટીલી ચોંડે છે, એ સાવ સાચું જ છે, કારણ કે અહીંનાં દુઃખ જ નહિ, સુખ પણ અસાર છે !**

"દુઃખનું ઓસડ દહાડા !" એ કહેવતને સાચી પાડતી કળાની સવારી આગળ વધવા માંડી. ભરેલું ભાણું ઝૂંટવાઈ ગયું હોય એવી દુઃખાનુભૂતિ પ્રજા હજી સાવ ભૂલી ગઈ નહોતી. વિજયસેન અને વિજયા તો સમજુ અને શાણાં હતાં, ગઈગુજરી ભૂલી જઈને નવેસરથી જીવનને નિહાળવાનો દૃષ્ટિકોણ એમની પાસે હતો, એથી બની ચૂકેલા બનાવની અસરથી મુક્ત થઈને એઓ જીવન જીવી રહ્યાં હતાં.

અજયા અને ચન્દ્રલેખાના આનંદનો પાર ન હતો, પણ એ આનંદ એવો હતો કે જાહેરમાં એને માણી શકાતો ન હતો. એને માણવા માટે મહેલનાં દ્વાર બંધ કરવાં પડતાં હતાં. પાપ બરાબર પાર પડી ગયું અને એની પર પડદો બરાબર ટકી રહ્યો એના શ્રેયનો

કળશ ચન્દ્રલેખા અજયાને શિરે ઢોળતી, તો અજયા આ શ્રેયની ભાગીદારી ચન્દ્રલેખાની લેખાવતી. બંને વચ્ચે આ વાત અંગે જ્યારે મીઠો વિવાદ જાગતો, ત્યારે સમાધાનનો માર્ગ બંને એ રીતે કાઢતાં કે, જવા દે ! આ શ્રેયની ભાગીદારી તારીય નહિ, મારીય નહિ ! આની તમામ ભાગીદારી નંદભદ્રાની, બસ !

વિજયપુરમાં વિજયાના મૃતપુત્રજન્મના બનાવ પછી અટકળો અને આગાહીઓનું બજાર ઠીકઠીક ગરમ રહેવા માંડ્યું હતું. બજારની એ રૂખ સાચા અપરાધીને ઊની આંચેય આપ્યા વિના કેટલાય નિર્દોષો પર શંકાનું વિષ ઢોળતી જતી હતી. એ બધું જોઈ-સાંભળીને નંદભદ્રાનું હૈયું ચિરાઈ જતું, અને એના મનમાં થઈ આવતું કે, હું જાતે જ જો અપરાધી તરીકે ખુલ્લી થઈ જાઉં તો કેટલાય નિર્દોષોની આબરૂ અકબંધ રહી શકે !

અજયા અને ચન્દ્રલેખાના પાપને પોષ્યા પછી નંદભદ્રાની જે કફોડી હાલત થઈ હતી, એ તો એ પોતે જ જાણી શકે એમ હતી. પગમાં ખૂંપી ગયેલો કાંટો જેમ દિવસ-રાત ખૂંચ્યા જ કરે, એમ પાપનું આ શલ્ય એના અંતરમાં ખૂંચ્યા જ કરતું ! એ કોઈ પણ પ્રવૃત્તિ કરતી, તો એમાં એનું મન પરોવાતું નહિ. એ દિવસ, એ પર્ણશય્યા અને એમાં તજી દેવાયેલું એ તાજું બાળક ! આ દર્દીલું દૃશ્ય જ એની નજર સામે તરવર્યા કરતું. ગોઝારી એ પળોને એ જેમ ભૂલવા માગતી, એમ એની યાદ વધુ ને વધુ ગાઢ બનતી જતી. જેના કારણે એના દિવસો દર્દભર્યા જતા, તો રાત આઘાતભરી વીતતી !

આમ, નંદભદ્રાની દશા ન કહેવાય અને ન સહેવાય, એવી બની હતી. એક દિવસ તો એણે મનને મક્કમ બનાવીને આ અવદશા ટાળવાનો નિર્ણય લઈ જ લીધો. નિર્ણય લીધા બાદ પળનોય પ્રમાદ કર્યા વિના એ સીધી જ રાજવી વિજયસેન પાસે પહોંચી ગઈ. એમના પગ પકડી લઈને એ ધ્રુસકે-ધ્રુસકે રડી પડી. એનાં ડૂસકાં સાંભળીને વાતાવરણ એકદમ ગંભીર અને ગમગીન બની ગયું !

રાજવી વિજયસેનના આશ્ચર્યનો પાર ન રહ્યો. નંદભદ્રાને એઓ વર્ષોથી ઓળખતા હતા. એનું આવું અણધાર્યું રુદન સાંભળીને એમણે એને સાંત્વન આપતાં કહ્યું : નંદા ! હું આ શું જોઈ રહ્યો છું ! તારા જેવી શાણી નારી આમ ધીરજને ખોઈ બેસે, એ કેમ ચાલે ? તું માંડીને મનની મૂંઝવણ રજૂ કરે, તો કંઈ ખ્યાલ પણ આવે ! તારા અંતરમાં આગ કેમ ? તારી આંખ આંસુ શાને સારે ? જે હોય, એ કહી દે. તને મારા

તરફથી અભય છે.

નંદભદ્રા માંડમાંડ ઊભી થઈ. એની આંખ લાલચોળ હતી. એ આંખમાંથી આંસુની ધાર હજી વહી જ રહી હતી. પાલવના છેડેથી આંસુ લૂંછતાં-લૂંછતાં એ બોલી : રાજવી ! મારે અભયની આવશ્યકતા નથી. હું મજાપાત્ર નથી, સજાપાત્ર છું. મેં આપનો એક ભયંકર અપરાધ કર્યો છે. તુચ્છ કહી શકાય, એવી ધનની થોડી લાલચ



• રડતી આંખે ગુનાની કબૂલાત કરતી નંદભદ્રા

ખાતર વિજયપુરના ભાવિ રાજવી સાથે જન્મ પછીની તરતની જ પળોમાં મેં ખતરનાક ખેલ ખેલ્યો છે. રાજ્યની એકએક વ્યક્તિ જે અપરાધ પર આંખોમાંથી આગ ઓક્યા વિના ન રહી શકે, એવી આ અપરાધિની પોતાના કાંડે ભિક્ષાપાત્ર ભરાવીને આપની પાસે મોતની ભીખ માગવા આવી છે.

વિજયસેનની આંખ આગળથી જાણે મહિનાઓ સુધી છવાયેલો ભેદભરમનો એક લોખંડી પડદો સર....સર કરતો સરકી રહ્યો હતો. એમના દિલમાં વિચારોનું ચક્ર ઝંઝાવાતી ઝડપે ઘૂમવા લાગી ગયું. એ વિચારી રહ્યા કે, શું વિજયાએ મૃત પુત્રને જન્મ આપ્યો હતો, એ વાત ખોટી ! હું જ નહિ, આખું વિજયપુર શું કોઈ માયાજાળનું હજી

સુધી ભોગ બનેલું જ રહ્યું ? આ ષડ્યંત્રનો ખેલાડી વળી વિજયપુરમાંથી કોણ નીકળ્યો ? નંદાનું એ કામ ન હોઈ શકે, એ તો કોઈ કુહાડાનો હાથો બની ગઈ હોવી જોઈએ ? શું શોક્ય અજયાનો આની પાછળ હાથ હશે ? રે ! સગા તરફથી જ દગા ! ઓહ ! શું પેલી ચન્દ્રલેખાનો પણ આમાં ભેદી હાથ તો નહિ હોય ને ?

વિજયસેન રાજવીએ પળવારમાં કેટલાંય અનુમાનો બાંધી લીધાં. નિખાલસતાથી આ રીતે ગુનો કબૂલનાર નંદભદ્રા પર એમને હેત જાગ્યું. એમણે કહ્યું : નંદભદ્રા, તને તો મારા તરફથી અભય અપાઈ જ ગયું છે ! હું મારું વચન ફોક કરવા રાજી નથી. પણ તારી પાસે હું આ આખી ઘટના જાણવાની અને એની કડીબદ્ધ બધી વિગતો મેળવવાની આશા તો અવશ્ય જ રાખું છું. આખા વિજયપુરને આજે જેઓ મહિનાઓથી અંધારામાં રાખવામાં સફળ બન્યા છે, એ ખેલાડીઓનાં નામ-ઠામ તો તારી પાસેથી મને મળવાં જ જોઈએ !

નંદભદ્રાએ ગદગદ્ સ્વરે કહ્યું : રાજન્ ! આ ઘટના પરનો પડદો ઉઠાવવા દ્વારા હું વિશ્વાસઘાતિની તો બની જ ચૂકી છું, હવે મારી માગણી એટલી જ છે કે, હું જેમના નામ પ્રગટ કરું, એમને પોતાના પાપે જ મરેલા સમજીને, આપ અભય આપવાની ઉદારતા દાખવશો ! કહેવત પણ કહે છે કે, માવતર કદી કમાવતર ન થાય, છોરુંને કછોરું થતાં કોઈ રોકી શકતું નથી!

વિજયસેન રાજવીએ અભય વચન આપ્યું, આ પછી નંદભદ્રાએ આંસુભીની કહાણી કહેવી શરૂ કરી !



# ૩ વિરાગની વિજય-યાત્રા

**કહેવાય છે કે, પાપ વહેલું મોડું, પણ પીપળે ચઢીને પોકાર પાડ્યા વિના નથી રહી શકતું ! ધરતીમાં ધરબાયેલું બીજ જેમ ફૂટ્યા વિના ન રહી શકે, એમ ગમે તેટલી મહેનત કરીએ, તોય પાપ પ્રકાશમાં આવ્યા વિના ન રહી શકે.**

અજયા/ચન્દ્રલેખાએ ભેગા મળીને જે પાપ-પ્રપંચ ખેલ્યા હતા, એ કાંઈ નાનાસૂના નહોતા ! નંદભદ્રાને સદ્બુદ્ધિ જાગી ગઈ અને એણે સામે પગલે જઈને વિજયસેન રાજવી પાસે પાપનો એકરાર કરી લીધો, એ સારું થયું. બાકી આમ ન થયું હોત, તોય ગમે ત્યારે પાપનો એ ઘડો ફૂટ્યા વિના તો રહેવાનો જ નહોતો !

વિજયસેન રાજવીએ નંદભદ્રા પાસેથી બધી વિગત જાણી લીધી. નંદભદ્રાએ પોતાની વાત પૂરી કરતાં ઉપસંહારમાં જણાવ્યું કે, રાજવી ! હું જાણતી નથી કે, આપનો એ પુત્ર અત્યારે ક્યાં હશે ? છતાં એટલું તો નક્કી કહી શકું છું કે, રાજભવનમાં જન્મવાનું પુણ્ય લઈને આવેલો એ બાળ કો'ક ખેડૂતના ઘરે ઊછરી રહ્યો હશે ? એમાં શંકા રાખવાનું કારણ નથી, કારણ કે જે ભાગ્યે જન્મતાંવેંત જ એનું રક્ષણ કર્યું, એ ભાગ્ય પછી એને કઈ રીતે તરછોડી શકે ? મહારાજ ! આ ઘટનામાં અજયા-ચન્દ્રલેખાનો

ફાળો નાનોસૂનો નથી, એમ મેં પણ કંઈ ઓછો ભાગ ભજવ્યો નથી ! આપ તો ઉદાર છો, અને મને ક્ષમા આપી રહ્યા છો, પણ કર્મસત્તા મને છોડવાની નથી, એનો મને પૂરેપૂરો ખ્યાલ છે !

રાજવી વિજયસેન પાસેથી વિદાય સ્વીકારીને નંદભદ્રા સીધી જ અજયાના મહેલ તરફ જવા રવાના થઈ. અત્યારે એનું હૈયુ હળવુંફૂલ થઈ ગયું હતું. પાપનો ભાર કેટલો બધો ભારેખમ હોય છે અને પાપની ક્ષમા માગી લેવાથી એ હૈયું કેવું હળવું થઈ જાય છે ? આ જાત-અનુભવની વાત એ અજયાને સમજાવવા માગતી હતી. અજયાની સાથે ચન્દ્રલેખા બેઠી ન હોય, એ તો બને જ કઈ રીતે ! બંને સખીઓએ ઘણા દિવસે આવેલી નંદભદ્રાને હાર્દિક આવકાર આપ્યો અને અચાનક આવવાનું કારણ પણ પૂછ્યું.

નંદભદ્રા હવે વાતને છુપાવવા માગતી નહોતી. એણે વળતી પળે સીધો જ ધડાકો કરતાં કહ્યું :

'અજયા ! ચન્દ્રલેખા ! હું આજે ખુશાલીની કોઈ ખબર લઈને નથી આવી ! પણ રાજવી વિજયસેન પાસે હું જે એક રહસ્યસ્ફોટ કરીને આવી છું, એની વાત કરવા માટે જ મારે અત્યારે અહીં આવવું પડ્યું છે. પૈસાનો પ્રેમ મારી પાસે પાપ તો કરાવી ગયો, પણ આ પાપ કર્યા પછી હું દિવસે નિરાંતનો શ્વાસ લઈ શકી નહોતી અને રાતે નિરાંત અનુભવી શકી નહોતી. એથી ઘણાઘણા દિવસો સુધીના મંથન પછી 'અથથી ઇતિ' સુધીની એ વિગત મેં આજે વિજયસેન રાજવીને જણાવી દીધી છે અને અત્યારે મારું હૈયું હળવુંફૂલ થઈ ગયું છે. તમારી આગળ પણ આજે હું કબૂલ કરું છું કે, વિજયારાણીનો એ બાળ જીવતો છે. મેં એ દહાડે એને જીવતો જ ત્યજી દીધો હતો અને કોઈ ખેડૂતને ત્યાં એ ઊછરી રહ્યો હશે ! તમારા વિશ્વાસઘાત કરતાં મને મારા આત્મઘાતનું પાપ વધુ ભયંકર લાગ્યું, એથી એ આત્મઘાતની અપેક્ષાએ નાનું કહી શકાય એવું વિશ્વાસઘાતનું પાપ વહોરી લઈનેય મેં એ પાપ પરનો પડદો આજે હટાવી લીધો છે. રાજવી વિજયસેને મને જે રીતે ઉદારભાવે ક્ષમા આપી છે, એનું તો હું વર્ણન પણ કરી શકું એમ નથી. મારી માગણી હવે એટલી જ છે, તમે બંને પણ આ મહાન રાજવીના પગ પકડી લો. એઓ ખૂબ જ ઉદાર છે. તમનેય ક્ષમાના ક્ષીરકુંભથી એઓ નવરાવી દેશે, એવો મારો વિશ્વાસ છે.'

નંદભદ્રાએ એકીશ્વાસે કહેવાનું બધું કહી નાખ્યું, અજયા-ચન્દ્રલેખા ફાટી આંખે

આ બધું સાંભળી રહ્યાં હતાં. એમને ધરતી આખી ચક્કર ચક્કર ઘૂમતી લાગતી હતી. જે પાપ સમુદ્રના તળિયે પહોંચી ગયેલું જણાતું હતું, એને એકાએક સપાટી ઉપર તરી આવેલું જોઈને, બંને સખીઓ અવાક્ થઈ ગઈ. શું બોલવું અને શું વિચારવું ? એ અંગે મૂઢ થઈને અજયા/ચન્દ્રલેખા પોતાના પલંગ પર પટકાઈ પડ્યાં. આંગળી ચીંધવાનું કર્તવ્ય અદા થઈ ગયું હોવાથી નંદભદ્રા પોતાના ઘર ભણી ચાલતી થઈ.

વિજયસેન રાજવીના મનપ્રવાહે લીધેલો વળાંક તો વળી વિચિત્ર જ હતો ! એમણે બધી ઘટના વિજયાને કહી સંભળાવીને ઉપદેશાત્મક-ઉપસંહાર કરતાં કહ્યું કે, વિજયા ! **આપણે સંસારનું જે સ્વરૂપ સાંભળતાં આવ્યાં છીએ, એ કેટલું બધું સાચું છે ! મૃગજળની સાથે માયા રાખનારો હજી કદાચ પોતાની પ્યાસ છિપાવી શકે, પણ આ સંસાર સાથે સ્નેહ રાખનારો કદી પણ પોતાનાં માનેલાં સુખોને વળગી ન શકે અને માનેલાં દુઃખોથી જાતને એ અળગીય ન રાખી શકે ! આ સંસાર જ એવો છે કે, અહીં સગા તરફથી જ દગા થવાની સંભાવના ઘણી મોટી છે.** નંદભદ્રાએ પાપ પરથી પડદો હટાવીને આપણને ખરેખર વિચારતાં કરી મૂક્યાં છે. સંભવ છે કે, આજે આપણ જે દિવ્ય દૃષ્ટિકોણથી સંસારને જોતાં થયાં છીએ, જો આ ઘટના જાણવા ન મળી હોત, તો વર્ષોનાં વર્ષો પછીય આપણને આ નવલી નજર પ્રાપ્ત થાત કે કેમ એય શંકાસ્પદ વાત છે !

• વિજયા રાણી સમક્ષ રહસ્યનો ઘટસ્ફોટ કરતાં વિજયસેન રાજવી



વિજયસેન દ્વારા તોળીતોળીને બોલાતી વાતો વિજયા તલપાપડ બનીને સાંભળી રહી હતી. વિજયસેન જોઈ શકતા હતા કે, ભીતરના ભેદ ખુલ્લા થઈ જવા છતાં વિજયાના મોં પર ક્રોધ કે વેરની કોઈ રેખા ખેંચાઈ ન હતી, જાણે બીજા કોઈના જીવનમાં બનેલી ઘટના સાંભળી રહી હોય, એમ વિજયા સ્વસ્થતાથી બધું સાંભળી રહી હતી. ત્યાં તો પોતાના નવા જ નિર્ણયને વાચા આપતાં રાજવીએ કહ્યું :

'વિજયા ! નંદભદ્રાની વાત ઉપરથી તો ચોક્કસ એમ લાગે છે કે, આપણો એ બાળ હજી જીવતો જ હોવો જોઈએ ! કો'ક ખેડૂતનું ઘર એને ઉછેરી રહ્યું હશે ! એથી આપણે જો હજાર-હાથે એની તપાસ કરાવીએ, તો એ બાળ મળી જાય, એમાં કોઈ શંકાને સ્થાન નથી ! પણ મને એમ થાય છે કે, એ બાળને શોક્યની છાયામાં સોંપી દેવા કરતાં ભલે ને એ જ્યાં હોય, ત્યાં ઉમંગથી ઉછેર પામતો !'

શોક્યની છાયામાં... ! આ શબ્દો વિજયાના દિલમાં પ્રશ્નોનું એક મોટું વાવાઝોડું ઊભું કરી ગયા ! એણે આશ્ચર્યભર્યા અંતરે પૂછ્યું કે, આપણે જીવતાં-જાગતાં નથી બેઠાં શું ? પછી આપણા એ બાળને અજયાને સોંપવાના વિચારને થોડો પણ અવકાશ જ ક્યાં છે ?

વિજયસેન રાજવી વધુ ગંભીર બનીને પોતાના અંતરની વાત રજૂ કરતાં બોલ્યા : વિજયા ! **જો આ સંસાર અસાર જ છે ! આ અસારમાં આપણને જકડી રાખતું અને સાર જેવું જણાતું સુખ પણ જો આવી રીતે દુઃખના એક મોટા પડછાયા જેવું જ છે, તો પછી આવાં નિમિત્તો પામીને જોગ માટે જાગી જવામાં ડહાપણ નથી શું ? ભગવાન શ્રી મહાવીરદેવનો મુનિ-સંઘ આપણી નજર સમક્ષ જ પ્રેરણાનો મહાસ્રોત વહાવતો વિચરી રહ્યો છે. એમાં કેવા કેવા સમૃદ્ધિશાળી રાજવીઓ અને શ્રેષ્ઠીઓનો સમાવેશ થયેલો છે ! કેવી કેવી સુંદરીઓ અને કુમારિકાઓ આ સંઘનો સથવારો પામીને મુક્તિ-સાધનામાં આગેકૂચ કરી રહી છે ! એ આપણે નજરોનજર નિહાળી શકીએ છીએ. આટલાં વર્ષો સુધી ભગવાનના મુનિ-સંઘમાં આપણે દાખલ નથી થઈ શક્યાં અને એથી આપણે આપણા આત્માને આજ સુધી ઠગ્યો છે, એમ નિઃશંક કહી શકાય. જાગ્યાં ત્યારથી સવાર ગણીને આત્મઠગાઈના આ રસ્તેથી હજી પણ આપણે જો પાછાં ફરી જઈએ, તો કંઈ ગુમાવ્યું નથી, એમ પણ કહી શકાય ! આ મુનિ-સંઘમાં યૌવનના ઉંબરે પગ મૂકતાં પૂર્વે જ ઘણા વિરાગીઓએ ભોગથી ભાગી**

**છૂટીને જોગ માટેનું જાગરણ આરંભ્યું છે. આપણે તો સંસારનાં કહેવાતાં સુખોનો સ્વાદ લઈ લીધો છે, સિંહાસનનું રાજ્યસુખ પણ આપણે ભોગવી લીધું છે, આ ભોગવટાનો અનુભવ મીઠા કરતાં માઠો વધુ રહ્યો છે. બોલ, મારી આ અનુભૂતિ અંગે કંઈ વિશેષ કહેવાનું છે.**

વિજયસેન મીટભરી નજરે વિજયા સામે જોઈ રહ્યા. પતિદેવની વૃત્તિ/પ્રવૃત્તિમાં એને ઘણીઘણી વાર રાગ કરતાં ત્યાગ–પ્રિયતાનાં વધુ દર્શન થયાં હતાં. એ દર્શન એના ચિત્તમાં પણ કોઈ અનેરું આંદોલન જગવી જનારું બનતું હતું. એને ત્યારે થતું કે, ખરેખર આ માનવજન્મ પામ્યા પછી ભગવાન ભાખી રહ્યા છે, એ મુજબ સાધના તો સર્વવિરતિની જ કરવા જેવી છે, પતિદેવના પ્રભાવે વિજયા પણ સંયમની સાધિકા બનવાનું સ્વપ્ન તો નિહાળતી જ હતી. એથી એણે પોતાની ભાવનાસૃષ્ટિને દર્શાવતાં કહ્યું :

‘આપની અનુભૂતિ મારી પણ અનુભૂતિ છે. આપણો એ બાળ ભલે એના ભાગ્ય મુજબ ઘડતર પામે ! સંયમસ્વીકારના સ્વપ્નને સાકાર બનાવવાના સમયે એ બાળની શોધખોળ ન આરંભવામાં જ ડહાપણ છે. રાજ્યના સંચાલકનો સવાલ પણ ઊકલી જાય એવો છે, મારું ચિરદૃષ્ટ એક સ્વપ્ન આજે સાકાર થતું જોઈને હું જે આનંદ અનુભવું છું, એને કલમ કંડારી શકે એમ નથી અને શબ્દો એને વર્ણવી શકે એમ નથી. સામાન્ય ધર્મારાધના પણ નિઃશલ્ય થઈને કરવામાં આવે, તો જ સફળ બની શકે છે, તો પછી સંયમ જેવી સર્વોત્કૃષ્ટ સાધનાનું ફળ મેળવવા તો વિશેષ રીતે નિઃશલ્ય બનવું જ જોઈએ ને ? મારી ભાવના એવી છે કે, અજયા અને ચન્દ્રલેખાના મહેલમાં આપણે સામે પગલે ચાલીને જઈએ અને એમના અપરાધ બદલ એમની સાથે અંતરની ક્ષમાપના કરીને નિઃશલ્ય બની જઈએ !’

વિજયાની વાતને વધાવી લઈને વિજયસેન રાજવી સીધા જ અજયાના મહેલમાં જઈ પહોંચ્યા. વિજયાએ પણ એમના પગલે પોતાનું પગલું ઉઠાવ્યું. અજયાના મહેલમાં તો જાણે ગમગીની અને ગંભીરતાનો સાગર ઘૂઘવી રહ્યો હતો. બંને સખીઓ કિંકર્તવ્યમૂઢ થઈને હવે પછી લેવાના પગલાનો વિચાર કરી રહી હતી અને પોતાના કપાળે અંકાનારી કલંકની કાળી ટીલીને ધોવાના ઉપાયો ગોતી રહી હતી. આ સ્થિતિમાં વિજયસેન રાજવીના આગમનની કોઈ કલ્પનાય એમના મનમાં ક્યાંથી ઊઠી શકે ! ત્યાં એકાએક

એમને આવતાં જોઈને બંને સખીઓ બેબાકળી બનીને પોતાની આબરૂની થનારી ધૂળધાણીની કલ્પનાથી ધ્રૂજી ઊઠી. વિજયાને પણ પાછળ આવતી જોઈને બંને સખીઓ ભયંકર ભાવિના ભણકારા સાંભળી રહી, એમને થયું કે, જો ધરતી અત્યારે માર્ગ આપે, તો એમાં સમાઈ જઈએ ! ચિંતાના મેરુભારથી ચગદાઈ રહેલો એમનો ચહેરો જોઈને વ્યથિત બનેલા વિજયસેને સાંત્વન આપતાં કહ્યું :

'અજયા ! ચન્દ્રલેખા ! તમે જેની કલ્પના પણ ન કરી શકો, એ પ્રયોજન માટે અમારું અહીં આગમન થયું છે. તમે નિર્ભય બની જાવ, તમને અભયનું દાન કરવામાં આવે છે. જે કંઈ બની ગયું, એને યાદ કરવાનો હવે કોઈ અર્થ નથી ! કર્મનો ભુલાવ્યો માનવી આનાથીય વધુ ભયંકર ભૂલનો ભોગ બની જતો હોય છે. ત્યારે અણસમજુ અને અજ્ઞાની જ એની પર ગુસ્સો કરે છે. જે અપરાધ થઈ જ ગયો છે, એની પર ગુસ્સો કરીને બીજો અપરાધ કરવાનું ગાંડપણ ડાહ્યો માણસ કદી કરતો નથી. એથી અમે બંને તમને ક્ષમાના ક્ષીરકુંભથી અભિષેકવા જ અહીં આવ્યાં છીએ. આથીય આગળ વધીને અમારે તો તમારો પણ ઉપકાર માનવાનો છે. માયાના મૃગજળ સમા આ સંસારને સલામ ભરવા માટે અમારે માથે એક ભયંકર ધડાકો થાય, એ અપેક્ષિત હતું. અને આ અપેક્ષા તમારા દ્વારા પૂર્ણ થઈ રહી છે. ઇતિહાસ પોતાના સર્જન માટે યુગોના યુગોનો નહિ, પણ આવી જ કોઈ એકાદ પળની અપેક્ષા રાખતો હોય છે !'

અજયા અને ચન્દ્રલેખાએ ધાર્યું હતું કંઈ બીજું અને વાતે વળાંક લીધો કોઈ બીજો જ ! એ નહોતાં સમજી શકતાં કે માનવી શું આટલો બધો વિશાળ બની શકે ખરો કે, આપણે આગ વરસાવીએ તોય એ આપણા માટે બાગ જ ઉગાડવાની ઉદારતા દાખવે ! વિચારનો વેગ એવો ખાબક્યો હતો કે, એ બંને એક શબ્દય બોલવા સમર્થ ન હતાં. ત્યાં તો વિજયસેનના વાત્સલ્યની એ વીણા ફરી વાગવા માંડી :

• સંયમમાર્ગે સંચરતા વિજયસેન અને વિજયા



'આ બનાવની વિગતો જે ક્ષણે નંદભદ્રા પાસેથી જાણી, ત્યારથી જ મેં બે નિર્ણયો લઈ લીધા છે : એક તો તમને બંનેને ક્ષમાના ક્ષીરકુંભથી અભિષેકી દેવા ! બીજો, આવાં પાપ જ્યાં ડગલે ને પગલે થતાં જ રહેતાં હોય છે, એવા

સંસારને સલામ ભરી દઈને ભગવાન શ્રી મહાવીરદેવના સાધુ-સંઘનો સાચો સહારો મેળવી લેવો ! તમને વધુ કંઈ કહેવાનું નથી. જે બન્યું, એમાં તો હવે કોઈ ફેરફારને અવકાશ જ નથી. ભવિષ્યમાં આવું પાપ ન થઈ જાય એ માટે તમે કૃતનિશ્ચયી બનશો. કાળજાના કાગળે એટલી વાત કોતરી રાખજો કે **પાપ કદી છૂપું રહી શકતું નથી. અહીં કદાચ તમે આખી દુનિયાની આંખમાં ધૂળ નાખીને પાપને છુપાવ્યાનો સંતોષ લઈ શકો, પણ કર્મસત્તા એની ઝીણેઝીણી નોંધ રાખે છે. કર્મસત્તાના રાજમાં દેર પણ નથી, અંધેર પણ નથી અને કશું વેરવિખેર પણ નથી, આટલું સમજી જશો, તો જીવનની ચાદર પર ફરીથી આવાં કાળાં ધાબાં નહિ લાગે !** બસ ! આ સિવાય વધુ કંઈ કહેવાનું નથી. અમે તમને અભય આપીને અવેરનું વચનદાન પણ કરીએ છીએ, અને એવો વિશ્વાસ રાખીએ છીએ કે, તમે પણ અમને સાફ દિલે માફ કરશો ! અમારા મુક્તિ-માર્ગ તરફના પ્રયાણને તમે પણ શુભાશિષોથી વધાવશો, એવી અપેક્ષા રાખીએ છીએ.'

વિજયસેન અને વિજયા, અજયા અને ચન્દ્રલેખાની સાથે અંતરની ક્ષમાપના આપીને વિદાય થઈ ગયાં. બંને સખીઓની આખી બાજી ઊંધી પડી ગઈ હતી. હવે શું કરવું ? એ અંગે એમની આંખ આગળ જાણે ગાઢ ધુમ્મસ છવાતું જતું હતું. એ ધુમ્મસમાં અથડાતાં/કૂટાતાં એમણે પોતાના ભાવિ અંગે એક અધકચરો નિર્ણય લઈ લીધો અને એ નિર્ણય મુજબ વિજયપુરની પ્રજા ફિટકારનો વરસાદ વરસાવે, એ પૂર્વે જ એ બંને સખીઓ રાતોરાત નગર-ત્યાગ કરીને કોઈ અજાણી દિશામાં અદશ્ય બની ગઈ.

વિજયપુરની જનતા નિદ્રાત્યાગ કરીને જાગ્રત બની. એક પછી એક અનોખા સમાચારો સાંભળીને પ્રજાજનો જૂની આંખે નવો તમાશો જોવાનો લહાવો માણવા માંડ્યા. નંદભદ્રાને માધ્યમ બનાવીને અજયા-ચન્દ્રલેખાની જોડલીએ પોતાના ભાવિ રાજવી સાથે જે ક્રૂર રમત કરી હતી, એની વાતો સાંભળીને સૌની આંખમાંથી અંગારા વરસી રહ્યા. વિજયસેન અને વિજયાએ મુનિ-માર્ગ આદરવાનો જે નિર્ણય લીધો હતો, એ સાંભળીને પ્રજાની આંખ હર્ષ/શોકનાં આંસુથી છલબલી ઊઠી. એમાં વળી આ સંયમ-માર્ગમાં સાથી બનનાર વિજયા રાણીના ભાઈ સુજયના સમાચાર સાંભળીને તો સૌના મોઢામાં વિરાગ-ધર્મના વિજયની વાતો વેગપૂર્વક ચર્ચાવા માંડી. આ રીતે આખા વિજયપુરમાં કોઈ અનોખું જ વિરાગી વાતાવરણ જામવા માંડ્યું.

વિજયસેન રાજવી ધર્મના કાર્યમાં ઢીલ કરવા માગતા નહોતા. પોતાના દૂરના વંશજોમાંથી રાજવી ધર્મસેનને વિજયપુરનું રાજ્ય સોંપીને, નજીકમાં જ આવતા મંગલ મુહૂર્તે વિજયસેન રાજવી, વિજયા રાણી અને એમના ભાઈ સુજયની ત્રિપુટીએ પ્રત્યેક પ્રજાજનની આંખે આંસુનાં તોરણ બાંધીને, ભગવાન શ્રી મહાવીરદેવના મંગલ હસ્તે સંયમ-ધર્મનો સ્વીકાર કર્યો. વિરાગની એ વિજયયાત્રાને જનતા દિવસો સુધી વંદી રહી ! બનેવી અને સાળાની એ જોડી આગળ જતાં ભગવાન શ્રી મહાવીરદેવના શ્રમણ-સંઘમાં શ્રી ધર્મદાસ ગણિ અને શ્રી જિનદાસ ગણિ તરીકેના યશસ્વી/તેજસ્વી સ્થાનમાન પામવા ભાગ્યશાળી બની !

આ મંદિરથી બહુ નજીક ન કહી શકાય ને બહુ દૂર ન કહી શકાય, એવા સ્થાનમાં સુંદર નામના એક ખેડૂતની ઝૂંપડી હતી અને ત્યાં એક બાળક છેલ્લા કેટલાક સમયથી સહસ્રદળ ધરાવતું કમલ વિકસિત થાય, એમ વિકાસ સાધી રહ્યો હતો. સુંદરને ત્યાં બધું જ હતું, માત્ર શેર માટીની ખોટ હતી ! એની એ ખોટ એક દહાડો એકાએક પૂરી થઈ ગઈ ! સુંદર પરગામથી પોતાના ઘરે આવતો હતો, ત્યાં એક ઝાડ નીચે તજી દેવાયેલું તાજું જન્મેલું એક બાળક એની નજરે ચડ્યું. કોઈ વનદેવતાની કૃપા સમજીને, સુંદરે એ બાળકને અપનાવી લીધું. પોતાની પત્નીના ખોળામાં વનમાંથી મળેલી એ ભેટ અર્પણ કરતાં એણે કહ્યું કે, વનદેવતા પ્રસન્ન થયા લાગે છે. જેથી રણમાંથી મને સિંહ જેવું આ સંતાન સાંપડ્યું છે.



• ખેડૂતના ઘરે ઉછરતો રાજપુત્ર રણસિંહ

સુંદરની પત્ની સુશીલાના હૈયામાં માતૃત્વની અદમ્ય ઝંખના તો હતી જ. એક તેજસ્વી બાળને પોતાના ખોળામાં ખેલતો જોઈને એનાં રોમરોમ રાજી થઈ ગયાં. એણે પ્રસન્ન વદને કહ્યું : તો તો આનું નામ રણસિંહ જ રાખીએ તો કેમ ? ખરેખર રણ જેવા આપણા ઘરમાં આ બાળક સિંહની અદાથી જ શોભી ઊઠશે, એમ લાગે છે. આ પુત્રનાં લક્ષણ પારણામાંથી જ પરખાઈ આવે છે. આનું મોઢું કેવું ગોળમટોળ છે ! આના લલાટમાંથી દોરાતી આ તેજરેખાઓ તો જુઓ ! ઓહ! આના બાહુમાં અત્યારથી જ કેટલું બધું બળ છલકાઈ રહ્યું છે !

આવા લાવણ્યશાળી બાળકને વનમાં તરછોડી જનારી માતા તરફ સુંદરની પત્ની સુશીલાની આંખમાંથી જાણે અંગારા વેરાતા હોય, એમ એ પુણ્ય-પ્રકોપ ઠાલવવા માંડી : શત્રુનું દિલ પણ જેની પર ઓવારી જાય, એવા આ બાળકની જનેતાને માતૃત્વનું દાન કરીને વિધાતાએ ચોક્કસ માતૃ-જગતનું ઘોર અપમાન જ કર્યું છે. આવી નઠોર/ કઠોર રાક્ષસીઓ તો વાંઝિયા-પણાનું મેણું જીવન સુધી સહેવા માટે જ જન્મતી હોય છે. ખરેખર વિધાતા પણ ઘણી વાર પહાડ જેવડી મોટી ભૂલ કરી બેસતા હોય છે અને એનો ભોગ બિચારાં આવાં રણસિંહ જેવાં કુમળાં બાળકોને બનવું પડતું હોય છે !

સુંદર પણ આજે ગેલમાં આવી ગયો હતો. રણસિંહને તેડી લઈને એણે થોડીક



## ૪

# ભાગ્ય જાગે છે, ત્યારે...

ભગવાન શ્રી મહાવીરદેવની ધર્મ-દેશનાનો ધ્વનિ સાક્ષાત્ સાંભળવાનો જે દેશનગરીઓને એ કાળે લાભ મળતો હતો, એમાં પાટલિખંડનગરીનું પણ એક આગવું સ્થાનમાન હતું. નગરીથી નજીકમાં આવેલા તીર્થ સ્વરૂપ શ્રી પાર્શ્વનાથ પ્રભુના એક ભવ્ય મંદિરથી પાટલિખંડનગરી એ કાળે ખૂબ જ સુપ્રસિદ્ધ હતી. કારણ કે એ મંદિરના અધિષ્ઠાતા શ્રી ચિંતામણિ યક્ષનો પ્રભાવ ત્યારે પ્રત્યક્ષ હતો. મંદિરની બહાર એક ખૂણામાં ચિંતામણિ યક્ષની એક નાનકડી દેરી હતી. આસપાસ અનેક ગામ/નગરો વસેલાં હોવાથી આ તીર્થની યાત્રા માટે રોજેરોજ જનપ્રવાહ ચાલુ જ રહેતો !

પાટલિખંડના રાજવી કમલસેન અને રાણી કમલિનીની કીર્તિ પણ આ મંદિરને કારણે ઠેરઠેર ગવાતી હતી. એમની પુત્રી કમલવતીના રૂપલાવણ્યની કીર્તિકથાઓ પણ એ વખતે ખૂબ જ રસપૂર્વક કહેવાતી અને સંભળાતી હતી.

ચિંતામણિ યક્ષની કૃપા જેની પર વરસી જતી, એ બધી રીતે માલંમાલ બની જતો. સંસારને કાળ-અનાદિથી સ્નેહ તો સુખ અને સુખની સામગ્રીનો જ રહેતો આવ્યો છે. એથી આ યક્ષની પ્રસન્નતા મેળવવા ઝંખતા ભક્તોની સંખ્યાય નાનીસૂની નહોતી !

ચૂમીઓ ભરી લીધી. પછી કાલીઘેલી વાણીમાં એ બોલ્યો : રણ જેવા આ ઘરને તારે સિંહની ગર્જના કરીને ભરી દેવાનું છે, બેટા ! આજથી તું મારો બેટો, હું તારો બાપ ! સુંદરની પત્નીનાં રોમેરોમ પણ આજે માતૃત્વનો મહાનંદ માણી લેવા થનગની રહ્યાં હતાં. એણે થાળી-ડંકાના મંગલ ધ્વનિથી ઘરને ભરી દીધું. ગોળ/ધાણા દ્વારા વ્યક્ત થતી એની ખુશાલીનો ખજાનો લૂંટી લેવા બાળકોની ઠઠ જામી. સૌના મોંમાંથી એ જ શબ્દો સરી પડવા માંડ્યા : સુંદરને માટે તો ખરેખર ધીરજનાં ફળ મીઠાં નીકળ્યાં ! વનદેવતા આજે આની પર રીઝ્યા- તો હજાર-હાથે રીઝ્યા. સાક્ષાત્ દેવકુમાર જેવા આ બાળકનો પિતા બનીને ખરેખર સુંદર તો જીવનનું સાફલ્ય પામી ગયો ! અંધારામાં પણ અજવાળાં ફેલાય એવું આનું રૂપ છે. ઉકરડામાં ખીલેલા સહસ્રદળ કમળની સ્મૃતિ કરાવે, એવું આનું તનબદન છે. રણસિંહ ! ખરેખર તું તો આ રણનો સિંહ જ છે !

ખુશાલીના ખજાનાને લૂંટવાનો એ મહોત્સવ સુંદરના ઘરે દિવસો સુધી વણથંભ્યો ચાલતો રહ્યો. રણસિંહના આગમન પછી સુંદરનાં માનપાન એના વર્તુળમાં ખૂબ જ વધી ગયાં. સૌ છૂટથી એવું બોલવા માંડ્યા કે, સુંદરના ઘરમાં તો ભગવાને ભેટ આપી છે ! નહિ તો આવો દેવકુમાર જેવો દીકરો વળી ભરજંગલમાંથી કઈ રીતે મળી આવે !



● પાલક પિતાને ખેતીમાં સહાય કરતો રણસિંહ

સુંદર અને એની પત્ની સુશીલાએ પોતાની તમામ શક્તિ/ભક્તિને કામે લગાડી દઈને રણસિંહને ઉછેરવા માંડ્યો. શ્રીમંતના દીકરાઓ જે શક્તિ પામવા માટે પાંચ વર્ષની ઉછેરની અપેક્ષા રાખે છે, એ શક્તિ ધરતીનાં છોરુંઓ ચારપાંચ મહિનામાં મેળવી લેતાં હોય છે. રણસિંહ દિવસે ન વધે એટલો રાતે અને રાતે ન વધે એટલો દિવસે વૃદ્ધિ પામવા માંડ્યો. રણસિંહ ગમે તેવો રૂપાળો અને તેજસ્વી હતો, પણ એની આસપાસ તો ખેતી અને ખેતરનું જ વાતાવરણ હતું ને ? એથી થોડાં વર્ષોમાં તો રણસિંહ પોતાના પિતા સુંદરની સાથે ખેતીના કામમાં જોડાઈ ગયો. ખેતરમાં રમતગમત કરતાં રણસિંહનો સથવારો પણ એવો ચમત્કાર સરજતો કે, સુંદર ગમે તેવી મજૂરી કરતો તોય એને થાકનો અનુભવ ન થતો. ક્યારેક લાગતો ગમે તેવો થાક એ રણસિંહ તરફ નજર

નાખતો અને વિદાઈ થઈ જતો. આમ, સુંદરના સૂનાસૂના ઘરમાં જાણે સ્વર્ગની સમૃદ્ધિ જામવા માંડી.

રણસિંહ મોટો થવા માંડ્યો. એક દિવસ કોઈ પર્વનો અવસર હતો. રણસિંહ રમતોરમતો ચિંતામણિ પાર્શ્વનાથના મંદિર સુધી પહોંચી ગયો, એનું ભાગ્ય જ જાણે એને અહીં ખેંચી લાવ્યું હતું. મંદિરના મહિમાની થોડી ઘણી વાતો એણે સાંભળી તો હતી જ. આજે મંદિરના સાક્ષાત્ દર્શનથી અને પાર્શ્વ પ્રભુને નજરોનજર નિહાળવાથી એનાં તન-મનમાં હર્ષ સમાતો ન હતો. મંદિરમાં પ્રભુજીનાં મનભર દર્શન કરીને રણસિંહ બહાર આવ્યો. બે ચારણ-શ્રમણો યાત્રાએ આવ્યા હતા. એમનાં દર્શન મળતાં રણસિંહ વધુ ભાવ-વિભોર બન્યો.

પોતાની સામે ટગરટગર જોતા રણસિંહમાં ચારણ-શ્રમણોને કોઈ અનોખી યોગ્યતાનાં દર્શન લાધ્યાં. એમણે ખૂબ જ વાત્સલ્ય સાથે રણસિંહને કહ્યું : વત્સ ! તું ભાગ્યશાળી છે કે, આ બધા યાત્રાળુઓને જેનાં દર્શન-વંદન-પૂજન માટે દૂરદૂરથી અહીં આવવું પડે છે, એ તીર્થભૂમિનાં તું રોજ દર્શન કરી શકે, એવું તારું પુણ્ય છે !

રણસિંહે બાળભાવે કહ્યું : મુનિઓ ! માત્ર પુણ્ય મળે એથી શું ? હું તો આજે પહેલી જ વાર આ તીર્થની યાત્રા કરી રહ્યો છું. મને લાગે છે કે, આવું વાતાવરણ મળવું જેટલું સહેલું છે, ફળવું એથી કેઈ ગણું અઘરું છે.


• ચારણમુનિ સમક્ષ પ્રતિજ્ઞા-સ્વીકારતો રણસિંહ

ચારણ-શ્રમણોને રણસિંહની નિખાલસ વૃત્તિ ગમી ગઈ. એમણે વધુ વાત્સલ્ય દર્શાવતાં કહ્યું : વત્સ ! હવે જાગ્યા ત્યારથી સવાર ગણીને તું એટલી પ્રતિજ્ઞા સ્વીકારી લે કે, આ તીર્થ-મંદિરના દર્શન કરીને પછી જ બપોરનું ભોજન લેવું ! દર્શન કરતાં પ્રભુપૂજનનાં ફળ માંડવા જતાં લાખે લેખા લાગે એમ છે, અને પૂજન કરતાં વિલેપન, અંગરચના, પુષ્પનું અર્ચન અને ગીત-ગાન, નૃત્ય દ્વારા સમર્પણ : આ બધી ચીજો તો ક્રમશઃ સંખ્યાતીત ફળનું દાન કરી શકે છે, છતાં તું પ્રભુદર્શનની પ્રતિજ્ઞા સ્વીકારીને એનું અખંડ પાલન કરીશ તોય તારો બેડો પાર થઈ જશે !

કોઈ વાર ભાગ્ય જ્યારે જાગવાનું જ હોય છે, ત્યારે ઘડી-પળનો શુભ યોગ

અચાનક જ આવીને રચાઈ જતો હોય છે ! રણસિંહ માટે આવું જ બન્યું. ચારણ-શ્રમણો પાસે પ્રતિજ્ઞા સ્વીકારીને એને જાનના જોખમેય જાળવવાની જવાંમર્દી એણે વ્યક્ત કરી. મુનિવચનનું વર્ષાબિંદુ રણસિંહની હૈયા-છીપમાં જઈ પડ્યું, ત્યારે એને મોતીની મનોહરતા આપવા જાણે ચિંતામણિ યક્ષની કૃપાનું સ્વાતિ નક્ષત્ર આકાશમાં રચાયું હતું. યક્ષદેવ જાતે આ બાળકનું પરાક્રમ મનોમન માપી રહ્યા, અને સમય આવ્યે એનું પારખું કરવાનો મનોમન સંકલ્પ કરીને એઓ આ બાળભક્તની મંગલ-કામના ઇચ્છી રહ્યા.

પર્વનો એ દિવસ તો પૂરો થઈ ગયો, પણ રણસિંહ માટે એ પર્વ ધર્મનું કાયમી સંભારણું મૂકી ગયો. રણસિંહે પ્રતિજ્ઞા તો બાળભાવે સ્વીકારી હતી, છતાં મોટો માણસ પણ ન પાળી શકે, એવી દૃઢતાથી એ પ્રતિજ્ઞા-પાલન કરી રહ્યો હતો. ઉનાળો હોય, ચોમાસુ હોય કે શિયાળો હોય, પણ બપોરનું ભોજન લેતાં પહેલાં રણસિંહ ચિંતામણિ-પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરવાની ટેક અચૂક જાળવી જાણતો ! આમ કરતાં કરતાં દિવસો અને મહિનાઓ વીતી ગયા.

**પ્રતિજ્ઞા એવી ચીજ છે કે, એની કસોટી થયા વિના ન રહે ! કસોટીનો સોટીમાર ખાતી વખતે જે અડગ રહી જાણે, એની પર તો દેવોય દુર્લભ ગણાતી દુઆ વરસાવે.** એક દહાડો ચિંતામણિ યક્ષને રણસિંહની પ્રતિજ્ઞાનું પારખું કરવાનું મન થઈ આવ્યું ! મધ્યાહ્નનો સમય હતો, રણસિંહના આવવાનો સમય થાય એ પૂર્વે જ એક વિકરાળ સિંહરૂપે યક્ષદેવ મંદિરના દરવાજામાં ગોઠવાઈ ગયા.

• મંદિર સમક્ષ ઊભેલો સિંહ અને નિર્ભય રણસિંહ



સમય થતાં જ હર્ષભર્યા હૈયે રણસિંહ પ્રભુદર્શન માટે આવ્યો. મંદિરના ચોગાનમાં ચોમેર સન્નાટો છવાયેલો હતો. સિંહ જેવો સિંહ જ્યાં ઘૂરકી રહ્યો હોય, ત્યાં મરવા કોણ જાય ? ઘણાએ રણસિંહને કહ્યું : પાછો ફર, ભગવાનનાં દર્શન કરતાં આજે તો મોતનાં દર્શન થાય એમ છે !

રણસિંહને મન તો પ્રાણ કરતાં પ્રતિજ્ઞા વધુ મહત્ત્વની ચીજ હતી. એથી એના કદમ જ્યારે પાછાં ન પડ્યાં, ત્યારે લોકોનો ક્રોધમિશ્રિત અવાજ નીકળ્યો : એ પ્રભુઘેલા! આવી ઘેલછા રાખીશ, તો જીવથી જઈશ ! મંદિરના દરવાજે જે કાકો ઘૂરકી રહ્યો છે, એ તારો સગો થતો હોય, તો જવાની ના નથી. બાકી આજે તો ત્યાં જવામાં જરાય મજા નથી. બાકી સજાને જ તું મજા ગણતો હોય, તો તને કોઈ રોકી શકે એમ નથી !

રણસિંહને પ્રતિજ્ઞાનું પાલન કરવા જતાં વિલંબ કરવો પાલવે તેમ નહોતો, એથી કોઈનું કંઈ જ સાંભળ્યા વિના કે કોઈને કંઈ સંભળાવ્યા વિના જ સાવધાન થઈને એ મંદિરના દરવાજે પહોંચી ગયો. ત્યાં એક ભયંકર સિંહ ડણકી રહ્યો હતો. એની ગર્જનાના પડઘા વાતાવરણને ભયથી ભરી રહ્યા હતા. રણસિંહની પાસે તો પોતાના બચાવ માટે ડાંગ સિવાય કોઈ શસ્ત્રઅસ્ત્ર હાજર નહોતું. એણે પોતાની ડાંગ ઘુમાવીને ગગનને ધ્રુજાવતી એક રાડ નાખીઃ રે સિંહ, તું જો રણનો સિંહ છે, તો હું પણ રણસિંહ જ છું ! મારા માર્ગમાંથી તું જો સીધી રીતે ખસી જાય, તો સારી વાત છે. નહિ તો આ ડાંગના જોરે મારે મારો રસ્તો નિષ્કંટક બનાવવો પડશે. હું પ્રતિજ્ઞાને મહાન ગણું છું. મારા પ્રાણ ભલે ચાલ્યા જાય, પણ પ્રતિજ્ઞાને તો ખંડિત નહિ જ બનવા દઉં !

રણસિંહની સિંહ જેવી આ ગર્જના એક ચમત્કાર સરજી ગઈ અને પળ પહેલાં ક્રોધથી ધમધમતો એ સિંહ બીજી જ પળે પાળેલા કૂતરા જેવો આજ્ઞાંકિત બની ગયો. રણસિંહના પગ ચાટીને એ સિંહ ચાલતો થયો. પ્રભુ-દર્શનની પ્રતિજ્ઞા અખંડ રાખીને રણસિંહ જ્યારે મંદિરમાંથી ઘર તરફ જવા રવાના થયો, ત્યારે ચિંતામણિ યક્ષ મરકમરક હસીને જાણે આ બાળભક્ત પર આશીર્વાદ વરસાવી રહ્યા હતા. રણસિંહના સિંહ જેવા આ પરાક્રમની વાતો જેમ ફેલાતી ગઈ, એમ એની કીર્તિકથાઓ આજુબાજુ ફેલાતી/ ગવાતી ચાલી.

થોડાં વર્ષ વીતી ગયાં. રણસિંહ હવે તો સમજણો થઈ ગયો હતો. એ કાળમાં વિચરતા પ્રભુ શ્રી મહાવીરદેવની પ્રભાવકથાઓ સાંભળીને એણે જિન ધર્મનાં તત્ત્વોનો ઠીકઠીક પરિચય પણ મેળવી લીધો હતો. ચિંતામણિ યક્ષની એની પર અદૃષ્ટ-કૃપા અપરંપાર હતી. એ કૃપાનાં કિરણ સ્પષ્ટરૂપે રણસિંહની ઉપર અનુપાત પામવા માટે જાણે કોઈ ઘડી-પળની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.

વર્ષાકાળના દિવસો હતા. કેટલીય વાર કલાકોના કલાકો સુધી મેઘાડંબર છવાયેલો

રહેતો અને અનરાધાર વર્ષા ચાલુ રહેતી. પણ રણસિંહની પ્રતિજ્ઞા પથ્થર પરની રેખાની જેમ હજી અતૂટ જ રહી હતી. એક દહાડો આકાશ ઘનઘોર વાદળદળથી કાળું ડિબાંગ બની ગયું. આકાશ જાણે રણસિંહની કસોટી કરવા મન મૂકીને શત-શત ધારે વરસવા માંડ્યું. ત્રણત્રણ દિવસ સુધી એ મેઘધારા વરસતી જ રહી. પરંતુ રણસિંહ પણ જાણે એ મેઘધારાની સામે અડીખમ રહીને ટક્કર ઝીલતો રહ્યો. ત્રણત્રણ દિવસ સુધી એણે ન ખાધું, ન પીધું ! અંતે મેઘધારાને થાકવું પડ્યું. ચોથા દિવસની પ્રભાતે રણસિંહની પ્રતિજ્ઞાનો વિજય પોકારતો સૂર્ય કોઈ અનેરા પ્રકાશ સાથે ઊગ્યો.

રણસિંહના આનંદનો પાર ન રહ્યો. ઉરના ઊછળતા ઉમંગ સાથે એ ચિંતામણિ પ્રભુનાં દર્શન કરવા ગયો. હૈયાનાં રોમેરોમમાંથી જાગેલી ભક્તિપૂર્વક પ્રભુ દર્શન કરીને રણસિંહ પાછો ફર્યો. ત્રણત્રણ દિવસના ઉપવાસ પછી ચોથા દિવસના મધ્યાહ્ન સમયે એ ભોજન લેવા બેઠો ત્યાં એના અંતરમાંથી એક એવું ભાવનાગીત સરી પડ્યું કે, કોઈ અતિથિને ભોજન દઈને પછી જ જમવું મારે !

રણસિંહ ભરેલા ભાણા પરથી ઊભો થઈ ગયો. એને થયું કે, અત્યારે વળી મુનિનો યોગ મારા જેવા અભાગિયાને મળવો મુશ્કેલ ગણાય ! છતાં ભાવના તો ભવનાશિની છે, એથી પ્રયત્ન કરવામાં પણ પુણ્ય છે !

રણસિંહનું ભાગ્ય બે ડગલાં આગળ હતું. એ જ્યાં ઘરની બહાર આવ્યો, ત્યાં જ દૂર દૂર ભિક્ષા માટે વિહરતા બે મુનિઓ એની નજરે ચડ્યા. એના હર્ષનો કોઈ આરોઓવારો ન રહ્યો. દોડતો દોડતો એ મુનિ પાસે પહોંચ્યો અને મુનિને એ ઘર-આંગણે તેડી લાવ્યો. અંતરની તમામ ભક્તિ ઠાલવી દઈને એણે સુપાત્ર-દાનનો લાભ લીધો. પુણ્યના અનુબંધને પુષ્ટ બનાવતી આ પળો જ એવી હતી કે, ચિંતામણિ યક્ષને ખેંચાઈને ત્યાં હાજર થવું જ પડે !

ચિંતામણિ યક્ષ પ્રસન્ન થઈને રણસિંહને વરદાન યાચવા કહી રહ્યા : વત્સ ! માગવું હોય એ માગ ! સિંહ જેવા તારા સત્ત્વ પર હું પ્રસન્ન બન્યો છું. સાચે જ તું રણસિંહ છે !

આ યક્ષવચન સાંભળીને રણસિંહના આનંદનો અને આશ્ચર્યનો પાર ન રહ્યો.

# ૫

# ખુલ્લું થયેલું રહસ્ય

ઘનઘોર વાદળદળમાંથી ઝબૂકતી વીજળી પ્રકાશની તેજરેખા દોર્યા વિના જ વિલાઈ જાય, એ હજી સંભવિત છે, પણ દેવદર્શન થાય અને એ કંઈક પણ વરદાન આપ્યા વિના નિષ્ફળ રહે, એ તો સંભવિત જ નથી ! સત્ત્વમૂર્તિ રણસિંહ પર ચિંતામણિ યક્ષ પ્રસન્ન થયા હતા. અનેકાનેક કસોટીઓમાં એનું સત્ત્વ અણીશુદ્ધ અને અડીખમ રહ્યું હતું, એથી યક્ષની પ્રસન્નતાનું પ્રમાણ કલ્પી પણ ન શકાય, એટલું મોટું હોવાની પૂરી સંભાવના હતી.

રણસિંહના મનમાં તો એવી કોઈ કલ્પનાય નહોતી કે, કોઈ અદશ્ય શક્તિ પોતાના સત્ત્વની કસોટી કરી રહી હતી અને એમાં પોતે જ્વલંત વિજય મેળવતો આવ્યો હતો ! ત્રણત્રણ દિવસના ઉપવાસના પારણે, મુનિ-દાન પછીની પળોમાં, એની સામે જ્યારે ચિંતામણિ યક્ષે દર્શન દીધાં અને વરદાન માગવાની જ્યારે એમણે માગ મૂકી, ત્યારે જ રણસિંહને ખ્યાલ આવ્યો કે, મારા માટે કસોટીનો કાળ હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે.

સત્ત્વથી છલબલતા રણસિંહના મનમાં ઘણી વાર એવી ભાવનાની ભરતી ચઢતી હતી કે, મને મળેલું આ જિનશાસન બધાને મળે તો કેવું સારું ? અને એમાં હું નિમિત્ત

બનું, તો તો કેટલું બધું સારું ? આ ભાવના કાંઈક માગવા પ્રેરી રહી અને રણસિંહે યક્ષને નતમસ્તકે કહ્યું :

'આપ જો પ્રસન્ન જ થયા છો, તો હું માગું છું કે, જિનશાસનની પ્રભાવના કરવાની તાકાત મારામાં જાગ્રત થાય ! આપ જો આપી શકો, તો મારે આવી શક્તિ/ભક્તિનો જ ખપ છે. આ સિવાય બીજી કોઈ ચીજની મને આવશ્યકતા નથી !'



• રણસિંહને યક્ષનું વરદાન

ધરતીના છોરું રણસિંહની સંતોષપ્રિયતા પર પ્રસન્ન બની ઊઠેલા યક્ષે કહ્યું : વત્સ ! જો તારે જિનશાસનની પ્રભાવના જ કરવી હોય, તો સંપત્તિ કરતાંય પહેલી આવશ્યકતા સત્તાની રહે છે. તું જો રાજા બને, તો જ જિનશાસનની પ્રભાવના છુટ્ટે હાથે કરી શકે ! હું આ વરદાન આપવા તૈયાર જ છું. આજથી સાતમા દિવસે તારા મસ્તકે રાજ્યાભિષેક થશે, પણ આ માટે તારે કનકપુર નગરમાં પહોંચવું અનિવાર્ય છે. ત્યાં કનકશેખર રાજાએ પોતાની પુત્રી કનકવતીનો સ્વયંવર રચ્યો છે, એમાં ભાગ લેવા ઘણાઘણા રાજકુમારો આવવાના છે. તારે પણ ત્યાં પહોંચી જવું અનિવાર્ય છે. આટલું કાર્ય તારે ઝડપથી કરવાનું છે. પછીનું બધું હું સંભાળી લઈશ. ત્યાં ગમે તેવા સંઘર્ષના સંયોગો રચાઈ જાય, તોય તું ગભરાતો નહિ. હું તારી મદદમાં હાજર રહીશ. તારી ભાવના સફળ બનો ! તારો રાહ નિર્વિઘ્ન રહો !

'તથાસ્તુ'નો ધ્વનિ રેલાવીને ચિંતામણિ યક્ષ અદશ્ય બની ગયા. રણસિંહના આનંદનો પાર નહોતો. મનોમન એ ચારણ-શ્રમણોને યાદ કરીને એમને નમી રહ્યો. એમની પાસેથી સ્વીકારેલી પ્રતિજ્ઞા જ આવી આ પ્રગતિનો પાયો હતી, એ વાત રણસિંહ બરાબર સમજતો હતો. એથી એની આંખ સજળ બનીને એ મુનિઓનું સ્મરણ કરી રહી. કનકપુર નગર કંઈ નજીક નહોતું ! ઓછામાં ઓછા ત્યાં પહોંચતાં ત્રણ દિવસ તો સહેજે થઈ જવાની શક્યતા હતી. એથી પોતાનાં માતાપિતાને બધી વાતથી વાકેફ બનાવીને રણસિંહે કનકપુર નગર તરફ પ્રયાણ આદર્યું. ખેડૂત સુંદર અને એની પત્ની સુશીલા રણસિંહને આમ અજાણી વાટે વિદાય આપવા તૈયાર નહોતાં, પણ યક્ષ-ચિંતામણિની વાત જ્યારે એમણે જાણી, ત્યારે નિશ્ચિંત બની જઈને એમણે રણસિંહને વિદાય આપી.

ક્યાં ધરતીની સાથે જ પ્રીતિ રાખતી પોતાની જાત ! ક્યાં કનકપુરનો સ્વયંવર-મંડપ ! અને ક્યાં સાતમે દિવસે થનારી રાજ્યપ્રાપ્તિ ! રણસિંહના મનમાં આ બધી ઘટનાઓ જાતજાતની વિચારધારા વહાવી રહી હતી. એને એ વાતનો હજી જરાય ખ્યાલ નહોતો કે, સુંદર અને સુશીલા તો મારાં પાલક પિતામાતા છે ! રણસિંહના મન આગળ તો એ ચારણ-શ્રમણો, એ ચિંતામણિ પાર્શ્વપ્રભુ અને એ ચિંતામણિ યક્ષ જ તરવરી રહ્યા હતા. અનેક ગામ-નગરોને વટાવીને રણસિંહ આગળ વધવા માંડ્યો. એની પાસે કોઈ રથ નહોતો કે એને દોરનાર કોઈ સારથિ પણ નહોતો. રથ કે સારથિ જે ગણો, એ એનું હળ હતું અને એ હળને ખેંચતાં બે નાના બળદ હતા.

કનકપુર નગરમાં તો મોટો મેળો જામી રહ્યો હતો. કનકશેખર રાજા અને કનકમાળા રાણી પોતાનાં રૂપ/લાવણ્ય અને સંપત્તિ/સદાચારથી ખૂબ જ લોકપ્રિય હતાં. એમની પુત્રી કનકવતીને મેળવવા અનેક રાજકુમારો તલપાપડ હતા, એથી કનકશેખરને માટે 'સ્વયંવર'ની યોજના અનિવાર્ય હતી. એમના આમંત્રણને માન આપીઆપીને સંખ્યાબંધ રાજકુમારો કનકવતીને મેળવવા આવી રહ્યા હતા.

નગરની બહાર એક મોટા સ્વયંવર-મંડપની રચના કરવામાં આવી હતી. એની શોભા અનેરી હતી. મંડપની નજીકમાં જ જુદાંજુદાં ગામ-નગરોમાંથી આવી રહેલા રાજકુમારોનાં રહેઠાણોની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. સ્વયંવરનો દિવસ જેમ જેમ નજીક આવતો જતો હતો, એમ એમ કનકપુરમાં માનવોનો જાણે મહાસાગર ઠલવાતો જતો હતો !

પાટલિખંડથી નીકળેલો રણસિંહ એકલો હતો, પણ યક્ષદેવ એની સહાયમાં હતા. એટલે ધારેલા સમયે રણસિંહ કનકપુરના સ્વયંવર-મંડપની નજીક પહોંચી ગયો. મંડપમાં તો જાણે સાક્ષાત્ કામદેવના અવતાર સમા કેઈ રાજકુમારો સિંહાસનને શોભાવી રહ્યા હતા ત્યાં મેલાંઘેલાં કપડાંવાળા રણસિંહને તો અંદર પ્રવેશ પણ ક્યાંથી મળી શકે ? અંદર જવાની એની કોઈ ઇચ્છા પણ નહોતી. એ તો મંડપની બહાર પોતાના હળની ઉપર ઊભોઊભો મંડપની શોભા જોઈ રહ્યો હતો.

સ્વયંવરના મુહૂર્તની પળ નજીક આવવા માંડી અને મંડપમાં આતુરતા તેમ જ ગંભીરતા છવાતી ચાલી. થોડી વધુ પળો પસાર થઈ અને રૂમઝૂમ કરતી કનકવતીએ મંડપમાં પ્રવેશ કર્યો. બધા રાજકુમારો બનીઠનીને તૈયાર થઈ ગયા. સૌ એવી ભ્રમણામાં

જ રાચતા હતા કે, કનકવતી પોતાના કંઠમાં જ વરમાળા આરોપશે ! પરંતુ સૌની ધારણાને ધૂળમાં મેળવતું પગલું કનકવતીએ ઉઠાવ્યું. એક પણ રાજકુમારની નજર સાથે પોતાની નજર મિલાવ્યા વિના જ કનકવતી મંડપ ચીરીને જ્યાં રણસિંહ ઊભો હતો, ત્યાં પહોંચી ગઈ અને વરમાળાને રણસિંહના કંઠમાં આરોપી દઈને કનકવતીએ પોતાનો વિચિત્ર નિર્ણય જાહેર કરી દીધો !



● રણસિંહ અને કનકવતી

નિર્ણય ખરેખર વિચિત્ર કહી શકાય એવો જ હતો ! કનકવતીએ રણસિંહના કંઠમાં વરમાળા આરોપીને મોટામોટા રાજકુમારોનું જાણે હડહડતું અપમાન કર્યું હતું ! એથી ધમધમી ઊઠેલા બધા રાજકુમારો પોતપોતાની તલવારો તાણીને ઊભા થઈ ગયા. રોષ અને જોશની ભાષામાં એમણે સ્વયંવરના યોજક કનકશેખર રાજવી ઉપર ગુસ્સો ઠાલવતાં કહ્યું :

'તમારી દીકરી જો આમ રસ્તામાં રખડતા આ ખેડૂતપુત્ર સાથે જ પરણવા માગતી હતી, તો અમને બધાને આમંત્રણ આપ્યું શા માટે ? શું અમારું અપમાન કરવા જ અમને અહીં બોલાવવામાં આવ્યા હતા ? અમે આ અપમાનને સહી લેવા હરગિજ તૈયાર નથી ! રસ્તાના આ રખડતા રોઝ પાસે અમારી તલવાર જવાબ માગવા થનગની રહી છે કે, તું કઈ યોગ્યતા ઉપર આ રાજકુમારીને પરણી જવા માગે છે ! આ મંડપમાં પહેલા સંઘર્ષ જામશે, પછી જ સ્વયંવરની સમાપ્તિ જાહેર થશે !'

રાજા-રાણી પણ પોતાની પુત્રીના આ અવિચારી પગલાથી દુઃખિત થઈ રહ્યાં હતાં. પણ સ્વયંવર નામ જ એનું કે જ્યાં અંતરના અવાજને અનુસરવું, એ જ મુખ્ય કર્તવ્ય ગણાતું હોય ! રાજા-રાણી કિંકતર્વ્યમૂઢ થઈને પરિસ્થિતિને થાળે પાડવા હજી કોઈ પ્રયાસ કરે, એ પૂર્વે તો બધા જ રાજકુમારો ખેડૂતપુત્ર રણસિંહની ઉપર તૂટી પડ્યા. સ્વયંવર બાજુ પર રહી ગયો ને ત્યાં સંગ્રામ ખેલાવો શરૂ થઈ ગયો.

રણસિંહનાં રોમેરોમમાં આજે જાણે શક્તિનો સાગર છલકાઈ ઊઠ્યો હતો. એની પાસે શસ્ત્ર-અસ્ત્ર તરીકે એકમાત્ર હળ જ હતું ! રાજકુમારોએ એક ત્રાડ નાખીને રણસિંહને કહ્યું : ઓ રખડતા રોઝ ! કાગડો દહીંથરું ઉપાડી જાય, અને અમે બધા જોતાં જ રહીએ, એમ ? માટે પહેલાં તું તારા કુળ/બળની નિર્મળતા સાબિત કરી આપ, પછી

જ આ કનકવતીને તું પરણી શકીશ. અમે બધા કંઈ નામર્દ ભેગા થયા નથી કે, આ કન્યારત્નને આમ ચોરાઈ જવા દઈએ !

રણસિંહે પણ ત્રાડ નાખી : આ હળ જ મારાં કુળ-બળ કહી આપશે. મારા મોઢે મારી પ્રશંસા હું તો કઈ રીતે કરી શકું ? માટે તમારામાંથી જે કોઈને મારાં કુળ-બળ જાણવાં હોય, એ મેદાનમાં આવી જાય ! તમારી પાસે ભલે સમશેરો રહી અને મારી પાસે ભલે આ એક હળ જ રહ્યું ! પરંતુ એટલું સમજી રાખજો કે, જે વીર છે, એના માટે શસ્ત્ર-અસ્ત્રનું કંઈ બહુ મહત્ત્વ નથી ! એની હિંમત જ એનું મોટામાં મોટું શસ્ત્ર હોય છે.



• સ્વયંવર મંડપમાં સંગ્રામ

સ્વયંવરનો મંડપ સંગ્રામની ભૂમિમાં પલટાઈ ગયો. એક બાજુ કેટલાય રાજકુમારોએ સંગઠિત બનીને મોરચો રચી નાખ્યો, તો બીજી બાજુ રણસિંહ એકલપંડે ઝઝૂમી રહ્યો. એના હળમાંથી આજે જાણે હિંમતનો સાગર ઠલવાતો જતો હતો, જે સમશેરોના સામર્થ્યને ધક્કો મારીમારીને પછાડી રહ્યો હતો. થોડી જ વારમાં ભાગંભાગ મચી ગઈ. રણસિંહના હળે જે મારો ચલાવ્યો, એને એકપણ રાજકુમાર સહી ન શક્યો. બધા રાજકુમારોએ બકરી બની જઈને રણસિંહની શરણાગતિ સ્વીકારી લેતાં કહ્યું : ખરેખર આ વસુંધરા વીરભોગ્યા છે. અમે માફી માગીને આપના કુળ/બળની નિર્મળતા અને સબળતા માન્ય રાખીએ છીએ. આપનું પરાક્રમ જ આપના વંશને અને કુળ-બળને કહી જાય છે, છતાં અમે નતમસ્તકે વિનંતી કરીએ છીએ કે, આપ આપનાં માતપિતા અને વંશનો પરિચય આપીને અમારી સૌની જિજ્ઞાસાને સંતોષશો!

રણસિંહની સેવામાં તો યક્ષદેવ ચિંતામણિ હાજરાહજૂર હતા. આકાશની અટારીએથી અદશ્ય રહીને સૌને સંબોધતાં એમણે કહ્યું :

'હું ચિંતામણિ યક્ષ છું, સત્ત્વમૂર્તિ આ રણસિંહ પર પ્રસન્ન બનીને મેં જ રણસિંહને અહીં આવવાની પ્રેરણા આપી છે. આવા પુરુષનો પરિચય આપવાની જોકે જરાય જરૂર જણાતી નથી ! આકૃતિ અને શક્તિ જ એમના કુળને કહી જતી હોય છે, છતાં

તમારી જિજ્ઞાસાને માન આપીને મારે કહેવું પડે છે કે, વિજયપુરના રાજવી શ્રી વિજયસેન અને રાણી વિજયાના આ પુત્ર છે. આમનાં માતપિતા અત્યારે ભગવાન શ્રી મહાવીર દેવના મુનિ-સંઘમાં સંયમ-સાધના કરી રહ્યાં છે. વિજયા રાણીના ભાઈ પણ અત્યારે સંયમી તરીકેનું જીવન જીવી રહ્યા છે. બનેવી અને સાળાની આ જોડી નજીકના ભવિષ્યમાં જ શ્રી ધર્મદાસ ગણિ અને શ્રી જિનદાસ ગણિ તરીકેના યશસ્વી નામ-કામથી પ્રસિદ્ધ થઈને અનેકને માટે માર્ગદર્શક બનવાની છે. રાજપુત્ર તરીકે જન્મવાનું ભાગ્ય લઈને આવવા છતાં એક ખેડૂતનો વેશ રણસિંહના શરીરને કેમ શોભાવી રહ્યો છે ? એની કથા વ્યથાભરી હોવા છતાં પ્રેરક છે !'

સૌના આગ્રહને વશ થઈને ચિંતામણિ યક્ષે અજયા દ્વારા ત્યજાયેલા વિજયાના પુત્રની એ તમામ હકીકતને ટૂંકમાં કહી સંભળાવી. અજયા-ચન્દ્રલેખાને સૌ ધિક્કારી રહ્યા. સૌની નજર નંદભદ્રાની નિખાલસતાને અને રાજા-રાણી વિજયસેન-વિજયાની તેમ જ સાળા સુજયની વેદનામાંથી વિરાગનો વળાંક મેળવી ગયેલી ધર્મભાવનાને અહોભાવથી અભિનંદી રહી. છેલ્લે યક્ષદેવે રણસિંહના ભવ્ય ભાવિને ભાખતાં કહ્યું કે,

'આમ, આ રણસિંહ હકીકતમાં રાજપુત્ર છે. એના ભાગ્યની આડે આવતું પાંદડું હવે ખસી ગયું છે અને આના શિરે હવે રાજ્યાભિષેક થવાની પુણ્ય-પળ પાકી ગઈ છે. જિન ધર્મની મહાપ્રભાવના કરવામાં રણસિંહ મોટો ફાળો આપવાના છે. માટે રણસિંહની આમન્યા સૌ કોઈ જાળવજો. એટલો ખ્યાલ રાખવાની સૌને સ્પષ્ટ સૂચના છે કે, હું યક્ષદેવ રણસિંહ પર પ્રસન્ન છું અને એની સેવા કરતાં આનંદ અનુભવું છું !'

રાજકુમારો સહિત મોટી જનમેદની રણસિંહની આગળ હાથ જોડીને ખડી જ હતી. પરંતુ આ આખી યક્ષ-વાર્તા સાંભળ્યા પછી તો સૌ ભક્તિભીના હૈયે રણસિંહને મનોમન નમી રહ્યા, રાજવી કનકશેખરના અંતરમાં અત્યારે આનંદ સમાતો ન હતો. એમને તો જાણે ચીંથરેવીંટ્યું રતન અંધારામાં હાથ નાખતાં મળી આવ્યું હતું. સંગ્રામનું વાતાવરણ સ્નેહના સામ્રાજ્યમાં પલટાઈ ગયું ! જેની આંખમાંથી ખાર નીકળી રહ્યો હતો, એ રાજકુમારો પ્યારની નજરે રણસિંહને નવરાવી રહ્યા અને ખૂબ જ ધામધૂમ સાથે રાજકુમાર રણસિંહની સાથે કનકવતીનાં લગ્ન ઊજવાઈ ગયાં.

જુદાંજુદાં દેશ/નગરોમાંથી આવેલા રાજકુમારો રણસિંહની કીર્તિકથાનું ભાથું લઈને પોતપોતાનાં દેશ/નગરો તરફ વિદાય થયા. ધીરેધીરે રણસિંહની રહસ્ય-વાર્તા



● રણસિંહ અને કનકવતીના લગ્ન

અનેક ગામ/નગરોમાં ખૂબ જ રસપૂર્વક ચર્ચાવા માંડી.

કનકશેખર રાજા, ભાગ્યના ભંડાર સમા જમાઈ રણસિંહની પૂરી આગતા-સ્વાગતા કરી લેવા માગતા હતા. એમણે પોતાની વિશાળ હકૂમતમાં રહેલાં ગામ/નગરોમાંથી એક મોટી નગરીનું રાજ્ય રણસિંહને આપીને એનું અદ્‌ભુત સન્માન કર્યું. કનકપુરથી નજીકમાં જ આવેલી વિજયવતીનગરી રણસિંહના વિજયનાદથી ગાજતી રહેવા માંડી.

વિજયવતીના રાજવી બન્યા પછી રણસિંહની આંખ આગળ પોતાનાં પાલક માતપિતાની યાદ વધુ તરવરવા માંડી. પોતાના મંત્રી મતિસાગરને એમણે પાટલિખંડ તરફ રવાના કર્યા અને થોડા જ દિવસોમાં સુંદર અને સુશીલાને લઈને એઓ પાછા ફર્યા. ભાગ્ય જ્યારે જાગી જાય છે, ત્યારે વિધાતા વૈભવોનું વરદાન આપવામાં કંઈ બાકી રાખતાં નથી. રણમાં રખડતા રણસિંહ રાજવી બન્યા, તો એનાં પાલક માતપિતાનેય રાજ્યવૈભવ માણવાનો લાભ મળ્યો. રાજર્ષિ વિજયસેનના પુત્રના પાલક બનવા બદલ એઓ પોતાની જાતને બડભાગી લેખવા લાગ્યા. રણસિંહ અંગે મૂંઝવી રહેલું રહસ્ય ખુલ્લું થતાં જ એમની વર્ષોની જિજ્ઞાસા આજે સંતોષાતાં એઓ અનોખી પ્રસન્નતા અનુભવી રહ્યા !

ધન મળ્યું, ધરતી સાંપડી, ધામ અને ધન્યતાની માલિકી મળી. છતાં રાજકુમાર રણસિંહ પોતાના ઉપકારીઓને ભૂલ્યા નહોતા. પોતાને મળેલું જૈન-શાસન સૌને મળે/ફળે, એ માટે એમણે તન-મન-ધનથી તમામ પ્રયત્નો આદરી દીધા. ચારણ-શ્રમણો, ચિંતામણિ પાર્શ્વનાથ અને ચિંતામણિ યક્ષને મનમંદિરમાં પધરાવીને રણસિંહ રાજકાજ ચલાવી રહ્યા. દિવસો/મહિનાઓ વીતવા માંડ્યા, એમ એમની કીર્તિ જૈન ધર્મની જાહોજલાલીને વધારતી વધતી રહી.

પુણ્યનો પ્રભાવ જ્યારે પ્રકાશ પાથરવા બેસે છે, ત્યારે સૂર્યના પ્રકાશને પણ એની આગળ ઝાંખા લાગવું પડતું હોય છે. હળ ફેરવતા જે રણસિંહની સામે કોઈ

નજર માંડવાય તૈયાર નહોતું, એ રણસિંહની રોશનીથી આજે અનેક ગામ-નગરો ઝળાંહળાં બની રહ્યાં હતાં અને મોટામોટા રાજવીઓ પોતાની રાજકુમારીઓ આપવા દ્વારા રણસિંહ સાથે સંબંધ બાંધવા થનગનતા હતા. એક દિવસ સોમાનગરીથી પુરુષોત્તમ રાજાનો આવો જ એક સંદેશ આવ્યો. તેઓ પોતાની પુત્રી રત્નવતીને રણસિંહ સાથે પરણાવવા ઇચ્છતા હતા. સંદેશવાહકને રણસિંહે કહ્યું કે, આ બધો વિષય કનકશેખર રાજવીનો છે, તમે એમને મળો. એમનો આદેશ શિરોધાર્ય કરવા હું તો બંધાયેલો જ છું.

સોમાનગરીથી આવેલો સંદેશવાહક કનકપુર તરફ જવા રવાના થયો. રત્નવતી કનકશેખર રાજવીની ભાણેજ થતી હતી અને જે શૌર્ય-સાહસ સાથે રણસિંહ કનકવતીને વર્યો હતો, એની વિક્રમભરી વાતો સાંભળીને જ એ રણસિંહ પર અનુરાગવાળી બની હતી. કનકશેખર રાજવીએ સંદેશવાહકને સાંભળી લઈને કહ્યું કે, રત્નવતીના ભાગ્યની આ નિશાની છે કે, એને આવો વિચાર આવ્યો ! ખરેખર રણસિંહ એના માટે પૂરેપૂરો યોગ્ય છે. મારી આ ભાણેજને રણસિંહ જેવો વર મળશે, એથી મને આનંદ થાય છે.

કનકશેખરે પોતાના સંબંધની વાત લખીને રણસિંહને રત્નવતીનું માગું સ્વીકારી લેવાની ભલામણ કરતો પત્ર એ જ સંદેશવાહક સાથે લખી પાઠવ્યો. સંદેશવાહક પ્રસન્ન વદને રણસિંહની સમક્ષ હાજર થયો. હવે તો લગ્ન અંગે કંઈ જ બોલવાનું રહેતું નહોતું. રણસિંહે માગું સ્વીકારી લઈને થોડા જ દિવસમાં સોમાનગરી તરફ પ્રયાણ કરવાનું નક્કી કર્યું.

રાજવી રણસિંહના દિલમાં એ વાતનો આનંદ હતો કે, સોમાપુરી જતાં વચમાં રસ્તામાં પાટલિખંડ આવતું હતું. એથી પોતાના આરાધ્યદેવ શ્રી ચિંતામણિ પાર્શ્વપ્રભુના અને ચિંતામણિ યક્ષના દર્શનનો લાભ મળી શકશે ! શુભ ઘડી-પળે રણસિંહે સોમાનગરી તરફ પ્રયાણ કર્યું. થોડા દિવસો પછી એમનો રસાલો પાટલિખંડમાં પ્રવેશ્યો. મનની ધારણાઓ સોમાપુરી તરફ જવાની હતી, પણ વિધાતાનાં વિધાન કોઈ વિચિત્ર જ વળાંક લઈ રહ્યાં હતાં !




# પ્રીત પરાણે ન થઈ.

મૃગજળની માયા સમો આ સંસાર છે, એથી જેને મનમાન્યું પ્રીતિપાત્ર મળ્યું હોય છે, એનીય તૃષ્ણા જેમ શાંત થતી નથી, એમ મનને ગમતો મેળો જે પામી શકતો નથી એનીય તૃષ્ણા તૃપ્તિનો ઓડકાર લઈ શકતી નથી ! કારણ કે સંસાર એટલે જ મૃગજળ ! મૃગજળથી કદી પણ કોઈની પણ તૃષ્ણા સંતોષાય ખરી ?

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથપ્રભુનું તીર્થમંદિર જેનાથી ખૂબ દૂર નહોતું, એ પાટલિખંડની રાજકુમારી કમલવતી છેલ્લા કેટલાય સમયથી માનસિક અજંપો વેઠી રહી હતી. એ અજંપાનું એકમાત્ર કારણ હતું : રાજપુત્ર ભીમ !

પાટલિખંડના રાજવી કમલસેનની સેવામાં રાજપુત્ર ભીમ છેલ્લા ઘણા સમયથી વફાદારીપૂર્વક પોતાનું કર્તવ્ય અદા કરતો હતો. એથી રાજવીનો એ કૃપાપાત્ર પણ બની શક્યો હતો. રાણી કમલિનીના પણ એની પર ચાર હાથ હતા.

સૌન્દર્ય એક એવો ક્ષીરકુંભ છે કે, એની પર ભોગલંપટ બિલાડાઓની નજર કતરાયા વિના ન જ રહે ! રાજપુત્રી કમલવતીનો દેહ સૌન્દર્યનો જાણે સદેહાવતાર હતો. ભીમ એના દર્શને કામુક બન્યો હતો. અને આ રાજપુત્રી સાથે પોતાનો લગ્નસંબંધ

યોજાય, એ માટે ભીમે પોતાના પ્રયાસો પણ શરૂ કરી દીધા હતા. રાજવી કમલસેન અને રાણી કમલિનીને જ્યારે આ વાતની ખબર મળી, ત્યારે એમના આનંદને અવધિ ન રહી. કમલવતીને પૂછ્યા વિના જ એમણે એનાં લગ્ન ભીમ સાથે નક્કી કરી નાખ્યાં.

ભીમના આનંદનો જેમ પાર ન રહ્યો, એમ કમલવતીના દુઃખનેય કોઈ આરોઓવારો ન રહ્યો. એ ભીમ સાથે લગ્નગ્રંથિથી જોડાવા જરાય તૈયાર નહોતી. આજીવન કુમારિકા રહેવા એ તૈયાર હતી, પણ ભીમના પનારે પડવું, એને નામંજૂર હતું. પરંતુ પોતાનાં માતપિતાની સામે પોતાના મનની વાત એ કહી શકતી ન હતી અને અંતરમાં ને અંતરમાં કમલવતી અકળામણ અનુભવી રહી હતી. અંતરની એની વધતી જતી અકળામણ વચ્ચે જ લગ્ન-પ્રસંગનો માંડવો નખાઈ ગયો. કમલવતીએ પોતાની સખી સુમંગલાને મનની બધી વ્યથા કહી સંભળાવી અને ચિંતામણિ યક્ષની માનતા માનવાનો નિર્ણય લઈને બંને છૂટાં પડ્યાં.

બીજે જ દિવસે કમલવતી અને સુમંગલા ચિંતામણિ પાર્શ્વનાથના દર્શને જવા તૈયાર થઈ ગયાં. એમનો રથ જાણે એમના મનોરથની ગતિ સાથે સ્પર્ધા કરતો આગળ વધવા માંડ્યો.

ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરના ચોગાનમાં તો રાજવી રણસિંહનો કાફલો આવીને પડ્યો હોવાથી મોટી ચહલપહલ મચી ગઈ હતી. રણસિંહ પાર્શ્વપ્રભુના દર્શન કરીને પછી એકાગ્ર-અંતરે ચિંતામણિ યક્ષના દર્શન કરી રહ્યો હતો. બરાબર આ અવસરે જ કમલવતી પણ યક્ષની માનતા માનવા આવી પહોંચી. રણસિંહને જોતાંની સાથે જ મનોમન એણે નક્કી કરી નાખ્યું કે, આ ભવમાં આ રણસિંહ સિવાય બીજા કોઈને હું પતિ તરીકે નહિ જ સ્વીકારું !

રણસિંહ તો દર્શન કરીને ચાલતો થયો. જતાં જતાં એની જમણી આંખ ફરકવા માંડી. એથી કોઈ શુભ ભાવિની કલ્પના એના દિલમાં નૃત્ય કરવા માંડી. કમલવતીએ યક્ષની આગળ ખોબો પાથરીને મનના માનેલા માલિક તરીકે રણસિંહની માગણી કરી. કમલવતી પર યક્ષના ચાર હાથ હતા. એથી યક્ષે કહ્યું : તથાસ્તુ !

અકળામણથી ભર્યાભર્યા અંતરમાં યક્ષદેવના આશીર્વાદે આનંદ-આનંદ બિછાવી દીધો. આશાભર્યા અંતરે કમલવતી પોતાના મહેલમાં પાછી ફરી. બીજા દિવસે ઠાઠમાઠ અને સંગીતપૂર્વક શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિ કરવા કમલવતી પોતાની સખી સુમંગલા



● કમલવતી દ્વારા રણસિંહની માંગણી

સાથે તીર્થ-મંદિરમાં જઈ પહોંચી. એના ભક્તિભર્યા સ્વરોની માધુરીથી આખું વાતાવરણ સંગીતમય બની ગયું. પ્રભુદર્શનમાં લીન બનેલા રણસિંહના કાનમાંય આ સુરાવલિ પહોંચી અને એ પણ એના ભક્તિ-લયમાં તલ્લીન બની ગયો. ઘડી અધઘડી સુધી ભક્તિ-સ્વરોની લહરી દ્વારા પ્રભુનાં ગુણગાનની એ ગંગા વહેતી રહી. કમલવતી યક્ષના દર્શન કરીને પાછી ફરી. આજે એની દૃષ્ટિએ એનો આંટો સફળ થયો હતો, કારણ કે રણસિંહના અંતરમાં એ પ્રીતિના અંકુર ઉગાડી શકી હતી.

**મૃગજળની માયા પાછળની દોડાદોડ જોવા જેવી હોય છે ! માનવ મૃગ બનીને એ જળાભાસ પાછળ દોડ મૂકતો રહે છે, એની પ્યાસમાં આગનો ઉમેરો થતો રહે છે, એ ફરી દૂરદૂર મૃગજળનાં દર્શન મેળવે છે. માનવ-મૃગ ફરી પાછી દોડ મૂકે છે, અને આમ, આ દોડમાં ને દોડમાં જ એ પોતાનું જીવન ખતમ કરી નાખે છે !** રણસિંહ નીકળ્યો તો હતો, સોમાનગરીની રાજકુમારી કનકવતીને પરણવા ! પણ ચિંતામણિ તીર્થમાં કમલવતીને જોતાંની સાથે જ એના દિલની દિલરુબા પ્રીતનું નવું જ ગીત છેડી બેઠી હતી ! રણસિંહે મનોમન નક્કી કરી નાખ્યું કે, આ કમલવતીને જો હું મેળવી શકું, તો જ મારું જીવન સફળ ! એ જો ન મળે, તો જીવવાનો કોઈ અર્થ નથી !

મૃગજળની માયા રણસિંહને મૂંઝવી રહી. એનો મિત્ર સુમિત્ર સાથે હતો. બેત્રણ દિવસ સુધી તીર્થમાં નખાયેલો પડાવ જ્યારે સમેટાયો નહિ, ત્યારે એણે કહ્યું કે, રણસિંહ ! આપણો મુકામ ગણાતી સોમાનગરી હજી ઘણી દૂર છે. માટે હવે ઉતાવળ કરીશું, તો જ ત્યાં સમયસર પહોંચી શકીશું.

રણસિંહના મનમાં તો કમલવતીના વિચારો જ રમી રહ્યા હતા. એથી એણે મિત્રને કહ્યું કે; આપણા પડાવને આગળ વધવાનો આદેશ આપી દો. આપણે હજી બેત્રણ દિવસ અહીં રોકાઈને પછી આગળ વધીશું. જન્મભૂમિ કહી શકાય, એવી આ ધરતીની માયા આટલી જલદી છોડી શકાય એમ નથી !

પડાવ રવાના થઈ ગયો. રણસિંહ પોતાના મિત્ર સુમિત્ર આદિ થોડાક પરિવાર સાથે એ તીર્થભૂમિમાં રહીને કમલવતીનાં સ્વપ્ન દિવસ-રાત જોવા માંડ્યો. કનકવતીનો પોતે સ્વામી હતો અને રત્નવતીને પરણવા માટે જઈ રહ્યો હતો, છતાં કયું આકર્ષણ અત્યારે પોતાને કમલવતી તરફ બળાત્કારે ખેંચી રહ્યું હતું, એ રણસિંહ પોતે પણ સમજી શકતો નહોતો.

મૃગજળની માયા રાખનારને જેવી મૂંઝવણો સતાવ્યા વિના ન રહે, એવી મૂંઝવણો રણસિંહને જ નહિ, પાટલિખંડમાં રાજપુત્ર ભીમનેય અકથ્ય-વેદના આપી રહી હતી. એ સમજતો હતો કે, પરાણે થતી પ્રીતમાં મજાનો અંશ પણ આસ્વાદી શકાતો નથી. એને એ વાતનોય બરાબર ખ્યાલ હતો કે, હું જેને પરણવા માટે મોટા મનસૂબા રાખીને આ માંડવો માંડી બેઠો છું, એ કમલવતીને મારી પર પ્રેમનો છાંટોય ઊભરાય એમ નથી. વધુ તો શું ? એ પોતાને મળવાય તૈયાર નહોતી. આ વાત ભીમ બરાબર જાણતો હતો. એથી જ યક્ષદેવના દર્શને જ્યારે કમલવતી જાય, ત્યારે એની મુલાકાત માગીને મનની થોડીક વાતો કરવા દ્વારા એનું દિલ જીતી લેવાની યોજના ભીમે ઘડી કાઢી હતી.

એક કમલવતીની પાછળ ભીમ પણ પાગલ બન્યો હતો. રણસિંહ પણ એને મેળવવાના વિચારોમાં જ શૂન્યમનસ્ક થઈ ગયો હતો. જ્યારે કમલવતીને યક્ષદેવ તરફથી 'તથાસ્તુ'નું વચન મળી ગયું હોવાથી એ શ્રદ્ધાભરી નજરે પોતાના ભવ્ય ભાવિને નિહાળીને સંતોષ અનુભવતી હતી.

પ્રાતઃકાલીન યક્ષદર્શન છેલ્લા કેટલાક દિવસોથી કમલવતી માટે પ્રિય પરંપરા થઈ પડી હતી. એક સવારે એ યક્ષદર્શન માટે મંદિરમાં પ્રવેશી, ત્યાં પહેલેથી જ આવી બેઠેલા ભીમને જોઈને એને બધા ભેદભરમનો ખ્યાલ આવી ગયો. એથી એણે સખી સુમંગલાને કહ્યું કે, રાજપુત્ર ભીમ અંદર ન આવે, એની તું તકેદારી રાખજે. હું પાછી વળીશ, ત્યારે પુરુષવેશ ધારણ કરીશ, એથી તારે બીજી કોઈ ચિંતા કર્યા વિના મારી પાછળ પાછળ આવી જવું !

રાજકુમારી કમલવતીએ યક્ષદર્શન કરીને પોતાના પાલવમાં ભરાવેલી એક જડીબુટ્ટી પોતાના કાનમાં ભરાવી દીધી અને એક ચમત્કાર થયો. એના દેહ પર પુરુષનો આકાર આવી બેઠો. કમલવતી વળતી જ પળે પુરુષના વેશમાં યક્ષમંદિરમાંથી બહાર નીકળીને નગર તરફ ચાલતી થઈ. આશ્ચર્યભર્યા અંતરે એની સખીએ પણ એ

પુરુષાકારના પગલે પોતાનું પગલું ઉઠાવ્યું.

રાજપુત્ર ભીમની ધીરજ ધીરેધીરે ખૂટવા માંડી. મધ્યાહ્ન થવા આવ્યો, ત્યારેય એણે યક્ષમંદિરમાંથી બહાર નીકળતી કમલવતીને જ્યારે ન જોઈ, ત્યારે એ અંદર પેઠો. માત્ર એક જ દ્વાર એ મંદિરમાં હતું. આજુબાજુ ખૂણે ખાંચરે ઘૂમ્યા પછી પણ કમલવતીનો પડછાયોય એ નિહાળી ન શક્યો ત્યારે સાવ ભોંઠો થઈને એ નગર તરફ ચાલતો થયો. એની આશાને આજે જબરી લપડાક વાગી હતી. એને થતું હતું કે, કમલવતી જરૂર મારી આંખમાં ધૂળ નાખીને ચાલી ગઈ ! પુરુષવેશમાં મંદિરમાંથી નીકળેલી એ વ્યક્તિ ચોક્કસ કમલવતી જ હોવી જોઈએ !

પાટલિખંડ તરફ પાછી ફરી રહેલી સુમંગલાના દિલમાં આશ્ચર્ય ઊભરાતું હતું. એથી પુરુષવેશધારી કમલવતી પાસે ઝડપભેર પહોંચી જઈને એણે પૂછ્યુંઃ સખી, તારી પાસે આવી સિદ્ધિ વળી ક્યાંથી ને ક્યારે આવી ? આ સિદ્ધિ અંગે આજ સુધી તેં મને અંધારામાં રાખી, એનું પ્રાયશ્ચિત્ત લેવા હવે તારે તૈયાર રહેવું પડશે હોં !

કમલવતીએ પોતાના કાનમાં ભરાવેલી એ જડીબુટ્ટી કાઢી નાખી, તો એના દેહ પર સ્ત્રીનો આકાર ફરી પાછો આવી ગયો. એ જડીબુટ્ટીને પાલવના છેડે બાંધતાં એણે કહ્યું : સુમંગલા, સિદ્ધિ કંઈ કહેવાની ચીજ નથી. સમય આવે એની જાહેરાત થઈ જતી જ હોય છે. એક દિવસ હું કામાક્ષયક્ષના મંદિરે દર્શન કરવા ગયેલી. એ વખતે ત્યાં એક વિદ્યાધર-વિદ્યાધરીની જોડલી પણ આવેલી. મારું રૂપ જોઈને વિદ્યાધરીને થયું કે, જો આની પર વિદ્યાધર મોહિત થઈ જશે તો મારો સંસાર સળગી જશે ! એથી વિદ્યાધરીએ વિદ્યાનો પ્રયોગ અજમાવીને મને પુરુષ બનાવી દીધી. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એકાએક થઈ આવેલા આ ફેરફાર અંગે હું આશ્ચર્યમગ્ન હતી, ત્યાં જ પુરુષાકારના મારા દેહ પર નજર ફેરવતાં કાન પર બંધાયેલી એક જડીબુટ્ટી મને દેખાઈ. મેં એ જડીબુટ્ટી કાનમાંથી કાઢી નાખી, તો હું પુનઃ સ્ત્રી બની ગઈ! બસ ! ત્યારથી એ જડીબુટ્ટી હું જાળવીને સાથે જ રાખું છું. જેથી આપત્તિના સમયે આમ આત્મરક્ષા કરવામાં એનો ઉપયોગ થઈ શકે !

વાત પૂરી થઈ, એટલામાં કમલવતી અને સુમંગલા પોતાના મહેલમાં પહોંચી ગયાં. યક્ષદેવ ચિંતામણિએ તથાસ્તુનું વચન આપીને કમલવતીના દિલમાં શ્રદ્ધાનું જે સિંહાસન સ્થાપિત કર્યું હતું, એ સિંહાસન આજની કેટલીક વાતો સાંભળતાં ડગમગી

ઊઠ્યું હતું. રાજપુત્ર ભીમની સાથે કમલવતીનાં જે લગ્ન લેવાયાં હતાં, એ લગ્નના દિવસમાં એકાએક ફેરફાર જાહેર થયો હતો અને આવતી-કાલે જ કમલવતીને ભીમના પનારે પડવું પડે, એવી સંભાવના અવશ્યંભાવિ બની હોય, એમ જણાતું હતું. કમલવતીના દિલમાં એક તરફ યક્ષનો 'તથાસ્તુ'નો વચન-ધ્વનિ શ્રદ્ધાનો રણકાર જગવી રહ્યો હતો, તો બીજી તરફ પરિસ્થિતિએ એકાએક જ પલટો લીધો હતો, એ પલટો ભયના ભણકારા વગાડી રહ્યો હતો. આખો દિવસ અજંપાભર્યો પસાર થયો.

ન કહેવાય અને ન સહેવાય એવી પરિસ્થિતિ વચ્ચે પિસાતી કમલવતીએ દિવસના અંતે આખરે એક વિચિત્ર નિર્ણય લઈ લીધો. સખી સુમંગલાને અંધારામાં રાખીને એણે નક્કી કરી નાખ્યું કે, જો ભીમના પનારે જ પડવાનું હોય, તો એના કરતાં મરણ સાથે મિત્રતા સ્વીકારી લઈને, ઝૂરીઝૂરીને જીવન જીવવાની અવદશામાંથી જાતને ઉગારી લેવા આત્મઘાત કરી લેવો, એ હજાર દરજ્જે સારું છે !

સંધ્યાની સુરખી આકાશને આંગણેથી વિખેરાય, એ પૂર્વે તો આત્મહત્યાના નિર્ણયને અમલી બનાવવા, જડીબુટ્ટીના જોરે રૂપપલટો કરીને કમલવતી યક્ષમંદિરમાં પહોંચી ગઈ. એણે ચિંતામણિ યક્ષને કંઈક રોષભર્યાં વચનોથી ઓલંભો આપતાં કહેવા માંડ્યું કે, યક્ષદેવ ! પરિસ્થિતિએ જે પ્રચંડ પલટો લીધો છે, એથી હું મારું શ્રદ્ધાધન ખોઈ બેસીને જીવનનો અંત આણી દેવાનું પગલું ભરવા તૈયાર થઈ ગઈ છું. એથી છેલ્લીછેલ્લી પણ એ જ વિનંતિ કરવા હું આપની પાસે આવી છું કે, પરભવે પણ મને રણસિંહકુમારનો મનમાગ્યો મેળો થજો અને ભીમનો પડછાયો પણ પરભવમાં મને અભડાવનારો ન બનજો ! બસ, જીવનની અંતિમ ક્ષણે મારી આટલી જ લાગણીભરી માગણી છે. આપની કૃપા મારા માર્ગને મશાલ બનીને અજવાળતી રહો !

કમલવતી અંધારાની ઓથ લઈને જીવનનો અંત આણવા અધીરી બની ગઈ. નજીકના એક વૃક્ષના આધારને એણે ગળે ફાંસો નાખવા માટે પસંદ કર્યો. સંસારની વિચિત્રતાના ઘાટ અઘટ કહી શકાય, એ રીતના ઘડાયા હતા. કમલવતી-રણસિંહ ખૂબ જ નજીક/નજીકની ધરતી પર રહીને એક બીજાની સ્મૃતિમાં તરફડી રહ્યાં હતાં. આ તરફડાટનો વેગ કમલવતીને અકાળે જીવનનો અંત આણવા વિવશ બનાવી રહ્યો હતો, જ્યારે રણસિંહ એ વેગથી વિવશ બનીને વિરહ-વિયોગના અગ્નિમાં જીવતેજીવ શેકાઈ રહ્યો હતો ! **માયાના મૃગજળને પીને તૃષા શાંત કરવાની આશા સેવનારના ભાગ્યમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ લખાયું હોય છે, એની પ્રતીતિ કરાવી જતી કમલવતી**

પોતાના જીવનનો ખેલ ખતમ કરી નાખવા આગળ વધી.



• ફાંસો ખાવા સજ્જ કમલવતી

કમલવતીએ પોતાના પાલવને ફાંસીનો ફંદો બનાવ્યો. ગળે ફાંસો નાખીને જીવનનો અંત આણવા એ સજ્જ તો બની, પણ મોત એના ભાગ્યમાં લખાયું નહોતું ! કમલવતીની શોધમાં બેબાકળી બનીને નીકળેલી સખી સુમંગલા એકીશ્વાસે એનું પગલેપગલું દબાવતી વનમાં આવી પહોંચી. ગળે ફાંસો નાખીને જાન સાથે ક્રૂર રમત રમવા જાતે જ તૈયાર થઈ ગયેલી કમલવતીને જોતાં જ એણે કાગારોળ મચાવી દીધી. એ કાગારોળનો ધ્વનિ રણસિંહને વિચાર-નિદ્રામાંથી જગાડી ગયો. એ હાંફળોફાંફળો થતો કમલવતી જ્યાં જીવનનો અંત આણવા કટિબદ્ધ બની હતી, ત્યાં જઈ પહોંચ્યો.



• કમલવતીને ઉગારી લેતી સખી સુમંગલા

સખી સુમંગલાએ સમયવર્તે સાવધાન બની જઈને કમલવતીનો ફાંસો છેદી નાખ્યો હતો, એથી એ બેશુદ્ધ બનીને ધરતી પર પછડાઈ પડી હતી. રણસિંહ પોતાના મિત્ર સુમિત્રની સાથે આવ્યો હતો. રૂપરૂપના અંબાર સમી એક નવયૌવનાને આ રીતે ધરતી પર પછડાઈ પડેલી જોઈને એના આશ્ચર્યનો પાર ન રહ્યો. એને એ વાતની તો કલ્પનાય ન હતી કે, પોતે જેને મેળવવાના મનોરથ સેવીને તરફડી રહ્યો હતો, એ જ નારી આમ આશાભંગ થતાં પોતાની પાછળ મરવા મજબૂર બની હશે ? એથી એણે સહજભાવે પોતાનું નામ જણાવીને સુમંગલાને પૂછ્યું કે, આ આત્મઘાત પાછળ કયો આઘાત કારણ છે ? સંસારનું સ્વરૂપ કેવું છે કે, આવી નવયૌવના નારીનેય એ આત્મહત્યા કરવાની ફરજ પાડે છે !

સુમંગલાએ સાશ્ચર્ય કહ્યું : ઓહ ! આપ પોતે જ શું રણસિંહ છો ! આપના નામની માળા ફેરવતાં ફેરવતાં અંતે આશાભંગની એંધાણી જણાઈ, એથી તો આ કમલવતી આમ અકાળે જીવનનો અંત આણવા મજબૂર બની છે. ખરેખર છેલ્લી ચાવી ઘણી વાર તાળું ખોલી નાખતી હોય છે ! આ કમલવતી અહીં આત્મહત્યા કરવા આવી અને આમ અચાનક જ જીવનનું અમૃત એને હાથ લાગી ગયું !

સૌએ શીતોપચાર કર્યા, થોડી વાર પછી કમલવતી સભાન બની. પોતાની આસપાસ રચાઈ ગયેલો મેળો જોઈને એ શરમાઈ ગઈ. કમલવતી-રણસિંહની ચાર આંખ ભેગી થઈ. એ ભેટો જાણે બંનેના ભંગાર બની બેઠેલા અંતરમાં શૃંગારના સાજ સજી ગયો. મોત પાછું ઠેલાઈ ગયું અને મસ્તીનો મહાસાગર ત્યાં ભરતીનું નૃત્ય કરવા માંડ્યો. યક્ષવચન પરની કમલવતીની શ્રદ્ધા ફરી સજીવન બની ગઈ. એ જ સમયે રણસિંહની સાથે ગાંધર્વ-લગ્ન કરવા દ્વારા કમલવતીએ રાજપુત્ર ભીમ સાથેનો પોતાનો છેડો જાણે ખુલ્લંખુલ્લા ફાડી નાખ્યો. યક્ષમંદિરમાં આવતાંની સાથે જ જે જમણી આંખ ફરકી હતી, એ શું કહેવા માગતી હતી, એ રણસિંહને સમજતાં હવે વાર ન લાગી.

કમલવતીની ગેરહાજરીથી પાટલિખંડના લગ્નમંડપમાં સરજાનારી કટોકટીની સૌ કલ્પના કરી શકે એમ હતા. એથી એ કટોકટીને વારવાપૂર્વક ભીમને કાયમને માટે યાદ રહી જાય, એવો બોધપાઠ આપવા રણસિંહે એક ચાલ રમી લેવાનો પ્રસ્તાવ મૂકતાં કહ્યું : સુમિત્ર ! ભીમ આ રીતે પરાણે પ્રીત કરવાની ખો ભૂલી જાય, એવો એક દાવ તારે ખેલી બતાવવાનો છે. આ કમલવતીની પાસે જડીબુટ્ટી છે. એના જોરે તારે કંપટનું એક નૃત્ય ભજવી બતાવવાનું છે. જડીબુટ્ટીના પ્રભાવે તું કમલવતીનો વેશ આબાદ ભજવી શકીશ. તારે ભીમ જોડે કાલે પરણી જવાનું પણ ખરું ! પરણ્યા પછી જ ખરી રમત રમી લેવાની છે, સમજ્યો ને ?



• કમલવતીના બે રૂપ



• કમલવતીના બે રૂપ

મિત્ર સુમિત્રના કાનમાં લગ્ન પતી ગયા બાદ ખેલી લેવાના દાવની વાત રણસિંહે સાનમાં કહી સંભળાવી. એ સાંભળીને એ પણ પેટ પકડીને હસી પડ્યો.

જડીબુટ્ટીના જોરે જાણે એકમાંથી બે કમલવતી તૈયાર થઈ ગઈ ! સાચી કમલવતી રણસિંહની સાથે એના પડાવ ભણી રવાના થઈ. જ્યારે કમલવતીની કાયા ધરાવતો સુમિત્ર તરત જ પાટલિખંડના લગ્નમંડપ તરફ જવા વિદાય થયો. કારણ કે ત્યાં કમલવતીની ગેરહાજરી એક મોટી ગંભીરતા સરજી જવા ઉપરાંત લોકોમાં કુતૂહલનું વાતાવરણ વધારી રહી હતી. મૃગજળની સાથે જ જ્યાં સૌ કોઈ માયા બાંધવા મથી રહ્યા હોય, ત્યાં બીજી જાતના વાતાવરણની અપેક્ષા રાખી પણ ક્યાંથી શકાય ?



# ૭ ચોરી પર શિરજોરી

સંસારની આ રંગભૂમિ પર ઘણી વાર ચિત્રવિચિત્ર ખેલ ભજવાતા હોય છે! આમ તો સંસારનું કર્મકૃત સંચાલન સ્વયં જ એક આગવી વિચિત્રતા છે. કર્મની આંખે જોવા જઈએ, તો કોઈ પણ બનાવ વિચિત્ર જણાય એવો નથી. કારણ કે ત્યાંય કર્મના કાર્યકારણભાવ તો કામ કરી જ રહ્યા હોય છે. છતાં સ્થૂલ-દૃષ્ટિને જે વિચિત્ર લાગે, એવીય કેટલીક ઘટનાઓ અવારનવાર આ વિશ્વમાં બનતી જ રહેતી હોય છે.

પાટલિખંડનો એ લગ્નમંડપ સૌને અંધારામાં રાખીને એક વિચિત્ર ઘટનાનો જન્મદાતા બની રહ્યો હતો. હાથીના હોદ્દે ચડીને હર્ષભર હૈયે કમલવતીને પરણવા આવેલો રાજપુત્ર ભીમ, ચોરીમાં બેઠેલી કમલવતીના મોં પર રેલાયેલી પ્રસન્નતાને જોઈને આનંદિત બની ઊઠ્યો. એને થયું કે યક્ષદેવ ચિંતામણિએ મારી વિનંતિ સ્વીકારી ખરી ! નહિ તો કમલવતી આમ એકાએક પ્રસન્ન કઈ રીતે બની જાય ?

જાનૈયાઓની આંખો રાજપુત્ર ભીમને કમલવતી સાથે પરણતો નિહાળીને આનંદ અનુભવી રહી હતી. પણ આ આનંદ ક્ષણજીવી નીવડવાનો હતો, એની ત્યારે કોઈને કલ્પના પણ આવી શકે એમ ન હતી ! કારણ કે રણસિંહનો મિત્ર સુમિત્ર જ કમલવતીનો વેશ હૂબહૂ સજીને ચોરી-મંડપમાં ગોઠવાઈ ગયો હતો. લગ્નની એ વિધિ પૂર્ણ થઈ ગઈ.

ગંભીરતાનો ભંગ કરીને જામેલા રંગને એ સુમિત્ર બગાડી મૂકવા માગતો નહોતો. ભીમને બોધપાઠ આપવાના પાસા બરાબર નખાઈ ગયા હતા, એ પાસા પોબાર પડી જાય, એ માટેના તમામ વ્યૂહોમાં એ સફળ સિદ્ધ થયો.

રાજપુત્ર ભીમને માટે તો જાણે વાદળવિહોણું આકાશ ચોધાર વરસી ગયું હતું, એથી એના આનંદને કોઈ આરોઓવારો ન હતો. એણે સ્વપ્નેય નહોતું ધાર્યું કે, કમલવતી આટલી સહેલાઈથી પ્રાપ્ત થઈ જશે. કમલવતીના દર્શનથી એની આંખે તો તૃપ્તિ અનુભવી લીધી હતી, પણ એની સાથે વાતચીત કરીને તૃપ્તિ માણવા ભીમનાં જીભ અને કાન અધીરાં બની ગયાં હતાં. એથી અવસર મેળવીને કમલવતી સાથે વાતચીત કરવાની તક ઝડપી લઈને એકાંતમાં અંતરની આશા રજૂ કરતાં ભીમે કહ્યું :

'તને મેળવવાના મનોરથના રથને દોડાવી દોડાવીંને તો હું મન-વચન-તનથી થાકીને લોથપોથ બની ગયો હતો. દોડની એ પળોમાં હું હતાશ બનીને કદીક વિચારતો કે, શું મારો મનગમતો મેળો મને નહિ જ સાંપડે ! આશા-નિરાશાના ઝૂલે ઝૂલતા આખરે મેં યક્ષદેવ ચિંતામણિને સંભાર્યા. આજે આ પળે મને ચોક્કસ એમ લાગે છે કે, એ દેવે જ મારી પર દુવા કરી હોવી જોઈએ! નહિ તો મારા એ મનોરથ સફળ કઈ રીતે બને ?'

ભીમ જોઈ શકતો હતો કે, કમલવતી પોતાની વાતમાં રસ જરાય નહોતી દાખવતી. ઉપરથી એ કંટાળાનો ભાવ વ્યક્ત કરતી જણાતી હતી. વાર્તાલાપની થોડીઘણી પળો એમ ને એમ પસાર થઈ. કમલવતી હજી મૌન જ હતી. ત્યાં તો પોતાનો હાથ લંબાવીને ભીમે કમલવતીને નજીક ખેંચવા પ્રયાસ કર્યો. આ પ્રયાસ દરમિયાન કમલવતીની કાયાને વરેલી ખડતલતાનો સ્પર્શ થતાં જ ભીમ મનોમન વિચારી રહ્યો કે, રે ! આવી કઠોરતા તો પુરુષની કાયાને જ વરેલી હોય ! આ કમલવતી કપટી લાગે છે ! શું હું પુરુષને પરણ્યો હોઈશ ? રૂપ-લાવણ્ય તો એનાં એ જ છે, માત્ર કાયાનો આ સ્પર્શ જ ચાડી ખાઈને એમ કહી રહેલો જણાય છે કે, આ કમલવતી સાચી નથી. કમલવતીના વેશમાં આ કોઈ પુરુષ છે અને એ દગાના દાવ ખેલી રહ્યો છે.

રાજપુત્ર ભીમનો બધો આનંદ એકાએક અદૃશ્ય બની ગયો. આશ્ચર્ય અને આઘાત અનુભવતાં એ પૂછી બેઠો કે, તું આકારથી તો કમલવતી જ જણાય છે ! પણ તારી કાયાનો સ્પર્શ બીજું જ કંઈ કહી રહ્યો છે ! માટે હું જાણવા ઇચ્છું છું કે, તું છે કોણ ?

કમલવતી તાડૂકી ઊઠી. ચોરી પર શિરજોરી કરતાં એણે રાડ પાડીને કહ્યું કે, શું ‘ગરજ સરી એટલે વૈદ વૈરી’ની કહેવતને ચાલાકીપૂર્વક ખરી પાડવા નીકળ્યા છો ! લગ્ન નહોતાં થયાં, ત્યાં સુધી તો ‘કમલવતી-કમલવતી’ કરીને જીભ સૂકવી નાખતા હતા, અને હવે લગ્ન થઈ ગયાં, એટલે ધિટ્ટાઈપૂર્વક પૂછો છો કે, તું કોણ છે ? આંખની શરમને પણ અભરાઈએ ચડાવતાં શરમાતાં નથી ! હું વળી બીજું કોણ હોઉં ! તમારા મનની માણીતી હું છું કમલવતી !

ભીમ એકદમ ડઘાઈ ગયો. સામે બેઠેલી કમલવતીમાં એને અત્યારે રૂપસુંદરીનું નહિ, કોઈ રાક્ષસીનું રૌદ્ર-સ્વરૂપ જણાઈ રહ્યું. છતાં હિંમત એકઠી કરીને એણેય વળતો ધડાકો કર્યો : સ્ત્રી માયાનું મંદિર કહેવાય છે, એ સાચી વાત છે ! તું કમલવતી નથી, એમ હું છાતી ઠોકીને કહું છું. તારો સ્વર અને તારો સ્પર્શ જ કહી આપે છે કે, સ્ત્રીના વેશમાં તું કોઈ પુરુષ છે અને મારી સાથે દગાના દાવ ખેલી રહ્યો છે ! તારા આ દેહના સ્પર્શમાં જ કેટલી કઠિનતા ભરેલી છે ! શું સ્ત્રીનો દેહ આટલો બધો કઠિન હોઈ શકે ખરો ?

ભીમે આવેશમાં આવી જઈને કમલવતીનો હાથ પકડ્યો અને એના અંગની કઠિનાઈ પરથી એના પુરુષત્વ અંગે પડકાર ફેંક્યો. એની આંખ લાલઘૂમ હતી અને ભ્રુકુટિ ભીષણ બનીને ઘૂમી રહી હતી.

કમલવતી પણ એમ કંઈ ગાંજી જાય, એમ નહોતી. એણે મોટી ત્રાડ નાખતાં કહ્યું : જો લગ્ન ફોક કરવાનો જ તમારો ઇરાદો છે, તો ચોખ્ખી વાત કરો ને ? હું તમારે પનારે પડીને જીવનને નીરસ બનાવવા નથી માગતી ! બાકી તમે માયાના પાશ આમ ઠાવકાઈથી નાખશો, તો હું એને સહી લેવા તૈયાર નથી ! મારા દેહ પર હાથ મૂકીને, વિદ્યાના બળે તમે જ મને પુરુષ બનાવી દીધો છે. આ ચોરીને હું ડંકાની ચોટ પર ખુલ્લી કર્યા વિના નહિ જ રહું ! આ ચોરી પર પાછી શિરજોરી કરવા નીકળ્યા છો અને ઠાવકે મોઢે મને પૂછી રહ્યા છો કે, તું કોણ છે ? ચોરી પરની તમારી આ શિરજોરીને હું પાટલિખંડના પીપળે ચઢીને ખુલ્લી કર્યા વિના નહિ જ રહું. બધાને હું ખુલ્લંખુલ્લું કહીશ કે, રાજસેવાનો ડોળ કરતા આ ભીમલાને ઓળખી લેજો. પંચની સાખે પરણ્યા પછીય લગ્નને ફોક કરવાની ધૃષ્ટતા ધરાવનારા આ ભીમે જ વિદ્યાના બળે મને કમલવતીમાંથી પુરુષ બનાવી દેવાનું ભયંકર પાપ આચર્યું છે. બાકી હું છું તો કમલવતી જ !

તમાશાને તેડાની જરૂર ન હોય ! થોડી વારમાં તો મોટું ટોળું એકઠું થઈ ગયું. કમલવતીના પિતા કમલસેન અને માતા કમલિની હાંફળાંફાંફળાં થતાં દોડી આવ્યાં. એકઠી થયેલી ભીડનો લાભ લઈને કમલવતીએ પોતાના કાન પર ભરાવેલી જડીબુટ્ટી કાઢી નાખી. કમલવતીના નારી-દેહે પુરુષાકારમાં લીધેલા પલટાને સૌ ફાટી આંખે નિહાળી રહ્યા. એ પુરુષાકારે રાજા-રાણીને કહ્યું : માતપિતાના જવાબદારીભર્યા સ્થાને રહીને આપે આપની આ પુત્રી કમલવતી માટે આવો વિશ્વાસઘાતી વર પસંદ કર્યો, એમાં મારા કર્મની કઠિનાઈને જ કારણ તરીકે ગણી શકાય. સારું થયું કે, પહેલી પળે જ પાપનો ઘડો ફૂટી ગયો. હજી હું અણદાગ છું. ભીમના પનારે પડવાના દુર્ભાગ્યમાંથી ઊગરી ગયા બદલ હું મારા ભાગ્યનાં જેટલાં ઓવારણાં લઉં, એટલાં ઓછાં જ ગણાય! આપના આ જમાઈરાજને જો મારી સાથે પરણવું જ નહોતું, તો એમને અહીં ધક્કો મારીને કોણ લઈ આવ્યું હતું ! બાકી આ રીતે પરણ્યા પછી વિદ્યાના પ્રયોગ દ્વારા મને પુરુષ બનાવી દઈને એમણે પોતાના કપાળે જે કલંક ચોટાડ્યું છે, એને ધોવા તો કોઈ જ સમર્થ નથી ! હું હવે આ પાટલિખંડમાં પળ માટેય રહેવા રાજી નથી. આવા વિશ્વાસઘાતીને મળેલી વિદ્યા મારી પર હજી તો દુઃખના કેવાકેવા ડુંગરા ઝીંકશે એ કહી શકાય એમ નથી ! માટે હું આ નગરનો ત્યાગ કરું છું. આપની પ્રત્યે અવિનય-અપરાધ આચરાઈ ગયો હોય તો ક્ષમા ચાહું છું. જતાંજતાં મારે એ જ વાત આપને જણાવવાની છે કે, આ ભીમલાને વહેલી તકી દેશવટો દઈ દેજો !



• પુરુષાકારમાં પલટાયેલી કમલવતીનો નગર ત્યાગ

સૌ આશ્ચર્ય અને આઘાતથી ભરીભરી નજરે આ તમાશો જોતાં જ રહ્યા અને કમલવતીમાંથી પુરુષાકારમાં પલટાયેલી એ વ્યક્તિ પાટલિખંડને સલામ ભરીને ચાલતી થઈ ગઈ !

ભીમની આબરૂનાં ચીંથરેચીંથરા ઊડવા માંડ્યાં. રાજાએ એને શંકાસ્પદ હૈયે પૂછયું : જમાઈરાજ ! કોઈ વિદ્યા કે કામણ-ટૂમણના કોઈ મંત્ર જાણતા હો, તો વિના સંકોચે વાત કરી દેજો. જેથી આ ઘટના પાછળના રહસ્યની શોધ અમે બરાબર ચલાવી શકીએ. અમારી કમલવતી તમારો સ્પર્શ પામીને પુરુષ બની છે, એ વાતમાં સાખ પૂરનારા તો ઢગલાબંધ માણસો છે. માટે આ અંગે તમારે જે કંઈ કહેવાનું હોય, એ જરાપણ છુપાવ્યા વિના કહી દેવાની મારી અરજ છે.

સૌની નજર ભીમ તરફ મંડાઈ. કાયા પર કાપો મૂકો તોય લોહીનું ટીપું પણ બહાર ન આવે, એ રીતે થીજી ગયેલો ભીમ બોલ્યો : રાજવી ! મને વિશ્વાસ છે કે, મારી વાત માનવા કોઈ તૈયાર થશે નહિ. છતાં છાતી પર હાથ મૂકીને હું માત્ર એટલું જ કહેવા માગું છું કે, આ ઘટનામાં હું સાવ નિર્દોષ છું. ચોરી પર શિરજોરી કરનારી કોઈ ધૂર્ત વ્યક્તિ મારી આબરૂની ધૂળધાણી કરીને આબાદ છટકી ગઈ છે. હું ન તો કોઈ વિદ્યા જાણું છું કે ન તો કામણ-ટૂમણનો કક્કોય મને લખતાં આવડે છે. મારા બચાવ માટે આથી વધીને મારે કંઈ જ કહેવું નથી ! વધારે જે કંઈ કહેવાનું છે, એ મારા બચાવ-પક્ષે ઊભા રહી સમય/કાળ કહ્યા વિના નહિ જ રહે, એવો મારો વિશ્વાસ છે.

રાજા-રાણી સહિત સૌ ભીમની આ વાત સાંભળીને ભારે દ્વિધા અનુભવી રહ્યા. ભીમે જે કહ્યું હતું એ ઓછું અસરકારક નહોતું. એમાં એના દિલની સચ્ચાઈ રણકતી હોય એમ પણ લાગતું હતું. જ્યારે કમલવતી સ્ત્રી મટીને પુરુષ બની હતી એ પણ સૌની પ્રત્યક્ષ-પ્રતીતિ હતી. એથી સાચા-ખોટાના નિર્ણય અંગે ભાવિ તરફ મીટ માંડીને પાટલિખંડની પ્રજા વિચિત્ર જણાતી આ ઘટનાના વળાંકોની કલ્પના કરી રહી. સૌ કોઈનું આશ્ચર્ય અંતરમાં સમાતું નહોતું : સ્ત્રીને તો પુરુષ પરણે ! પણ આ તો પુરુષના લગ્ન પુરુષ સાથે થયા, એમ કહી શકાય !

આ બનાવ જેમજેમ પાટલિખંડમાં ફેલાતો ગયો, એમએમ બધે જ આશ્ચર્ય અને આઘાતની લાગણી ઘેરી બનતી ચાલી. અફવા અને અનુમાનના બજારમાં તેજીનો કડાકો બોલાવવા આ ઘટના મોટો ભાગ ભજવી ગઈ. લગ્નની એ ઘડી-પળ પર કલાકો વીતી ગયા, છતાં હજી ભેદી લગ્નનું એ રહસ્ય અકળ જ રહેવા પામ્યું હતું. લોકોના મગજમાં એ વાત ઓછી ઊતરતી હતી કે, કમલવતીને આમ પુરુષ બનાવી દેવાય !

રાજા-રાણી પોતાની વહાલી પુત્રી પાછળ ઝૂરી રહ્યાં હતાં. એમને થતું હતું કે,

ચોક્કસ પોતાની પુત્રી કોઈ અપહરણનો ભોગ બની હોવી જોઈએ. એથી એમણે હજાર-હાથે કમલવતીની શોધખોળ આરંભી દીધી.

કમલવતીની કાયા ધરાવનાર સુમિત્રે તો લગ્નની એ રાતે જ બરાબરના પાસા નાખી દઈને, પોતાને ભજવવા મળેલો અભિનય ભારે ભેજાબાજ બનીને ભજવી બતાવ્યો હતો અને રાજપુત્ર ભીમની આબરૂને ધોળે દહાડે લૂંટીને એ પોતાના મિત્ર રણસિંહ પાસે જઈ પહોંચ્યો હતો. એના મોંઢે બધી વાત સાંભળીને રણસિંહ-કમલવતી માટે પેટ પકડીને હસવું અનિવાર્ય બન્યું હતું. કમલવતી મળી ગયા માત્રથી રણસિંહનું કાર્ય પૂર્ણ થઈ જતું નહોતું ! રણસિંહ તો હજી કાગનો વાઘ કરીને ભીમને બરાબરનો બોધપાઠ આપી જવા માગતો હતો. પોતાના ગુપ્તચરો દ્વારા એને સમાચાર મળ્યા કે, પાટલિખંડમાં કમલવતીની શોધખોળ માટે આકાશ-પાતાળને એક કરતા પ્રયાસો શરૂ થયા છે. આ સમાચાર મળતાં જ પોતાના પાસા સીધા પડવા બદલ આનંદ અનુભવતા રણસિંહે પોતાના માણસ દ્વારા પાટલિખંડમાં રાજવી કમલસેન પાસે આ વાત પહોંચાડી દીધી કે, રાજકન્યા કમલવતી રણસિંહ સાથે ગાંધર્વ-લગ્નથી જોડાઈ ચૂકી છે અને અત્યારે એ ચિંતામણિ-તીર્થમાં જ વિદ્યમાન છે. વધારામાં ભીમને વરનારી કમલવતી તો રણસિંહના મિત્ર સુમિત્રની કાયાપલટ જ હતી !

પાટલિખંડમાં આ સમાચાર ફેલાતાં સૌ બોલી ઊઠ્યા : આ તો કેડમાં છોકરું અને ગામમાં ગોતંગોત જેવો ઘાટ ઘડાયો ! રાજવી કમલસેન પોતાના કન્યારત્નને ચોરનારા રણસિંહ સાથે સંગ્રામ જાહેર કરીને, એની પાસેથી જવાબ માગવા થનગની ઊઠ્યા. ભીમનો જુસ્સોય સળવળી ઊઠ્યો. ગમે તે ભોગે રણસિંહને કેદ કરવાની પ્રતિજ્ઞા લઈને યુદ્ધમાં ઝંપલાવવાનું એણે નક્કી કર્યું. યુદ્ધમાં ઝંપલાવવું, એના માટે બે રીતે ફાયદાકારક હતું : યુદ્ધ જો જિતાય, તો લૂંટાયેલી આબરૂ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછી મળવાની હતી અને યુદ્ધમાં જો ખપી જવું પડે, તો બેઆબરૂ જીવન જીવવા કરતાં મૃત્યુ એને વધુ મીઠું લાગે એમ હતું.

કમલવતીની ભાળ મળ્યા બાદ પાટલિખંડમાં વાતાવરણે જે વળાંક લીધો, એ સૌની દૃષ્ટિએ અવનવો હતો. સૌ પોતપોતાની કલ્પનાના કાટલે ઘટનાનાં મુખ્ય પાત્રોને જોખી રહ્યા હતા. છતાં કમલવતી સાથે આ રીતે ગાંધર્વ-લગ્નથી જોડાઈ ગયા પછીય પલાયનનો આશરો ન લેતા પાટલિખંડના પાદરે જ જવાંમર્દીથી છાવણી નાખીને

રોકાયેલા રણસિંહની સાહસિકતા અંગે તો સૌનો એક જ મત હતો.

ધારણા મુજબ જ પાટલિખંડથી સંદેશો લઈને એક દૂત રણસિંહની સામે ખડો થઈ ગયો. એ સંદેશ તેજાબમાં કલમ ઝબોળીને લખાયો હતો. એમાં લખ્યું હતું કે,

'બાયલાની જેમ અંધારાની ઓથમાં કમલવતીને ઉઠાવી જનારા ઓ રણસિંહ, તમને રણના સિંહ તરીકે સંબોધતાંય અમને શરમનો અનુભવ થાય છે. પણ જ્યાં તમે રણસિંહ નામ પચાવીને જ બેઠા છો, ત્યાં બીજું સંબોધન કરાય પણ કઈ રીતે ? અવિચારી આ કાર્ય કરીને તમે પાટલિખંડના પરાક્રમની સામે પડકાર ફેંકવાનું દુઃસાહસ કરી બેઠા છો, એનો વિપાક શો આવશે ? એ વિચારવાનું કામ અમારું નથી. અમે તો પડકારનો જવાબ પ્રચંડ પરાક્રમથી જ આપવા માગીએ છીએ, અને જવાંમર્દીભર્યો જવાબ આપવા માટે ક્ષત્રિય પાસે સંગ્રામ જ એકમાત્ર સર્વશ્રેષ્ઠ માધ્યમ ગણાય છે. તમારી સાથે યુદ્ધ જાહેર કરતાંય અમને નીતિ-નિયમો રોકે છે. મનમાં એમ થાય છે કે, સિંહ સસલાની સામે સંગ્રામ માંડે, એમાં સિંહની શોભા શી ? પણ કર્તવ્યનો નાદ જંપીને બેસવા દેતો નથી, માટે નીતિ-નિયમોની ઉપરવટ થઈનેય આ ફરજ બજાવવા યુદ્ધના મેદાનમાં પાટલિખંડે પોતાનું પાણી બતાવી આપવું પડશે. વિશ્વાસ છે કે, તમે બિનશરતી શરણાગતિ સ્વીકારીને કમલવતીને માનભેર સોંપી દેશો, જેથી બિનજરૂરી એક સંગ્રામ સમશેર તાણ્યા વિના જ સંકેલાઈ જાય. નહિ તો પછી યુદ્ધના મેદાનમાં જવાબ આપવા ઉપસ્થિત રહેવાની આ સંદેશ દ્વારા અમે તમને ભલામણ પાઠવીએ છીએ.'

સંદેશ-પત્ર વાંચીને રણસિંહનાં રોમેરોમ સળગી ઊઠ્યાં. એણેય સણસણતો સંદેશ પાઠવતાં પત્રમાં લખ્યું કે, બાયલા અને બહાદુરનો નિર્ણય કરવા કાગળ-કલમનું માધ્યમ તો સાવ ઠગારું ગણાય. કોણ સિંહ છે અને કોણ સસલું છે ? એનો જવાબ તો સંગ્રામભૂમિ જ આપી શકશે. નીતિ-નિયમોની વાત તમે કયા મોંઢે લખો છો, એ જ મને તો સમજાતું નથી. ભીમના પનારે કમલવતીને પોતાનું પાનેતર અનિચ્છાએ પણ બાંધવા માટે તમે ધકેલી મૂકી, એ વખતે નીતિ-નિયમોની શાણી શિખામણ તમે ક્યાં ગીરવે મૂકી આવ્યા હતા ? હું એકલો છું એમ માનીને મારી દયા ખાધા વિના પાટલિખંડ પોતાનું પૂરેપૂરું પાણી બતાવવાની ઉદારતા દાખવે, એવો મારો સવિનય આગ્રહ છે. મામાનું ઘર દીવો બળે એટલું જ દૂર છે. એથી પત્રમાં ઝાઝું લખતો નથી. કાલે ભેગા

થવાનું જ છે, રણભૂમિમાં આપણે સામસામા મળીશું, ત્યારે બધી લેવડ-દેવડ પતાવીને ચોપડા ચોખ્ખા કરી નાખીશું. બાકી તો વસુધા અને વનિતા એવાં રત્નો છે કે, જેનો ઇજારો લઈને કોઈ નથી આવતું. આ રત્નો તો વીર-ભોગ્ય ગણાય છે.

રણસિંહનો સણસણતો જવાબ કાયરનેય પાનો ચડાવે એવો હતો. પણ કમલસેન પોતાની સાગર સમી સેનાશક્તિ પર મુસ્તાક હતા. એથી બીજે દિવસે પાટલિખંડે રણપ્રયાણ કર્યું. યુદ્ધ-ઝાલરીના નાદથી વાતાવરણમાં વીરરસની રેલમછેલ રેલાઈ ગઈ. સેના યુદ્ધભૂમિમાં જઈને ઊભી રહી. પ્રતિપક્ષના મોરચે માત્ર રણસિંહને એકલા સુમિત્રની સાથે સજ્જ બનીને ઊભેલો જોઈને સેનાના આશ્ચર્યનો પાર ન રહ્યો. સૌને થયું કે, શું એક કીડી પર આપણું આ આખું કટક ઉતારવામાં આવશે ? રાજપુત્ર ભીમ તલવાર તાણીને આગળ વધ્યો. રણસિંહને ચપટીમાં ચોળી નાખવાની એની પ્રતિજ્ઞા ચોમેર પડઘા પાડી રહી !



• રાજવી કમલસેન અને રાજવી રણસિંહ વચ્ચે યુદ્ધ




# ભેદી જાળ રચતી ભગ્નાશા

પુણ્ય જેની પડખે છે, એ એકલો હોય, તોય હજારોને હંફાવીને વિજયની વરમાળ પહેરી શકે છે. પુણ્ય જેનું પરવારી ગયું હોય, એની પડખે હજારો વ્યક્તિ-શક્તિઓનું બળ હોય અને એની સામે કોઈ એકલપંડેય લડતું હોય, તોય પુણ્યથી પરવારી ચૂકેલા એના ભાગ્યમાં કારમી હાર જ લખાયેલી હોય છે. યુદ્ધના જ નહિ, જીવનના જંગમાંય બળાબળને ગૌણ બનાવી દેનારું જો કોઈ તત્ત્વ હોય, તો એ પુણ્ય છે !

પાટલિખંડ પોતાનું પાણી બતાવવા હજારોની સેના સાથે ગણ્યાગાંઠ્યા માણસોને લઈને લડવા સજ્જ બનેલા રાજવી રણસિંહ પર તૂટી તો પડ્યું ! પણ એ પછીની થોડી જ પળોમાં એને ખ્યાલ આવવા માંડ્યો કે, એકલપંડે લડતા રણસિંહની સહાયમાં કોઈ દૈવી શક્તિ હોવી જ જોઈએ. એ શક્તિના સથવારા વિના રણસિંહ આ રીતે હજારોની સાથે ટક્કર કઈ રીતે ઝીલી શકે ?

યુદ્ધનું આહ્‌વાન સ્વીકાર્યું, ત્યારથી જ રણસિંહને વિશ્વાસ હતો કે, યક્ષદેવ-ચિંતામણિ મારી સહાયમાં છે, પછી મારે હજારોની સેના ધરાવતા પાટલિખંડથી ડરવું શા માટે જોઈએ ? મારે તો યુદ્ધમાં ઝંપલાવવા પૂરતો જ પુરુષાર્થ કરવાનો છે, પછીની બધી જવાબદારી તો યક્ષદેવ સંભાળી જ લેવાના છે !

રણસિંહે જે વિશ્વાસના જોરે યુદ્ધ આરંભ્યુ હતું, એનો પાયો પાકો હતો. આ વાતની પ્રતીતિ યુદ્ધારંભ પછીની થોડી જ પળોમાં બંને પક્ષને થવા માંડી. પાટલિખંડનાં અમોઘ ગણાતાં શસ્ત્રો પોતાનું નિશાન ચૂકી જઈને નિષ્ફળ બનવા માંડ્યા, જ્યારે રણસિંહનું સામાન્ય ગણાતુંય શસ્ત્ર ધાર્યું નિશાન તાકીને વિજયના વાવટાને એની તરફ ખેંચી લાવવા માંડ્યું. રાજપુત્ર ભીમ તો ક્યારનોય રણસિંહની મુઠ્ઠીમાં કેદ થઈ ગયો હતો. એને જીવતો રાખવાની ઉદારતા રણસિંહે દાખવી ન હોત, તો ચપટીમાં ચોળાઈ જતાં એને રોકી શકવા ત્યાં કોઈ જ સમર્થ ન હોતું !

રણસિંહના પક્ષમાં ભલે મોટી કોઈ સેના નહોતી, પણ યક્ષદેવ ચિંતામણિનું દૈવીબળ એની પડખે રહીને પાટલિખંડને યુદ્ધ આપી રહ્યું હતું. એથી જીતવાની આશા તો પાટલિખંડે ક્યારનીય મૂકી જ દીધી હતી. જીતવા કરતાં જીવવું, રાજવી કમલસેનને મહત્ત્વનું જણાયું, એથી યુદ્ધનો રંગ હજી બરાબર જામે, એ પૂર્વે જ મોંમાં તરણું નાખીને પોતાની હાર કબૂલતાં એમણે રણસિંહના ચરણ ઝાલી લીધા અને શરણાગતને શોભે એવા શબ્દોમાં એમણે કહ્યું :



• રણસિંહની શરણાગતિ સ્વીકારતા કમલસેન

'રણસિંહ ! તમે ખરેખર રણના સિંહ છો. ગઈ કાલે મેં વિના વિચારે જ તમારી પર યુદ્ધનો સંદેશ પાઠવ્યો અને આજે બીજી ભૂલનો ભોગ બનીને મેં આ યુદ્ધને છેડ્યું ! તમારા જાતિ/કુળ, તમારા પરાક્રમ પરથી જ જણાઈ આવે છે. આજે હું કારમી હાર પામ્યો છું, છતાં એક વાતનો મને આનંદ છે કે, આપના જેવા સાહસિક રાજવી મારા જમાઈરાજ બન્યા છે. કમલવતીને ખરેખર ભાગ્યશાળી ગણવી જોઈએ કે, અંધારામાં હાથ નાખતાં, એની સાથમાં ચીંથરેવીંટ્યું રત્ન આવી ગયું ! મારા બધા ગુના માફ કરવાની ઉદારતા આપની પાસે છે જ, માટે આપ હવે પાટલિખંડમાં પધારો. આ કમલવતીને હું ઠાઠમાઠથી જ્યાં સુધી આપની સાથે પરણાવીશ નહિ, ત્યાં સુધી મને સંતોષ નહિ થાય, માટે મારા સંતોષ ખાતર પણ આપે અહીં રોકાવાની અને મારી આ વિનંતિ સ્વીકારવાની કૃપા કરવી જ પડશે.'

ચમત્કાર ત્યાં નમસ્કાર ! એ આનું નામ. હજી સવાર સુધી રણસિંહની સામે સિંહની જેમ ઘૂરકવાની વાતો કરતા રાજવી કમલસેન આ પળે ગાયની જેમ રણસિંહના ચરણ ચાટી રહ્યા. રાજવી કમલસેન ગમે તેમ તોય રણસિંહના સસરા થતા હતા, એથી રણસિંહ પણ નમ્ર થઈ ગયો. એણે કમલસેનના પગમાં માથું મૂકીને કહ્યું :

'છેલ્લા દિવસોમાં જે કંઈ ઘટના ઘટી ગઈ, એનું દોષારોપણ કોઈનાય શિરે કરી શકાય એમ નથી. કર્મ જ આ વિચિત્રતાઓનું સર્જક છે. પૂર્વના કોઈ એવાં કર્મ ઉદયમાં આવ્યાં કે, આ બધી અઘટિત ગણી શકાય, એવી ઘટનાનું ચક્ર આંખના પલકારામાં ચકરાવા લઈ ગયું ! ભીમને બોધપાઠ આપવાના એકમાત્ર આશયથી જ હું આ નાટકનો કર્તાહર્તા બન્યો હતો. આપની પુત્રી કમલવતીનું જીવન ધૂળધાણી ન થઈ જાય, એ માટે જ મેં એની સાથે ગાંધર્વ-લગ્ન કર્યાં હતાં. ભીમને બરાબરનો બોધપાઠ આપવા માટે જ મેં મારા મિત્ર સુમિત્રને કમલવતીની કાયા આપીને નાટક ભજવવા મોકલ્યો હતો અને આપને એમ ન થાય કે, કમલવતી કોઈ રખડુની સાથે છેતરાઈ ગઈ ! એ માટે જ મેં આ યુદ્ધને જાગવા દીધું હતું. બાકી આપની ઉપર કે રાજપુત્ર ભીમની ઉપર મારે રોષ રાખવાનું કોઈ જ કારણ નથી. ભીમ ભલે મારો કેદી છે, પણ એને હું મુક્ત કરી દઉં છું. કારણ કે આપની પુત્રીના ભાવિ-જીવનને સૌભાગ્યશાળી બનાવવાનો મારો જે ઉદ્દેશ હતો, એ પાર પડી ગયો છે.

ક્ષણ પહેલાં સમશેરોએ જ્યાં લોહીની નદી વહાવી હતી, ત્યાં ક્ષણ પછી જ સ્નેહની આપ-લે દ્વારા લાગણીની લહેરો વહેવા માંડી. સમશેરો મ્યાન થઈ ગઈ. સંગ્રામભૂમિ જાણે મૈત્રીના માંડવામાં ફેરવાઈ ગઈ. યુદ્ધવિરામની ધવલ ઝંડીઓ ચોમેર લહેરાઈ ઊઠી, અને એ આખો રસાલો પાટલિખંડ ભણી રવાના થયો.

એકાએક પલટાઈ ગયેલા આ વાતાવરણના સમાચાર પાટલિખંડમાં પહોંચતાંની સાથે સૌથી પહેલો સંતોષનો શ્વાસ તો કમલવતીની સખી સુમંગલાએ લીધો. યુદ્ધની વાત સાંભળી, ત્યારથી એનાં સુખ-ચેન સળગી ઊઠ્યાં હતાં. કારણ કે રાજવી રણસિંહને એકલપંડે યુદ્ધ ખેલવાનું હતું, જ્યારે પાટલિખંડ પાસે તો હજારોનું બળ હતું, આ વાત એ બરાબર જાણતી હતી. એથી જ પોતાની સખી કમલવતીના કુશળ-મંગળ માટે મનોમન અખંડ અજપાજપ જપતી એ સમય વિતાવી રહી હતી. પરંતુ યક્ષદેવ ચિંતામણિની કૃપાથી પરિસ્થિતિએ એકાએક જે વળાંક લીધો અને રણસિંહ/કમલવતીનો સંયોગ જે રીતે અખંડ રહ્યો, એથી એના આનંદને કોઈ આરોઓવારો ન રહ્યો !

આખું પાટલિખંડ હર્ષથી હલબલી ઊઠ્યું. છેલ્લા કેટલાક દિવસોથી જૂની આંખે નવા તમાશા જોવાનો જે લહાવો પાટલિખંડને મળી રહ્યો હતો, એમાં સંગ્રામમાંથી સર્જાયેલી સ્નેહ-પરંપરાએ તો લાખે લેખા ઉમેર્યા. હારવા છતાં જય મેળવીને આવતા પોતાના રાજવી કમલસેનની સ્વાગત-યાત્રામાં જોડાવા આખું નગર ઊમટ્યું. રણસિંહના રૂપ-લાવણ્યના દર્શને, આવા સુંદર જમાઈરાજ મળવા બદલ સૌ પોતાના રાજવીના ભાગ્યને વખાણી રહ્યા. સમગ્ર નગર પ્રસન્નતાના પ્રવાહોથી ઘેરાઈ ગયું. થોડાક જ દિવસો પછીના શુભ ઘડી-પળે રણસિંહ-કમલવતી ઠાઠમાઠથી લગ્ન-બંધને બંધાઈ ગયાં. સુખનાં સુખડ જલી રહ્યાં અને દુ:ખની દુર્ગંધ દૂર ચાલી ગઈ. રણસિંહ કમલવતીને મેળવીને સ્વર્ગની સુંદરીને પામ્યાની પ્રસન્નતા અનુભવી રહ્યો.

માયાના મૃગજળની કેવી આ મોહિની ! સોમાનગરીની રાજકુમારી રત્નવતીને પરણવા નીકળેલો રણસિંહ એને સાવ ભૂલી જઈને કમલવતીના કામણમાં કેદ થઈ ગયો ! રણસિંહ પાટલિખંડમાં મોજમજા ઉડાવી રહ્યો હતો, જ્યારે એની પાછળ ઝૂરીઝૂરીને સોમાનગરીમાં રત્નવતી પોતાનો સમય વિતાવી રહી હતી. મૃગજળમાં **મોહાયેલા મનની અવળચંડાઈ આવી જ હોય છે. એક વખત જેની ખાતર જે મન મરી ફીટવા તૈયાર થઈ જતું હોય છે, એ જ મનને મોહનું બીજું પાત્ર મળી જતાં, પૂર્વનું પ્રેમપાત્ર યાદ પણ નથી આવતું હોતું.** રણસિંહની આ જ સ્થિતિ હતી. પોતાને મનગમતો મેળો મળી જતાં સોમાનગરી જઈને રત્નવતીની ઝંખના પૂર્ણ કરવાનું પોતાનું પ્રમુખ-પ્રયોજન ભૂલી જઈને રણસિંહ પાટલિખંડમાં મોજ ઉડાવી રહ્યો હતો, એનો પરિવાર સોમાનગરી પહોંચી જઈને રણસિંહની પ્રતીક્ષા કરી રહ્યો. એથી રત્નવતીના અંતરમાં આનંદનો સાગર વધુ હિલોળે ચડવા માંડ્યો. રણસિંહનો પરિવાર આવી જતાં રણસિંહના આગમનની ઘડી-પળો ગણતી એ સમય વિતાવી રહી. મૃગજળનાં જળ મેળવવા દોટ મૂકતા મૃગલાઓ જેવો જ તૃષ્ણાનો તાપ વેઠતી રત્નવતી પોતાના અંતરને ઠારતી આશા-સૃષ્ટિના અમૃતરૂપે રણસિંહને પોતાના નજીક ને નજીક આવતો કલ્પી રહી ! દિવસો વીતવા માંડ્યા, એમ પોતાના આશાના છોડને સફળ બનતો એ નિહાળી રહી.

સ્નેહની આ કેવી રૌદ્ર-લીલા છે ! કમલવતીની કામણગારી કેદમાં પુરાયેલો રણસિંહ, જેને પોતે આશાનો અમૃત-થાળ પીરસી ચૂક્યો હતો, અને એ અમૃતના આધારે જ જે જીવન ટકાવી રહી હતી, એ રત્નવતીને હવે યાદ કરવાય તૈયાર ન હતો. એક દિવસ મિત્ર સુમિત્રે રણસિંહને એ વાતની સ્મૃતિ કરાવી કે, રણસિંહ ! આપણો

મુકામ હજી દૂર છે. આપણે વિજયવતી નગરીથી જે પ્રયોજન માટે નીકળ્યા છીએ, એની પૂર્તિ તો હજી બાકી જ છે. આ કમલવતીનાં લગ્ન તો આનુષંગિક લાભ છે. માટે હવે આપણે વહેલી તકે સોમાનગરી તરફ પ્રયાણ કરી જ દેવું જોઈએ !

સુમિત્રની આ વાત સાંભળ્યા પછી જ જાણે રણસિંહને કોઈ ભુલાયેલી વાત યાદ આવી હોય, એમ રત્નવતીની સ્મૃતિ તાજી થઈ. પણ કમલવતીનો સંયોગ થતાં જ રત્નવતી પ્રત્યેનું એનું પ્રેમ-પૂર ઓસરી ગયું હતું. એ સમજતો હતો કે રત્નવતી સાથેનો સંબંધ કમલવતીના કાળજા પર કાપ મૂક્યા વિના નહિ જ રહે ! એથી જ એક વિચિત્ર નિર્ણય લેતાં એણે કહ્યુંઃ સુમિત્ર ! સોમાનગરી તરફ જવાનો વિચાર હવે ઓછો છે. એક વાર આપણે વિજયવતી પાછા પહોંચી જઈએ. રત્નવતીની સાથેનો સંબંધ પછી પણ થશે. માટે તરત જ સોમાનગરી તરફ એક સંદેશવાહકને રવાના કરી દેજે. એની સાથે બધા સમાચાર વિગતવાર મોકલી આપજે, જેથી આપણો પરિવાર પાછો ફરી જાય અને રાજવી પુરુષોત્તમ આપણી પ્રતીક્ષા ન કરે !

આ વાત સુમિત્રના દિલમાં આઘાત પેદા કરી ગઈ. આ એક ચોખ્ખો વિશ્વાસઘાત હતો. એથી એણે રણસિંહને ખૂબ સમજાવ્યો. પણ કમલવતીના સ્નેહમાં બીજી કોઈની પણ ભાગીદારી કબૂલવા એ જ્યારે તૈયાર ન જ થયો, ત્યારે તરત જ એક સંદેશવાહક સોમાનગરી તરફ રવાના કરવામાં આવ્યો.

સોમાનગરીમાં તો ધવલ-મંગલના ધ્વનિ ધીમેધીમે ઘેરા બની રહ્યા હતા. આખી નગરી રાજવી રણસિંહને અંતરનો આવકાર આપીને વધાવવાની સ્વપ્ન-સૃષ્ટિ રચી બેઠી હતી. રત્નવતીના અંધાર-ઘેરા અંતરમાં ધીમેધીમે વધુ ને વધુ રોશની પ્રગટી રહી હતી. પણ **સંસાર નામ જ એનું કે, જ્યાં ધાર્યું હોય કંઈ અને બની જાય વળી બીજું જ કંઈ !**



• સોમાનગરીમાં સંદેશવાહકનું આગમન

રત્નવતી સહિત સોમાનગરીમાં જામેલા રંગમાં જાણે ભંગ પાડવા જ એ સંદેશવાહક પાટલિખંડથી આવ્યો હતો. એનો સંદેશો ઠેરઠેર જામેલા આનંદને આઘાતમાં પલટાવતો આખી નગરીમાં ઘૂમી વળ્યો. સૌથી ઊંડો આઘાત રત્નવતી અનુભવે, એ સહજ

હતું. રણસિંહે લીધેલા આ નિષ્ઠુર નિર્ણયથી સોમાનગરીએ જ નહિ, પણ રણસિંહનો જે પરિવાર સોમાનગરીમાં પહોંચી ગયો હતો, એણે પણ ઊંડો આઘાત અનુભવ્યો. મંત્રીશ્વર મતિસાગર એમાં સામેલ હતા. એમણે રાજવી પુરુષોત્તમને કહ્યું કે, હું વિજયવતી પહોંચીને રાજવી રણસિંહને વહેલી તકે સોમાનગરી તરફ પ્રયાણ કરવા સમજાવીશ. આ સમજાવટમાં સફળ થવા હું મારાથી બનતા બધા જ પ્રયાસો કરી છૂટીશ. અમારા રાજવીના આ નિર્ણયથી આપને જે આઘાત લાગ્યો છે અને આપની રાજકુમારી રત્નવતીની સ્વપ્ન-સૃષ્ટિને માટીમાં મેળવી દેવાનું કાળું કામ આ નિર્ણયે નિષ્ઠુર બનીને જે કઠોરતાથી કર્યું છે, એ હું જાણી/સમજી શકું છું. છતાં આપ નિશ્ચિંત રહેશો. થોડોઘણો સમય કદાચ સમજાવટમાં ચાલ્યો જશે, એ બદલ હું અત્યારથી જ આપની ક્ષમા યાચી લઉં છું.

રાજવી પુરુષોત્તમના ભાંગી પડેલા દિલને, મંત્રી મતિસાગરના સહાનુભૂતિપૂર્વકના આ દિલાસાથી કંઈક શાંતિ મળી. રાજકુમારી રત્નવતીને પણ દિલાસો આપીને મંત્રી મતિસાગર બનતી ઝડપે વિજયવતી પહોંચવા માટે સોમાનગરીથી વિદાય થયા. એમણે એમ ધાર્યું હતું કે, પાટલિખંડથી રણસિંહ રાજવી વિદાય લઈને વિજયવતી પહોંચી પણ ચૂક્યા હશે ? પરંતુ પાટલિખંડમાં આવતાં પૂર્વે જ રણસિંહના રોકાણના સમાચાર મળવાથી, પુરુષોત્તમ રાજવીને આપેલ આશ્વાસન -આશાને જલદી સફળ બનાવવાનો વિશ્વાસ મંત્રીના મનમાં જાગ્યો અને એક દિ' એઓ પાટલિખંડ આવી પહોંચ્યા.

પાટલિખંડમાં વાટે ને ઘાટે ગવાઈ રહેલી રણસિંહની કીર્તિ-કથાઓ સાંભળ્યા પછી અને કમલવતીને વરેલા ગુણવૈભવનું દર્શન કર્યા પછી મતિસાગર મંત્રી આનંદિત બની ઊઠ્યા. એમણે સમય જોઈને રાજવી રણસિંહની સાથે વાતચીતમાં દાણો દબાવી જોયો, પણ એમને લાગ્યું કે, એઓ અત્યારે તો કોઈ પણ સંજોગોમાં સોમાનગરી જવા તૈયાર થાય, એમ જ નથી ! છતાં એમણે સમજાવટ ચાલુ રાખી. રણસિંહનો જવાબ એક જ હતો કે, અત્યારે સોમાનગરી કે રત્નવતીનો કોઈ જ વિચાર કરવા હું તૈયાર નથી. આ અંગે થોડો કાળક્ષેપ મને જરૂરી જણાય છે !

મંત્રીશ્વર માટે હવે મૌનનો આશ્રય લેવો અનિવાર્ય હતો. થોડા વધુ દિવસ પાટલિખંડનું આતિથ્ય સ્વીકારીને એક દહાડો રણસિંહનો કાફલો વિજયવતીનગરી

તરફ પાછો ફર્યો. ગામ/નગરો અને વન/ઉપવનો વટાવતાં-વટાવતાં રાજવી રણસિંહ એક દિવસ વિજયવતીમાં સસ્વાગત પ્રવેશ્યા. રત્નવતીના બદલે કમલવતીને પરણીને આવેલા રણસિંહને સૌએ અંતરના ઉમળકાથી વધાવ્યા. પોતાના પાલિત-પુત્રની પ્રગતિ પામતી પુણ્યાઈ જોઈને પિતા સુંદર અને માતા સુશીલાએ જે આનંદ અનુભવ્યો, એ અલેખ્ય અને અકથ્યની કક્ષામાં મૂકી શકાય એવો હતો. કનકવતી અને કમલવતીની સાથે સંસારની સફર ખેડતી રણસિંહની જીવનનાવ આગે ને આગે ધપી રહી.

પોતાની ભાણી રત્નવતીને પરણ્યા વિના જ પાછા ફરેલા રણસિંહને રાજવી કનકશેખરે પણ સમજાવવામાં બાકી ન રાખ્યું. મંત્રીશ્વર મતિસાગરે પણ પુરુષોત્તમ રાજાને પોતે આપી આવેલા સહાનુભૂતિભર્યા સાંત્વનના વચનની અને રત્નવતીએ સજાવી રાખેલી આશા-સૃષ્ટિની વાત ફરી વાર રણસિંહને વિગતવાર કહી સંભળાવી. પણ કમલવતીના પ્રેમ પાછળ પાગલ પ્રાયઃ બની ચૂકેલા રણસિંહે રત્નવતી અંગે જ્યારે વિચારણા કરવાનીય કોઈ તૈયારી ન દાખવી, ત્યારે આ આખો પ્રશ્ન ભવિષ્ય પર છોડી દેવામાં જ સૌને શાણપણ લાગ્યું !

આ સંસારમાં સ્નેહને વશ બની જતા જીવોને માટે દારુણ-દશાનો ભોગ બનવું અનિવાર્ય બની જતું હોય છે. રણસિંહ કમલવતીનો સ્નેહ પામ્યો હતો. પરંતુ પ્રેમભગ્ન બનેલી રત્નવતી તરફથી આવી શકનારા કોઈ ભયની સંભાવનાની કલ્પના, ઘણી વાર એકાંતની પળોમાં એને અકળાવી મૂકતી. આમ, બહારથી સુખી જણાતું એનું ભીતર ભયના ભણકારાથી ભરાયેલું હતું. રણસિંહની પાછળ પાગલ બનેલી રત્નવતીનાં દુઃખ તો પ્રગટ જ હતાં. શીલ-સંપન્નતાના સંસ્કાર એને વારસામાં મળ્યા હતા, એથી પોતાને દગો દેનારા રણસિંહ તરફ એ જરાય અભાવ ધરાવતી નહોતી. ઉપરથી રણસિંહના જાપ પાછળ જ એ દિવસો પસાર કરતી હતી.

આજ નહિ ને કાલે, વિજયવતીના રાજવી રણસિંહ પોતાનો સ્વીકાર કરશે જ ! આ આશા જ રત્નવતીના જીવનને ટકાવી રાખી રહી હતી. પુરુષોત્તમ રાજવી પણ આવી જ કોઈ આશામાં, મંત્રીશ્વર મતિસાગરના વચન ઉપર વિશ્વાસ રાખીને, પોતાની પુત્રી રત્નવતીની દિલ-પીડાને મૂંગી રીતે નિહાળતાં બેસી રહ્યા હતા. દિવસો વીત્યા, મહિનાઓ પસાર થઈ ગયા. કાળચક્રે એક ચકરાવો લઈને વર્ષની અવધિ પૂરી કરી. છતાં વિજયવતીની દિશામાંથી આશાનું અમૃત આવવાની કોઈ એંધાણીય જ્યારે ન જ દેખાઈ, ત્યારે કોઈ એક ગોઝારી પળે, પોતાના લગ્નને ભગ્ન કરાવનારી કમલવતી

પર રત્નવતીના દિલમાંથી ક્રોધના અંગારા વરસવાની શરૂઆત થઈ !

એ પળ પાપી હશે. એ ઘડી ઘમસાણ મચાવનારી હશે. એ સમય સળગતો હશે અને એ ગાળો ગોઝારો હશે. જ્યારે રત્નવતીના દિલમાં કમલવતી તરફની કઠોરતાનો કણ પેદા થયો. કણ સમી એ કઠોરતા થોડીક જ ક્ષણ વીતી-ન-વીતી, ત્યાં તો મણ સમી વિરાટ બની ગઈ. એ વિરાટતાથી પ્રેરાયેલી રત્નવતીએ મનોમન એક નિષ્ઠુર નિર્ણય લઈ લીધો કે, મારા તરફ દુર્ભાવનો દરિયો પેદા કરાવનારી જો કોઈ વ્યક્તિ હોય, તો તે કમલવતી જ છે. મને પરણવા નીકળેલા રણસિંહને રસ્તા વચ્ચે જ રોકી રાખનારી અને મારી પર ભારોભાર દ્વેષ પેદા કરાવનારી એ કમલવતીનો કાંટો હું જ્યાં સુધી ઉખેડીને ફેંકી ન શકું, ત્યાં સુધી રણસિંહને મેળવવાની હું આશા રાખું, એ મૃગજળ સાથે માયા રાખીને તરસ શમાવવાની ઇચ્છા રાખવા જેવું ગણાય !

રત્નવતી એક ઊંડા વિચારમાં ડૂબી ગઈ. કમલવતીનો કાંટો ઉખેડી શકે, એવી કોઈ શક્તિની શોધમાં માનસ-પ્રવાસે નીકળેલા એની અંતર-આંખ આગળ યોગિની ગંધમૂષિકા ખડી થઈ અને એનાં રોમેરોમ રાજીપો અનુભવી રહ્યાં. ગંધમૂષિકા કામણ-ટૂમણ આદિની મેલી વિદ્યાની અઠંગ જાણકાર હતી. એના પ્રયોગોએ સર્જેલા બનાવો પાસે એક આગવો ભેદી ઇતિહાસ હતો.



• દ્વિધા અનુભવતી રત્નવતી અને યોગિની

રત્નવતીને રણસિંહ ઉપર તો પૂરો પ્રેમભાવ હતો, પણ કમલવતી તરફ એનું અંતર હવે ભારોભાર ઝેર ઓકવા માંડ્યું. એ સીધી જ પોતાના પિતા પુરુષોત્તમ પાસે જઈ પહોંચી. મનની એની બધી વાત સાંભળ્યા પછી એમનેય એમ લાગ્યું કે, મેલી વિદ્યાના કોઈ પ્રયોગ વિના હવે રણસિંહ પોતાના જમાઈ બને, એ અસંભવિત છે ! એથી રત્નવતીની યોજનાને એમણે સહર્ષ વધાવી લીધી. રત્નવતીની ભગ્નાશાએ ભેદી જાળ રચવા યોગિનીને એ જ દહાડે આમંત્રણ પાઠવ્યું.

યોગિની ગંધમૂષિકાનું ભાગ્ય જાગી ઊઠ્યું. રાજભવનનું આમંત્રણ એને મળ્યું. એની અવર-જવર ચાલુ થતાં યોજનાનું એ વિષચક્ર ગતિમાન બનીને ચકરાવા લેવા માંડ્યું !



# ૯

# દગાના દાવ ખેલતી યોગિની

રાગ સફળ બને, તો જીવને એ કામાંધ બનાવી જાય ! રાગને જો નિષ્ફળતા સાંપડે, તો જીવ એનાથી ક્રોધાંધ બને ! આમ, રાગની સફળતા અને નિષ્ફળતા બંને મોહના મૃગજળ પાછળ મરી ફીટતા માનવી માટે જીવલેણ નીવડતી હોય છે.

રત્નવતીનો રાગ નિષ્ફળ નીવડ્યો હતો. રણસિંહ એનું રાગપાત્ર હતું, પણ કમલવતીએ એ છીનવી લીધું હતું, એમ રત્નવતીના દિલમાં ઠસી ગયું હતું. એથી એ ક્રોધાંધ બની હતી અને કમલવતી પર નાગણની અદાથી છંછેડાઈ જઈને પોતાનું વેર વસૂલવા મેદાને પડી હતી. અને આ વસૂલાતને સફળતા અપાવવા એણે યોગિની ગંધમૂષિકાને માધ્યમ બનાવી હતી. પોતાની યોજનાના બધા પાસાઓ બરાબર ગોઠવીને એ યોગિની એક દહાડો સોમાનગરીથી વિદાય થઈને વિજયવતીનગરીમાં જઈ પહોંચી.

યોગિનીને માયાના મંદિર સમો સ્ત્રી-અવતાર તો મળ્યો જ હતો ! એમાં વળી અધૂરામાં પૂરું, એની પાસે મેલી વિદ્યાની જાણકારી હતી એથી રણસિંહ જેવા પુરુષને કમલવતીના કામણની કેદથી મુક્ત કરવો અને એના પરિણામરૂપે કમલવતીને દેશવટો અપાવવો, એ તો એના માટે ડાબા હાથનો ખેલ હતો !

યોગિનીએ સૌ પ્રથમ તો વિજયવતીમાં પોતાનો પ્રભાવ ફેલાય, એવો આડંબર જમાવી દીધો. થોડા જ દિવસોમાં એનાં નામ/કામની વાતો ચોરે ને ચૌટે ચર્ચાવા માંડી. હવે રાજસભામાં પ્રવેશ મેળવવો, એના માટે કોઈ અઘરી વાત નહોતી. રણસિંહના કાન પર પણ યોગિનીના પ્રભાવની અનેકાનેક વાતો અથડાવા માંડી. એથી એય ઇચ્છી રહ્યો કે, એક વાર યોગિની રાજસભામાં આવે તો સારું !

રણસિંહને લાંબી પ્રતીક્ષા કરવી ન પડી. થોડા જ દિવસોમાં યોગિનીએ એકાએક રાજસભામાં પ્રવેશ કર્યો. ગંધમૂષિકાનો પહેરવેશ-પ્રભાવ એક યોગિનીને છાજે એવો જ હતો. એને જોનાર વ્યક્તિ એક વાર તો એના પ્રભાવમાં અંજાઈ જ જતી. રણસિંહે આવકાર આપતાં કહ્યું :

'પધારો, યોગિની ! પધારો. તમારી વાતો ઘણા દિવસથી સંભળાતી હતી. મને એમ થતું પણ હતું કે, તમારો સાક્ષાત્ ભેટો થાય, તો કેવું સારું ! એથી આજે તમને આવકારતાં હું અંતરનો આનંદ અનુભવું છું. તમે ક્યાંથી આવ્યાં છો ? ક્યાં જવાનાં છો ? આ બધું વિગતવાર જાણવા હું ઉત્સુક છું.'

રણસિંહનું અભિવાદન ઝીલીને યોગિનીએ કહ્યું : રાજવી ! યોગિનીને વળી દેશ શું ને પરદેશ શું ? પાણીના પ્રવાહો તો જેમ વહેતા ભલા, એમ યોગી તો ચલતા ભલા ! દેશાટન કરતાં કરતાં હું વિજયવતીમાં આવી છું. લોકોની લાગણીએ મને પકડી રાખી, જેથી અહીં આવ્યાને પંદર દિવસ થયા, છતાં હજી મહિના સુધી અહીં રોકાયા વિના છુટકારો થાય, એમ લાગતું નથી. ગામ/નગરો જોયાં, પણ અહીં વસે છે, એવા લાગણીશીલ લોકો મેં ક્યાંય જોયા નથી ! આવી પ્રજાના રાજા તરીકે આપને જેટલાં અભિનંદન આપું, એટલાં ઓછાં જ ગણાય !

યોગિનીએ જીભમાંથી જાણે મધને જ ટપકાવ્યું ! પોતાની અને પ્રજાની જે સુંદર છાપ યોગિની પર પડી, એથી હર્ષ અનુભવતા રણસિંહે કહ્યું કે, યોગિની ! અવારનવાર રાજસભામાં આવીને તમારી વિદ્યાનો અમને લાભ આપતાં રહેશો. મંત્ર-વિદ્યાની ગેબી સૃષ્ટિ અંગે ઘણીઘણી વાતો સાંભળી છે, આશા રાખું છું કે, તમારા આગમનથી એ વાતોનું રહસ્ય જાણવા મળશે. આવું જ્ઞાન ગુરુગમ વિના લાધતું નથી એમ ઘણી વાર સાંભળવા મળ્યું છે, એથી તમારું આગમન અમારે માટે અકાળે આંબાના ફળવા જેવું આનંદદાયક થઈ પડે, એ સહજ છે.

યોગિનીના પાસા પોબાર પડ્યા હતા. રાજસભાનું આમંત્રણ મળતાં એના આનંદની અવધિ ન રહી. એણે સભામાંથી વિદાય થતાં પૂર્વે કહ્યું કે, રાજવી ! આપની વાત સાવ સાચી છે. મંત્ર–વિદ્યાનો પ્રભાવ ખરેખર જ ગેબી કહી શકાય એવો હોય છે. એ પ્રભાવ જળ હોય ત્યાં સ્થળ અને સ્થળ હોય ત્યાં જળ સરજી શકે છે. માનવ–મન જે ચીજની કલ્પનાય ન કરી શકે, એવી સૃષ્ટિનું સર્જન આ વિદ્યાને માટે ડાબા હાથનો ખેલ ગણાતો હોય છે. અગમ/અગોચરનું એનું અજાણ્યું તત્ત્વ જાણવા માટે ગુરુગમ મેળવ્યા વિના સફળ થવાની આશા રાખવી વ્યર્થ છે. એથી આપની જિજ્ઞાસાને સંતોષવા હું મારાથી બનતા શક્ય પ્રયાસો જરૂર કરતી રહીશ !

રણસિંહે પોતાના આમંત્રણને દોહરાવ્યું. માનભેર આવેલી યોગિની સન્માનભેર વિદાય લઈને પોતાના મુકામે પહોંચી. એની ધારેલી ધારણા બરાબર પાર પડી હતી. રાજસભાનું સન્માન મળ્યા પછી યોગિનીના બહુમાનની માત્રા / યાત્રા વધવા માંડી અને વિજયવતીના સીમાડા ઓળંગીને એ આસપાસ ફેલાવા માંડી. થોડા વધુ દિવસો વીત્યા, રાજસભામાં અવારનવાર આવીને રણસિંહને મનોરંજન પૂરું પાડવા સાથે એના મનની મંત્ર–તંત્રવિષયક જિજ્ઞાસાને સંતોષતી ગંધમૂષિકાને એક દહાડો અંતઃપુરમાં પધારવાનું આમંત્રણ આપતાં ખુદ રણસિંહે જણાવ્યું કે,

‘યોગિની ! અંતઃપુર પણ તમારો પરિચય પામવા તલપાપડ છે. તમારી વિદ્યાનો લાભ અંતઃપુરનેય મળવો જોઈએ.’

કમલવતી/કનકવતીએ જ્યારથી યોગિનીના પ્રભાવની વાતો જાણી હતી, ત્યારથી એઓ એમ ઇચ્છી રહ્યાં હતાં કે, યોગિનીનો પરિચય આપણે પણ પામી શકીએ, તો કેવું સારું ! એમણે રાજવી રણસિંહને આ અંગે આગ્રહપૂર્ણ વિનંતિ કરી હતી. એ વિનંતિના ફળરૂપે રાજવીએ યોગિનીને અંતઃપુરનું આમંત્રણ આપ્યું. એનો સ્વીકાર કરતાં ગંધમૂષિકાએ કહ્યું :

‘મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે, રાજરાણી કનકવતી અને કમલવતી જેવી વ્યક્તિઓ સાથે હું પરિચય પણ પામી શકું ! આ આપની જ કૃપા છે. આપના આમંત્રણને આવકારતાં હું ગૌરવ અનુભવું છું. કનકવતી અંગેની કીર્તિ–કથાઓ મેં ઘણીઘણી સાંભળી છે. આજે એમના પ્રત્યક્ષ દર્શનનો લાભ પામીને હું વધુ ધન્ય બનીશ, તેમ જ વિજયવતીનો મારો આંટોય સફળ બની જશે.’

યોગિનીએ રાજ-આમંત્રણનો સ્વીકાર કરીને એ જ દિવસે અંતઃપુરમાં જવાની ઉત્સુકતા પ્રગટ કરી. રણસિંહે એથી વધુ આનંદ અનુભવ્યો. યોગિનીએ અંતઃપુરમાં પ્રવેશીને પોતાના પ્રભાવથી સૌને આંજી દીધા. કમલવતી સાથે વધુ પરિચય સાધવો જરૂરી હોવાથી, યોગિનીએ એની પર વધુ પ્રમાણમાં કપટ-પ્રેમ ઠાલવ્યો. થોડા દિવસમાં તો કમલવતી અને યોગિનીની વચ્ચે ગાઢ સંબંધ સ્થાપિત થઈ ચૂક્યો. યોગિનીના પાસા એક પછી એક સીધા પડી રહ્યા હતા. રાજા-રાણીની એની પરની કૃપાનું પ્રમાણ પણ વૃદ્ધિ પામી રહ્યું હતું.

કમલવતી સાથે ગાઢ પરિચય રાખવા પાછળ યોગિનીનો એ કૂટાશય હતો કે, ભવિષ્યમાં પોતે કમલવતીની સાથે મિત્રતાના પડદા પાછળ રહીને કમલવતીની સાથે કોઈ રમત રમવાની જ્યારે શરૂઆત કરે, ત્યારે કમલવતીને પોતાની પર કોઈ વહેમ ન આવે ! પોતાની યોજનાના પ્રાથમિક તબક્કાને નક્કર સફળતા અપાવવા માટે જ યોગિની કમલવતી સાથે ગાઢ સંબંધ બાંધવા ઇચ્છતી હતી અને એની એ ઇચ્છા ઝાઝા કોઈ પ્રયત્ન વિના જ સફળ બની રહી હતી. ખૂબ જ ઓછા દિવસોમાં કમલવતી અને યોગિની વચ્ચે સખીપણાનો અતૂટ/અખૂટ સંબંધ બંધાઈ ગયો. સખીપણાના દાવે એક દહાડો કમલવતીએ કહ્યું :



• ગંધમૂષિકાનું કમલવતીના આવાસમાં આગમન

'યોગિની ! આપણી વચ્ચે આટલો બધો ગાઢ સંબંધ હોય અને તમે પાંથશાળામાં રહેવાનાં દુઃખ વેઠો અને હું આ મહેલમાં મજા ઉડાવું ! આ પરિસ્થિતિ મારા દિલમાં કાંટાની જેમ ખૂંચી રહી છે. હું પાંથશાળામાં રહેવા આવું. એ શક્ય નથી. માટે તમે જો આ રાજભવનમાં તમારું રહેઠાણ રાખો, તો મારું દિલ-દુઃખ દૂર થઈ જાય!'

ગંધમૂષિકા આવા આમંત્રણની રાહ જ જોઈ રહી હતી, પરંતુ જો સીધેસીધું આમંત્રણ સ્વીકારી લે, તો એ ગંધમૂષિકા શાની ? એણે કહ્યું :

'રાણી કમલવતી ! આપની આટલી કૃપાદૃષ્ટિ છે, એ જ ઘણું છે. આપ ભલે ઉદાર ભાવે કૃપા વરસાવો, પણ એને ઝીલવાની મારી અપાત્રતાનો વિચાર તો મારે જાતે જ કરવો જોઈએ ને ? હું પાંથશાળામાં છું, એ જ બરાબર છે. અમારાં વિધિ-વિધાન

અને અમારી રહેણીકરણી સૌથી ન્યારી હોય છે, મેલી વિદ્યાના સાધક માટે લોકરુચિના પ્રવાહને સામી છાતીએ તરીને જીવન જીવવું અનિવાર્ય ગણાતું હોય છે. એથી અવરજવર અને જનસંપર્કથી ભર્યા-ભર્યા રહેતા આવા મહેલ કરતાં તો અમારા માટે એ પાંથશાળા જ સારી ગણાય ! બીજું, ઈર્ષા બહુ ખતરનાક ચીજ છે. મારી પર વરસતી આપની આટલી કૃપા જોઈને, મારી પર ઈર્ષા કરનારા આ નગરીમાં નહિ જ હોય, એમ માની ન શકાય ! હું જો રાજભવનમાં રહેવા આવું, તો તો ઈર્ષાના એ અગ્નિમાં ઘી હોમાયા વિના ન રહે ! માટે હું આપની કૃપાને માથે ચડાવીને મારી આ વિનંતિ પર પણ વિચાર કરવાની આપને અરજ ગુજારું છું. બાકી કયો એવો માણસ હોય કે, લક્ષ્મી સામેથી ચાંલ્લો કરવા આવે, ત્યારે એ મોં ધોવા જવાની મૂર્ખાઈ કરે !'

આ બધાં ભયસ્થાનોની ઝાઝી દરકાર કર્યા વિના કમલવતીએ કહ્યુંઃ તમારી બધી જ વાતો સાંભળ્યા પછી મને લાગે છે કે, આ બધાં ભયસ્થાનો આગળ નિરુપાય બની જવું પડે, એમ નથી ! આ રાજભવનમાં તમને એક અલગ ખંડ રહેઠાણ માટે આપવામાં આવશે, જેથી તમને જોઈતું એકાંત મળી રહેશે. ઈર્ષા કરનારાઓના અસ્તિત્વને આગળ કરીને ચાંલ્લો કરવા આવેલી લક્ષ્મીને જાકારો ન દેવાય ! એ તો કૂતરા ભસતાં રહે અને હાથી પોતાની મલપતિ ગતિએ આગળ વધતો રહે ! આથીય વધુ મોટાં ભયસ્થાન હોય તોય તમે એટલો વિશ્વાસ જરૂર રાખશો કે, રાજભવનના સર્વતો-સંરક્ષક રહેઠાણમાં વસનારની પાસે વળી ભય ક્યાંથી ડોકાઈ શકે ! એથી મારું આ આમંત્રણ સ્વીકારતાં તમારે જરાય ખચકાટ અનુભવવાની જરૂર નથી. મારે તો અત્યારે જ તમારી સંમતિ જોઈએ. જેથી રહેઠાણની બધી વ્યવસ્થા એક બે દિવસમાં હું કરાવી શકું !

યોગિની ગંધમૂષિકા કંઈ કાચી માટીની માયા નહોતી. એણે આમંત્રણને સન્માનભેર સ્વીકારતાં કહ્યું : આપનો આગ્રહ અને આપના અંતરની લાગણી આગળ મારે મારી હાર સ્વીકારવી પડે છે. હું આપનું આમંત્રણ તો સ્વીકારું છું, પણ જનતાને સંતોષ આપવાનીય જવાબદારી મારે માથે છે. એથી નગરમાં બેત્રણ કલાક હરવાફરવાની છૂટ આપવાની ઉદારતાય આપ દાખવશો જ, એવો વિશ્વાસ રાખું છું.

કમલવતીને તો ગમે તે રીતે યોગિનીના રહેઠાણને રાજભવનમાં લઈ આવવું હતું. એણે ઉદારતા દાખવી. યોગિનીએ આમંત્રણને શિરોધાર્ય કરીને બે જ દિવસ

પછી પોતાના સરસામાન સાથે રાજભવનના એક એકાંત ખંડમાં યોગિની ગંધમૂષિકા ગોઠવાઈ ગઈ. એના પાસા પોબાર પડી રહ્યા હતા. એની યોજનાનો છેલ્લો તબક્કો હવે શરૂ થતો હતો. એની આંતરિક આંખ કમલવતી પર ધીરેધીરે વિપદના વાદળ-દળને ઘેરાતાં જોઈ રહી હતી અને એ વિપદના વિપાકરૂપે દેશવટાની સજા પામતી કમલવતીની કલ્પના એના મનમાં મનોરથની એક હારમાળા સરજી રહી હતી :

'ઓહ ! દિલ્હી હવે દૂર નથી. રાજવી પુરુષોત્તમ પ્રસન્ન બની ઊઠે અને રત્નવતી રોમેરોમથી રાજીપો અનુભવીને મને સુવર્ણ-મુદ્રાઓથી ખોબેખોબે વધાવે, એ દિવસો હવે નજીક આવી રહ્યા છે.'

મનમાં ને મનમાં મનોરથના રથને આ રીતે દોડાવતી યોગિની પોતાના વ્યૂહના એક પછી એક અંકોડાને જોડતી રહી. વળી થોડા દિવસો વીત્યા. હવે તો કમલવતી સાથે એની પ્રીતિ એકદમ ગાઢ બની ગઈ હતી. રણસિંહ પણ એક જાજરમાન વ્યક્તિત્વના રૂપમાં યોગિનીનાં સ્થાન-માન જાળવવા માંડ્યો હતો. યોગિની હવે તો રણસિંહની સાથે એકાંતમાં પણ ગમે ત્યારે મુલાકાત લઈ શકતી. અંતઃપુર તો જાણે પોતાના જ ઘરનું આંગણું હોય, એમ એમાં એ જરાય રોકટોક વિના હરીફરી શકતી. પોતાના જામી ગયેલા પ્રભાવનું દર્શન કરતાં ગંધમૂષિકાને એક દિ' વિચાર આવ્યો કે, લોઢું હવે બરાબર તપી ગયું છે ! એને ધાર્યો ઘાટ આપવા માટે ઘણનો ઘા કરવામાં હવે જરાય વિલંબ કરવા જેવો નથી !

યોગિનીનું ભાગ્ય જોર કરતું હશે ! એથી થોડા જ સમયમાં રણસિંહ રાજવી સાથે જરૂરી એકાંત એને મળી ગયું. વાતમાં વાત પણ એ જ નીકળી કે, માયાનું મંડાણ જો ગોઠવી-ગોઠવી, વિચારી-વિચારીને થયું હોય, એ મંડાણમાં પાછો સ્ત્રીનો સાથ હોય, તો એ માયાનો પાર પામવા માટે બ્રહ્માની બુદ્ધિય બુઠ્ઠી સાબિત થતી હોય છે.

રણસિંહને વાતમાં રસ પડ્યો. છતાં આ વાત વિચિત્ર લાગતાં એણે પૂછ્યું : સ્ત્રીને આ માટે જ માયાનું મંદિર ગણવામાં આવી હશે, એમ લાગે છે. પરંતુ શું આ વાત સાવ સાચી હશે ? આમ તો સ્ત્રીની અપેક્ષાએ પુરુષ વધુ બુદ્ધિશાળી ગણાય છે. બુદ્ધિમાં પુરુષ બિનહરીફ ! અને માયાના મંડાણમાં સ્ત્રીનો મુકાબલો કોઈ ન કરી શકે ! આ વાતનો મેળ કઈ રીતે મળી શકે ?

યોગિનીને એ વાતનો હર્ષ થયો કે, ઓહ ! આ તો પોતાની જ યોજનાની પૂર્વભૂમિકા

રચાઈ રહી છે ! એથી એણે મનોમન અગણિત આનંદ અનુભવતા ઠાવકાઈથી કહ્યું કે, રાજવી ! **પુરુષ બુદ્ધિમાં આગળ છે, એ વાત તો સાવ સાચી જ છે. સ્ત્રીની માયાનો કોઈ તાગ ન પામી શકે, એ સિદ્ધિ કંઈ સ્ત્રીની બુદ્ધિને આભારી નથી. પણ એ જ્યારે માયા આચરવા બેસે છે, ત્યારે એ કાળજાથી જે રીતે કઠોર બનીને દગાના દાવ ફેંકી શકતી હોય છે, અને મનના ભાવોને છુપાવવાની જે કળા એને વરી હોય છે, એ કળાના કારણે જ સ્ત્રીની માયાનો બ્રહ્માય તાગ પામી શકતા નથી.**



● રણસિંહ અને યોગિની ગંધમૂષિકા

રણસિંહના મનમાં વાત કંઈક ઊતરી. એણે પૂછ્યું કે, યોગિની ! બ્રહ્મા જેવી કોઈ વ્યક્તિ જ્યારે હાજર હતી, ત્યારના નારીવર્ગને ઉદ્દેશીને જ શું સ્ત્રીની માયાનો આવો મહિમા ગવાયો હશે ? અત્યારના નારીવર્ગ માટે પણ આ વાત શું બંધબેસતી જ ગણાય ? શું અત્યારે એવી કોઈ સ્ત્રી હશે ? અને એ એવી કોઈ માયાનું મંડાણ કરી શકવા સમર્થ હશે ? કે જેનો તાગ બ્રહ્મા પણ ન પામી શકે ? રણસિંહ દ્વારા સામેથી ઉપસ્થિત થયેલા આ પ્રશ્નમાં યોગિનીને પોતાની યોજનાની ફલશ્રુતિના છેલ્લા તબક્કાની સફળતા સમાયેલી દેખાવા માંડી. એથી પળનોય વિચાર કર્યા વિના યોગિનીએ કહ્યું : રાજવી! સ્ત્રી હંમેશાને માટે માયાનું ગૂઢ અને મૂઢ મંદિર જ રહી છે. આ વાતની પ્રતીતિ કરવા વિશ્વના વાટે/ઘાટે ભટકવાની કોઈ જ જરૂર નથી. આપ જો આપના અંતઃપુરમાં પણ ડોકિયું કરશો; તોય આ વાત પર આપને વિશ્વાસ જાગી ઊઠશે. કમલવતીની નિખાલસતા અને સરળતા પર તો આપને અંધવિશ્વાસ છે ને ? પણ આપ મારી એક વાત માનવા તૈયાર થશો ખરા ? કમલવતીના...?

વાક્ય અધૂરું જ રહ્યું. જાણે કશીક ઉતાવળ થઈ ગઈ હોય અને ન બોલવાનું બોલાઈ ગયું હોય, એવો ભાવ યોગિનીએ સંયમપૂર્વક વ્યક્ત કર્યો. રણસિંહ એકદમ ગંભીર બની ગયો. યોગિનીના મોં પર રમતા સંભ્રમાવસ્થાના ભાવો એની આતુરતા, એની વિહ્વલતા અને એની મૂઢતામાં કલ્પનાતીત વધારો કરવાનું કામ કરી ગયા. પોતાના

પ્રિયાતિપ્રિય એક પાત્રનું નામ આવતાં થોડી જ પળોમાં અનુમાન અને કલ્પનાની એક ગેબી સૃષ્ટિ રણસિંહના કાળજા પર ઊતરી પડી. ગંધમૂષિકાના મોં પર અંકાયેલી રેખાઓ જોતાં રણસિંહને થયું કે, યોગિનીને એકાએક આ શું થઈ ગયું ! થોડી પળો સુધી યોગિનીનું મોં ખૂલે, એવી શક્યતા ન જણાતાં રણસિંહના કાળજાની ધરતી પર કલ્પનાના ઘોડા દોડાદોડ મચાવી રહ્યા. એના મનમાં એક એ પ્રશ્ન દાબી ન શકાય, એવા વેગપૂર્વક ઉછાળા મારવા માંડ્યો કે, મારી સાથેય માયાની કોઈ ચોપાટ પાથરીને કમલવતી શું મને રમાડી રહી હશે ? એનું સમર્પણ, એનો સ્નેહ અને એની સરળતા જોતાં એના દ્વારા માયાનું મંડાણ તો સંભવી શકતું જ નથી !

ધરતી જાણે ધ્રૂજી ઊઠવાની હોય, એવા ભયના ભણકારા સાંભળતાં રાજવી રણસિંહ યોગિની ગંધમૂષિકાની સામે અમીટ નજરે જોઈ રહ્યા. એ નજરમાં જિજ્ઞાસાય હતી અને ભયની ભૂતાવળોનું ભીષણ નૃત્ય પણ હતું !

# ૧૦

# મુખ મેં રામ... બગલ મેં છૂરી

માયાની શતરંજ પર પાસા નાખવામાં જરૂરી ગણાતી સાવધાની રાખવાની કળામાં યોગિની ગંધમૂષિકા હોશિયાર હતી. એ સમજતી હતી કે, જો આ વિષયમાં થોડીક પણ સાવધાની રાખવામાં ગાફેલ બની જવાય, તો જીતની બાજીને હારમાં પલટાઈ જતાં વાર ન લાગે ! એ વિજયવતીનગરીમાં આવી હતી, એની પાછળ એનું ધ્યેય એક એ જ હતું કે, રણસિંહને કમલવતી પર જેટલો રાગ છે, એથીય વધુ દ્વેષ પેદા કરાવવો તેમ જ અંતે એને દેશવટો અપાવવો ! આ ધ્યેય પાછળ પણ રત્નવતીના રાગને મળેલી નિષ્ફળતામાંથી પેદા થયેલી ક્રોધાંધતા જ કારણ હતી.

યોગિની પોતાના ધ્યેયને સફળ બનાવવા માટે જે જે પાસા નાખવા ઇચ્છતી હતી, એ એ પાસા સીધા પડી રહ્યા હતા. એને રાજ્ય-સન્માન મળ્યું હતું, અંતઃપુરમાં રોકટોક વિના એ પ્રવેશી શકતી હતી અને છેલ્લે-છેલ્લે રાજભવનમાં રહેઠાણ મેળવવાનો એનો વ્યૂહ પણ બરાબર સફળ બન્યો હતો. હવે કમલવતી/રણસિંહની વચ્ચે ભેદ/ખેદની તોતિંગ ભીંત ઊભી થઈ જાય, એટલે એનું કામ પૂર્ણ થઈ જતું હતું, અને સંદેહની એ દીવાલ ચણવા માટે આવશ્યક ગણાતો ઊંડો પાયો ખોદવા એક દહાડો રણસિંહ સાથે એકાંતનું વાતાવરણ મળતાં જ તેણે કપટના દાવ નાખવાની

શરૂઆત કરી. વાતમાં વાત પણ એ જ નીકળી કે, સ્ત્રી માયાનું મંદિર કઈ રીતે ?

આ વાત-વિચારણાનો રંગ જ્યાં જામ્યો અને રણસિંહે જ્યાં મનની મૂંઝવણ રજૂ કરતાં પૂછ્યું કે, વર્તમાનમાં પણ શું એવી કોઈ સ્ત્રી હશે ખરી કે, જેની માયાનો તાગ બ્રહ્મા પણ પામી ન શકે ? ત્યાં જ સમય સાધીને યોગિનીએ ધડાકો કરી નાખ્યો કે, આપ મારી વાત માનવા તૈયાર થશો ખરા કે, આપને જેની પર અંધરાગ અને અંધવિશ્વાસ છે, એ કમલવતી પણ માયાના પાસા નાખવાની કપટ-લીલાથી મુક્ત નથી !

આ વાત સાંભળતાં જ રણસિંહની વિચાર-તંદ્રા ઊડી ગઈ. જાણે એ સફાળો બેઠો થઈ ગયો. નવાઈની ઊંડી ખાઈમાં કોઈએ ધક્કો માર્યો હોય, એવો ભાવ અનુભવતા એણે ગુસ્સાના જુસ્સાપૂર્વક પૂછ્યું કે,

'યોગિની ! **આ વિશ્વ તો વિચિત્રતાના મેળા સમું છે. નામ-કામ જ નહિ, રૂપ-રંગથી સમાન વ્યક્તિઓ પણ અહીં કદીક મળી આવતી હોય છે.** તમે જે કમલવતી પર કપટ-લીલાનું કલંક આરોપી રહ્યાં છો, એ નામ-રૂપથી સામ્ય ધરાવતી બીજી જ કોઈ કમલવતી હશે ? મારી કમલવતી કપટના પાસા નાખે, એમાંય વળી એ મારી સાથે દગાના દાવ ખેલે, એ વાત કોઈ પણ રીતે માનવા હું હરગીજ તૈયાર નથી ! કેવો એનો સ્નેહ છે ! કેવું એનું સમર્પણ છે ! કેવું અણીશુદ્ધ એનું શીલ છે ! મારી આવી કમલવતી, સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગે અને સાગર કદાચ માઝા મૂકી દે, તોય મારી સાથે દગો આચરવા તૈયાર થાય એવું સ્વપ્નેય સ્વીકારવાની મારી તૈયારી નથી. માટે વિચારીને કહો કે, તમે કઈ કમલવતીને કલંકિત કરી રહ્યાં છો ?'

ગંધમૂષિકા જાણતી હતી કે, પોતાના પ્રિયપાત્ર પર કલંકની ટીલી અંકાતી જોઈને, એનો પ્રેમી આમ ગુસ્સો-જુસ્સો અનુભવે, એ કોઈ નવી વાત ન ગણાય ! એણે રણસિંહથી સવાયો જુસ્સો ઠાલવતાં કહ્યું :

'રાજવી રણસિંહ ! કાને સાંભળેલી કથા હજી વૃથા (ખોટી) હોઈ શકે છે, પણ સગી આંખે નિહાળેલી બીનાને ખોટી કહેવા કોઈ તૈયાર થાય, તો એ કઈ રીતે માન્ય રાખી શકાય ? પાછળથી ઊંધું-ચતું કહેવામાં હું માનતી નથી. લાંબા કાળથી પોષાયેલું અસત્યનું સસલું સત્યનો સિંહનાદ સાંભળીને થરથર ધ્રૂજી ઊઠતું હોય છે, એય હું જાણું છું, પણ એ સસલાની દયા ખાધા વિના હું આપની આગળ એક સત્યને



• રણસિંહની કાન-ભંભેરણી કરતી યોગિની

સિંહનાદની અદાથી પ્રગટ કરું છું કે, આપ જેને પાટલિખંડમાંથી પરણીને લાવ્યા છો, એ જ કમલવતી, બીજા જ કોઈ પુરુષ સાથે સ્નેહનો સંબંધ ધરાવે છે. આપ આટલામાં જ બધું સમજી જાવ, મારી પાસે આપ વધુ સ્પષ્ટતા માગશો, તો સૂર્યની જેમ ઝળહળતા પુરાવાઓ રજૂ કરવાની મારી તૈયારી છે, પણ એ પુરાવાઓ રજૂ કરીને આપના સંસારને સળગાવી મૂકવાની મારી ઇચ્છા નથી, આ તો વાતમાંથી વાત નીકળી, એટલે જ આટલું કહેવાઈ ગયું !'

વાતને સમેટી લેવાનું નાટક કરતી યોગિનીએ ઊભાં થવાની તૈયારી કરી. એકીશ્વાસે અને સચ્ચાઈનો રણકો રેલાઈ રહ્યો હોય, એવા હાવભાવ સાથે યોગિનીએ પોતાની કપટ-લીલાનો છેલ્લો દાવ નાખી દીધો હતો. એને વિશ્વાસ હતો કે, આટલી વાત સાંભળીને રણસિંહ સંતોષ નહિ જ અનુભવી શકે ! એઓ પુરાવાઓ માગશે અને વિગતથી વાત જણાવવાનો આગ્રહ પણ એઓ કરશે જ !

રણસિંહ યોગિનીની આ વાત માની લેવા તૈયાર ન હતો. કમલવતીને વરેલા શીલ-વૈભવ પર એને ભારોભાર ભરોસો હતો. એથી વળતી જ પળે એણે કહ્યું :

'યોગિની ! સમય ભલે થઈ ગયો, નિત્યક્રમ આજના દિવસ પૂરતો ભલે વેરણ-છેરણ થઈ જાય, પણ પૂરા પુરાવાઓ સાથેની વિગતવાર વાત જાણ્યા વિના હું તમને રજા નહિ જ આપી શકું. મારો આ કદાગ્રહ ગણાતો હોય, તો હું માફી માગી લઈને પણ તમારી પાસેથી બધા પુરાવાઓ જાણવા માગું છું.'

રણસિંહના આગ્રહને એમ ને એમ વશ થઈ જવામાં મજા નહોતી. એથી યોગિનીએ કહ્યું : રાજવી ! કોઠી ધોઈને કાદવ કાઢવામાં કંઈ સાર નથી! મેં ટૂંકમાં બધું કહી જ નાખ્યું છે. કમલવતી પરનો આપનો વિશ્વાસ વધતો જ જાય અને ભવિષ્યમાં એની પ્રેમ-લીલાનો પડદો ચિરાઈ જાય, ત્યારે આપને ઊંડો આઘાત અનુભવવાનો વખત ન આવે, એ માટે જ મારે કર્તવ્ય-બુદ્ધિથી આપને ચેતવવાની આટલી ફરજ

અદા કરવી પડે છે. બાકી કોઈને કલંકિત કરવામાં મને રસ નથી. મને એ વાતનું ઘણું ઘણું દુઃખ છે કે, આ ચેતવણીની માઠી અસર આપના સુખી સંસાર પર પડ્યા વિના નહિ જ રહે અને બિચારી કમલવતી આપની સ્નેહધારાથી અળગી થતાં, સરોવરમાંથી ફેંકાઈ ગયેલી કમલિનીની જેમ ચીમળાઈ/ચગદાઈ જશે ! માટે આટલામાં બધું આવી જ જાય છે. આપ એનાથી હવે સાવધાન બની જશો.

રણસિંહના મનમાં આ વાત ક્યાંથી રુચે ? જિજ્ઞાસાની અગન-ભૂખ જાગી ચૂકી હતી. એથી વાનગીનો પૂરો સ્વાદ માણ્યા વિના એ રહી શકે એમ નહોતો. એણે કહ્યું :

'યોગિની ! કૃપા કરો. આમ ભીનું ન સંકેલો. આપને હું અભય આપું છું. કકડીને ભૂખ લાગી હોય, ત્યારે મને ભર્યા ભાણેથી તમે તગેડી મૂકશો, તો એ ભૂખનું દુઃખ હું સહન કરી શકીશ, પણ આ વાતની વાનગી ચખાડીને, મારા મનમાં કુતૂહલતાના કિનારે જન્મતી જિજ્ઞાસાના જઠરાગ્નિને તમે જગાડ્યો અને હવે ભાણું ખેંચી લો, એ કેમ ચાલે! મનમાં જાગતી આવી ભૂખને ભલભલા ભડવીરોય સહી શકતા નથી, તો પછી હું એને ક્યાંથી સહી જ શકું?'

ગંધમૂષિકાએ પોતાની માયા-લીલાને વિસ્તારીને કપટનો ખરાખરીનો દાવ ખેલતાં કહ્યું : રાજવી ! આપ જ્યારે મને અભય આપી ચૂક્યા છો, ત્યારે મારું અંતર કંઈક શાંતિ અનુભવે છે. આપના આગ્રહને વશ થવામાં મારે તો કંઈ જ ખોવાનું નથી, જે કંઈ ખોવાનું છે, એ આપને જ છે ! આપ જ્યારે પુરાવાઓ રજૂ કરવાનો જ આગ્રહ રાખી રહ્યા છો, ત્યારે મારે કહેવું જોઈએ કે જો મારી આ સગી આંખ મને દગો દેતી ન હોય, તો કમલવતીના મહેલમાં કોઈ પુરુષનું ગમનાગમન હું રોજેરોજ નિહાળું છું. આ પુરુષાગમન જ મારી વાતનો પ્રત્યક્ષ પુરાવો છે. આથી વધુ પ્રબળ પુરાવો બીજો કયો હોઈ શકે ?

રણસિંહ ચમક્યો. એના વિશ્વાસની આભ ઊંચી દીવાલના પાયામાં જ જાણે એક સુરંગ ચંપાઈ હતી. એણે ફાટી આંખે પૂછ્યું : 'યોગિની ! શું રોજેરોજ કમલવતીના મહેલમાં કોઈ પુરુષ આવ-જા કરે છે ? તમે સગી આંખે સાવધાનીપૂર્વક આ જોયું છે ?'

ગંધમૂષિકા હવે વાતમાં વઘાર ન નાખે, તો એ મૂર્ખી ગણાય ! એણે છાતી ઠોકીને કહ્યું : રાજવી ! એટલું જ નહિ, રાતનો પ્રારંભ થાય, ત્યારે જ એ પુરુષ કમલવતીના મહેલમાં પ્રવેશે છે અને ઘડી-અધઘડીમાં જ એ પાછો જતો રહે છે.

આપના ભવનનો જાગતો ચોકીપહેરો એના માટે કઈ રીતે ઊંઘતો બની જાય છે અને ઘણાઘણાની આંખમાં એ કઈ રીતે ધૂળ નાખે છે, એનો વિચાર તો આપે જ કરવાનો છે ! ખરેખર લાડી જ્યારે માયાના દાવની ખેલાડી બને છે, ત્યારે જો બ્રહ્માને પણ એનો તાગ મળી શકતો નથી, તો પછી આપ એનો તાગ ન મેળવી શકો, એ કોઈ નવાઈની વાત ન ગણાય ! સારું થયું કે, મારે કમલવતીના આગ્રહથી રાજભવનમાં રહેવા આવવાનું થયું, તો પાપનો આ પડદો પકડાઈ ગયો. નહિ તો ન જાણે કેટલા સમય સુધી આપને અંધારામાં રાખીને કમલવતી આ પાપને પોષતી રહેત ! અને આખરે પીપળે ચઢીને એ પાપ જ્યારે પોકાર પાડત, ત્યારે આપની આબરૂની કેવી ધૂળધાણી થઈ જાત ! પાપનો એ ઘડો ભરાઈ જ ગયો લાગે છે ! એથી જ એના આગ્રહથી મારું રહેઠાણ અહીં આવ્યું હશે ? પાપનો ઘડો ફૂટ્યા વિના નથી રહેતો, એ આનું નામ !

રણસિંહનું દિલ આશંકાઓ અને સંદેહોનાં સાપોલિયાંઓથી ભરાઈ ગયું. છતાં કમલવતી તરફ સાવ અવિશ્વાસની આંખે જોવા એ તૈયાર ન થયો. એણે પૂછ્યું : યોગિની ! તમે સગી આંખે આ જોયું છે, એથી હું આને અસત્ય તો કઈ રીતે કહી શકું ? પરંતુ તમારા જેવી આંખ બીજાઓનેય મળી છે ! તમારી આ ફરિયાદની પૂર્વભૂમિકારૂપે આ વાતનો ઇશારોય મને બીજી કોઈ વ્યક્તિ નથી કરી ગઈ, એથી જો કમલવતીના મહેલમાં પ્રવેશતા પુરુષને હું જાતે જોઉં, તો પછી મને ઊંડે ઊંડે પણ કોઈ શંકા ન રહે ! શું તમે મને આજની રાતે કમલવતીના મહેલમાં પ્રવેશતા પરપુરુષનો પડછાયો પણ પ્રત્યક્ષ બતાવી શકશો ખરાં ?

યોગિનીએ છાતી પર હાથ મૂકીને કહ્યું : રાજવી ! પડછાયો જ શા માટે, એ પરપુરુષના પ્રવેશને બરાબર બતાવી આપવા હું તૈયાર છું. એના સમય-સંકેત હું બરાબર જાણું છું. આપની વાત સાચી ઠરે, તો એમાં હું જેટલો રાજીપો અનુભવીશ, એટલો તો આપ પણ નહિ અનુભવી શકો. પણ મને મારી આંખ પર જે વિશ્વાસ છે, એના બળે હું છાતી ઠોકીને એમ કહી શકું છું કે, જેમ મારી વાત ખોટી ઠરે, એવી એક ટકાનીય સંભાવના નથી, એમ આપની વાતની સચ્ચાઈ સાબિત થાય, એવી પણ એક ટકાનીય સંભાવના નથી. આજે રાતે આપ વેશપરિવર્તન કરીને મારા રહેઠાણમાં પધારો, પછી એ કલંકિનીના કાળા કામની ચાડી ખાતા પરપુરુષના પ્રવેશને હું નજરોનજર ન બતાવી શકું, તો મારી પર આપ ઉઘાડે છોગ થૂંકી શકો છો ?

પોતાની વાતને ખોટી ઠરાવવા મથતી રણસિંહની દલીલ પર જાણે ગુસ્સે ભરાઈ ગઈ હોય, એવા ભાવને જણાવતા કૃત્રિમ ક્રોધથી ધૂંઆંપૂંઆં થતી યોગિની ઊભી થઈ ગઈ. રણસિંહને થયું કે, યોગિનીની સાથે હવે વધુ જીભાજોડી કરવામાં મજા નથી ! નરમાશનો આશરો લેતાં એણે કહ્યું : યોગિની! હું એક દાસીના દેદારમાં બે ઘડી રાત વીત્યા પછી તમારા રહેઠાણમાં આવીને ઊભો રહીશ. કમલવતીના રાગને કારણે મારાથી ઓછું-વત્તું કંઈ બોલાઈ ગયું હોય, તો ક્ષમા ચાહું છું.

'આપનું સ્વાગત કરવા હું સજ્જ રહીશ. મુજ ગરીબની ઝૂંપડીમાં આપનાં પગલાં ક્યાંથી ? રાજવી રણસિંહ ! પધારજો, વહેલા પધારજો.'

યોગિનીએ કૃત્રિમ ક્રોધને દૂર કરીને આનંદની અભિવ્યક્તિ કરી. યોગિની વિદાય થઈ અને રણસિંહના નાનકડા મગજમાં દુર્વિચારોનો દરિયો ઠલવાઈ જઈને ઘૂઘવાટ અને તોફાન મચાવી રહ્યો. એનું મન એ વાત માનવા તૈયાર નહોતું કે, કમલવતી આવા કાળા કામથી પોતાના કુલ-શીલને કલંકિત બનાવે ! જ્યારે યોગિનીની વાતો એવું માનવા માટે જાણે બળાત્કાર કરીને વિવશ બનાવી રહી હતી કે, કમલવતી પણ આખરે તો સ્ત્રી જ છે ને ? સ્ત્રી એટલે અંતે તો માયાનું જ મંદિર ને ? બહાર વાંકોચૂકો ચાલતો સાપ દરમાં તો સીધો ચાલે છે. આ આરોપ સાચો સાબિત થાય, તો આ કમલવતી તો સાપથી પણ સવાઈ વાંકી નીકળી ગણાય ! પોતાના કૂડ-કપટથી મને જ ધૂતવા એ તૈયાર થઈ. ઓહ ! મારી સામે તો કેવો પ્રેમભાવ વ્યક્ત કરે છે ! અને આમ પરોક્ષમાં આવો વિશ્વાસઘાત પણ એ કરી શકે છે ! 'મુખ મેં રામ બગલ મેં છૂરી' રાખીને એ શું ખરેખર મનેય ઠગતી જ હશે ?

રણસિંહની આગળ દાંતરડા જેવું મંડાયેલું પ્રશ્નચિહ્ન ધીમેધીમે વધુ ઘેરું બનતું રહ્યું. શૂન્ય-મનસ્ક થઈને એ વિચારોની ગલી-કૂચીઓમાં આમતેમ અથડાઈ રહ્યો. ભોજનનો સમય ક્યારનોય થઈ ચૂક્યો હતો. આમંત્રણ માટે આવેલી દાસી બારણું બંધ જોઈને ત્રણ-ચાર વાર પાછી ફરી ગઈ હતી. એનો પાંચમો આંટો સફળ નીવડ્યો. બારણું ખુલ્લું હતું. અંદર જઈને એણે ભોજન માટે રાજવીને આમંત્રણ આપ્યું. દાસી આજે જોઈ શકતી હતી કે, રાજવી કોઈ પીડા અનુભવી રહ્યા છે. માનસિક બોજનો કોઈ મેરુ-પર્વત રણસિંહ પર ખડકાયો હોય, એમ દાસીને લાગ્યું.

દાસીના આમંત્રણે વિચાર-તંદ્રામાંથી જરાક જાગીને રણસિંહે એટલું જ કહ્યું કે,

તબિયત ઠીક ન હોવાથી ભોજન લેવાની રુચિ ઓછી છે. પણ ચિંતાનું કોઈ કારણ નથી. થોડા આરામની જ આવશ્યકતા છે.

દાસી પાછી ફરી. રણસિંહના માથા પર દુર્વિચારોનો દરિયો ફરી તોફાન મચાવવા મંડી પડ્યો. પ્રતીક્ષાનો આવેશ જ્યારે વધી જાય છે, ત્યારે એને પળ પણ યુગ સમી લાંબી જણાતી હોય છે. સાંજનો સાજ આકાશને આંગણેથી ક્યારે પૃથ્વીના પાટલે જલદી નીચે ઊતરે, એની આગભરી પ્રતીક્ષા રણસિંહને અકળાવી રહી.



• મેલી વિદ્યા સાધતી યોગિની

ગંધમૂષિકા પોતાના રહેઠાણમાં પહોંચી. ત્યાં પહોંચતાંની સાથે જ એણે મેલી વિદ્યાની સાધના આરંભી દીધી. જળમાં સ્થળનું સર્જન કરવાની અને સ્થળમાં જળબંબાકાર કરી દેવાની શક્તિ ધરાવતી એની વિદ્યા માટે કમલવતીના મહેલમાં કોઈ પુરુષને પ્રવેશતો બતાવવો, એ તો ડાબા હાથનો ખેલ હતો ! જરૂરી સાધના પતાવીને રણસિંહની જેમ યોગિની પણ રાતનું આગમન ઝંખી રહી. એના હૈયામાં આજે હર્ષ હિલોળા લઈ રહ્યો હતો. જે કામ માટે એ સોમાનગરીને સલામ ભરીને દિવસોથી વિજયવતીમાં ધામા નાખીને પડી હતી, એ કાર્યસિદ્ધિની પળને નજીક આવતી જોઈને એનો આનંદ હૈયામાં સમાતો નહોતો.

સંધ્યા સમયે યોગિની ગંધમૂષિકા કમલવતીના મહેલે જઈને થોડીક મીઠી વાતોય કરી આવી, જેથી રણસિંહ રાજવી જો અચાનક જ કોઈ ધડાકો કરી નાખે તો કમલવતીને યોગિની પર કોઈ શંકા ન જાય ! કમલવતીની સાથે આનંદ-પ્રમોદની મીઠી વાતો કરીને યોગિની જ્યારે પોતાના રહેઠાણમાં જઈ ઊભી, ત્યારે આકાશના કુંભમાંથી ધીમી ધારે અંધકારની અભિષેક-વર્ષા શરૂ થઈ ગઈ હતી.

ગંધમૂષિકા જે પળની પ્રતીક્ષા કરી રહી હતી, એ નજીક ને નજીક આવવા માંડી. દૂરદૂર રણસિંહની આગમન દિશામાં આશા-મીટ માંડીને, દાસીના દેદારમાં આવતી કોઈ વ્યક્તિને યોગિની ઝંખી રહી !

# ૧૧ માયાનો માર્ગ

પળના વિલંબને યુગ-સમોવડી ગણતી બે પ્રતીક્ષાઓનું જાણે રણસિંહ/યોગિનીના રૂપમાં મિલન થયું. યોગિનીના રહેઠાણનું એ સ્થળ હતું ને ઊતરતા અંધારાની એ વેળા હતી. બંનેની આંતરસૃષ્ટિમાં જિજ્ઞાસા અને આશંકાઓનાં ઘેરાં વાદળો ગોરંભાયાં હતાં. બંનેનો પ્રશ્ન એકસરખો જ હતો. યોગિનીએ પૂછ્યું : રાજવી રણસિંહ ! આપના આગમનની રાહ જોતાં આજે મને એવો અનુભવ થયો કે, પળ યુગ-સમોવડી કેમ બની ગઈ હશે ?

રણસિંહનો સવાલ પણ એવો જ હતો. એણે કહ્યું : યોગિની ! આ પ્રભાવ જ પ્રતીક્ષાનો છે. **પ્રતીક્ષા જ્યારે પ્રબળ બને છે, ત્યારે પળનો વિલંબ પણ અસહ્ય લાગતો હોય છે.** તમે ગયાં અને જે પ્રતીક્ષા મૂકતાં ગયાં, એ વધતી-વધતી અત્યારે તો મારા સમગ્ર જીવનને ઘેરી વળી છે. હજી મારું મન માનતું નથી કે, કમલવતી મારી સાથે દગો રમવા તૈયાર થાય !

રણસિંહના વાક્પ્રવાહને આગળ વધતો રોકતી યોગિનીએ કહ્યું : રાજવી ! મામાનું ઘર કેટલે, દીવો બળે એટલે ! હમણાં જ હું મારા પુરાવા રજૂ કરું છું, એ પૂર્વે આપને કંઈ કહેવું છે ? કમલવતીના કપાળમાં આપને કાળું કલંક હું બતાવી આપું, તો પછી આપ શું કરવા તૈયાર છો ?

રણસિંહ કોઈ વચન આપીને બંધાઈ જાય, એવો ન હતો. એણે કહ્યું કે, એ બધી વાત પછી. અત્યારથી જ કંઈ નક્કી ન કરી શકાય. તેલ અને તેલની ધાર જોયા પછી જ નિર્ણય કરવો વાજબી ગણાય. અત્યારે તો માત્ર પુરાવાઓનું પ્રત્યક્ષ દર્શન મેળવવા જ હું આવ્યો છું.

કુતૂહલતાના ઘરની પ્રતીક્ષા ખૂબ જ ખરાબ ચીજ છે. એ ચીજની અસર તળે આવેલો માનવી શું કરવા તૈયાર ન થાય, એ કહી જ ન શકાય ! રણસિંહ આવી પ્રતીક્ષાનો ભોગ બન્યો હતો. એથી આજે પોતાનો રાજપુરુષનો વેશ ફગાવી દઈને એક દાસીનો વેશ પહેરતાં એણે શરમ પણ નહોતી અનુભવી.

યોગિનીએ બધી પૂર્વ-તૈયારી કરી લીધી હતી. એણે રણસિંહ રાજવીની દાસી-કાયાને એક કાષ્ટાસન પર બિરાજમાન થવાની વિનંતિ કરી. વિનંતિ સ્વીકારાઈ જતાં જરૂરી અંધારપટ સરજીને યોગિની પણ પોતાના આસન પર ગોઠવાઈ ગઈ. અંધારાની ઓથે મેલી વિદ્યાના અધિષ્ઠાતાઓને એણે આહ્‌વાન પણ કરી દીધું. બસ, હવે તો બેડો પાર હતો. થોડી-ઘણી પળોમાં જ કાર્યસિદ્ધિ સામે પગલે દોડતી આવવાની હતી. યોગિની ગંધમૂષિકાએ 'સાવધાન'નો સાદ દેતાં કહ્યું :



• શંકિત નજરે રણસિંહનું કમલવતી તરફ નિરીક્ષણ

'રાજવી રણસિંહ ! સંકેતનો સમય હવે નજીક આવી રહ્યો છે. આંખ ખુલ્લી રાખજો, નહિ તો કમલવતીના કપાળે કલંકિની તરીકેનો કાળો કૂચડો ફેરવતો એ પુરાવો આપને હાથ-તાળી દઈને અને આપની આંખમાં ધૂળ નાખીને મહેલમાં પ્રવેશી જશે અને મારે ખોટી રીતે બદનામ બનવું પડશે. માટે નજરને ઝીણી બનાવીને બાજની અદાથી સામેના મહેલ તરફ મીટ માંડજો.'

રણસિંહ વધુ સાવધ બની ગયો. થોડી પળો પસાર થઈ અને રૂપ-રૂપના અંબાર જેવું એક યૌવન ચોર-પગલે આવતું એની નજરે પકડી પાડ્યું, એના પગલે-પગલે પ્રકાશ વેરાતો હતો. એની રૂપરાશિ જાણે કાયાની કંકાવટીમાંથી છલકાઈ-છલકાઈને બહાર વેરાતી હતી ને આભાની રેખા દોરાતી જતી

હતી. રણસિંહનું મગજ ચક્કર-ચક્કર ઘૂમવા માંડ્યું. કમલવતીના મહેલમાં પ્રવેશતાં એ સૌન્દર્યસ્વામીના પ્રથમ દર્શને જ રણસિંહના મનમાં એક એવો વિચાર જાગ્યો કે, સૌન્દર્યથી છલબલતા આવા યૌવનના ધારક પુરુષનો પ્રેમ, કમલવતીને વિશ્વાસઘાતી બનાવી જાય, એમાં કોઈ જ આશ્ચર્ય નથી ! આવા યૌવનનો પડછાયો પણ જ્યાં ભલભલી નારીઓના શીલ અને સમર્પણની ઉઘાડે છોગ લૂંટ ચલાવવાની શક્તિ ધરાવતો હોય, ત્યાં એનું સાક્ષાત્ સાંનિધ્ય કમલવતીને ભાનભૂલી બનાવીને વિશ્વાસઘાતી બનાવે, એમાં થોડા પણ આશ્ચર્યને અવકાશ ક્યાંથી હોઈ શકે ?

કમલવતીના મહેલમાં પ્રવેશતા એ પુરુષાકારે રણસિંહના મનમાં જબરી ઊથલપાથલ મચાવી દીધી. મોહના મૃગજળની પાછળ ઘેલા બનનારાઓએ જે સંગ્રામ જગવ્યા, એમનાં જીવન દગાના જે દાવપેચથી ગૂંચવણભર્યાં બન્યાં અને જે કાળી-કથાઓનું ભૂતકાળમાં નિર્માણ થયું, એનો ઇતિહાસ રણસિંહની નજર સમક્ષ તરવરવા માંડ્યો. એની મુખમુદ્રા ગંભીર અને ગમગીન બની ગઈ.

યોગિનીની ધારણા સફળ બની હતી. ગંધમૂષિકા જાણે પડતાં પર પાટુ મારવા સજ્જ થઈ હોય, એમ પૂછી બેઠી : બોલો, રાજવી રણસિંહ ! આનાથી વધુ સચોટ બીજો કોઈ પુરાવો પૃથ્વીના આ પાટલે મળી શકે ખરો ? માયાના મૃગજળની જ એ લીલા છે કે, આપ જેની પર દિલનો તમામ પ્રેમ ઠાલવતા હો, એ વ્યક્તિ વળી બીજા જ કોઈ પ્રેમપાત્ર પર પ્રીતિ રાખી રહી હોય ! નીતિનું વચન પણ ચેતવણી આપે છે કે, અતિશય વિશ્વાસ એ નાશનું મૂળ છે. મને ખાત્રી છે કે, હવે આ વાતથી આપ મંત્રીશ્વરને પરિચિત બનાવવાના જ ! અને છ કાને પહોંચેલી ગમે તેવી ગુપ્તવાત ફેલાવો પામ્યા વિના રહેતી નથી, એમ નીતિ કહે છે. એથી હું તો આપને એક જ વાત કહેવા માગું છું કે, આ વાત ગંધાતી થાય, એ પૂર્વે જ કલંકિત કમલવતી આ નગરનો ત્યાગ કરી જાય, એવાં કોઈ પગલાં લેવાય, તો સારું ! આ કાર્ય અંગે હું પણ મારાથી બનતી કળબળની સેવા આપવા તૈયાર છું. કમલવતીની સાથે મારે ભલે ગાઢ સખીપણું રહ્યું, પણ એથીય વધુ મહત્ત્વનું આપનું હિત મારા હૈયે વસ્યું છે. એ જ મને આવું બધું બળાત્કારે બોલાવે છે.

રણસિંહ કિંકર્તવ્યમૂઢ બની ગયો હતો. પોતાની હિત-ચિંતા કરનારી એક અજોડ શક્તિ/ભક્તિનું એને યોગિનીમાં સાક્ષાત્ દર્શન થઈ રહ્યું હતું. કોઈ પણ જાતનો નિર્ણય

લેવાની શક્તિ એ અત્યારે ગુમાવી બેઠો હતો. એથી એણે કહ્યું : યોગિની ! તમારો ઉપકાર તો હું જેટલો માનું, એટલો ઓછો જ રહેવાનો ! મોહથી અંધ બની ચૂકેલી મારી આંખો પર આપે આજે અનુભવનું અમૃતાંજન કર્યું છે અને એને ખોલી આપી છે. આ વિષયમાં આપની સલાહ/સૂચના વિના પગલું ભરવાય હું તૈયાર નથી. આજે ઊંઘ તો હવે આવવાની નથી ! પણ આ વેશપલટો કંઈ આખી રાત થોડો રાખી શકાય ? માટે આપના પ્રત્યેનો ભારોભાર અહોભાવ અંતરની છાબમાં ભરીને હું વિદાય થાઉં છું. બે-ત્રણ દિવસ બાદ મંત્રણા માટે મારું નિમંત્રણ આપને મળે. ત્યારે પધારવા અવશ્ય કૃપા કરશો. તો હું વિશેષ અનુગૃહિત થયો ગણાઈશ.

યોગિની અને રણસિંહ છૂટાં પડ્યાં. એકનું અંતર ચિંતામુક્ત બની રહ્યું હતું, તો બીજાના અંતરને ચિંતાઓનાં ધાડેધાડાં ઘેરી રહ્યાં હતાં. સિદ્ધિને હાથવેંતમાં જોતી યોગિની કંઈ વિજયપુરમાં વસવાટ કરવા નહોતી આવી ! હવે સોમાનગરી જવાની અને સોનામહોરો મેળવવાની એની ઉત્કંઠા વધી રહી હતી. એને એમ તો ચોક્કસ લાગી ગયું હતું કે, કમલવતી હવે આ નગરીની થોડા દિવસની મહેમાનગતિ જ માણી શકવાની છે. એટલે આ અંગે તો કોઈ વિચાર કરવાની એને આવશ્યકતા નહોતી. પણ એને વિચાર હવે પોતાનો જ કરવાનો હતો, કપટના કરોળિયાઓની કતારને કામે લગાડીને એણે પોતે જ જે માયાજાળની વાંકીચૂકી ગૂંથણી કરી હતી, એમાં પોતાને સપડાઈ જવાની પરિસ્થિતિ પેદા થાય, એ પૂર્વે જ એ વિજયવતીથી વિદાય થઈ જવા માગતી હતી. અને આ માટેનો ઉપાય યોગિનીએ હજી હવે ગોતી કાઢવાનો હતો.

**આ દુનિયામાં લગભગ તો બધાને જ અપની-અપની ઢોલકી પર, પોતપોતાના રાગ છેડવાની જ ટેવ હોય છે.** રણસિંહ રાતભર પોતાનો વ્યૂહ રચતો રહ્યો. યોગિની આખી રાત પોતાનો માયા-માર્ગ ગોતતી રહી. રાજસભાનો સમય થાય, એ પૂર્વે જ રણસિંહ તરફથી મંત્રીશ્વર મતિસાગરને તાકીદનું તેડું પાઠવવામાં આવ્યું. રણસિંહ વાતને રજૂ કરવાની તરકીબ વિચારી રહ્યો હતો, ત્યાં તો મંત્રી આવી પહોંચ્યા. સીધી જ વાત કરતાં રણસિંહે કહ્યું :

'મંત્રીશ્વર ! એક જબરજસ્ત કટોકટી ઊભી થઈ છે. તમારે જ તમારાં તમામ બળ-કળને કામે લગાડી દઈને આ કટોકટીમાંથી માર્ગ કાઢવાનો છે. આ કટોકટીના સર્જનમાં શત્રુઓએ નહિ, સગાના દગાઓએ જ ભાગ ભજવ્યો છે. એથી જ તો તમને

તાકીદનું તેડું પાઠવીને બોલાવવા પડ્યા છે.'

કટોકટી ! સગાના દગા ! મંત્રીશ્વરને આ શબ્દોચ્ચારો નવાઈભર્યા લાગ્યા. એમણે કહ્યું : રાજવી ! કંઈક માંડીને મનની મૂંઝવણ કહો, તો પરિસ્થિતિ સમજાય. બાકી તો આ સંસાર જ એક મોટામાં મોટી કટોકટી છે. એમાંય રાજકારણનાં રમકડાંઓનો સંસાર એટલે તો જાણે કટોકટી અને કાવાદાવાઓનો જ એક મોટો અખાડો !



• મંત્રીશ્વર સમક્ષ દિલનાં દ્વાર ખોલતાં રણસિંહ

રણસિંહ ગંભીર બની ગયો. મંત્રીશ્વરની આગળ એણે દિલનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં અને ગઈ રાતે નિહાળેલી ઘટનાને અથથી ઇતિ સુધી વર્ણવી બતાવીને અંતે એક લાંબો નિસાસો નાખતાં રણસિંહે પોતાની વાત પૂરી કરી કે, આ સંસારમાં વિશ્વાસઘાતનું વાયુમંડળ જ્યાં આ રીતે અને આટલું બધું વિષમય બની ચૂક્યું હોય, ત્યાં વિશ્વાસનો શ્વાસ કઈ રીતે અને ક્યાં લેવો ? એ જ મને તો સમજાતું નથી ! ભગવાન શ્રી મહાવીરદેવની વાતો ખરેખર આવા પ્રસંગો બને છે, ત્યારે તો ખૂબ જ સચોટ જણાવા માંડે છે. ભગવાન ભાખે છે કે, મૃગજળની માયા રાખી હોય, તો હજી કદાચ એ તૃષા સંતોષાય! પણ આ સંસારને જે સ્નેહથી વળગી પડે, એની ખાતર આત્મવિલોપન કરવાની કે ન્યોચ્છાવરી કરવાની હદ સુધીની પાગલતાને પણ જે હસતે હૈયે અદા કરે, એને પણ આ સંસાર દગો ન દે, કે એનો વિશ્વાસઘાત કરવાનો સંસારને વિચારેય ન આવે, એ અસંભવિત છે. મંત્રીશ્વર ! મારી મૂંઝવણ મેં રજૂ કરી દીધી, માર્ગ હવે તમારે ગોતી કાઢવાનો છે.

મંત્રીશ્વરના મનમાં યોગિની પ્રત્યે પહેલેથી જ એટલો સદ્‌ભાવ નહોતો. છેલ્લા ઘણા સમયથી રાજભવનમાં એનું જે ચલણ વધ્યું હતું, એનું કારણ મંત્રીશ્વરને અત્યારે

જડી આવ્યું. પણ રાજવીની વાત પરથી એ સમજી ગયા કે, પોતાનું સ્થાન-માન રાજવીના હૈયે જમાવવામાં યોગિનીને બહુ જ મોટા પ્રમાણમાં કહી શકાય, એવી સફળતા સાંપડી હતી. એથી યોગિનીનું ઘસાતું બોલવામાં બાજી બગડી જવાનો ભય હોવાથી મંત્રીશ્વરે રણસિંહને બીજી જ દિશા ભણી આંગળી ચીંધતાં કહ્યું :

'રાજવી ! આપની બધી વાત વિસ્તારથી સાંભળતાં મને એમ લાગે છે કે, કદાચ કમલવતીએ આપને દગો પણ દીધો હોય, પરંતુ આટલા માત્રથી આપે પણ વિશ્વાસઘાતનો રાહ લેવો, એ મને વાજબી જણાતું નથી. આપ આજની રાતે કમલવતી સાથે દિલ-ખોલ વાર્તાલાપ કરીને, એનેય એક વાર બરાબર સાંભળી લો. પછી જ કોઈ પણ નિર્ણય લેવાનો આપણને અધિકાર છે. આપે ભલે સગી આંખે પુરુષ-પ્રવેશને નિહાળ્યો. પણ પ્રવેશ પછીની કોઈ ઘટનાને જાણવા આપે પ્રયત્ન કર્યો છે ખરો? એ સિવાય આ રીતે કોઈની પર કલંક ચડાવવું, એ મને તો યોગ્ય જણાતું નથી.'

રણસિંહની આખી વિચારધારા ફેરવાઈ ગઈ. એણે કહ્યું : મંત્રીશ્વર ! તમારી વાત બરાબર છે. હું કાનબુટ્ટી પકડીને કબૂલ કરું છું કે, મારે એક વાર કમલવતીના હૈયાને જાણી તો લેવું જ જોઈએ ! આજે રાતે જ હું એને મળીશ. પછી એક-બે દિવસમાં આપણે ભાવિને કેવો વળાંક આપવો, એનો નિર્ણય લઈશું.

રણસિંહના મનની મૂંઝવણનો બોજો કંઈક ઓછો કરીને મંત્રીશ્વર છૂટા પડ્યા. રાજવીના દિલની બધી વાતો સાંભળ્યા બાદ એમને ચોક્કસ એમ લાગવા માંડ્યું હતું કે, કમલવતીને કલંકિત બનાવવાની કોઈ માયાજાળ રચાઈ ચૂકી છે. ભોળા રાજવીને એમાં સંડોવવાની કોઈકની મેલી મુરાદ પાર પાડવા યોગિની છેલ્લો દાવ નાખી ચૂકી છે અને એની મેલી વિદ્યા કપટના કુહાડાને હાથો આપીને કમલવતીના સંસારને છિન્નભિન્ન કરી નાખવા મેદાને કૂદી પડી છે ! એથી હવે રણસિંહ રાજવીને સાચી સમજણ આપવી મુશ્કેલ તો ગણાય જ ! છતાં મારે તો મારાથી બનતો પ્રયાસ કરી જ લેવો રહ્યો.

**માયાનો માર્ગ ફૂલથી છવાયેલો ગણાતો/જણાતો હોય છે, છતાં એ ફૂલ ક્યારે શૂલમાં પલટાઈ જાય, એ કહી શકાતું નથી !** આ વાતનો યોગિનીને બરાબર ખ્યાલ હતો, એથી પોતાની બાજી મંત્રીશ્વર ખરેખર ઊંધી વાળી ન નાખે, એ માટે જરૂરી સાવધાની રાખવામાં યોગિની હવે ગાફેલ રહે એમ ન હતી. રાજવી અને મંત્રીશ્વર વચ્ચે મંત્રણા થયાની વાત જાણવા મળતાં જ એણે એવું અનુમાન કર્યું કે, એક વાર કમલવતીને

મળી લેવાનું રાજવીને સમજાવવામાં જો મંત્રીશ્વર સફળ બન્યા હોય, તો એ પૂર્વે મારે રણસિંહને મળી લેવું જ જોઈએ !

સમી-સાંજનો સમય થાય, એ પૂર્વે જ યોગિની ગંધમૂષિકા કમલવતીના ભવનની આસપાસ આંટા મારીને રાજવી રણસિંહની વાટ જોઈ રહી. પોતાનું અનુમાન ખોટું ન ઠરે એવી શ્રદ્ધા ધરાવતી યોગિનીને લાંબી પ્રતીક્ષા ન કરવી પડી. રણસિંહ સમયસર કમલવતીને મળવા, શંકા-આશંકાઓથી ભરેલા અંતરનો બોજ ઉપાડીને નીકળ્યો. આંટા મારતી યોગિની નજરે પડતાં જ એણે સામેથી સાદ દીધો :

'યોગિની ! આનું નામ જ યોગાનુયોગ ! આપને મળવા હું ઇચ્છતો હતો, પણ કામકાજના હિસાબે આપને બોલાવીને મળી નહોતો શક્યો, પણ મળવાનું મારું ભાગ્ય હશે ! જેથી આમ અચાનક જ ભેટો થઈ ગયો !'

પ્રત્યક્ષ પુરાવો બતાવવામાં યોગિની સફળ થઈ. ત્યારથી રણસિંહનો એની તરફનો સદ્ભાવ વધી ગયો હતો અને એથી એ 'તમે'ના બદલે 'આપ' કહીને સંબોધતો થયો હતો. યોગિનીએ પણ આશ્ચર્યનો ભાવ વ્યક્ત કરતાં કહ્યું :

'રાજવી ! સરખેસરખી ભાવનાનો પડઘો પણ સરખો જ પડતો હોય છે. હુંય આપને મળવા ઇચ્છતી હતી, પણ ચાલુ પરિસ્થિતિમાં હું જો એમને એમ મળવા આવું તો મંત્રીશ્વરને વળી વહેમ પડે. એથી જ હું ટહેલતી હતી. મારું તો અનુમાન હતું જ કે, આપને એ કલંકિની સાથે એક વાર મળી લેવાનું દબાણ મંત્રીશ્વર કરશે જ. મારા અનુમાનમાં સચ્ચાઈનો અંશ ન હોય તો આપ મને ખુલ્લંખુલ્લી 'ના' કહી શકો છો.'

અનુમાનની આ વાત પરથી રણસિંહને યોગિની ઉપર વધુ વિશ્વાસ અને વધુ અહોભાવ જાગ્યો. એણે કહ્યું : આપના જ્ઞાનને ખોટું પાડનાર હું વળી કોણ ? અનુમાન સાચું છે. આજે કમલવતીને મળી લઈને બધી વાત જાણી લેવાનો મંત્રીશ્વરનો આગ્રહ છે. પછી જ બધો નિર્ણય લેવાનો વિચાર રાખ્યો છે.

યોગિની મનોમન જરા ઉદાસ થઈ ગઈ. એને થયું કે, મંત્રીશ્વર દંભના મારા પડદામાં ઊભો ને ઊભો ચીરો તો નહિ મૂકે દે ને ? છતાં એ હતાશ થાય એવી ન હતી. એણે કહ્યું : કમલવતીને મળવાની વાતમાં તો મારે ના કહેવાની હોય જ નહિ ! પણ મારું કહેવું એટલું જ છે કે, એનાથી ચેતીને વાતચીત કરજો. ઘણી વાર દગલબાજ

વ્યક્તિ ચરણની રજ ચાટી જવા જેવી વિનમ્રતા દાખવતી હોય છે. કુલટાઓ સ્વામી-સેવાનો ડોળ બતાવવા શબ્દોના સાથિયા પૂરવામાં પૂરી કુશળ હોય છે, એટલું ભૂલતાં નહિ. એની કોઈ પણ વાત પર વિશ્વાસ મૂકતાં પહેલાં, મેં બતાવેલા પ્રત્યક્ષ પુરાવાને નજર સામે રાખવાની વિનંતિ પણ એટલા માટે જ કરવી પડે છે કે, આપનું ભાવિ અંધકારમય ન બને !

મંત્રીશ્વર સાથેની મંત્રણાથી કંઈક કૂણા બનેલા રણસિંહના કાળજાને પુનઃ કઠોર બનાવીને યોગિની ગંધમૂષિકા સરકી ગઈ. આજની આ છેલ્લી પળ સુધી એના બધા પાસા સીધા પડ્યા હતા. પોતાની કુટિલ કપટ-લીલા પર એને એવો અડગ વિશ્વાસ હતો કે, મતિસાગર જેવા તો કેઈ મંત્રીઓને મેં ભૂ પીતાં કર્યા છે ! આની પાસે તો મતિનો એવો કયો સાગર છે કે, એ મને હંફાવી શકે ?

યોગિની પોતાના રહેઠાણમાં જઈને આનંદી ઊઠી. પણ એ હાસ્યની ભીતરમાં એક મોટી ચિંતા ઘેરી બની રહી હતી. યોગિનીએ માયાની જાળ તો આબાદ રચી હતી, પણ હવે એમાં પોતાની જાત સપડાઈ ન જાય, એ માટેનો વ્યૂહ એણે ગોતી કાઢવાનો હતો.

આશંકા/કુશંકાઓનું એક મોટું પોટલું માથે મૂકીને રણસિંહ આગળ વધ્યો. કમલવતીનો મહેલ નજર સામે જણાઈ રહ્યો હતો. રણસિંહ મહેલની સોપાન-શ્રેણી ચઢવા માંડ્યો, ત્યારે આકાશને આંગણેથી સંધ્યાના રંગ વિખરાઈ ચૂક્યા હતા અને દીપ-પંક્તિઓનો પ્રકાશ રાજમહેલને પ્રકાશિત કરવા કટિબદ્ધ બની ગયો હતો.



# ૧૨

# રણસિંહ કમલવતીનું કાળજું કચડે છે.

દૃષ્ટિમાં જો દ્વેષનું વિષ રેડાઈ ગયું હોય, તો સ્નેહાળ સૃષ્ટિ પણ સોમલને ઓકતી જણાય છે. દૃષ્ટિમાં જો સ્નેહનું અંજન અંજાયેલું હોય, તો શત્રુની સૃષ્ટિ પણ અમૃતના અભિષેક કરતી હોય, એમ લાગે છે. કહેવત પણ છે કે, જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ !

રણસિંહની દૃષ્ટિમાં દ્વેષનું વિષ રેડાઈ ચૂક્યું હતું. એથી કમલવતીના અંતરના આવકારને પણ માયાના જ એક દાવ તરીકે રણસિંહે ખતવી નાખ્યો. એની દૃષ્ટિ ફરી ગઈ હતી, એથી કમલવતીની તમામ બોલચાલમાં એને અત્યારે માત્ર દેખાવ અને ડોળનું જ દર્શન થતું હતું. રણસિંહ અને કમલવતી આજે ત્રણચાર દિવસ બાદ મળી રહ્યાં હતાં.

વાતાયનની વાટેથી મંદમંદ પવન આવી રહ્યો હતો. એની લહેરથી ઝિલમિલ થતી દીપ-પંક્તિઓનો પ્રકાશ, વાતાવરણને કંઈક નવું જ સૌન્દર્ય બક્ષી રહ્યો હતો. આવા મોહક/આલ્હાદક વાતાવરણ વચ્ચે આજ સુધી કમલવતીના આ મહેલમાં વિશ્વાસભર્યા કેઈ વાર્તાલાપો કલાકોના કલાકો સુધી થયા હતા ! રણસિંહને કોઈ દુઃખ-

દર્દ લાગુ પડ્યું હોય, તો એની વેદના કમલવતીએ અનુભવી હોય, અને કમલવતીના દુઃખની વેદના રણસિંહે અનુભવી હોય, એવાય દિવસો/મહિનાઓ આ જ મહેલમાં વીત્યા હતા. પણ રણસિંહ આ ભૂતકાળને યાદ કરવા આજે તૈયાર ન હતો. એથી કોઈ જાતની ભૂમિકા બાંધ્યા વિના જ એણે કમલવતીની સામે સીધો જ સણસણતો સવાલ કર્યો :

'કમલવતી ! હું આજે તારું દિલ-દ્વાર ખોલી દઈને એક પ્રશ્નનો જવાબ મેળવવા આવ્યો છું. બધાં જ આવરણો હટાવી દઈને તું તારું દિલ-દ્વાર ખોલવા તૈયાર છે ખરી ? તને મારો આ સણસણતો સવાલ છે !'

કમલવતી માટે આ એક નવો જ સવાલ હતો. સવાલના આ શબ્દોમાં આજે એને બાણની અણી જેવી તીક્ષ્ણતા જણાતી હતી. રણસિંહની બોલચાલમાં એકાએક આવી ગયેલું આ પરિવર્તન, કમલવતીના દિલને સખત આઘાત આપી ગયું. એથી એણે ગદ્‌ગદ સ્વરે કહ્યું :

'સ્વામી ! આપની આગળ આજ સુધી મેં કોઈ દહાડો મારા દિલનું દ્વાર જો બંધ રાખ્યું હોય, તો એને ખોલવાનો સવાલ રહે ને ? હું જ જ્યાં આખી આપને સમર્પિત છું, ત્યાં દિલના દ્વારને ખોલવા કે બંધ કરવાના પ્રશ્નને અવકાશ જ ક્યાં રહે છે ? મેં આપનાથી કશું જ છુપાવ્યું નથી અને હું કશું છુપાવવા પણ માગતી નથી ! મારા માટે આપને આજે આવો પ્રશ્ન કેમ કરવો પડ્યો, એ જ મને સમજાતું નથી !'

કમલવતીના ગળે ડૂમો બાઝી ગયો. એ આગળ વધુ ન બોલી શકી. સ્વામીના દિલમાં ઝંઝાવાતની ઝડપે આવેલા અણધાર્યા આ પરિવર્તનની એને કોઈ જ ગંધ નહોતી આવી. એથી એના આઘાતનો પાર ન હતો. રણસિંહના કાન એવા ભંભેરાઈ ગયા હતા કે, આ બધી વાતો સાંભળીને એ મનોમન વિચારી રહ્યો હતો કે, સ્ત્રીની માયાનો પાર કોણ પામી શકે ? એક તરફ કોઈના યૌવનને અભડાવતાં આ કલંકિની શરમાતી નથી અને બીજી બાજુ પોતાની જાતને સ્વામી-સમર્પિત તરીકે ઠસાવવા આ કુલટા કેવાં કેવાં લટકાં-મટકાં કરી રહી છે !

રણસિંહને થયું કે, કોથળામાં પાંચ શેરી કૂટવાથી કામ નહિ સરે ! કમલવતીના લાગણીશીલ દિલની કોમળતાનો જરાય વિચાર કર્યા વિના, એની પર પથ્થર ગબડાવી દેવા જેવી ધૃષ્ટતા કરતાં એણે ધડાકો કર્યો : કુલટા! કોઈના યૌવનને અભડાવતી તને



• કમલવતી પર ગુસ્સો ઠાલવતા રણસિંહ

નજરોનજર જોયા પછી પણ તને 'સ્વામી-સમર્પિત' સ્વીકારી લઉં, એટલો હું મૂર્ખ નથી ! પળ બે પળમાં આપણો હિસાબ ચૂકતે કરી દેવા, હું આજે અહીં આવ્યો છું. તારા મહેલમાં કોઈ પુરુષનો પ્રવેશ મેં સગી આંખે નિહાળ્યો છે. બોલ, જલદી બોલી નાખ, તારે તારા બચાવમાં શું કહેવાનું છે ?

સિંહનો નાદ સાંભળીને મૃગલાઓ થર થર ધ્રૂજી ઊઠે, એવી સ્થિતિ કમલવતી અનુભવવા માંડી. એને થયું કે, ચોક્કસ પરભવનાં કોઈ કુકર્મ જ ઉદયમાં આવી પડ્યાં છે, નહિ તો ગઈ કાલ સુધી નેહભીની નજરે જોનારા સ્વામીની આંખમાંથી આજે આમ એકાએક અંગારા ક્યાંથી વરસવા માંડે ? એણે આશ્ચર્ય/આઘાત અને અનુતાપની ત્રિવિધ લાગણી અનુભવતાં કહ્યું :

'સ્વામી ! આપ અત્યારે જે પ્રશ્ન પૂછી રહ્યા છો, એ પરથી મને એમ લાગે છે કે, મારાં પુણ્ય પરવારી ચૂકવાની અણી પર છે, નહિ તો આપની આંખમાં આવી કઠોરતા હોય ખરી ? મન, વચન અને તનથી આપના સિવાય કોઈ પણ પુરુષ સાથે પ્રેમ કરવાનું મને કદી સ્વપ્ન પણ નથી આવ્યું ! એથી આ પ્રશ્ન સાંભળતાં જ મારું આશ્ચર્ય સમાતું નથી. કોઈ પરપુરુષને પ્રવેશ આપવાની જ્યાં સ્વપ્નમાંય મારી તૈયારી નથી, ત્યાં વળી મારે મારા બચાવમાં કહેવાનું શું હોય ?'

કમલવતી રણસિંહના પગ પકડીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડી. રણસિંહની આંખમાં જો યોગિનીએ ભ્રમણાની ભૂરકી નાખી ન હોત, તો એને એ વાત સમજી જતાં વાર ન લાગત કે, અપરાધીની વૃત્તિ-પ્રવૃત્તિમાં આટલો બધો અનુતાપ ન જ હોઈ શકે ! પણ આજે એની આંખ સ્વચ્છ નહોતી. એથી ચરણની ચાકર બનેલી કમલવતીના આ વર્તન અંગે એને અવળો જ વિચાર આવ્યો. પોતાનો પગ ખેંચી લઈને કમલવતીના મસ્તકને પૃથ્વી પર પટકી પાડતાં એણે કહ્યું :

'તમે સ્ત્રીઓ તો આવી માયા કરવામાં બહુ જ કુશળ હો છો ! તમારા લોકોની કપટ-કુશળતાનો તાગ મેળવવા જતાં તો બ્રહ્માનેય હાર કબૂલવી પડે. તારામાં પણ

સ્ત્રીસુલભ માયા હોય, એને હું ક્ષંતવ્ય લેખું છે. પણ મારી સાથેય વિશ્વાસઘાત રમવા સુધીની ધૃષ્ટતા કરનારી તારી માયાવૃત્તિને તો હું હરગીજ સહી લેવા તૈયાર નથી ! મેં મારી સગી આંખે, હજી બે દિવસ પૂર્વે જ રૂપરૂપના અંબાર સમા એક યૌવનને અંધારાની ઓથે તારા મહેલમાં પ્રવેશતું નિહાળ્યું છે, અને તું ઉપરથી વળી શેખી મારે છે કે, સ્વપ્નમાંય પરપુરુષને પ્રવેશ આપવા હું તૈયાર નથી ! આ વાતને હું કઈ રીતે સ્વીકારી શકું ? તારી વાત કરતાં મને મારી આંખ પર વધુ વિશ્વાસ છે ! એથી હું છાતી ઠોકીને કહેવા તૈયાર છું કે, તું કોઈ પરપુરુષ સાથે મૈત્રીનો માંડવો માંડીને બેઠી છે અને એને છુપાવવા જ આવા બધા ચેન-ચાળા કરીને મને ઠગવા માગે છે, પણ હવે મારી આંખ ખૂલી ગઈ છે, તું મને હવે ધૂતી નહિ શકે. હજી પણ તને એક વાર તક આપું છું. બોલ, તારે તારા બચાવમાં કંઈ કહેવું છે ?

કમલવતી સમજી શકતી નહોતી કે, પળમાં જ આ પલટો ક્યાંથી આવી ગયો ! કોણ એને ખેંચી લાવ્યું ને કોના નિમિત્તે એ ખેંચાઈને આવ્યો ? અત્યારે એના મન-દ્વારે યોગિની ખડી થઈ ગઈ. એને વિચાર આવ્યો કે, હમણાં જો મારી દિલોજાન સખી યોગિની અહીં ઉપસ્થિત હોત, તો એ મારા બચાવમાં ઊભી રહીને, કલંકિત થતી મને આબાદ બચાવી લેત ? પરંતુ આખો દહાડો મારો પડછાયો બનીને અહીં જ રહેતી યોગિની ખરેખર અણીના અવસરે જ ગેરહાજર છે ! **સાચે જ વિપત્તિ આવે છે, ત્યારે મુહૂર્ત જોઈને આવે છે, જેથી એનો વંશવેલો વધતો જ રહે !** કમલવતી સમજી ગઈ કે, હવે બચાવમાં હું જે કંઈ બોલીશ, એ જ ઉપરથી મારું બંધન બની જશે, એથી ટૂંકમાં જ જવાબ વાળતાં એણે કહ્યું :

• આંસુ સારતી કમલવતી



'સ્વામી ! બરાબર સમજુ છું કે, અત્યારે મારા બચાવ માટે જે બોલ બોલીશ, એ જ બોલ મારા બંધન માટે બેડી બની જવાના છે. છતાં એટલું કહ્યા વિના પણ હું રહી શકતી નથી કે, આપની નજરને તો હું ખોટી કઈ રીતે કહી શકું ! પરંતુ છાતી ઠોકીને એવું કહેવાની હિંમત પણ મારામાં છે કે, હું અણદાગ છું. મારું શીલ શુદ્ધ છે. આ જ મારું બચાવનામું છે. છતાં આપ પરપુરુષના પ્રવેશને સગી આંખે નિહાળ્યાની વાત જકારપૂર્વક કરો છો, ત્યારે માની લેવું જોઈએ કે કોઈ મેલી વિદ્યાના સાધકની

આ માયા હોવી જોઈએ ! યોગિનીએ મને ઘણી વાર કહ્યું છે કે, રાજભવનોમાં આવી માયાને ખેલવા માટેનું મોકળું મેદાન ક્યારેક મળી જતું હોય છે. માટે મારી આ વાત પર પણ આપ શાંત ચિત્તે વિચાર કરશો.'

કમલવતીની આ વાતે બળતાંમાં જાણે ઘી હોમવાનું કામ કર્યું ! રણસિંહ તાડૂકી ઊઠતાં બોલ્યો :

'કુલટા ! મેલી વિદ્યાની મોંકાણ ક્યાં માંડે છે ? તારા માયાવી મનની મેલી મુરાદોની મોંકાણ માંડને ! તારી પાપ-લીલાને છુપાવવા મેલી વિદ્યાની વાતનો પડદો તું નાખી દેવા માગે છે, એ હું નથી સમજતો શું ? પણ કાળજે કોતરી રાખ કે, પાપ પીપળે ચઢીને પણ પોકાર પાડવાનો સ્વભાવ-પ્રભાવ ધરાવે છે. તારી આ પાપ-માયાને મેં પ્રત્યક્ષ નિહાળી છે, ત્યારથી મારા માટે ખાવું-પીવું હરામ બની ગયું છે ! મારી ખાતર તેં જે કર્યું અને તારી ખાતર જે કરવાની મારી તૈયારી હતી, એ બધું આજે હું ભૂલી જવા માગું છું. આવો વિશ્વાસઘાત ! આવો દગો ! અને આવી પાપમાયા ! કોઈને નહિ અને તેં તારી માયાનું નિશાન મને જ બનાવ્યો ! તૂટેલા કાચ અને મોતી હજી કદાચ સંધાઈ જાય ! પણ દિલ-દિલ વચ્ચે જ્યારે ભંગાણ ઊભું થાય છે, ત્યારે એ કોઈ દિવસ સંધાતું નથી. કદાચ બળજબરીથી કોઈ એને સાંધી દે, તોય એ સાંધા વાંધાભર્યા રહેવાનું જ ભાવિ ધરાવતા હોય છે. માટે હજી તને કાલનો સમય આપું છું, ત્યાં સુધી તું તારા પાપનો એકરાર કરી લે, તો સારું ! બાકી એટલું તો નક્કી જ છે કે, હવે આપણા અંતર વચ્ચે પડેલું અંતર ઓછું થાય, એ મને તો જરાય સંભવિત લાગતું નથી !'

રણસિંહ ઊભો થઈ ગયો. કમલવતી પોતાના કાળજાને કાબૂમાં ન રાખી શકી. એ ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી. રણસિંહ વધુ કઠોર બન્યો. દાઝ્યા પર ડામ દેતાં એણે કહ્યું : તારાં આંસુ મને પિગળાવી જાય, એવો બાયલો કે બાયડીઘેલો હું નથી ! અત્યારે પણ માયા ! પાપમાંય માયા ! પાપના બચાવમાંય માયા ! નીતિ-શાસ્ત્ર સાચું જ કહે છે- સ્ત્રિયાઃ ચરિત્રં, પુરુષસ્ય ભાગ્યં, દેવો ન જાનાતિ કુતો મનુષ્યઃ ? નારીના ચરિત્રને અને પુરુષના પ્રારબ્ધને જો દેવ પણ જાણી શકતા નથી, તો એને જાણવામાં પુરુષનું તો શું ગજું ?

કમલવતીની કરુણ દશા રણસિંહના દિલમાં વધુ કઠોરતા જગાવવામાં નિમિત્ત બની ગઈ. એ વધુ નિષ્ઠુર બન્યો. ધ્રુસકે-ધ્રુસકે રડતી કમલવતીની કાયા પર એક

પગપ્રહાર કરીને આવેશમાં ને આવેશમાં એ ચાલતો થયો. અત્યારે કમલવતીને સાંત્વન આપનાર ત્યાં કોઈ હાજર નહોતું. પાણી વિના તરફડતી માછલીની જેમ એ તરફડાટ પામતી રહી, એમાંથી મૂર્છા જન્મી. થોડી પળો બાદ એને કંઈક કળ વળી, ત્યારે એ મનોમન કર્મના નાટકસમી સંસાર-સ્થિતિનો અને મૃગજળની માયા જેવી સ્નેહ-દશાનો વિચાર કરીને કંઈક સાંત્વન પામવા કોશિશ કરી રહી, પણ બનાવ જ એવો બનવા પામ્યો હતો કે, સાંત્વનના તારને સાંધવામાં સફળતા પામવી અશક્ય હતી. કાળક્ષેપ વિના એ સફળતાનું સંપાદન કરી આપવા કોઈ સમર્થ નહોતું.

રણસિંહના દિલમાં અસર પેદા કરી ગયેલું યોગિનીનું કપટ-કામણ હજી સુધી તો જળવાઈ જ રહ્યું હતું. કમલવતીની કોમળ કાયા પર અને એથીય વધુ કોમળતા ધરાવતા એના કાળજા પર નિષ્ઠુર રીતે પગ મૂકીને રણસિંહ પોતાના શયનખંડમાં આવ્યો તો ખરો ! પણ આવું પાપ આચરનારા રણસિંહ પર નિદ્રાદેવી મહેર કઈ રીતે કરે ? એની ઊંઘ જ્યારે વેરણ બની, ત્યારે કમલવતીને પોતે જે પરિસ્થિતિમાં અને જ્યાં પરણ્યો હતો, એ દૃશ્યથી માંડીને પોતાના જીવનનું ચિત્રપટ રણસિંહની આંખ પાસેથી ધીમેધીમે પસાર થવા માંડ્યું.

**અજબગજબની લીલા છે, આ મનની ! મનના તરંગોનો તો તાગ પમાય એમ જ નથી, ગમતું એને ક્યારે અણગમતું બની જાય અને અણગમતું એને ક્યારે પાછું અતિપ્રિય બની જાય, એ કહી શકાતું નથી. મનના પ્રવાહો, એનાં વલણો અને એની ગતિ/વિધિ આકાશી વાદળ કરતાંય વધુ અસ્થિર અને અતાગ રહી છે.** રણસિંહ પથારીમાં પડ્યો-પડ્યો પોતાના જીવનનું ચિત્રપટ નિહાળી રહ્યો. જીવનના પ્રસંગપટોનું એ દર્શન કરતાં કરતાં કમલવતીને મેળવવા માટે પોતે કરેલા ધમપછાડા, એના મિલન પછી માણેલી મનઃપ્રસન્નતા, વર્ષો સુધીના એના સહવાસમાં સાક્ષાત્ અનુભવેલું દર્પણ જેવું સ્વચ્છ એનું સમર્પણ : આ બધું યાદ આવી જતાં રણસિંહની વિચારધારાએ પાછો ઝંઝાવાતી ઝડપે પલટો લેવા માંડ્યો. છેલ્લી મુલાકાતનાં એ ચિત્રો, વધુ સ્પષ્ટતા ધરવાપૂર્વક રણસિંહને દર્શન દઈ રહ્યાં.

કમલવતીને કુલટા અને કલંકિની તરીકે વગોવીને આવેલા રણસિંહના મનોવલણને, મુલાકાતનાં એ ચિત્રો બીજી જ કોઈ દિશામાં ઘસડી ગયા અને જાણે મને-કમને એ વિચારી રહ્યો : કમલવતી જો સાચોસાચ અપરાધિની જ હોત, તો એની

વાતચીત કે એની ચાલચલગતમાં એનો એ અપરાધ ડોકાયા વિના રહેત ખરો ? મેં એની સામે આગ વેરી, પણ એણે તો મારી સામે બાગનાં ફૂલો જ ધર્યાં ! મેં આક્ષેપોની ઝડીઓ વરસાવીને એની ફજેતીનો ફાળકો કરવામાં કંઈ બાકી ન રાખ્યું, એ તો મને છેક છેલ્લે સુધી 'સ્વામી'ના સ્નેહભર્યા સંબોધનપૂર્વક જ બોલાવતી રહી ! આ વિલક્ષણતા કુલટા કે કલંકિનીના જીવનમાં હોવી સંભવિત નથી. યોગિની પર એનેય શ્રદ્ધા છે, મનેય શ્રદ્ધા છે. તો પછી મારે સાચું શું સમજવું ? મુલાકાત પછી અત્યારે મારા મન સામે ઉપસ્થિત થતી આ ફલશ્રુતિ ? કે પેલી રાતે નજરોનજર જોયેલો પુરાવો ? આ બેમાંથી મારે સાચું શું સમજવું ?

રણસિંહની વિચારધારા અટકી. એ જરા ઊંડો ઊતર્યો. કપટનું કામણ હવે ધીમેધીમે જરા ઓછું થવા માંડ્યું હતું, એથી કમલવતીની સામે આગ વરસાવતા રણસિંહની નજરમાં હવે કંઈક નરમાશ આવવા માંડી હતી. એ નરમાશની માત્રા વધતી-વધતી એટલી હદ સુધી પહોંચી કે, રણસિંહે એવો નિર્ણય કર્યો : કદાચ કમલવતી યૌવનના આવેશમાં આવીને ભૂલનો ભોગ બની બેઠી હોય, તોય મેં એની પર આજે જે વર્તાવ કર્યો, એ તો મારા જીવનની ભીંત જેવી એક મોટી ભૂલ જ ગણાશે ! એ જેમ વધુ કોમળ બનતી ગઈ, એમ હું વધુ ને વધુ કઠોર બનતો જ ગયો ! અરેરે ! અબળા ગણાતી એ કેટલું બધું ગળી ગઈ અને કેટલાબધા કડવા ઘૂંટ મોં મચકોડ્યા વિના જ એ ગટગટાવી ગઈ ! જ્યારે હું નિષ્ઠુર/નઠોર બનીને એનું હૈયું ભાંગતો જ રહ્યો. રડતી કમલવતી પર પગનો પ્રહાર કરીને તો મેં મારી માનવતાને જ હણી નાખી !

• વિચાર-મગ્ન રાજવી રણસિંહ



રણસિંહ જેમ વધુ વિચારતો ગયો, એમ કમલવતીની મહાનતાની મહેક એને વધુ ને વધુ તરબતર બનાવવા લાગી. એને એક વાતનો સંતોષ હતો કે, આટલા આવેશમાં હોવા છતાં બચાવમાં કમલવતીને પોતે એક તક આપતો આવ્યો હતો. એના અંતરમાં એ બાબત આનંદજનક હતી કે, આવી પરિસ્થિતિમાં જેનું માર્ગદર્શન મહત્ત્વનું બની રહે, એવી યોગિનીનું પોતાની પાસે સાંનિધ્ય હતું.

રાત સમસમ કરતી આગળ વધી રહી હતી. અંધકાર વધુ ને વધુ ગાઢ બન્યે જતો હતો. કમલવતી,

રણસિંહ અને યોગિની ગંધમૂષિકા : આ ત્રણે પોતપોતાની વિચાર-સૃષ્ટિમાં ખોવાઈ જઈને નિદ્રાને માણવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. પણ એમની નિદ્રા વેરણ બની ચૂકી હતી અને એઓ પોતપોતાના વિચારવમળમાં વધુ ને વધુ ઊંડાં ઊતરી રહ્યાં હતાં. ભાવિના ભેદને ભાળવાની અગમ્ય-શક્તિ એમની પાસે નહોતી. એથી યોગિનીના દિલમાં એક એ જ પ્રશ્ન ઘૂંટાઈ રહ્યો હતો કે, મારી યોજનાની નાવ કિનારે આવીને ડૂબી તો નહિ જાય ને ? રણસિંહને એ વિચારવેગ સતાવતો હતો કે, કાલે હું કમલવતી પાસે જઈશ, ત્યારે એ મને ધૂત્કારી તો નહિ કાઢે ને ? કમલવતીને મૂંઝવતો પ્રશ્ન એ હતો કે, સ્વામીનાથ ! કાલે મને દેશવટો તો નહિ દઈ દે ને ?

વિધિનાં વિધાન કેવાં હતાં ? ભાવિના ભીતરમાં કયા ભેદ છુપાયા હતા ? અને સમયસાગરના કિનારે કેવા તરંગો ઊઠવાના હતા ? એની પ્રતીક્ષા વિજયવતીમાં આગળ પડતાં સ્થાન-માન ભોગવતી રણસિંહ, યોગિની અને કમલવતીની એ ત્રિપુટી કરી રહી. એ ત્રણેયની આંખમાં ઊંઘ ન હતી, અને અંતરમાં શાંતિ ન હતી.

૧૩

# માયાનો છેલ્લો દાવ ફેંકતી યોગિની

મનને જે તરંગીપણું વર્યું છે, એની જોડ જડવી મુશ્કેલ છે. મન કદી પહાડનાં કપરાં ચઢાણ મોજથી ચડી જતું હોય છે, તો ક્યારેક એકાદ નાની ટેકરી પરથી નીચે ઊતરતાંય એ થાકીને લોથપોથ થઈ જતું હોય છે. ભરઉનાળે ક્યારેક સરોવર-સ્નાન કરતાં-કરતાં એ પ્રચંડ ગરમીનો ઉકળાટ અનુભવતું હોય છે, તો ઉનાળાના મધ્યાહ્ને રાખના ઢગલામાં આળોટતાં ક્યારેક એ સરોવર-સ્નાન જેવી શીતળતા અનુભવતું હોય છે.

મનના તરંગીપણાની સચોટ પ્રતીતિ કરાવતી વિચારધારાનો વાહક રણસિંહ, કમલવતી સાથેની મુલાકાતના કાળમાં જેટલો કઠોર હતો, મુલાકાત પછીના ગાળામાં એટલો જ કોમળ બનીને એ કમલવતી તરફની પ્રીતિના અંકુરને અંતરની ધરતી પર પુનઃ ઉછેરી રહ્યો. દૃષ્ટિ બદલાતાં દ્રષ્ટા માટે સૃષ્ટિ પણ બદલાઈ જતી હોય છે, એ આનું નામ ! નહિ તો રણસિંહના દિલમાં કમલવતી તરફ કૂણી લાગણી પેદા થાય, એવી કોઈ સંભાવના જ જણાતી નહોતી.

રણસિંહના દિલમાં ગઈ કાલ કરતાં વિરુદ્ધ ગણી શકાય, એવી વિચારધારા આખો દિવસ વહેતી રહી. મંત્રીશ્વર સાથે મુલાકાત યોજાઈ ગઈ હતી. બધી વાત સાંભળીને

એમણે કહ્યું કે, આજની મુલાકાત પછી આગળ વિચારવું યોગ્ય ગણાય ! યોગિની સાથે વાતચીત કરવાનો કોઈ મોકો મળી શક્યો ન હતો. સમી-સાંજે રણસિંહ કમલવતીના મહેલમાં પહોંચ્યો. એ જ ઉમળકા સાથે આવકાર આપવા કમલવતી સજ્જ હતી. આસન ઉપર બેસતાંની સાથે જ રણસિંહે વાત શરૂ કરતાં કહ્યું :

'કમલવતી ! તારી સાથે ગઈ કાલે મેં જે કઠોર-નઠોર વર્તાવ કર્યો, એથી આખી રાત મારું હૈયું વેદનાથી વલોવાતું રહ્યું. મને લાગ્યું કે, ભલે મેં તારા મહેલમાં પરપુરુષનો પ્રવેશ સગી આંખે નિહાળ્યો ! પણ આવી કઠોરતા અને નિષ્ઠુરતાથી મેં તને 'દાઝ્યા પર જે ડામ આપ્યા, એ તો મારી ભીંત જેવી એક મોટી ભૂલ હતી ! એ માટે ક્ષમા ચાહું છું.'

રણસિંહ ગળગળો બની ગયો. એની આંખે ઝળઝળિયાં આવી ગયાં. કમલવતીને થયું કે, ધીરજનાં ફળ મીઠાં હોય છે, એ વાત કાઢી નાખવા જેવી તો નથી જ ! કમલવતીને માટે વિજયનો ગર્વ લઈ શકાય, એવી આ વાત હતી, છતાં એણે કહ્યું :

'સ્વામીનાથ ! આમાં વળી આપને ક્ષમા શાની માગવાની હોય ? ગઈ કાલે મારું ભાગ્ય વાંકું હતું, આજે એ સીધું બની ગયું લાગે છે. માટે આપ તો નિર્દોષ જ છો, જે કંઈ દોષ હોય, એ મારા ભાગ્યનો છે.'

ભયથી ફફડતા કમલવતીના કાળજામાં કંઈક શાંતિ પથરાઈ. એણે તો ધાર્યું હતું કે, ગઈ કાલ અકૃપાની જે આંધી જાગી હતી, એ આજે વા-વંટોળ અને વીજળી સાથે મારી પર તૂટી પડશે અને મારું અસ્તિત્વ ખતરામાં મુકાઈ જશે ! પણ એની આ ધારણા ખોટી ઠરી. એ પ્રસન્નવદને રણસિંહને નિહાળી રહી, રણસિંહે વાતનો પ્રારંભ કર્યો :

'કમલવતી ! હજી એ દશ્ય મારી આંખ સામેથી ખસતું નથી ! આ મહેલમાં પરપુરુષનો એ પ્રવેશ જોયા પછી તો મારા અંતરમાં આશંકાઓનું જે આકાશ તૂટી પડ્યું છે, એની વેદના અને એમાંથી જાગતા વિરાટ યક્ષ-પ્રશ્નો હજી શમતા જ નથી ? આ અંગે તારે જે કહેવું હોય, એ હું શાંતિથી સાંભળવા માગું છું. બોલ, તારા બચાવમાં તું શું કહેવા માગે છે ? ગઈ કાલે હું ગુસ્સામાં અને જુસ્સામાં હતો, આજે મારા આવેશનું એ પૂર ઓસરી ગયું છે, એથી તું જે કંઈ કહીશ, તે સાંભળવાની મારી પૂરી તૈયારી છે.'

રણસિંહના આ બોલમાં જેમ વહેમનું વિષ ઘોળાયેલું દેખાતું હતું, એમ એમાં

વાત્સલ્યની પીયૂષ-છાંટ પણ જણાઈ આવતી હતી. કમલવતી ગળગળી બની ગઈ. ગઈ કાલે એના અંતરમાં જે ઊંડા ઘા લાગ્યા હતા, એ આજના વાત્સલ્યથી એકદમ રુઝાવા માંડ્યા. એણે કહ્યું :

'સ્વામીનાથ ! બચાવમાં મારે વધુ કંઈ જ કહેવાનું નથી. મને ચોક્કસ એમ લાગે છે કે, આપણી વચ્ચે ભેદની ભીંત ઊભી કરવા કોઈ મેલી વિદ્યાએ પોતાની માયાજાળ પાથરી દીધી છે, નહિ તો એકમાત્ર આપને જ કેમ આવો પુરાવો મળ્યો ? મારે માટે સેવ્ય તરીકે એકમાત્ર આપ જ છો, આપની સેવાનું વ્રત સ્વીકાર્યું, ત્યારથી મેં મનથી પણ કોઈની સાથે પ્રીત બાંધવાનો વિચાર સરખો કર્યો નથી. આપ કહો, એની સાખે હું મારી આ પ્રતિજ્ઞાનો પુનરુચ્ચાર કરવા તૈયાર છું. દેવ તરીકે મારા માથે વીતરાગ દેવાધિદેવ છે. ગુરુ તરીકે નિર્ગ્રન્થ મુનિઓ સિવાય કોઈની આજ્ઞા મસ્તકે ચડાવવા હું તૈયાર નથી, ધર્મ તરીકે અહિંસા, સંયમ અને તપના ત્રિભેટે ઊભેલા વીતરાગ-પ્રરૂપિત સનાતન સત્ય સિવાય બીજા કોઈની સેવા મને ખપતી નથી અને સ્વામી તરીકે આપના સિવાય બીજા કોઈનેય સ્થાન-માન આપવા મારા હૃદયનું સિંહાસન તૈયાર નથી ! મારે જે કંઈ કહેવાનું છે, એ આટલામાં જ આવી જાય છે. બાકી મારા માટે વધુ ખાતરી જોઈતી હોય, તો યોગિનીનું રહેઠાણ ક્યાં દૂર છે. આપ એમને બોલાવીને મારા જીવન અંગે એમનો અભિપ્રાય જાણી શકો છો !'

કમલવતીએ પોતાની વાત પૂરી કરીને, એના સમર્થનમાં યોગિનીનું નામ સૂચવ્યું, ત્યારે રણસિંહને થયું કે આ 'યોગિની-યોગિની' કરે છે તો એને કહી દઉં કે, તારા પાપને પકડનાર જ આ યોગિની છે ! પણ આ ભેદ ખુલ્લો કરીને કમલવતીના દિલના દીવાનખાનામાંથી યોગિનીના આસનને પદભ્રષ્ટ કરવાનું પાપ આચરવું, એને યોગ્ય ન લાગ્યું. એથી એણે કહ્યું :

'સારું, તારી ઇચ્છા છે, તો હું યોગિનીને કાલે મળી લઈશ. પરંતુ હજીય કહી દઉં છું કે, તારી કોઈ નબળી કડી હોય, તો વિના સંકોચે કહી નાખ, નહિ તો પાછળથી તને પસ્તાવાનો વખત આવશે કે, 'જબ ચીડિયા ચૂન ગઈ ખેત. અબ પસ્તાયે હોત ક્યા !'

પોતાની સામે પ્રશ્નભરી નજરે મીટ માંડીને તાકી રહેલા સ્વામીનાથને કમલવતીએ વિશ્વાસના રણકાર સાથે અને સતીત્વની શ્રદ્ધા સાથે કહ્યું કે, સ્વામીનાથ ! પૈસાના પગે **મોહના મૃગજળને મેળવવા મથનાર હજી કદાચ સફળ થાય, પથ્થર પર પંકજનું વન**

**ઉગાડવાના કોઈના મનોરથ હજી કદાચ સફળતા પામે અને સૂર્યની સવારીને પશ્ચિમના પંથથી પ્રવેશ કરાવવામાંય કોઈને હજી કદાચ નિરાશા ન સાંપડે,** પણ મારા મહેલમાં આપના સિવાય પ્રવેશ કરવા મથતા પુરુષને તો સ્વપ્નેય સફળતા મળવી સંભવિત ન ગણાય. આવો મારો વિશ્વાસ છે. વિશ્વાસના આ વેણ હું મારા શીલની શક્તિ પર મુસ્તાક થઈને કાઢી શકું છું. જો કે આ પ્રભાવ પણ આપની ભક્તિનો જ છે. માટે આ અંગે આપ સાવ જ નિઃશંક બની જાવ, એવી મારી અંતરની વિનંતિ છે.'

કમલવતીની ડૂંટીમાંથી નીકળેલા આ વિશ્વાસ-બોલ સાંભળીને રણસિંહના મનમાં ઘર કરી ગયેલો અવિશ્વાસ એક વાર તો જાણે ધ્રૂજી ઊઠ્યો. પ્રસન્નમને વિદાય લઈને રણસિંહ પોતાના સ્થાને આવ્યો, કમલવતી તરફના એના સદ્‌ભાવમાં ઠીકઠીક વધારો થયો હતો. માત્ર મેલી વિદ્યાની એની વાત એના મગજમાં હજી બરાબર ઊતરતી નહોતી. એથી હજી ત્રણ-ચાર વાર મુલાકાત લેવાઈ ગયા બાદ પોતાના ભાવિ નિર્ણયથી મંત્રીશ્વર તેમ જ યોગિનીને વાકેફ કરવાનું રણસિંહે નક્કી કરી નાખ્યું.

કમલવતીના મહેલમાં રણસિંહના થતા ગમનાગમનથી યોગિનીની ચિંતામાં વધારો થઈ રહ્યો હતો. એને થતું હતું કે, શું કિનારે આવીને મારી નાવ ડૂબી તો નહિ જાય ને ? આજ સુધી જેના તમામ પાસા સીધા પડ્યા હતા, એ યોગિની પોતાનો છેલ્લો આ દાવ જો નિષ્ફળતા તરફ પાછો ફરતો જણાય, તો પછી અજમાવી શકાય, એવા બીજા કોઈ જલદ દાવની શોધ માટે પોતાના બુદ્ધિબળને કામે લગાડી રહી અને એક દહાડો એના હાથમાં એક જલદ ઉપાય આવી પણ ગયો. રાજીપો અનુભવતી એ મનોમન બોલી ઊઠી કે, આ ઉપાય અજમાવ્યા પછી તો કોઈ દેવનીય તાકાત નથી કે, એ રણસિંહ/કમલવતી વચ્ચેના પ્રીતિના તૂટતા દોરને ફરી સાંધી શકે !

વિજયવતીની જનતાની નજર યોગિની પર અનેક વાર પડતી, પણ કોઈનેય કલ્પના નહોતી કે, આ માયાવિની રાજભવનમાં એક કૂડ-કપટની શતરંજ બિછાવીને રાજા-રાણીના જીવનમાં ઝેર ઘોળવાનું અપકૃત્ય કરી રહી હશે ?

દિવસો વીતવા માંડ્યા. ચાર દિવસને વીતતાં વળી વાર શી ? ચાર-પાંચ મુલાકાતોના પ્રભાવે જોકે કમલવતી-રણસિંહ વચ્ચેનું અંતર ખાસ્સું ઓછું થઈ ગયું હતું. છતાં પરપુરુષના પ્રવેશ અંગેની શંકાની એ શૂળ સાવ નિર્મૂળ ન થઈ, તે ન જ થઈ ! પરંતુ એણે એક નિર્ણય તો લઈ જ લીધો કે, કમલવતી ગમે તેવી હોય, તોય એ

મારા શરણે આવેલી છે, એથી મારાથી એને જાકારો તો દેવાય જ નહિ !

રણસિંહે પોતાના માનસિક નિર્ણયથી મંત્રીશ્વરને વાકેફ કર્યા. પછી યોગિની સાથે મંત્રણા યોજાઈ. રણસિંહની બધી વાતો સાંભળીને ગંધમૂષિકાને પોતાના બારે બેડા બૂડી જતા લાગ્યા. એનો માનસિક આઘાત છુપાવીને એણે માત્ર એટલો જ જવાબ વાળ્યો :

'રાજવી રણસિંહ ! આપ આજની રાતે ફરી એક વાર મારી ઝૂંપડીને પાવન બનાવી જાવ. પછી આપને જે નિર્ણય લેવો હોય, એ લેજો. એમાં હું હસ્તક્ષેપ નહિ કરું. છેલ્લા બે-ત્રણ દિવસથી આપની વિદાય બાદ કમલવતીના મહેલમાં જે અમન-ચમન ઊડે છે અને મસ્તીની જે મહેફિલ ઊડે છે એ હું નજરોનજર જોઈ શકું છું, ત્યારે મને થાય છે કે કેટલી બધી માયાવિની છે આ કમલવતી ! રાજવીને શું સમજાવે છે અને એમના ગયા પછી કેવી લીલાલહેર ઉડાવે છે ?'

યોગિનીની ચોંકાવનારી આ વાત સાંભળતાં જ રણસિંહના મગજ પર ભ્રમણાનું ભૂત પાછું સવાર થઈ ગયું. એણે યોગિનીનો ઉપકાર માથે ચડાવતાં કહ્યું : આપની કેટલી બધી કૃપા છે ! માટે જ તો આપ મારા ભાવિની આટલી બધી ચિંતા કરી રહ્યા છો ! આજની સાંજે પણ દાસીના વેશમાં જ આપનું આતિથ્ય હું સ્વીકારીશ.

'આતિથ્ય શબ્દના શ્રવણે જ યોગિની રાજી રાજી થઈ ગઈ. એણે કહ્યું : રાજવી ! આપે આતિથ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે, એને હું મારું મોટું ભાગ્ય ગણું છું. હું જાણું છું કે, સૂર્યાસ્ત થયા બાદ આપ કંઈ જ લેતા નથી. માટે થોડાક વહેલા પધારજો, જેથી આપની ભક્તિનો લાભ મને મળી શકે અને આપના આ શબ્દપ્રયોગને સાર્થક બનાવવામાં હું નિમિત્તમાત્ર બની શકું!

રણસિંહે સૂર્યાસ્ત પૂર્વે પહોંચવાનું આમંત્રણ સ્વીકારી લીધું. યોગિનીના દિલમાં પુનઃવિશ્વાસ જાગ્યો કે, મારી ડૂબતી નૈયાને હવે તો ફરી પાછી તરતી બનાવીને એને હું છેક સામા કિનારા સુધી લઈ જઈ શકીશ ! યોગિની પોતાના રહેઠાણમાં પહોંચી ગઈ. જેને છેલ્લો કહી શકાય એવો માયાનો દાવ અજમાવવાની પૂર્વ-તૈયારી કરવામાં એ મગ્ન બની ગઈ.

ભ્રમણાના ભૂત પર સવાર બનેલા રણસિંહે હવે મનોમન નક્કી કરી નાખ્યું કે,

આજની રાતે જો કોઈ વધુ પ્રબળ પુરાવો મળે, તો પછી કમલવતીને પૂછવા ગયા વિના જ યોગિનીના માર્ગદર્શન મુજબ નિર્ણય કરી લેવો અને ભ્રમણાની આ ભૂતાવળમાંથી મારે મુક્ત થઈને જ રહેવું ! ભ્રમણાની ભૂતાવળોમાં દિવસભર રણસિંહ આમતેમ ઘૂમતો જ રહ્યો. સૂર્યાસ્ત પૂર્વેની પળોમાં દાસીનો વેશ સજીને એ યોગિનીના રહેઠાણમાં જઈ પહોંચ્યો. ગંધમૂષિકા અંદરના ભાગમાં એને આવકારવા સજ્જ થઈને જ ઊભી હતી. થોડીક પ્રાથમિક વાત બાદ યોગિનીએ કહ્યું : દૂધનું આ પાત્ર તૈયાર કર્યું છે, સૂર્યાસ્તને બહુ વાર નથી. આનો લાભ મળશે, તો મારા આનંદનો પાર નહિ રહે.

રણસિંહે દૂધ-પાત્રને ઇન્સાફ આપ્યો. ઇન્સાફ પછીની થોડી જ પળોમાં એની વિચારસૃષ્ટિમાં જાણે કોઈ ગજબનાક ચમત્કાર સરજાયો. કમલવતી તરફ જાગેલા એના સદ્ભાવમાં પાછાં એકાએક વળતાં પાણી થવા માંડ્યાં. હજી તો વધુ પ્રબળ પુરાવો જોવાનો બાકી હતો, પણ એ પૂર્વે જ પોતાના કાળજાને અત્યંત કઠોરતા આપનાર તત્ત્વ કયું હોવું જોઈએ ! એની શોધ રણસિંહ માટે એક કોયડો હતો. એણે યોગિનીને કહ્યું : યોગિની ! જવા દો ને મારે કોઈ વધુ પ્રબળ પુરાવાની જરૂર નથી. આપે બતાવેલો એ પુરાવો જ ક્યાં ઓછો પ્રબળ છે ! અત્યારે મને એમ થાય છે કે, કોઈને કોઈ બહાને કમલવતીને વિજયવતીની બહાર ધકેલી દઈને એને દેશવટો અપાવી દેવો !

યોગિની ઉતાવળે આંબા પકવવા માગતી ન હતી. એણે કહ્યું : રાજન્ ! હું કંઈ કમલવતીને ધકેલવા માગતી નથી. મારે મન તો આપના ભાવિ સંસારનું હિત વધુ મુખ્ય છે. એટલે હું તો માત્ર મારી એક નમ્રાતિનમ્ર ફરજ જ અદા કરવા માગું છું. કરવાનું તો આપને જેમ યોગ્ય લાગે તેમ જ છે ! પછી એમ ન થાય કે, કમલવતીને અધૂરા પુરાવે દેશવટો આપવામાં ભૂલ થઈ ગઈ ! માટે હવે એક છેલ્લો વધુ સબળ પુરાવો જોઈ જ લો ! જેથી પછી શંકા-કુશંકા કરવાનો અવસર જ ન રહે.

• રણસિંહને મંત્રિત દૂધ પીવડાવતી યોગિની



થોડી-ઘણી વાતચીત બાદ રાતનો અંધકાર જામવા માંડ્યો. માયાનો છેલ્લો દાવ નાખવાની ભૂમિકા રચાઈ ગઈ. સાવધાનીનો સાદ પોકારતાં

યોગિનીએ કહ્યું : રાજવી ! સાવધાન ! એ યૌવન આપણને અંધારામાં રાખીને કમલવતીના મહેલમાં પ્રવેશી પણ ગયું ! આપણે વાતોમાં રહ્યાં ! આજે હું જે પ્રબળ પુરાવો બતાવવા માગું છું, એ બીજો જ છે ! હવે આપ પેલી પૂર્વ ખૂણે રહેલી અટારી તરફ નજર સ્થિર કરો, જે ઉદ્યાનના નિર્જન સ્થાન તરફ લંબાયેલી છે.

રણસિંહે પોતાની નજરને પૂર્વીય અટારી તરફ લંબાવીને સ્થિર બનાવી. થોડી જ પળોમાં ત્યાં કમલવતી દેખાઈ. એની પાછળ નવ યૌવનધારી એક પુરુષ પણ જણાયો. બંને વચ્ચે મધમીઠો વાર્તાલાપ ચાલ્યો. પ્રેમનું એ નાટક આગળ વધ્યું. રણસિંહે પોતાની આંખ બંધ કરી દીધી. દાંત કચકચાવીને એ બોલ્યો : કુલટા ! મેલી વિદ્યાનું થોથું-ઓથું ધરીને તું મને ધોળે દહાડે ધૂતવા માગે છે ! કમલવતી ! તું આટલી બધી માયાવિની ! તારી કુટિલતા આટલી બધી ભયંકર !

યોગિનીએ કહ્યું : રાજવી ! એ કુલટા તો ત્યાં મોજ માણી રહી છે અને આપ અહીં ગુસ્સો ઠાલવો, એનો શો અર્થ છે ! બોલો, હવે આથીય વધુ પ્રબળ પુરાવો કોઈ હોઈ શકે ખરો ! આપ આપના જીવનની સુરક્ષિતતાના સવાલને મુખ્ય બનાવીને મનગમતો નિર્ણય લઈ શકો છો. એ નિર્ણયને જાણવાનો મારો અધિકાર નથી ! હું એ જાણવાય માગતી નથી. પણ એટલું વિનવવાનો તો મારો અબાધિત અધિકાર છે કે, આ અંગે જે કંઈ કામ-સેવા હોય, એ મને નિઃસંકોચ ફરમાવશો. કમલવતી અને મારી વચ્ચે સુદૃઢ સખીપણાનો સંબંધ કેમ ન હોય ? પણ એ સંબંધ કરતાંય આપની આજ્ઞાને હું અવશ્ય વધુ મહત્ત્વ આપીશ, આપ મારા પર જરૂર આટલો વિશ્વાસ રાખશો!

રણસિંહના હોઠ ક્રોધથી કંપી રહ્યા હતા. એની આંખમાં લાલાશ ફેલાઈ ચૂકી હતી. એના અંગેઅંગમાં આજે જાણે આગ જલી ઊઠી હતી. એણે કહ્યુંઃ યોગિની ! હું જે કંઈ કરીશ, એ આપના માર્ગદર્શન મુજબ જ કરીશ. એટલું જ નહિ, મને તો લાગે છે કે, સાપના આ ભારાને જંગલમાં છોડી આવવાનું બળ અને કળથી ભરેલું આ કાર્ય પણ આપને જ સોંપવું પડશે. મારી ખાતર આટલી તકલીફ ઉઠાવશો ને ?

યોગિનીએ પોતાની સુરક્ષિતતા ખાતર વિજયવતીને છોડવાનો જે વ્યૂહ રચ્યો હતો, એની ભૂમિકા એકાએક જ ઘડાઈ જતાં એના આનંદની અવધિ ન રહી. એણે કહ્યું : રાજવી ! રાજકારણ ચીજ જ જુદી છે ! આપ યોજના ઘડો એટલું જ. બાકી એની ફલશ્રુતિ તો મંત્રીશ્વરના હાથમાં જ ગણાય ને ? મતિસાગર-મંત્રીશ્વર આપને

આમ કરવામાં સંમતિ આપશે ખરા ? એમની સંમતિ વિના આપ મને આ સેવાનો લાભ કઈ રીતે આપી શકશો ? મારું પણ આ લાભ મેળવવા જેટલું પુણ્ય હોવું જોઈએ ને ?

પોતાની વચ્ચેથી મતિસાગરનો હસ્તક્ષેપ હટાવવા યોગિની ક્યારનીય કૃતનિશ્ચયી બની હતી, કારણ કે આ પૂર્વેય પોતાની સિદ્ધિના સ્વપ્નને રોળી નાખનાર મતિસાગર જ હતા. એમની સલાહ મુજબ રણસિંહે કમલવતીની મુલાકાત લીધી હતી, એથી જ તો નાવ કિનારે આવીને ડૂબી જાય, એવી શક્યતાઓ ઊભી થઈ હતી. યોગિનીએ સમય જોઈને દાવ નાખી દીધો.



• મનોમન ક્રોધે ભરાયેલા રણસિંહ

રણસિંહે ક્રોધમાં કહ્યું : હવે તો મંત્રીશ્વર વચમાં આવે કે એનો બાપ વચમાં આવે, પણ કમલવતીને દેશવટો અપાવીને પછી જ હું સંતોષનો શ્વાસ લઈ શકીશ ! આવી સાપણ ઘરમાં ફરતી હોય, ત્યાં સુધી સુખે બેસી પણ શેં શકાય ?

યોગિનીના આનંદસાગરમાં જાણે ભરતી ચડી આવી. એણે રણસિંહના કાનમાં કાન ભરાવીને એક યોજના રજૂ કરી અને અંતે કહ્યું : 'રાજવી ! આપ નિશ્ચિંત રહેશો. કમલવતીને વિશ્વાસમાં લઈને નગર બહાર લઈ જવાની અને ત્યાર પછી છેક દેશવટો અપાવવા સુધીની બધી જવાબદારી મારી ! મને જવાબદારી સોંપીને આપ મખમલની શય્યામાં સૂઈ જશો તોય આપની સામે કોઈ આંગળીય ઊંચી નહીં કરી શકે.

રણસિંહે બધી યોજના ઘડીને પોતાના સ્થાને જવાની તૈયારી કરી, પણ મહત્ત્વનું કંઈક યાદ આવ્યું હોય, એમ એણે કહ્યું : યોગિની ! આપના વિના રહેવું મને તો પાલવે એવું જ નથી ! મારા માટે આપની કેટલી બધી હિત-બુદ્ધિ ! માટે આ કાર્ય પતાવીને આપ બનતી ઝડપે પાછાં ફરવાનું મને વચન આપો, તો જ મને શાંતિ વળે.

'તો આપના જેવા ગુણનિધિ રાજવીની નિશ્રા વિના રહેવું મને પણ ગમશે,

એમ શું આપ માની શકો છો ? ખોટા રૂપિયાની જેમ કામ પતાવીને હું પાછી આવી જ સમજો !'

યોગિનીએ વળતી જ પળે જવાબ વાળ્યો. એણે માયાના ખરેખરા પાસા નાખવા માંડ્યા હતા. એક પછી એક એના પાસા નખાતાં ગયા અને એમાં ભોળા કબૂતર જેવો રણસિંહ ફસાતો ગયો. છેલ્લો પાસો નાખીને તો યોગિનીએ રણસિંહને પૂરેપૂરો ફસાવી જ દીધો.

મધરાત થવા આવી. ચારે તરફ નીરવ શાંતિ હતી. યોગિની તરફ કૃતજ્ઞતાનો ભારોભાર ભાવ વ્યક્ત કરીને રાજવી રણસિંહનો દાસી-દેહ જ્યારે પોતાના સ્થાને જવા નીકળ્યો, ત્યારે તારલિયાઓનો ટમટમતો પ્રકાશ એના માર્ગને મશાલ બનીને અજવાળી રહ્યો !

# ૧૪ કમલવતીને દેશવટો

માયાનો છેલ્લો દાવ બરાબર ફેંકાઈ ગયો હતો. એની ધારી અસર પણ પેદા થઈ હતી. દૂધ-પાત્રમાં યોગિની ગંધમૂષિકાએ એક એવી જાતનું મંત્ર-ચૂર્ણ ભેળવી દીધું હતું કે, એના પાન પછી રણસિંહનો કમલવતી પરનો પ્રેમ ટકી જ ન શકે ! આ દુગ્ધપાન પછી રણસિંહના દિલમાં કમલવતી તરફ ભારોભાર દુર્ભાવ પેદા થઈ જવા પામ્યો. એમાં વળી યોગિનીએ મેલી વિદ્યાના જોરે પરપુરુષ સાથે આમોદપ્રમોદ કરતી કમલવતીને નજરોનજર બતાવી, એથી એ દુર્ભાવ દરિયો બનીને રણસિંહના દિલમાં ઘૂઘવાટ મચાવી રહ્યો.

રણસિંહ હવે કમલવતીનું નામ સાંભળવાય તૈયાર ન હતો. એણે મંત્રીશ્વરને એક વાર વાતથી વાકેફ કરી દેવાનું યોગ્ય માન્યું. મંત્રણા શરૂ થતાંની સાથે જ રણસિંહે કહ્યું : મંત્રીશ્વર ! હવે એ કુલટાને એક ક્ષણ પણ વિજયવતીમાં વસવા દેવા હું તૈયાર નથી. મારા બધા પૂર્વ-નિર્ણયોને રદ-બાતલ કરીને ગઈ રાતે જ મેં આ નવો અને નક્કર નિર્ણય લઈ લીધો છે. ગઈ કાલે એક વધુ પ્રબળ પુરાવો જોયો ને મારી આંખ ઊઘડી ગઈ ! હવે ગમે તે રીતે એ કુલટાને તો હું દેશવટો આપવા જ માગું છું. મારો આ નિર્ણય અડગ છે, એમ સમજીને જ તમારે તમારું મંતવ્ય રજૂ કરવાનું છે.

એકાએક પલટાઈ ગયેલી બાજી જેવો રાજવીનો આ નિર્ણય મંત્રીશ્વરના દિલમાં ભારે આઘાત જગાવી ગયો. એ સમજતા હતા કે, આકાશમાંથી છૂટી પડી ગયેલી વીજળીને હજી કદાચ પાછી ફેરવી શકાય, પણ રણસિંહના નક્કર નિર્ણયને ડગાવવો હવે તો અશક્ય ગણાય ! એથી એમણે કહ્યું :



• રણસિંહને સમજાવતા મંત્રીશ્વર

'રાજવી ! આપે નિર્ણય લઈ જ લીધો છે અને એની નક્કરતા અંગે આપે મને ચેતવી જ દીધો છે. છતાં નીતિ-ન્યાયથી વિરુદ્ધ હોવાથી હું આ નિર્ણયને સત્કારી શકું એમ નથી. આપ મારું આ વેણ ગાંઠે બાંધી રાખજો કે, આજે આપ એક એવો નિષ્ઠુર નિર્ણય લઈ રહ્યા છો કે, એનો વિપાક વેઠવા જતા દિવસોના દિવસો સુધી આપના અંતરમાં આગ જલતી જ રહેશે અને આંખમાંથી આંસુની ધારા વહ્યા જ કરશે ! આપનું લૂણ મારા પેટમાં ગયું છે. એથી હું આપની સામે બળવો જગવી શકું, એમ નથી, પણ સાથેસાથે આપના આ નિર્ણયને સાથસહકાર આપવા પણ હું તૈયાર નથી ! આપ આપના નિર્ણયને અમલમાં મૂકવા સ્વતંત્ર છો, તો હું એની સામે મારો અસહકાર જાહેર કરવામાં પણ એટલો જ સ્વતંત્ર છું !'

મંત્રીશ્વર મતિસાગર ઊભા થઈ ગયા. ઊભા થવાની એમની રીતભાતમાં સ્પષ્ટવેદના વરતાતી હતી. પણ રણસિંહ પોતાના નિર્ણયમાં મક્કમ હતો, એથી મંત્રીશ્વરના દુભાતા દિલની જરાય પરવા કર્યા વિના એણે મંત્રીશ્વરને જવા દીધા. રણસિંહ હવે અધીરો બની ગયો હતો. વળતી જ પળે એણે યોગિનીને તેડું પાઠવ્યું. યોગિની આવતાં પુનઃ મંત્રણા શરૂ થઈ.

ગંધમૂષિકા પોતાની બધી બાજી ગોઠવીને અને ઘરવખરી તૈયાર કરીને જ આવી હતી. રણસિંહે વાતનો આરંભ કરતાં કહ્યું : સાપના એ ભારાને થોડી ઘડીઓ માટે પણ સંઘરવા હવે હું તૈયાર નથી અને મંત્રીશ્વર મારી વાતને સહકાર આપે, એમ લાગતું નથી. માટે હવે જે કંઈ કરવાનું છે, એનું તમામ ઉત્તરદાયિત્વ આપે જ સ્વીકારી લઈને મારી પર ઉપકાર કરવાનો છે !

યોગિનીનાં રોમેરોમમાં કૂડ-કપટનો વાસ હતો. એણે કહ્યું : રાજવી ! આપની સેવાનું કાર્ય એ તો મારા માટે અહોભાગ્યનો અવસર ગણાય ! પરંતુ મારી દૃષ્ટિએ હજી આ કાર્ય માટે ત્રણ-ચાર દિવસની અવધિ તો ઓછામાં ઓછી મળવી જોઈએ. જેથી કમલવતી સાથે સંપર્ક સાધીને, આપના નિર્ણયની ગંધ પણ ન આવે, એ રીતે એને પ્રવાસ માટે હું તૈયાર કરી શકું !

રણસિંહ આવેશમાં હતો. એણે કહ્યું : યોગિની ! આપના માટે તો આજના એક દિવસની અવધિ પણ ઘણી ગણાય ! એ કુલટા હવે અહીં જેટલી વાર વધુ રહે, એટલું મારી પ્રજાનું અને પૃથ્વીનું હું દુર્ભાગ્ય ગણું છું. માટે મારી પર ઉપકાર કરીને ગમે તે રીતે આપ આજે જ આ કામ પતાવી દો, એવી મારી અંતરની વિનવણી છે. સાપનો ભારો તો ઘરમાં જેટલી વાર વધારે રહે એટલી સાવધાની વધુ રાખવી પડે !

યોગિનીએ કહ્યું : રાજવી ! તો તો મારે અબઘડી જ કમલવતીના મહેલે પહોંચવું જોઈએ ! કારણ કે સમય ઘણો ઓછો છે. મધ્યાહ્ન બાદ ઢળતા પહોરે એક રથ હાજર રહે, એવી વ્યવસ્થા આપ કરાવશો. બાકીનું બધું સમજાવવા આદિનું કામ મારું ! હવે ફરી નહિ મળી શકાય. હમણાંના સંજોગો જોતાં દસ-પંદર દિવસ સુધી તો આપના દર્શનનો મને લાભ નહિ જ મળે, એનું મને દુઃખ પણ છે. પરંતુ આપની જ સેવા કાજે આ વિલંબ સહેવાનો છે, એથી એ દુઃખ સાવ જ અસહ્ય નહિ લાગે ! ખરેખર વિજયવતીનો મારો પ્રવાસ-નિવાસ સફળ થઈ ગયો. આપના જેવા ગુણસમૃદ્ધ રાજવીની કૃપા એ જ મારા માટે મોટામાં મોટી કમાણી ગણાય ! આટલા પરિચયમાં ઓછુંવત્તું બોલાઈ ગયું હોય, તો ક્ષમા યાચું છું.

યોગિનીના આ દ્વિઅર્થી વાક્યમાં કોઈ ઇનામ આપવાનો જાણે સંકેત હતો. યોગિનીની આંખમાં આંસુઓનું તોરણ રચાઈ ગયું. રણસિંહની પણ એ જ પરિસ્થિતિ હતી. એણે ગળગળા સાદે કહ્યું : આપના દર્શન વિના હું તો રહી શકું એમ જ નથી. પણ આ એક કાર્ય એવું આવી પડ્યું કે આપના વિયોગની વાતનેય ગૌણ બનાવીને, એને મુખ્યતા આપવી પડે છે. મારો પણ અવિનય તો થયો જ હશે ? માણસ માત્ર જ્યાં ભૂલને પાત્ર હોય, ત્યાં હું એમાંથી ક્યાંથી છટકી શકું ? બસ, ત્યારે ક્ષમા !

રણસિંહ રડી પડ્યો. યોગિની ઊભી થઈ. એના હાથમાં સુવર્ણમુદ્રાઓની એક થેલી મૂકતાં રણસિંહે કહ્યું : ફૂલ નહિ તો આ પાંખડીઓનોય મારા તરફથી સ્વીકાર

કરવો જ પડશે. આપના ઉપકારનું ઋણ વળી શકે એમ નથી. કુલટાને દેશવટો આપીને આપ જ્યારે પાછાં ફરશો ત્યારે સોનામહોરનાં ફૂલોથી આપને વધાવીને હું કંઈક સંતોષ માનીશ, આજે તો મારે આ પાંખડીઓથી જ પ્રસન્નતા અનુભવવી પડે છે !

થોડીઘણી આનાકાનીને અંતે સુવર્ણમુદ્રાઓની એ થેલી ગ્રહણ કરીને યોગિનીએ વિદાય લીધી. પોતાના રહેઠાણમાં થોડી વાર રોકાઈને એ સીધી જ કમલવતીના મહેલમાં જઈ પહોંચી. એ ઘણી વાર આ જ સમયે મુલાકાત લેતી. કમલવતીએ કહ્યું : યોગિની ! **કર્મચક્રના ચકરાવાનો વિચાર આવે છે અને મનમાં આશ્ચર્ય/આઘાતની લાગણીઓ જન્મી ઊઠે છે. કર્મના એ ચકરાવા સુખનો સાગર પણ સરજી શકે છે અને દુઃખના દરિયાનું સર્જન પણ એના જ હાથની વાત છે !** મારી જ વાત કરું તો.. !



• સુવર્ણમુદ્રાઓ ગ્રહણ કરતી યોગિની

જીભની અણીએ આવીને બહાર કૂદી પડવા માગતા કેટલાય શબ્દોને કમલવતી જાણે અંદર ઉતારી ગઈ ! પોતાના જીવનમાં છેલ્લા ચારેક દિવસમાં સુખ/દુઃખની જે તેજ-છાયા તેજી-મંદીની જેમ આવન-જાવન કરી ગઈ હતી, એ અંગેનો એક શબ્દ પણ હજી એણે યોગિનીને સુણાવ્યો ન હતો. એથી એ બનાવ જાણે બહાર કૂદી પડવા માગતો હતો ! પણ એ બધો બનાવ કહેવા જતાં કમલવતીને એવો ડર હતો કે, આ વાતોનું કથન ચોક્કસ પોતાના સ્વામી પર યોગિનીને દુર્ભાવ પેદા કરી જશે ! એથી એણે પોતાની વાતને પલટાવતાં કહ્યું :

'યોગિની ! આપ આજે રોજ કરતાં કંઈક મોડાં પધારતાં હો, એમ મને લાગે છે. મોડું થવાનું કારણ ?'

યોગિનીએ કહ્યું : આજે રાજભવનમાં જરા મોડું થઈ ગયું. પણ તારા માટે ખુશાલીના એક સમાચાર લઈને આવી છું, એથી આ વિલંબ પણ તને ગમશે જ !

'રાજભવનમાંથી જ આપ આવી રહ્યાં છો શું ? સ્વામીને કુશળતા તો છે ને ?'

કમલવતી હર્ષના આવેગમાં આવી ગઈ. એના અનુમાનની ગતિ, એ હર્ષની કલ્પનાને આંબવા સમર્થ નહોતી. કમલવતીને થતું હતું કે, અપ્રસન્નમાંથી પ્રસન્ન બનેલા સ્વામીએ ખુશીનો કોઈ ખજાનો પાઠવ્યો હશે કે શું ?

યોગિનીએ વાતનો પ્રારંભ કરતાં કહ્યું : સ્વામી કુશળ પણ છે અને તારા પર ખુશ પણ છે. આજે રાત્રિનિવાસ કરવા માટે 'વસંતોદ્યાન'ની પ્રકૃતિરમ્ય ધરતીની એમણે પસંદગી કરી છે, હું જાણું છું કે ઉદ્યાન જરા દૂર છે, પણ એથી તો શાંતિનું વાતાવરણ વધુ સારું જામશે. ખુશીના સમાચાર એ છે કે, રાત્રિનિવાસ કરવા તારેય ત્યાં આવવાનું છે. સ્વામી તો જરા મોડા પ્રયાણ કરશે. પણ તારે તો થોડા કલાકોમાં જ નીકળી જઈને ત્યાં સ્વામીના નિવાસસ્થાનની બધી તૈયારી પણ કરાવવાની છે. બોલ, સખી કમલવતી! આ સમાચાર ખુશીના ગણાય કે નહિ ?

કમલવતી રાજી થઈ ગઈ. એને થયું કે, સ્વામીનાથ ચોક્કસ હવે બધું ભૂલી ગયા છે, એની મને એઓ પ્રતીતિ કરાવવા માગે છે, અને એથી જ મનોરંજનનો આ કાર્યક્રમ ગોઠવાયો હશે ? મારાં પુણ્ય જાગ્યાં ખરાં ? તૂટેલું મોતી ભલે સાંધી શકાતું ન હોય; પણ તૂટેલું દિલ તો જરૂર સાંધી શકાય ! એણે કહ્યું :

'યોગિની ! આપ પણ વસંતોદ્યાનમાં પધારશો ને ? આપના વિના મને ગમશે નહિ, માટે આપે પણ જરૂર પધારવું પડશે ! ચાલો, આપણે તૈયારી કરવા માંડીએ.'

યોગિનીને તો જૂઠ બોલવામાં વાંધો જ ક્યાં હતો ! એણે કહ્યું : મારે વસંતોદ્યાનમાં આવવું કે નહિ ? એનો નિર્ણય લેવામાં હું સ્વતંત્ર છું. જોકે રાજવી રણસિંહનો પણ મને લઈ જવાનો આગ્રહ તો છે જ. એમનું કહેવું છે કે, આપ સાથે હો, તો રાત્રે વાતોનો રંગ સારો જામે. તારો પણ અતિશય આગ્રહ છે, એટલે હવે મારે વસંતોદ્યાનના વિહારમાં તારી સાથે જોડાવું જ પડશે. છતાં તું જો રજા આપતી હો, તો નગરમાં એક ચક્કર મારી આવું. કાલે પાછાં આપણે ભેગાં થવાનાં જ છીએ ને ? હજી મારે નગર-પરિભ્રમણનો કાર્યક્રમ પતાવવાનો બાકી છે, માટે તું જો થોડી ઉદારતા કરે, તો મારો રોજનો ક્રમ બરાબર સચવાઈ જાય. બાકી તું રજા નહિ આપે, તો રોજના ક્રમને ગૌણ કરીને પણ તારી સાથે જોડાવું, એ મારું કર્તવ્ય બની રહેશે.

કમલવતી આગ્રહને ઢીલો મૂકવાની નહોતી આ વાતનો યોગિનીને પૂરેપૂરો ખ્યાલ હતો. એથી જ એણે આટલું તાણ્યું હતું. અંતે વસંતોદ્યાન-વિહારનું આમંત્રણ એણે સ્વીકારી લીધું. બંને પોતપોતાની તૈયારી કરવા માટે છૂટાં પડ્યાં. કમલવતી પોતાના કામે વળગી. યોગિની પોતાના રહેઠાણમાં જઈ પહોંચી. સંપૂર્ણ ડેરા-તંબૂ ઉઠાવી લેવામાં મજા ન હતી, એથી સાવ નકામી અને નજીવું મૂલ્ય ધરાવતી ચીજો એમને એમ પડી

રહેવા દઈને, એણે બાકીની બધી ચીજોનું એક નાનું પોટલું બાંધી દીધું.

થોડી પળો પસાર થઈ. કમલવતીના ભવન તરફ જનારો રથ પોતાના રહેઠાણ પાસેથી જ પસાર થવાનો હતો, એનો યોગિનીને ખ્યાલ હતો. થોડી વાર પછી એ બહાર આવી. સામેથી આવી રહેલા રથની ઘૂઘરમાળ હવે સ્પષ્ટ સંભળાતી હતી. રથ નજીક આવ્યો, એટલે પોતાની પોટલી એણે રથના ખૂણામાં કોઈની નજર ન જાય, એવી ગુપ્ત જગ્યામાં પધરાવી દીધી અને એ રથમાં ગોઠવાઈ ગઈ.

વનવિહારનો સમય થવા આવ્યો હતો એથી કમલવતી પણ પોતાના ભવનના આંગણામાં તૈયાર થઈને જ ઊભી હતી. રથ ત્યાં પહોંચ્યો. યોગિનીનો આવકાર ઝીલીને કમલવતી રથમાં ગોઠવાઈ ગઈ. રથ પોતાના પથ પર ચાલતો થયો. રથની ત્રણે તરફ પડદા પડી ગયા હતા, એથી વિજયવતીની પ્રજા યોગિની અને કમલવતીની વિદાયને નજરોનજર જોવાથી વંચિત રહી ગઈ.

વિજયવતી નગરીની હદ જેમ પૂરી થવા માંડી, એમ રથની ગતિમાં ઝડપી વધારો થવા માંડ્યો. વસંતોદ્યાન કંઈ એટલું બધું દૂર નહોતું કે, ત્યાં પહોંચવા આ રીતે રથને દોડાવવો પડે ! રથનાં ચક્રોમાં વધી રહેલી ગતિનું કારણ કમલવતી નહોતી સમજી શકતી. ઉદ્યાનમાં પહોંચી જઈને સારથિને રથની આવી ગતિનું કારણ પૂછવાનું એણે નક્કી કર્યું હતું. પણ થોડી જ પળોમાં વસંતોદ્યાનને પાછળ મૂકી દઈને રથ જ્યાં આગળ દોડી ગયો, ત્યાં જ કમલવતીના દિલમાં ધ્રાસકો પડ્યો. એણે રથને થોભાવી દઈને સારથિને પૂછ્યુંઃ

• કમલવતીનો દેશવટો



'વસંતોદ્યાન તો ક્યાંય પાછળ રહી ગયું અને તું તો રથને દોડાવ્યે જ જાય છે ! આનું કારણ શું ? વસંતોદ્યાનમાં અમને પહોંચાડવાની આજ્ઞા રાજાજીએ તને નથી આપી શું ?'

યોગિનીનો ઠાવકાઈભર્યો પ્રશ્ન પણ આવો જ હતો. સારથિએ રથને રોકીને કહ્યું : આપને શું રાજાજીની આજ્ઞા સાંભળવી જ છે ? જવા દો, અત્યારે એ આજ્ઞા સાંભળવામાં સાર નથી ! જેટલી મોડી એ આજ્ઞા સાંભળશો, એટલો જ આપનો આ પ્રવાસ પ્રસન્નતાભર્યો રહેશે. અમે તો ચિઠ્ઠીના ચાકર છીએ

અને પાપી પેટનો ખાડો પૂરવા અમારે આવી ચાકરીય કરવી પડે છે !

કમલવતી અને યોગિનીએ સન્નાટો અનુભવ્યો. કમલવતીના કાળજામાં કોઈ અમંગળની આંધી ઊતરી પડી. બોલવાના હોશકોશ એણે ગુમાવી દીધા. યોગિનીએ પૂછ્યું : સારથિ ! તું વળી કઈ આજ્ઞા લઈને આવ્યો છે ? વસંતવિહારની ખુશાલીના સમાચાર રાજાજીએ મારા માધ્યમે જ આ કમલવતીને પહોંચાડ્યા હતા. તને વળી એમણે બીજી જ કોઈ આજ્ઞા ફરમાવી છે કે શું ? જે હોય, એ જલદી કહી દે, જેથી કલ્પનાનાં ધાડેધાડાં અમારા અંતરના આંગણે આવતાં અટકી જાય ! રાજાઓનો સ્વભાવ અમે જાણીએ છીએ, એથી જે હોય એ આજ્ઞા તું કહી સંભળાવ. તું તો ચાકર છે, એથી તારે તો ચિઠ્ઠી મુજબ જ ચાલવું રહ્યું. આજ્ઞા ગમે તેવી કઠોર હશે, તોય એનો દોષ અમે તારા શિરે નહિ નાખીએ ! સારથિ ! તને રથનું સુકાન સોંપીને અમે તો સાવ નિશ્ચિંત બની ગયાં હતાં, અને તેં તો કોથળામાંથી આમ બલાડું કાઢ્યું !

કમલવતીએ પણ વેદના-નીતરતા બોલ કાઢતાં કહ્યું : સારથિ ! તારે ડરવાની જરાય જરૂર નથી. **કાગળમાં જ જો અશુભ સંદેશ લખાયો હોય, તો એમાં ખેપિયાની ખામી કોઈ જોતું નથી. અમારા કર્મમાં જ જો અશુભના લેખ લખાયેલા હશે, તો એ અંગે દોષિત જો સ્વામીનાથ પણ નથી, તો પછી તું તો ક્યાંથી દોષિત હોઈ જ શકે ? માટે જે હોય, એ દિલ ખોલીને કહી દે !**

સારથિના મોંમાંથી સંદેશો નીકળી શકે એમ ન હતો. દડદડ આંસુધાર વહાવતો એ રડી પડ્યો. રથમાં સાચવીને સંતાડેલો સંદેશો રાણી કમલવતીના હાથમાં આપતાં એનું શરીર થરથર ધ્રૂજી ઊઠ્યું. એણે તૂટતા શબ્દોમાં કહ્યું : રાજાજીએ મને એટલી જ સૂચના આપી છે કે, રાણીને પાટલિખંડની આસપાસના ઘોર જંગલમાં મૂકીને તું પાછો ફરી જજે. વિગતવાર વાત તો આ સંદેશો જ આપને કહી શકશે.

કમલવતીએ છાતીને કઠણ બનાવીને સંદેશો વાંચવા માંડ્યો. એના એકએક શબ્દ વંચાવા લાગ્યા, એમ કોઈ મહાબંધ તૂટે, એવી અદાથી કમલવતીના હૈયાના બંધ તૂટવા માંડ્યા અને એથી ફરી વળતાં વેદનાના પૂરનાં પાણી કમલવતીને વધુ ને વધુ દારુણ દશાની દિશા તરફ ઘસડી જવા માંડ્યાં. એ સંદેશમાં લખ્યું હતું કે,

'કમલવતીના શીલની અશુદ્ધતા અંગે પૂરતાં પ્રત્યક્ષ પ્રમાણો મને મળી ગયાં

છે, એથી સારથિને હું એવી આજ્ઞા કરું છું કે, કમલવતીને પાટલિખંડ પાસેના કોઈ જંગલમાં તજી દેવી અને પછી યોગિની સાથે પાછા ફરવું. સ્નેહ વર્ષાવતા પાત્ર વિના હું જીવન જીવવા તૈયાર છું, પણ જેનો સ્નેહ એઠો-જૂઠો હોય, અને જેનું શીલ શાપિત બની ચૂક્યું હોય, એવાનો પડછાયો પણ મને ખપતો નથી ! કમલવતીને પોતાની ભૂલ જલદીમાં જલદી સમજાય અને પ્રાયશ્ચિત્ત દ્વારા પાવન બનવાનો પંથ એ વહેલામાં વહેલી તકે અપનાવે ! એ જ મારી શાસનદેવને એકની એક પ્રાર્થના !'

કમલવતીને થયું કે, અંતે તો જે થવાનું હતું, એ થઈને જ રહ્યું ! છેલ્લા કેટલાક દિવસોથી જેની સંભાવના અવારનવાર ડોકિયાં કરી જતી હતી, એ ઘટના હવે જ્યારે બની જ ચૂકી હતી, ત્યારે કાળજાને કઠિન બનાવીને કર્તવ્યને હસતે હૈયે અદા કરવામાં જ ખરી બહાદુરી અને ખરેખરી બુદ્ધિમત્તા હતી.

કમલવતીના દાઝેલા દિલ પર સહાનુભૂતિનાં અમી-છાંટણાં કરવા યોગિની આગળ આવી. એણે કહ્યું : સખી ! આ બધું શું બની ગયું, એની મને તો કંઈ સમજણ જ પડતી નથી ! છતાં હું એટલું તો સમજી શકું છું કે, સ્વામીની અકૃપાનાં વાદળ વીજળીના તડાકા/કડાકા સાથે તારી પર તૂટી પડ્યાં હોવાં જોઈએ ! તેં મને આગ્રહ કર્યો અને મેં પણ તારી સાથે આવવાનું નક્કી કર્યું, એ ખૂબ જ સારું થયું. આનું જ નામ જે થાય, એ સારા માટે ! હું અત્યારે તારી સાથે ન હોત, તો તારી અવદશા આથીય કેટલી બધી વધુ ખરાબ થાત !

કમલવતી વેદનાના વેગને હટાવીને આવી પડેલી આપત્તિને વેઠવા સજ્જ થઈ ગઈ. એણે કહ્યું : **સુખો ઘણાં ભોગવ્યાં, એય દિવસો વીતી ગયા ! આ દુઃખોની મોજ પણ માણી લઈશું. આય દિવસો વીતી જશે ! કર્મબંધમાં તો ગાફેલ રહ્યાં, હવે ઉદયમાં તો સાવધ રહેવું છે. કર્મો હસતાં હસતાં બાંધ્યાં છે, હવે રડ્યા વિના એને વેઠીશું, તો નવો કર્મ-બંધ અટકી જશે.** મારા જીવનમાં છેલ્લા થોડા દિવસોમાં સુખ/દુઃખનાં જે ધૂપ-છાંવ સંતાકૂકડી રમી ગયાં છે, એની વાતથી મેં તને જરાય વાકેફ બનાવી નથી. મને એમ કે, એથી તને ક્યાંક મારા સ્વામી પ્રત્યે રખેને દુર્ભાવ જાગી જાય !

જાણે પોતે આ વિષયમાં કંઈ જ જાણતી નથી, એવો ભાવ યોગિની જેમ જેમ વ્યક્ત કરતી ગઈ, એમ એમ કમલવતીના પેટમાંથી એક પછી એક ભેદી વાતો ખોદી-ખોદીને એ બહાર કઢાવતી ગઈ. આ વાર્તાલાપ દરમ્યાન યોગિની જોઈ શકી હતી કે,

કમલવતીને પોતાના સ્વામી તરફથી આટલો બધો અન્યાયભર્યો ફિટકાર મળ્યો હતો, પણ સ્વામી પ્રત્યે એના એકે શબ્દમાં રોષ, આવેશ કે ઊભરાનો કોઈ જ ભાવ જણાતો ન હતો.

પોતાના પેટની એક પણ વાતને બહાર કાઢ્યા વિના યોગિનીએ કમલવતીના પેટની તમામ વાતો જાણી લીધી. છતાં હજી એનું કામ અધૂરું રહી જતું હતું. એણે રણસિંહના દિલમાં જેમ કમલવતી પ્રત્યે ભારોભાર દુર્ભાવ પેદા કરાવ્યો હતો, એમ કમલવતીના દિલમાંય રણસિંહ પ્રત્યે એ ભારોભાર દ્વેષ પેદા કરાવીને ભવિષ્યમાંય એમના મિલનની શક્યતાને સાવ ભૂંસી નાખવા ઇચ્છતી હતી, પણ આ માટેનો દાવ નાખવાની પળ હજી પાકી ન હતી. સારથિને વહેલી તકે યોગિનીને લઈને પાછા ફરવાનું હતું અને પાટલિખંડનું પાદર હજી દૂર હતું, એથી એ ત્રણેને લઈને સારથિએ રથને આગળ મારી મૂક્યો !

૧૫

# ભૂંસાતી જતી ભ્રમણાની ભૂરકી

વિજયવતીની હદ પાછળ ને પાછળ જતી હતી અને પાટલિખંડનો પ્રદેશ નજીક ને નજીક આવતો જતો હતો. કમલવતી અને યોગિનીને લઈને સારથિ પોતાનો રથ બનતી ઝડપથી હંકારતો હતો. પ્રવાસની વચ્ચે-વચ્ચે મળતો આરામનો સમય કમલવતી અને યોગિની વચ્ચે વાતોમાં પસાર થઈ જતો.

કમલવતી પોતાની આંસુભીની આપવીતી રજૂ કરતી, પણ ત્યારેય એના મોઢા પર ખોટી દીનતા કે પોતાના સ્વામી પ્રત્યેનો અસદ્ભાવ જોવા ન મળતો. વાતવાતમાં એ કર્મના દોષને જ આગળ કરીને સમાધિને પોષતું સમાધાન કરી લેતી. યોગિની વાતવાતમાં જાણે રાજવી રણસિંહ જ દોષિત હોય, એવો ધ્વનિ વ્યક્ત કરતી. સહાનુભૂતિનાં એનાં વચનો પાછળ મૈત્રી કરતાં માયાનું તત્ત્વ વિશેષ જોર કરતું. પરંતુ એના આવા કુટિલ-કાળજાની એંધાણીઓ કમલવતી ખૂબ જ મોડેથી કરી શકી.

યોગિની ગમે તેવી પાકી માયાવિની હતી, પણ એની માયાને એનાં હાવભાવ અને એની બોલચાલ જ ખુલ્લી પાડી દે એમ હતાં. એથી ધીમે ધીમે કમલવતીનો એ ભ્રમ ભાંગવા માંડ્યો કે, યોગિનીનું સાંનિધ્ય તો મને મહાપુણ્યે સાંપડ્યું છે ! એને યોગિની સાથેના થોડા-ઘણા વાર્તાલાપના અંતે એવો સ્પષ્ટ ખ્યાલ આવવા માંડ્યો કે,

સ્વામીનાથ અને મારી વચ્ચે ભેદ પડાવનાર માયા આ જ હોવી જોઈએ ! એના મનમાં એક એવું અનુમાન પણ જાગ્યું કે, રત્નવતીને પરણવા નીકળેલા સ્વામીનાથ મને પરણીને પાછા ફરી ગયા, એનો બદલો લેવા માટે તો આ યોગિનીનું માધ્યમ પસંદ નહિ કરાયું હોય ને ?

જ્યારે ભાતભાત અને જાતજાતના પ્રયાસો કરીનેય રાજવી રણસિંહ પ્રત્યે કમલવતીના મનમાં દ્વેષનો દાવાનળ પેટાવવા યોગિની નિષ્ફળ જ ગઈ, ત્યારે તો કમલવતીના કાળજામાં એવો પાકો વિશ્વાસ પેદા થઈ ગયો કે, આ યોગિનીનું ચલણ જો વિજયવતીમાં અને વધુ તો રાજભવનમાં વધ્યું ન હોત, તો મારે આ રીતે દેશવટો ભોગવવાનો અવસર જ ન આવત ! આ બધા અંજામનું મૂળ જ આ યોગિની લાગે છે!

કમલવતી યોગિનીની સાથે સાવધાન બનીને રહેવા માંડી. એણે યોગિનીનો ભાવિ માર્ગ જાણવા બહુ મહેનત કરી, પણ એના પેટનું પાણી એ જાણી શકી નહિ. યોગિની છાતી ઠોકીને વાત તો એ જ કરતી કે, મારે વળી મારો ભાવિ માર્ગ ગોતવાની આવશ્યકતા જ ક્યાં છે ! રાજવીના સંદેશ મુજબ કાર્ય પતી જાય, એટલે મારે વિજયવતીની વાટ જ પકડવાની છે ! પણ આ વાતમાંય કમલવતીને યોગિનીની માયાભરી-મુત્સદ્દીનું જ દર્શન થતું. એના મનમાં એવી પાકી ખાતરી થઈ ગઈ હતી કે, હવે આ યોગમાયા ફરીથી વિજયવતી જાય, એ શક્ય જ નથી ! કારણ કે એની માયા વહેલી-મોડી ખુલ્લી પડ્યા વિના ન રહે, એ શક્ય નથી.

થોડા વધુ દિવસો વીત્યા. પાટલિખંડના પ્રદેશમાં પ્રવાસનાં પગરણ હવે મંડાઈ ચૂક્યાં હતાં. કમલવતી બહારથી ભલે યોગિની તરફ સદ્ભાવનો દેખાવ કરતી હતી, પણ અંતરથી તો એની તરફ કમલવતીને ભારોભાર અરુચિ પેદા થઈ ગઈ હતી. કારણ કે એની વૃત્તિ-પ્રવૃત્તિનું એકમાત્ર ધ્યેય એ જ હતું કે, કમલવતીને રાજવી રણસિંહની ઉપર હાડોહાડ ધિક્કાર પેદા કરાવવો ! એથી કમલવતી યોગિનીનો સહવાસ હવે બને એટલો જલદી છોડવા માગતી હતી. પ્રવાસનાં થોડાં વધુ પગરણ મંડાતાં, એક દિવસ કમલવતીએ કહ્યું :

‘સારથિ ! યોગિની ! સ્વામીનાથ તમારી રાહ જોતાં હશે, હવે મારા માટે પરિચિત પ્રદેશ શરૂ થઈ ગયો છે. અહીં ઊભાં-ઊભાં જ પાટલિખંડના એ ચિંતામણિ-તીર્થનું કલ્પનાદર્શન હું સ્પષ્ટ રીતે કરી શકું છું, માટે તમે બંને હવે અહીંથી પાછા ફરી શકો છો. મારી કોઈ ચિંતા કરવાની જરૂર નથી. મારો એક એ જ સંદેશો સ્વામીને પહોંચાડશો

કે, મારી શીલશક્તિ જો શાપિત નહિ બની હોય, તો જંગલ પણ મારે માટે મંગલ બનવા જ સર્જાયું છે, અને મારી શીલશક્તિ જો શાપિત બની ચૂકી હશે, તો મંગલ પણ મારા માટે જંગલ જ બની જવાનું હતું ! અને શીલશક્તિ પરના વિશ્વાસના બળે જંગલમાં પ્રવેશેલી મારી એટલી જ વિનંતી સ્વામીનાથને જણાવશો કે, સ્વામીનાથ ! આપના રાજ્યમાંથી મને ભલે દેશવટો મળ્યો, પણ આપના અંતરના આંગણેથી આપ ધર્મ-સદાચાર અને દયા-દાનને દેશવટો ન આપતા! લગ્નથી માંડીને હું આપના દિલને પીડા આપવામાં જ નિમિત્ત બનતી આવી છું. લગ્ન વખતે મારા નિમિત્તે સંગ્રામ જાગ્યો, આજે ભગ્ન-લગ્નની પળે આપના દિલને ઊંડો આઘાત આપવામાં હું નિમિત્ત બની છું, એ બદલ ક્ષમા ચાહું છું. આપનું કુશળ મારી કામના છે, આપનું મંગલ મારો મનોરથ છે અને આપનું ખેમ મારી ખેવના છે.

વાક્ય પૂરું કરતાં-કરતાં તો કમલવતીની આંખમાંથી ચોધાર આંસુ વરસી રહ્યાં. સારથિનું દિલ પણ આઘાત અને વેદનાથી વલોવાઈ રહ્યું. યોગિનીની આંખ મગરનાં આંસુ સારવા માંડી. ડૂસકાં અને આંસુનું એ વાતાવરણ થોડી પળો સુધી વધુ ને વધુ ઘેરું બનતું ચાલ્યું. અંતે કમલવતીએ એ ગંભીરતાનો પડદો હટાવવાની પહેલ કરતાં કહ્યું :

'આજે નહિ ને કાલે પણ જો આપણો આ મેળો વિખરાવ પામવાનો જ છે ! તો પછી મનને મક્કમ બનાવીને આજે જ વિખરાવની આ વેદનાને વેઠી લેવામાં શાણપણ નથી શું ? હું તમને જેટલી વહેલી રજા આપીશ, એટલા જ તમે વિજયવતીમાં વહેલા પહોંચી જઈને સ્વામીનાથને સંતોષી શકશો, માટે વધુ વિચાર કર્યા વિના તમે હવે અહીંથી જ પાછાં ફરી જાવ ! મારી જરાય ચિંતા કરતાં નહિ; મારા મનમાં છે નવકાર, મુજને શું કરશે સંસાર ?'

કમલવતીએ મક્કમ બનીને સારથિને સમજાવ્યો. યોગિની પણ વિદાય-વેળાની વેદનાનો દેખાવ કરી રહી. કમલવતીએ એને વિદાયનો સંદેશો આપતાં એટલું જ કહ્યું : યોગિની ! હૈયાને સરળ રાખવામાં બહુ મજા છે ! બુદ્ધિનો ઉપયોગ કોઈને શીશામાં ઉતારવા માટે ન કરવાની મજા પણ કંઈ ઓર જ છે ! માનવનું હૈયું અને માનવની બુદ્ધિ, ભવના બહુબહુ ફેરા ફર્યા પછી મહાપુણ્યના ઉદયે મળી શક્યાં છે, એથી એનો થાય એટલો સદુપયોગ કરી લેજો. વિજયવતી જાવ, તો સ્વામીનાથની સાથે સરળતાભર્યો વ્યવહાર કરજો. બીજે કોઈ ઠેકાણે જાવ, તોય સરળતાને જ જીવનનું સૂત્ર બનાવજો ! નાના મોઢે મોટી વાત થઈ ગઈ હોય, તો ક્ષમા ચાહું છું.

કમલવતી પોતાના જીવનરથનું સારથિપદ પોતે જ સાંભળવા માટે મક્કમ હતી. સારથિને અને યોગિનીને વિજયવતીની વાટે વળાવી આવ્યા બાદ એણે પોતાનો માર્ગ પકડ્યો. જંગલ ધીમેધીમે ગાઢ બનતું જતું હતું, છતાં પોતાની ધર્મશક્તિ પરના વિશ્વાસના બળે કમલવતીને એ જંગલમાંય મંગલનું દર્શન થઈ રહ્યું હતું, સારથિ અને યોગિનીની વિદાય બાદ કમલવતી માટે હવે એકમાત્ર કોઈ ગંભીર પ્રશ્ન જો ખડો થતો હતો, તો એ 'શીલ-રક્ષા'નો હતો ! એનો ઉપાય પણ એની પાસે જ હતો. કાળજાની કોરની જેમ જાળવી રાખેલી જડીબુટ્ટી એણે પાલવના છેડેથી છોડીને પોતાના કાનમાં ભરાવી દીધી.



• જડીબુટ્ટીના ભેટે કમલવતીની કાયાપલટ

જડીબુટ્ટીના જોરે એક ચમત્કાર સરજાયો ! કમલવતીની કાયા પરથી સ્ત્રીત્વ અદશ્ય બની ગયું અને એક મનમોહક પુરુષત્વે ત્યાં અવતાર લીધો. કમલવતીનું દિલ તો એનું એ જ રહ્યું હતું, પણ એનો દેહ હવે પલટાઈ ગયો હતો. એથી 'શીલરક્ષા'નો એનો પ્રશ્ન ઉકેલાઈ ગયો. નિર્ભયતાથી વનને ગજાવતા સિંહની અદાથી કમલવતીનો એ પુરુષાકાર પોતાના પરાક્રમભર્યા પગલે પૃથ્વીને કંપાવતો આગળ ને આગળ ધપી રહ્યો ! આ એક જ ભવમાં થયેલા અનેક અનુભવો, પુણ્ય-પાપની તેજી-મંદીથી જીવનમાં ખાબકી જતી સુખદુઃખની તેજી-મંદીઓ, ક્ષણમાં રાજી તરીકેની બાજીને તો ક્ષણમાં તારાજીની બાજીને ચગવતા કર્મરાજની કુટિલ રમત અને આ બધાના યોગે પાપનાં પોટલાં બાંધી લેતા અજ્ઞાની જીવોના વિચાર. આ બધું એના માટે ત્યારે સાચો સથવારો બની રહ્યું !

ધરતીમાં ધરબાયેલું બીજ અંકુરિત થવારૂપે પૃથ્વીના પેટાળમાંથી બહાર આવીને જેમ પ્રગટ થયા વિના ન રહે, એમ ગમે તેટલી ગુપ્તતા સાથે સેવાયેલું પાપ, એક દહાડો પીપળે ચઢીનેય પોકાર પાડ્યા વિના પણ ન રહે, આ સનાતન-સત્ય યોગિની ગંધમૂષિકા બરાબર જાણતી હતી. એ એવી ભોળી નહોતી કે, હવે વિજયવતીમાં ખત્તા ખાવા અને પોતાની ધૂળધાણી થનારી આબરૂનું દર્શન કરવા એ સામે પગલે જવા તૈયાર થાય !

પોતાના પેટનું માયાનું પાપ સારથિથી અકળ રાખીને યોગિનીને કામ લેવાનું

હતું. એક-બે દિવસની મુસાફરી પૂરી થયા બાદ એણે એક દહાડો સારથિ સાથે માયાનો દાવ રમતાં કહ્યું : સારથિ ! આપણા રાજવી રણસિંહ મારા કરતાંય તમારી વધુ રાહ જોતાં હશે ? એથી તમે બનતી ઝડપે વિજયવતી પહોંચી જાવ, એ વધુ સારું ગણાય. નજીકમાં જ રહેલી આ મંગલપુરીનગરીના રાજવી સાથે મારે વર્ષો જૂનો સંબંધ છે. એમના આંગણે આવીને એમના દર્શન લીધા વિના મારાથી આગળ કઈ રીતે અવાય ? અને આ તરફ કંઈ વારંવાર આવવાનુંય બનતું નથી. માટે મંગલપુરીની થોડી મહેમાનગતિ માણીને પછી હું વિજયવતી આવીશ. એથી મારી રાહ જોયા વિના તમે ઝડપથી આગળ વધી શકો છો.

સારથિ તો સરળતાનો સાક્ષાત્ અવતાર હતો. યોગિનીની વાત સાચી માની લઈને એણે વિજયવતી તરફના પોતાના પ્રયાણને ઝડપી બનાવ્યું. હવે તો એ પોતે એકલો જ હતો, એથી રથની ગતિમાં ધાર્યો વેગ આણી શકાય, એમ હતો. સારથિનો રથ જેમ ધરતી પર દોડી રહ્યો, એમ એના મનમાં વિચારોનો રથ પણ દોડાદોડ મચાવી રહ્યો. છેલ્લા દિવસોમાં ખૂબ જ નજીકથી કમલવતીની વૃત્તિ-પ્રવૃત્તિને નિહાળવાનો અવસર એને મળ્યો હતો. આ અવલોકનમાં કમલવતીના નૈસર્ગિક ગુણોની ભવ્ય સૃષ્ટિ જોઈને એના અંતરમાં કમલવતી તરફ અનોખી ભક્તિ જાગી હતી. આવી સન્નારીને જંગલમાં એકલી-અટૂલી ત્યજી દેવાનું પાપ-કૃત્ય જેના કારણે કરવું પડ્યું હતું એ પેટનો ખાડો અને એને પૂરવા માટે કરવી પડતી આવી રાજ-સેવા તરફ એને એકદમ ધિક્કાર જાગી ચૂક્યો હતો. એને થતું હતું કે, કમલવતીને દેશવટો આપવામાં નિમિત્ત-માત્ર બનવા દ્વારા મેં જે પાપ બાંધ્યું છે, એથી મારો કોઈ ભવેય છુટકારો થશે ખરો ?

સારથિનો સમય મોટે ભાગે કમલવતીના વિચારમાં જ પસાર થઈ જતો. એ વિચારતો : કમલવતીની સજ્જનતા કેટલી બધી અજોડ ગણી શકાય ! સ્વામી તરફથી આવો બહિષ્કાર મળ્યો, છતાં છેક છેલ્લી ઘડી સુધી સ્વામીને એ આવકારની આંખે જ નિહાળી રહી ! એના છેલ્લા સંદેશામાં પણ સ્વામી પ્રત્યેનો કેવો સદ્ભાવ શબ્દે-શબ્દે છલકાઈ રહ્યો હતો ! રાજવીના માથે એવું તે વળી કેવું ભ્રમણાનું ભૂત સવાર થઈને બેઠું હશે કે, એ ભૂત આમ કમલવતીને ભગાડીને જ રહ્યું ! શું યોગિની જેવી યોગિનીનું સાંનિધ્ય પણ એ ભૂતને ભગાડવામાં નિષ્ફળ નીવડ્યું હશે ! છતાં હજી આશાના કિરણ સમી એક સંભાવના ઊભી છે, એ સારી નિશાની ગણાય ! યોગિની વિજયવતીમાં

પુનઃ આવ્યા બાદ રાજવીના માથે ચડી બેઠેલા ભ્રમણાના એ ભૂતને મારી હટાવવાનો પ્રયાસ આદરે અને એમાં એ સફળ બની જાય, તો કેવું સારું ! તો તો રાજા-રાણીના પાનખર જેવા બની ગયેલા સંસારને વળી પાછી પ્રસન્નતાની વસંત ઋતુ સૌન્દર્ય બક્ષી જાય !

સારથિના મનમાંથી આવા કેઈ કેઈ વિચારો છલકાતા જતા હતા. પોતાના વિચારોનું મૂલ્ય એ સમજતો હતો. એને એ વાતનો બરાબર ખ્યાલ હતો કે, મારો તો માત્ર મનોરથના રથ દોડાવવાનો જ અધિકાર છે, ધાર્યું તો રાજવીનું જ થવાનું છે ! છતાં કમલવતી પર જાગેલી એની ભક્તિ, આવા વિચારોના વેગને ખાળી શકવા સમર્થ નહોતી નીવડતી. એ ભક્તિની શક્તિ જ એવી હતી કે, જેમ જેમ આવા વિચારોને ખાળવાનો પ્રયત્ન થતો, એમ એમ એના વેગમાં વધારો થતો !

કમલવતીને ગમે તે રીતે દેશવટો આપી જ દેવાની ધૂન પર સવાર થયેલો રણસિંહ, કમલવતીના બહિષ્કાર પછીની એ પળો જેમ જેમ વીતતી જતી હતી, એમ એમ દ્વિધાના દરિયામાં વધુ ને વધુ ગોથાં ખાવા માંડ્યો હતો. **વસ્તુનું મૂલ્ય એની ગેરહાજરીની પળોમાં વધુ અંકાતું હોય છે, કોઈ ચીજને વિરહની પળોમાં જેમ જેમ ભૂલવાનો પ્રયાસ વધુ થાય, એમ એમ એની સ્મૃતિ વધુ સતેજ બન્યે જતી હોય છે. મનની આ જો નબળી કડી ગણાતી હોય,** તો રણસિંહમાં આ નબળી કડીનું પ્રમાણ ઘણા મોટા પ્રમાણમાં હતું, એથી જ તો કમલવતી અંગે એના વિચારો વાદળની છાયાની જેમ વારંવાર પલટાતા રહ્યા હતા.

રણસિંહની આંખ સામે કમલવતી સાથે વિતાવેલો સુખી સંસાર ઊપસતો અને એને થતું કે, હવે એ સૌન્દર્ય, એ સંયમ અને એ સમર્પણ હું કોની પાસેથી મેળવી શકીશ ? જ્યારે એની આંખ સામે યોગિનીની મેલી વિદ્યા દ્વારા ઊભા કરાયેલા એ બે પ્રબળ પુરાવાઓ ઊપસી આવતા, ત્યારે એ દાંત કચકચાવીને જાણે મનોમન બબડતો કે, દૂધપાક ભલેને ગમે તેવો સ્વાદિષ્ટ હોય, પણ એમાં એક વિષબિંદુ ભળ્યું હોય, તો એને ઉકરડે ફેંકી દેવો જ પડે ! કમલવતીનું વ્યક્તિત્વ ભલે દૂધપાક જેવું હતું, પણ એમાં પરપુરુષના પ્રેમનું ઝેર ભળ્યા પછી પણ જો હું એને ઉકરડે ન નાખી દઉં, તો મારું જીવન ખતરામાં મુકાઈ જાય !

આમ, દ્વિધાના દરિયામાં આમતેમ અથડાતા રણસિંહની સામે એક દહાડો સારથિ

ખડો થઈ ગયો. જેની પ્રતીક્ષા પાછળ પળપળનાં ગણિત ગણીને, રણસિંહે પોતાની આંગળીના વેઢા ઘસી નાખ્યા હતા, એ સારથિને એકલો જ આવેલો જોઈને રણસિંહે સીધો જ સવાલ કર્યો : યોગિની ગંધમૂષિકાનું પધારવું નથી થયું ? સારથિ ! તું એકલો કેમ!

રાજવીના મોઢા પર ખેંચાયેલી ચિંતાઓની રેખા-લિપિ સારથિ વાંચી શક્યો. એ જાતનું અનુમાન બાંધતાં એને વાર ન લાગી કે, કમલવતીને દેશવટો આપીને રાજવી સંતોષનો શ્વાસ લેવામાં નિષ્ફળ નીવડ્યા લાગે છે ! સારથિએ બધી વાત વિગતવાર કહી સંભળાવી. છેલ્લે કમલવતીનો સંદેશો સંભળાવતાં સંભળાવતાં એની આંખે ઝળઝળિયાં આવી ગયાં. સારથિ એ વિચારી રહ્યો કે, રાજવીના આંખ પર પાંપણનો પડદો છે, એથી જ આંસુઓ જોઈ શકાતાં નથી. છેલ્લે યોગિનીના ખબર-અંતર આપતાં સારથિએ કહ્યું કે, યોગિની મંગલપુરીનગરી પાસેના પ્રદેશ આગળથી છૂટી પડી છે. ત્યાંના રાજવીનું થોડુંઘણું આતિથ્ય માણીને વિજયવતી આવવાનું વચન એણે મને આપ્યું છે. આ સિવાય વધુ જે કંઈ હશે, એ તો યોગિની આપને મળીને વાત કરશે, ત્યારે જ આપને જણાશે ! અંતે અંતરની વાત કહેતાં સારથિએ કંઈક ખચકાટ સાથે કહ્યું : ‘રાજવી ! કમલવતી રાણીને હું દેશવટો આપી તો આવ્યો, પણ આ પ્રસંગ જ્યારે જ્યારે યાદ આવે છે, ત્યારે મારા કાળજામાં કાંટા ભોંકાતા હોય, એવી વેદના હું અનુભવું છું. એથી મને એમ લાગે છે કે, મારા હાથે આ એક અત્યંત ગોઝારું પાપ થઈ ગયું છે ! બાકી તો આપ મારા ધણી છો અને હું આપનો ચાકર છું. એથી વધુ તો હું શું કહી શકું ?’

સારથિએ રાજવીનો પ્રત્યુત્તર મેળવવા થોડીઘણી રાહ જોઈ, પણ નિરાશ થઈને એણે આંસુભીની આંખે ચાલ્યા જવું પડ્યું. મંત્રીશ્વર મતિસાગર બાજુમાં જ બેઠા હતા. એમણે પોતાની અનુભવી દૃષ્ટિના બળે ભાવિને ભાખતાં કહ્યું : રાજવી ! આપ હવે યોગિનીના આગમનની આશા રાખતા હો, તો એ આશા પર અગ્નિ ચાંપી દેજો ! હું ચોક્કસ કહું છું કે, એ આપની સાથેય માયા રમી ગઈ ! હવે એ વિજયવતીમાં પગ મૂકે, તો મારું નામ મતિસાગર નહિ ! થોડો વખત જવા દો, કાળ જ એ વાત સાબિત કરી આપશે કે, આ બધો માયામાર્ગ યોગિનીએ જ સરજ્યો હતો, અને કમલવતીને દેશવટો અપાવવાનું ધ્યેય સિદ્ધ કરવા જ એ અહીં આવી હતી. હું તો એટલે સુધી કહી દેવા માગું છું કે, એ સોમાનગરીમાં રહેતી હોવી જોઈએ અને રત્નવતીએ આપનો પ્રેમ સંપાદન

કરવાની ધૂનમાં કમલવતીનો કાંટો ઉખેડી નાખવા એની મેલી વિદ્યાનો સહારો લીધો હોવો જોઈએ ! મારું આ તો અનુમાન છે, એ જો સાચું હશે, તો થોડા જ દિવસમાં રત્નવતીને પરણવા જવા માટે કદાચ કનકપુરથી કનકશેખર રાજવીનું દબાણ પણ આપની પર આવશે જ !

યોગિનીના અનાગમનની વાતને માધ્યમ બનાવીને મતિસાગરે જે અનુમાનો પળવારમાં બાંધ્યાં હતાં, એ એમણે એકીધડાકે કહી નાખ્યાં. મંત્રીશ્વર જોઈ શક્યા હતા કે, રાજવીને પોતાની વાત ગમી નહોતી. આ આખી ઘટનાનો અભ્યાસ કરતાં-કરતાં મંત્રીશ્વરની નજર સામે જે ફલશ્રુતિ અંકિત થતી જણાતી હતી, એના અંકોડા ધીમેધીમે હવે મળી રહેવા માંડ્યા.

રણસિંહે સારથિને સાંભળ્યો. મતિસાગર મંત્રીશ્વરની વાતોય એણે ધ્યાન દઈને સાંભળી. એના અંતરના આંગણે પ્રશ્નચિહ્નોની એક મોટી પરંપરા ઊતરી પડી : શું કમલવતી સાચે જ નિર્દોષ હશે ? યોગિનીએ જ શું અમારી વચ્ચે ભેદ પડાવ્યો હશે ? મને પાછા આવવાનું વચન આપીને એ ગઈ છે, શું મારોય એ વિશ્વાસઘાત કરશે ? સારથિની વાત કંઈ સાવ કાઢી નાખવા જેવી તો નથી જ ! મંત્રીશ્વર છાતી ઠોકીને જે વાતો કહે છે, એની પાછળ એમના અનુભવ-જ્ઞાનનું બળ છે. શું રત્નવતીને પરણવા માટેનું આમંત્રણ મને ફરી પાછું મળશે ખરું ?

પ્રશ્નોની પરંપરાનો પ્રવાહ વધતો જ ચાલ્યો. સંધ્યાનો સમય થવા આવ્યો હતો. પ્રશ્નોના પડકારમાંથી મુક્તિ મેળવવા રણસિંહ કનકવતીના મહેલે ગયો. ત્યાં એણે ઘડી બે ઘડી પસાર કરી. પણ જાગેલા પ્રશ્નો એનો પનારો મૂકે એમ ન હતા. કનકવતીના મહેલેથી નીકળીને એ પોતાના શયનખંડમાં ગયો અને સૂવાનો નિષ્ફળ પ્રયાસ કરવા માંડ્યો. પણ એની નીંદર વેરણ બની હતી. કમલવતીના વિચારો એને ચારે તરફથી ઘેરી વળ્યા !



● કમલવતીનો સંદેશ રણસિંહને પહોંચાડતો સારથિ

# મનના મોડ અજોડ ! ૧૬

ભેદ-ભરમની ભૂતાવળોનો ભાર માથે વેંઢારનારો દિવસે શાંતિથી કામ કરી શકતો નથી અને રાતે નિરાંતે આરામ કરી શકતો નથી. પોતાના દ્વારા જ અન્યને સપડાવવા માટે જ ગૂંથાયેલી માયાજાળ, પોતાને જ ક્યાંક સપડાવી ન જાય, એની ચિંતા એના દિલને દિનરાત જલાવતી જ રહેતી હોય છે.

યોગિની ગંધમૂષિકા જ્યારથી વિજયવતીમાં આવી હતી, ત્યારથી પોતાની એ માયાજાળથી સાવધ રહેવાની ચિંતા, એને ચિતા બનીને બાળી રહી હતી. કમલવતીની સાથે એણે વિજયવતીનો ત્યાગ કર્યો, ત્યારથી એ ચિંતાના તાપનો ધખારો કંઈક ધીમો બનવા માંડ્યો. આગળ જતાં કમલવતીને વળાવી દઈને સારથિ સાથે એ પાછી ફરી અને થોડા દિવસ બાદ મંગલપુરી તરફ જવાના બહાને એણે સારથિને પણ જ્યારે વિજયવતી તરફ જવા રવાના કરી દીધો; ત્યારે દિવસો પછી સંતોષનો શ્વાસ લેતાં એણે વિચાર્યું : હાશ ! હવે હું છૂટી ! રત્નવતીની આશાસૃષ્ટિના અમૃતને પાછું લઈ આવવાનું બીડું તો મેં ઝડપ્યું, એથી મને ધન-લાભ પણ થયો ! પરંતુ આ પ્રશ્નને ઉકેલતાં-ઉકેલતાં ખરેખર મારા લોહીનું પાણી થઈ ગયું ! ચિંતાની એ ચિતાના અંગારા મને લાગે છે કે, આજે હવે કંઈક ઠરી રહ્યા છે !

મંગલપુરીને માધ્યમ બનાવીને સારથિનો સથવારો છોડનાર યોગિની ગંધમૂષિકા

માટે હવે તો સોમાપુરીનો માર્ગ મોકળો હતો. મનોરથની એક મોટી પરંપરાને પંપાળતી-પંપાળતી યોગિનીએ પોતાના પ્રવાસને ખૂબ જ ઝડપી બનાવ્યો. સોમાપુરી નજીક આવતી ગઈ, એમએમ એની આશાસૃષ્ટિ વધુ ને વધુ શણગાર ધરતી ગઈ. સંપત્તિના સાગરની અને માન-પાનના મહાસાગરની પ્રાપ્તિ હવે એને હાથવેંતમાં જણાતી હતી.

સોમાપુરીના એ રાજમહેલમાં તો પોતાની ભાંગી પડતી આશાસૃષ્ટિના ભંગારમાં પુનઃ શૃંગારનો અવતાર કરાવવાનું દિવાસ્વપ્ન નિહાળતી રત્નવતી લોહીનાં આંસુ વહાવીને વિજયવતી તરફથી આવનારી યોગિનીની રાહ રોજરોજ જોઈને સમી-સાંજે ભગ્ન-હૈયે પથારીમાં પટકાતી. ધાર્યા કરતાં વધુ વિલંબ થયો હોવાથી પોતાના કાર્ય અંગે અમંગલની એંધાણીઓ વધુ ઘેરી બનીને રત્નવતીના દિલ-દર્દમાં વધારો કરી રહી હતી.

યોગિની ગંધમૂષિકા રત્નવતીને મળવા તલપાપડ હતી, તો રત્નવતી પણ યોગિનીનો યોગ મેળવવા લોહીનાં આંસુ વહાવી રહી હતી. એક દહાડો બંનેનો સંયોગ સધાઈ ગયો. યોગિની મન મૂકીને વાર્તાલાપના વાદળને વરસાવવા માંડી, રત્નવતી ચાતકના ચહેરે એનું એકેએક બુંદ ઝીલી રહી. વાદળ જ્યારે વરસી રહ્યાં ત્યારે ચાતકનું ચિત્ત ધરાવતી એ રત્નવતી યોગિનીને ભેટી પડતાં બોલી : આપનો કેટલો ઉપકાર માનું ? હું આપનો આભાર માનીશ, એટલો ઓછો જ રહેવાનો છે !

રાજવી પુરુષોત્તમની આગળ પણ યોગિનીએ બધી વાત માંડીને કહી સંભળાવી. સૂના-સૂના રાજમહેલમાં ફરી પાછું સંગીત ઘૂંટાવા માંડ્યું. થોડી ઘણી મંત્રણાઓ ચાલી. થોડા દિવસો પસાર થયા અને એક દિવસે સોમાપુરીનો સંદેશો લઈને એક ખેપિયો કનકપુર તરફ જવા રવાના પણ થઈ ગયો. પુરુષોત્તમે રત્નવતીના મામા કનકશેખર દ્વારા જ રણસિંહ પર સંદેશ પહોંચાડવો યોગ્ય માન્યો હતો. એથી ખેપિયાએ કનકપુરની વાટે પ્રયાણ આદર્યું.

કનકપુરના રાજવી કનકશેખરને વિજયવતીમાં બની ગયેલી ઘટનાનો અથથી ઇતિ સુધીનો પૂરો-ખરો ખ્યાલ ન હતો. કમલવતીના દેશવટા અંગેની ઊડતી વાતો એમણે સાંભળી હતી ખરી ! પરંતુ જ્યારે સોમાનગરીથી ખેપિયો આવ્યો અને એણે આખી ઘટના વિગતવાર કહી સંભળાવી, ત્યારે જ એઓ બધી વાત વિસ્તારથી જાણી શક્યા. વાત પૂરી કરીને ખેપિયાએ કનકશેખરના હાથમાં એક સંદેશપત્ર આપતાં કહ્યું

કે, મારે જે માટે આવવાનું થયું છે, એનો ખરો ખ્યાલ તો આપને આ સંદેશપત્ર જ આપી શકશે.


• સંદેશપત્ર વાંચતો રણસિંહ

રાજવીએ સંદેશપત્ર વાંચવા માંડ્યો. એમાં લખ્યું હતું કે, આપના જમાઈરાજ અમારી પુત્રી રત્નવતીને પરણ્યા વિના જ પાછા ફર્યા હતા એ તો આપ જાણતાં જ હશો ? પરંતુ એ પછીની વિગતોનો આપને કદાચ ખ્યાલ નહિ હોય ? રણસિંહ રાજવી કમલવતીને મેળવીને ભલે રત્નવતીને ભૂલી બેઠા ! પણ રત્નવતી એમને હજી ભૂલી શકી નથી અને ભૂલવા માગતી પણ નથી ! એથી કોઈ પણ ભોગે રણસિંહરાજવી રત્નવતીને નેહભીની નજરે જોતાં થાય, એમ કરવું અમારા માટે અનિવાર્ય હતું અને એ માટે આપદ્ધર્મ તરીકે યોગિનીને વિજયવતી મોકલવાનું પગલું અમે ભર્યું. અમને લખતાં બહુ આનંદ નથી થતો કે, એ યોગિનીએ મેલી વિદ્યાના બળે કમલવતીને દેશવટો અપાવ્યો. હવે આપ જો દબાણ કરો, તો રણસિંહ રાજવી રત્નવતીને પરણવા કબૂલ થાય એવો અમને પૂરેપૂરો વિશ્વાસ છે, માટે ઘટતું કરવા વિનંતિ. રત્નવતીને અમે બહુ સમજાવી, પણ એ રણસિંહ સિવાય બીજા કોઈને વરવા તૈયાર જ નથી, માટે જ આ લખવું પડે છે.

કનકશેખરને થયું કે, એક વાર હું જાતે જ વિજયવતી જઈ આવું, તો કામ સરળ બને ! એથી બીજે જ દિવસે સોમાનગરીના સંદેશવાહકને સાથે લઈને એમણે વિજયવતી તરફ પ્રયાણ કર્યું. બે-ત્રણ દિવસમાં પહોંચી જવાની ધારણા સાથે એ રસાલો આગળ વધી રહ્યો !

**મનના મોડ અજોડ હોય છે. માનવ-મનની એ એક નબળી કડી છે કે, વસ્તુના અભાવમાં જ એની કિંમત એ વધુ આંકવા માંડતું હોય છે. અતિ-પરિચય એના માટે ઘણી વાર અવજ્ઞાનો અંજામ લાવતું હોય છે અને અપરિચયની પળોમાં એ અવજ્ઞા અંગે એને આંસુ સારવાનો વખત પણ આવતો હોય છે.**

કમલવતીના વિયોગની વેળા, રણસિંહની આંખમાંથી વહેતી આંસુ-ધારાનું અર્ઘ્ય પામવાનું સૌભાગ્ય ધરાવે એવી હતી. મંત્રીશ્વરે માંડીને કહેલી વાતો અને સારથિએ

આંસુ-નીંગળતી આંખે વર્ણવેલી વીતક સાંભળ્યા બાદ ધીમેધીમે રણસિંહની વિચારધારામાં અજબગજબનું પરિવર્તન આવી રહ્યું હતું. કમલવતીના દોષ કરતાં હવે એને પોતાની જાત જ વધુ દોષિત જણાતી હતી. પણ હજી એના મનમાં યોગિની તરફનો સદ્ભાવ તો અકબંધ જ હતો. એ વિશ્વાસપૂર્વક માનતો હતો કે, યોગિની મને તો દગો નહિ જ દે ! એઓ વહેલાં-મોડાં જરૂર આવશે જ અને આવશે ત્યારે બધા ખુલાસા કરીને હું નિશ્ચિંત બની જઈશ !

ગમગીની, ગંભીરતા અને ચિંતાથી ઘેરાયેલો રણસિંહ એકમાત્ર યોગિનીના આગમનની આશામાં ને આશામાં દિવસો વિતાવી રહ્યો. કમલવતીના નાસ્તિત્ત્વની પળો ધીમેધીમે એને વધુ ને વધુ બેચેન બનાવી રહી. એક બાજુ કમલવતીનો વિયોગ વધુ વેદના જન્માવી રહ્યો હતો, બીજી બાજુ યોગિનીના આગમનની એંધાણીય દિવસો વીતવા છતાં કળાતી ન હતી અને ત્રીજી બાજુ રત્નવતીની સાથે લગ્ન કરી લેવાની વાત દબાણપૂર્વક પણ સમજાવી દેવાના મક્કમ નિરધાર સાથે આવેલા કનકશેખરે પોતાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. આ સંજોગોમાં રણસિંહને માટે નવેસરથી વિચાર કરવાની ફરજ પડે, એ સહજ હતું !

કનકશેખરનું કહેવું એટલું જ હતું કે, રાજવી રણસિંહ ! રત્નવતીનું માગું સ્વીકારી લીધા પછી તમે કમલવતીને પરણીને જ પાછા ફરી ગયા ! આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની આ પળ છે. હજી પણ રત્નવતી તમારા નામની જ માળા જપે છે, તમે હવે એની ઇચ્છા પૂરી નહિ કરો, તો એનું જીવન જોખમમાં મુકાઈ જશે. તમારા સિવાય કોઈને ન વરવાની પોતાની પ્રતિજ્ઞામાં રત્નવતી હજી મક્કમ છે, અને બીજી બાજુ કમલવતીનો વિયોગ આગ બનીને તમને બાળી રહ્યો છે. આ સંજોગોમાં રત્નવતીના સ્વીકારી લીધેલા માગાં મુજબ તમે સોમાપુરીનો સંદેશ સ્વીકારી લો, એ અનેક રીતે ડહાપણભર્યું ગણાશે.

રણસિંહને હવે પાકો વિશ્વાસ બેસી ગયો હતો કે, યોગિની મને નક્કી ધૂતી ગઈ ! કમલવતીને દેશવટો અપાવવા જ એ અહીં આવી હોવી જોઈએ ! એ સાચી હોત, તો ચોક્કસ અહીં પાછી આવત જ ! ઓહ ! મંત્રીશ્વરનાં બધાં જ અનુમાન સાચાં પડતાં લાગે છે !

રણસિંહની આંખ આગળ હવે યોગિનીની બોલચાલ, એની રીતભાત અને એની વૃત્તિનું ચિત્રપટ સરકવા માંડ્યું. એ ચિત્રપટના દૃશ્યે-દૃશ્યે એને હવે વિશ્વાસઘાત અને

દગાની કારમી ગંધ આવવા માંડી. અને એ જ પળે એણે નક્કી કરી નાખ્યું કે, કમલવતીને દેશવટો આપીને તો મેં મોટો અપરાધ કર્યો જ છે, હવે રત્નવતીનું જીવન જોખમાય નહિ અને બીજો મહાપરાધ મારા કપાળે અંકાય નહિ, એ માટે પણ મારે સોમાપુરીનો સંદેશ સ્વીકારી જ લેવો જોઈએ !

કનકશેખરનો પ્રયાસ સફળ થયો. પોતાની ભાણી રત્નવતી સાથે લગ્ન કરી લેવાનું સમજાવવામાં મળેલી સફળતા બદલ રણસિંહનો આભાર માનીને એ પુનઃ કનકપુરી તરફ પાછા ફરી ગયા. સોમાનગરીથી આવેલો સંદેશવાહક થોડા જ દિવસમાં ખુશાલીનો સંદેશ લઈને વિજયવતીથી સોમાનગરી તરફ જવા રવાના થઈ ગયો.

રણસિંહના સૂનાસૂના દિલમાં પ્રસન્નતા ફરી પાછાં પગરણ માંડી રહી. છેલ્લા થોડા દિવસોના વાતાવરણે રાજમહેલમાં જે ગમગીની અને ગંભીરતા સરજી હતી, તેમ જ કમલવતીને અપાયેલા દેશવટાથી એમાં જે ભરતી આવી હતી, એ ઓસરવા માંડી અને સોમાનગરીની સુંદરીને વરવા જવાની વાતથી નગરીમાં પ્રસન્નતાનાં પોયણાં ફરી ખીલી ઊઠ્યાં. રણસિંહે પોતાના મોટા કાફલા સાથે એક શુભ દિવસે સોમાનગરી તરફ પ્રયાણ કર્યું. એના માટે બેવડા આનંદનો આ પ્રસંગ હતો. એક તો પોતાની પ્રિય ભૂમિ ચિંતામણિ-તીર્થનો ભેટો થવાનો હતો અને બીજી તરફ કમલવતીની સ્થાન-શૂન્યતા પૂર્ણ કરવાની જવાબદારી અદા કરવા જ જાણે રત્નવતીનું આગમન થવાનું હતું.

રણસિંહના અંતરને આંગણે ભવ્ય ભૂતકાળની વિરાટ સ્મરણ-સૃષ્ટિ અવતાર ધરવા માંડી. જેમ જેમ પાટલિખંડનો પ્રદેશ નજીક આવવા માંડ્યો, એમ એમ એ સંસ્મરણો વધુ ને વધુ ઘેરાં બનવા માંડ્યાં. પોતાનો એ બાલ્યકાળ, ચિંતામણિ-તીર્થમાં થયેલું એ મુનિદર્શન, પ્રભુદર્શનની સ્વીકારેલી એ પ્રતિજ્ઞા, ચિંતામણિ યક્ષે કરેલું એ કૃપાદાન, એના પ્રભાવે ચમત્કારિક રીતે કનકપુરીના સ્વયંવર-મંડપમાં મળેલી એ સિદ્ધિ અને કનકવતી સાથે થયેલું એ પાણિગ્રહણ, વિજયવતીના રાજ્યસિંહાસનની એ પ્રાપ્તિ, વધતો એ પુણ્ય-પ્રવાહ. સોમાનગરીના રાજવી પુરુષોત્તમ તરફથી પોતાની પુત્રી રત્નવતીને પરણવા પધારવાનું મળેલું આગ્રહભર્યું એ આમંત્રણ, રામનું સ્વપ્ન ભરતને ફળવા જેવી ઘટનારૂપે અણધાર્યો બનેલો કમલવતીના લગ્નનો એ પ્રસંગ ! આ અને આવી અનેક સ્મૃતિઓએ જાણે સરોવર બનીને પોતાના પાણીમાં રણસિંહને સહેલગાહ કરાવવા માંડી.

આગળ વધતાં એ સ્મૃતિપટનાં ચિત્રો રણસિંહને ગમગીન બનાવી જતાં.

રત્નવતીને પરણ્યા વિના જ વિજયવતીમાં પોતાનું પુનરાગમન, એના અંજામ રૂપે જ જાણે નગરીમાં યોગિનીનો ભેદી પ્રવેશ, એના દ્વારા સુખી સંસારમાં સુરંગ ચાંપવા જેવી કાનભંભેરણી અને શંકા-કુશંકાઓની એક લાંબી વણઝારને અંતે કમલવતીને અપાયેલો દેશવટો. છેવટે યોગિની દ્વારા કરાયેલો વિશ્વાસઘાત ! પોતાના સુખી સંસારમાં સુરંગ ચાંપતા આ પ્રસંગોની સ્મૃતિ રણસિંહના દિલના રુઝાતા ઘાવને જાણે તાજા બનાવવાનું કામ કરી ગઈ અને એના દિલમાં ફરી પાછો કલ્પનાનો એક કીડો સળવળાટ કરી ગયો : પાટલિખંડ પહોંચીને જો હું કમલવતીની શોધ આરંભી દઉં અને ભાગ્ય જો યારી આપે, તો મારો જીવનખંડ કમલવતીનાં કિરણોથી ફરી પ્રકાશિત ન બની ઊઠે શું ?



● કમલવતીની આશામાં રાચતો રણસિંહ

રણસિંહના દિલમાં કમલવતીની કામનાની ધૂન ફરી પાછી સવાર થઈ ગઈ. જે ધૂનની સફળતાની સ્વપ્નેય આશા રાખી શકાય એમ નહોતી, એ ધૂનની ધૂંસરી પર બેઠેલો રણસિંહ વિચારી રહ્યો : હું નથી માની શકતો કે, સ્વમાનના સાગર સમી કમલવતી પોતાની અપમાનિત દશા પિયરનો આશરો લઈને વિતાવે ! તો શું એ જંગલમાં જ રખડપટ્ટી કરી રહી હશે? એની રક્ષા શીલની શક્તિ સિવાય બીજી વળી કઈ વ્યક્તિ કરી શકે? એનો પુનર્ભેટો થવાની આશા રાખવી જોકે વ્યર્થ છે, છતાં કદાચ મારું ભાગ્ય જોર કરતું હોય અને એનો ભેટો થઈ પણ જાય, પરંતુ એ શું મારા અપરાધને ભૂલી જઈને મને આવકાર આપવા તૈયાર થશે ખરી? સારથિ સાથે સંદેશ પાઠવ્યો હતો, એમાં એની કેટલી બધી વિશાળતા અને ઉદારતા ઘૂંટાતી હતી : ''આપની કુશળતા મારી કામના છે,આપનું મંગલ મારો મનોરથ છે અને આપનું ખેમ મારી ખેવના છે !'' આવી ક્ષમાવૃત્તિ રાખનારી કમલવતી માટે વિપરીત વિચાર કરવાનો મને કોઈ જ અધિકાર નથી. જો એ મળશે, તો દૂધમાં સાકર ભળી જાય, એ રીતે જરૂર એ મારામાં પુનઃ ભળી ગયા વિના નહિ જ રહે !

રણસિંહનું મન અજોડ મોડ લઈને આશા-નિરાશાના ઝૂલે ઝોલાં ખાઈ રહ્યું. મિત્ર સુમિત્ર એની સાથે હતો. એક દિવસ મિત્રની આગળ એણે પોતાનાં દિલ-દ્વાર ખોલીને બધી વાત કહી નાખી અને કંઈક હળવાશ અનુભવી. સુમિત્રે નવી જ દિશા ભણી આંગળી ચીંધતાં જણાવ્યું કે, રાજવી રણસિંહ ! પાટલિખંડ નજીક આવી રહ્યું

છે. કાલે કે પરમ દિવસે આપણે ચિંતામણિ પાર્શ્વપ્રભુના દર્શન કરીને ધન્ય જ નહિ, ધન્યાતિધન્ય બની જઈશું ! ચિંતામણિ યક્ષદેવની પ્રસન્નતા પુનઃ મેળવવાનો અવસર પણ હવે આંગણે આવીને ઊભો છે, એમ પણ કહી શકાય ! યક્ષકૃપા પામીને પછી જ હવે ભાવિનો માર્ગ નક્કી કરવો અને કમલવતી અંગે પણ એ પછી જ વિચારવું, વાજબી ગણાય. અને આ અંગે જરૂર જેવું જણાય, તો ચિંતામણિ-તીર્થમાં એકાદ દિવસ વધુ રોકાવું પડે, તોય શો વાંધો છે ?

રણસિંહને સુમિત્રની આ વાત ખૂબ જ ગમી ગઈ. હવે એનું વિચાર-ચક્ર 'યક્ષદેવ'ની આસપાસ ઘૂમી રહ્યું. એ વિચારી રહ્યો કે, આટલા દિવસ સુધી મેં યક્ષદેવને સંભાર્યા પણ નહિ અને હવે એમના ચરણની આકરી ચાકરી કરવા પણ તૈયાર થઈ જઈશ, તોય એઓ મારી પર પ્રસન્નતા વેરશે ખરા ? **સુખમાં મેં સોનીને સંભાર્યા અને દુઃખના આ દિવસોમાં હવે એ દેવને દિલાસો આપવાની પ્રાર્થના કરીશ, તો એ પ્રાર્થના સફળ થશે ખરી ?** ઓહ ! મારી પાસે ચિંતામણિનો સબળ સથવારો હતો, તોય મેં એમનો સહારો ન લીધો અને કટોકટીના કાળને વધુ કટોકટીભર્યો બનાવવાની મૂર્ખાઈ મેં મારા હાથે જ કરી. કટોકટીના કાળમાં મેં જો યક્ષદેવને સંભાર્યા હોત, તો આજે કમલવતીનો વિયોગ મારા દિલમાં જે આગ જલાવી રહ્યો છે, એ આગના સ્થાને મઘમઘતો કોઈ બાગ જ વધુ ને વધુ ખીલવટ પામી રહ્યો હોત !

મનની માખીને ઊડી-ઊડીને આમથી તેમ બેસવાનો જે સહજ સ્વભાવ વરેલો છે, એનો સાક્ષાત્કાર રણસિંહ કરાવી રહ્યો. કમલવતીના વિચારમાં અટવાયેલા એના મનની માખી, હવે યક્ષદેવ પર ઊડીને બેઠી. આનું જ નામ મનના મોડ અજોડ ! યક્ષદેવના વિચારમાં ને વિચારમાં એના બે દિવસ પૂરા થઈ ગયા. ત્રીજા દિવસની સવારે રણસિંહની સવારી ચિંતામણિ-તીર્થના પ્રાંગણે આવી ઊભી. મનના માનેલા શ્રીપાર્શ્વદેવ આજે મહિનાઓ પછી દર્શન દેતા હતા. એથી ભક્તિથી ભરેલું ભેટણું લઈને રણસિંહ પ્રભુના દરબારમાં પહોંચ્યો. પ્રભુદર્શનની પળોમાં એની આંખ આંસુભીની બનીને ધીમી ધારે વરસી રહી. આનંદનાં એ આંસુ હતાં. રઢિયાળું એ રુદન હતું અને રાજીપાના એ રોમાંચ હતા.

રણસિંહ ભગવદ્‌ભક્તિની ભરતીમાં દૂરદૂર ખેંચાઈ ગયો. સમય અને સ્થળની સીમાનો એમાં છેદ ઊડી ગયો, પોતાના શૈશવની શાંતિથી પ્રારંભીને યૌવનના ધમપછાડા સુધીનું આખું જીવન, કોઈ ચિત્રપટની જેમ એની આંખ સામેથી સડસડાટ કરતું પસાર

થઈ ગયું. રણસિંહને પ્રભુદર્શનની એ પળોએ એ રીતે વિચાર કરતો કરી દીધો કે, ભગવાનશ્રી મહાવીરદેવના વરદ-હસ્તે દીક્ષિત બનવા બડભાગી બનેલા શ્રી ધર્મદાસ ગણિ જેવા અણગારનો હું પુત્ર છું. **સંસારના શણગાર સજવા પાછળ મેં મારા આત્માને કેટલો બધો કાળો બનાવી દીધો ? ક્રોધને કાબૂમાં લેવામાં હું કાયર ! માન અને માયાને મહાત કરવામાં હું માયકાંગલો ! અને લોભની લુચ્ચી લહેજતનો હું લાલચુ ! પ્રભો, આ પામર પરમ બને એવી પ્રસન્નતાનું પ્રદાન કરજો ! હું આપનો શરણાગત છું. રક્ષ રક્ષ જિનેશ્વર !**

યક્ષદેવ ચિંતામણિ રણસિંહની ભગવદ્ભક્તિની તલ્લીનતા પર વારી ગયા હતા. પ્રભુદર્શન પછી અનુભવેલી પ્રસન્નતાએ રણસિંહના દિલમાં મસ્તીનું એક નવું જ મોજું ફેલાવી દીધું હતું. એને થયું હતું કે, ધર્મસાધનામાં જ યક્ષદેવની સહાયતા માગવાનો મને અધિકાર છે. એમાં બધું જ આવી જાય છે.

રણસિંહ પ્રભુદર્શનની પ્રસન્નતાનું પાથેય લઈને યક્ષદેવના દર્શને ગયો. એનું નત-મસ્તક ઊંચું થાય, એ પૂર્વે જ યક્ષદેવે પ્રસન્નતાનું પ્રદાન કરતાં કહ્યું : રણસિંહ ! કમલવતીનો પુનઃ ભેટો તને જરૂર થશે. હું તારા પર પ્રસન્ન છું. વત્સ ! બોલ, તારી બીજી કોઈ ઇચ્છા છે ખરી ?

આશ્ચર્ય અને આનંદથી વિભોર બનેલા હૈયે રણસિંહ યક્ષદેવને નિહાળીને વિચારવા માંડ્યો : શું કમલવતી પાટલિખંડમાં જ સુરક્ષિત હશે ? સોમાનગરી તરફની મારી સફરના સમાચાર પાટલિખંડમાં પહોંચી ગયા હશે ખરા ? વિચારોના આવા વેગવાન વહેણને નાથી દઈને રણસિંહે નત-મસ્તકે કહ્યું : 'દેવ ! મારે બીજું વળી માગવાનું શું હોય ? આપની પ્રસન્નતામાં બધું જ આવી જાય છે ! મારા ધર્મ-પ્રવાસને તમારી કુશળ-કામના મળતી રહે, એ જ મારા મનોરથ છે !'

'તથાસ્તુ'નો ધ્વનિ યક્ષદેવે રેલાવ્યો. રણસિંહ પોતાના તંબૂમાં પ્રવેશ્યો. પ્રશ્નોની એક લાંબી પરંપરા પણ એના પગલે પોતાનું પગલું દબાવતી એ તંબૂમાં પ્રવેશી !

• પ્રભુ-દર્શનમાં તલ્લીન રણસિંહ



# ૧૭

# મિત્ર મળ્યો મન-ગમતો

**કોઈ આકાર જ અગમ-અગોચર ગણાય, એ જાતની એવી આકર્ષણ શક્તિ ધરાવતો હોય છે કે, પરિચયની એક પણ પળ એની સાથે વિતાવી ન હોય, તોય એની પર કાળજાના કુંભને પ્રેમનું બધું જ પાણી પ્રક્ષાળી દેવાની અદમ્ય ઇચ્છા થઈ આવતી હોય છે. એની પર જાગતો પ્રેમ બાહ્ય દૃષ્ટિએ નિર્હેતુક જણાતો હોવા છતાં એની પાછળ પણ કોઈ ચોક્કસ કાર્યકારણનો ભાવ છુપાયેલો હોય જ છે.**

રણસિંહના કાળજાનો કુંભ આવી જ કોઈ સ્થિતિની અનુભૂતિના ઓવારે આવીને ઊભો હતો. કમલવતીના પુનર્ભેટાની આશાને યક્ષદેવ ચિંતામણિની ‘તથાસ્તુ’ની વાણીના શ્રવણે દૃઢ બનાવીને રણસિંહે ચિંતામણિ-તીર્થથી પ્રયાણ કર્યું. યક્ષ-વચન પર એની અતૂટ આસ્થા હોવાથી એક-બે દિવસ એણે તીર્થભૂમિ પર ગાળ્યા હતા, પણ પાટલિખંડથી કે બીજેથી પણ કમલવતીના પુનર્ભેટાની કોઈ એંધાણી ન જણાતાં, અંતે યક્ષશ્રદ્ધાના સંબલ સાથે એણે સોમાનગરી તરફ પ્રયાણ લંબાવ્યું. એકાદ દિવસના પ્રયાણ પછી જ એની જમણી આંખ ફરકવા માંડી. એની યક્ષશ્રદ્ધા વધુ મજબૂત બની.

રણસિંહનો પડાવ એક દહાડો ચક્રધર નગરની બહાર નખાયો. સોમાનગરીની સુંદરીને વરવા જતા રણસિંહના આગમનની વાત આ નગરમાં ફેલાતાં મોટી જનમેદની

એના દર્શને ઊમટી. લોકસંખ્યા તો અગણિત હતી, પણ એમાંથી એક યુવાન પૂજારી પર રણસિંહનું દિલ વારી ગયું. એની સાથે પરિચયની એકાદ પણ પળ ગાળી હોય, એમ રણસિંહને યાદ આવતું ન હતું, છતાં પોતાના કાળજાનો કળશ જાણે પ્રેમનું બધું જ પાણી એ યુવાન પર પ્રક્ષાળી દેવા તલપાપડ થતો લાગ્યો. એનું કારણ રણસિંહ ખુદ પણ ન સમજી શક્યો. મેદની વિખેરાઈ, પણ પેલો પૂજારી રણસિંહના દિલના દીવાનખાનામાં જાણે પોતાનું અડગ આસન બિછાવીને ચાલ્યો ગયો. બપોર થતાં જ રણસિંહે એ પૂજારીને લઈ આવવા પોતાના મિત્ર સુમિત્રને રવાના કર્યો.

રણસિંહ સમજી શકતો ન હતો કે, પૂજારી જેવા સામાન્ય સ્થાનનો દરજ્જો ભોગવતો એ યુવાન મને આટલો બધો કેમ આકર્ષી રહ્યો હશે ? એ પૂજારીના વિચારમાં ખોવાઈ ગયો, એટલામાં સુમિત્રના સથવારે પૂજારી આવી પહોંચ્યો. રણસિંહ પોતાની બાજુમાં બેસાડીને એની સાથે વાર્તાલાપ/વિનોદ માણવા માંડ્યો. એ યુવાન બોલતો હતો અને જાણે ફૂલડાં ખરતાં હતાં, એ ચાલતો હતો અને જાણે પાયલ બજી ઊઠતાં હતાં! થોડી જ પળોમાં પરિચિતની અદાથી પૂજારી પણ રણસિંહની સાથે હળીમળી ગયો.

વાતમાંથી વાત કાઢીને અંતે ધીમે રહીને રણસિંહે કહ્યું : પૂજારી, તારા કામનો ખ્યાલ તારા આ વેશ-પહેરવેશ પરથી જ આવી જાય છે, પણ તારું નામ તો તારે જાતે જ જણાવવું પડશે. બોલ, બારાખડીમાંના કયા અક્ષરોને તું તારા નામથી શોભાવી રહ્યો છે?

પૂજારી આજે ગેલમાં આવી ગયો હતો. રણસિંહનો સંગ જાણે એનેય ભાવી ગયો હતો. એણે કહ્યું : **નામને પણ અમર રાખવાની તાકાત તો કામની પાસે જ છે. માટે આપે કામ જાણ્યું, એમાં બધું જ આવી ગયું.** હું રૂપેરંગે જેટલો રૂડો જણાઉં છું, નામથી એટલો જ કૂડો લાગું એવો છું. અક્ષરોને પણ શોભાવી શકે, એવાં નામ તો આપના જેવા રાજવીઓની જ મૂડી ગણાય ! એની પર મારા જેવા રખડતા રામોનો અધિકાર કોણ માન્ય રાખે ?

રણસિંહ ધીમેધીમે બધી વાત કઢાવવા માગતો હતો. એણે કહ્યું : તને તો જે મૂર્ખ હોય. એ જ રખડતો રામ કહે ! કેવું રૂડું તારું રૂપ છે ! અને કેવી અલબેલી તારી બોલચાલ છે ! તને રખડુ-રામ કોણ કહે ? તારું નામ જણાવતો ખરો ! અમે કંઈ એને ચોરી નહિ જઈએ.

પૂજારી હસી પડતાં બોલ્યો કે મારું નામ ચોરાઈ જાય, એમ તો હું વર્ષોથી ઇચ્છું

છું, પણ ચોરી તો સોના-ચાંદીની થાય ! ધૂળ અને ઢેફાને ચોરવાની મૂર્ખાઈ કોઈ કરે ખરું ? લોકો મને 'ઠણઠણપાલ' તરીકે ઓળખે છે. લોકોના મોઢે ગરણું બાંધવા કોણ જાય ? રસ્તામાં રખડતો હોવાથી મને ઠણઠણપાલ કહેવામાં બધાને મજા આવતી હોય, તો ભલે આવે ! જનરંજનનું આટલુંય પુણ્ય મને ક્યાંથી ? પહેલાં તો હું ચિડાતો હતો, પણ અંતે તો મારેય મનોમન માંડવાળ કરી નાખવી પડી કે, ભલો મારો ઠણઠણપાલ !

'ઠણઠણપાલ !' રણસિંહે આશ્ચર્ય વ્યક્ત કર્યું, એના આશ્ચર્યની ઓથમાં આનંદનો ઓછાયો હતો. હાસ્યને દબાવી દઈને રણસિંહે કહ્યું : હું તો તને આજથી વનબાળ જ કહીશ. હું પણ હવે જોઉં છું કે તને ઠણઠણપાલ તરીકે બોલાવનારો કયો બહાદુર જીવે છે !

પૂજારીએ સહજભાવે કહ્યું : શું આપ અહીં જ તંબૂ તાણીને રહેવાના છો ! તો પછી સોમાનગરીની સુંદરીને પરણવા કોણ જશે ? આપ તો આજ/કાલના મહેમાન ગણાવ, એથી અંતે તો મારે 'ભલો મારો ઠણઠણપાલ'માં જ મજા માણવી રહી ! આપ મને 'વનબાળ' કહો, એ સારી વાત છે. પણ મને 'ઠણઠણપાલ' તરીકે જાણનાર-જણાવનારની મોટી લોકસંખ્યા સાથે કંઈ જીભાજોડીનો જંગ મારાથી થોડો જ મંડાય ! નામ ભલે જેવું તેવું રહ્યું, પણ મને જે કામ મળ્યું છે, એ તો હું ગર્વથી છાતી કાઢીને ફરી શકું એવું છે ! અને મને આનંદ જ એનો છે ! પ્રભુની પૂજા જ મારું જીવન છે !

વાત પૂરી કરીને પૂજારી ઊભો થવાની તૈયારી કરવા માંડ્યો, રણસિંહે એનો હાથ ખેંચીને એને બેસાડતાં કહ્યું : વાત અધૂરી હોય, તો પ્રતીક્ષાનો પ્રભાવ રાતની ભાત બગાડી જાય. માટે એ તો કહે કે, અહીં તું ક્યારથી આવ્યો ? તારું મૂળ વતન કયું ? અને તારા પરિવારમાં કોણ કોણ છે ? પહેલા મને જવાબ આપ, પછી તારા પ્રશ્નોનો તને જવાબ મળશે કે, તંબૂ ક્યાં તાણવાના છે અને સોમાનગરીની સુંદરીને પરણવા કોણ જશે ?

'રામ તારી માયા ! શું મારે મારી કરમકહાણીની લહાણી કરવી જ પડશે !' આમ બોલીને એક લાંબો નિસાસો નાખતો પૂજારી નીચે બેઠો. એણે પોતાની વીતક માંડી : 'મારા જેવા એક રખડતા રોઝની વાતમાં રાજવી તરીકે આપ જે રસ દાખવી રહ્યા છો, એ મારા ભાગ્યની નિશાની ગણાય ! અક્કરમીનો પડિયો કાણો ગણાય છે,

એની પ્રતીતિ મને જન્મથી જ થવા માંડી હતી. જન્મ થયો અને મારા પર ફેલાયેલી 'માતૃછાયા' કાળે ઝૂંટવી લીધી. ત્યાર પછીનાં થોડાં વર્ષ સુધી પિતૃપ્રેમ મને મળતો રહ્યો, એટલો હું ભાગ્યશાળી ! પણ મારું એ ભાગ્ય પણ એક દહાડો ભાંગી ગયું. માતાના મૃત્યુમાર્ગે પિતાએ પણ પગલું ઉઠાવ્યું. નિરાધાર એવો હું આધાર માટે દર-દર અને ઘર-ઘર રઝળ્યો. પણ ક્યાંય મારું મન માન્યું નહિ. અંતે એક આશ્રમનો આધાર મારા મનને ભાવી ગયો. ત્યાં મેં થોડુંઘણું અક્ષરજ્ઞાન મેળવ્યું. આ ઋણની મુક્તિ માટે થોડાં વર્ષ સુધી મેં એ આશ્રમમાં વિદ્યાગુરુની નોકરી-ચાકરીય કરી. મારામાં આપ થોડીઘણી જે કંઈ હોશિયારી જોઈ શકો છો, એ બધો એ સેવાનો જ પ્રભાવ છે. મારા એ વિદ્યાગુરુ એક દહાડો સંસારમાંથી વિદાય થયા અને મને આશ્રમ અકારો લાગવા માંડ્યો. એથી આશ્રમ છોડીને ગામ-નગરોમાં ફરતો-ફરતો હું અહીં આવ્યો. કોઈ લેણાદેણીનો સંબંધ હશે ? જેથી મને આ ગામ ગમી ગયું અને આ ગામને હું ગમી ગયો ! મારા આગમનને બેએક વર્ષ વીતી ગયાં. એથી મને જન્મભૂમિ જેવી જ માયા અહીંની માટી સાથે બંધાઈ ગઈ છે! વીતક તો મારી આટલી જ છે. પણ એની પાછળ વેદનાની જે વ્યથા છે, એ તો અનુભવે જ સમજાય એવી છે. કેમ કે ઘાયલ કી ગત ઘાયલ જ જાણી શકે ને ? પાયલ પહેરનારને એની પિછાણ પણ ક્યાંથી થાય ?'

રણસિંહ પૂજારીનો પ્રેમ-તંતુ તોડવા અસમર્થ હતો. ગમે તે રીતે પૂજારીનો સથવારો એને ખપતો હતો. એણે કહ્યું : 'વનબાળ ! અહીંની આ માટી તને શું આપણી મૈત્રી કરતાંય વધુ મહાન લાગે છે ? વિચાર તો કર કે, આપણી મૈત્રીનાં મૂલ્ય વધે કે, આ માટીનાં ?'

જવાબ આપવામાં વનબાળ-પૂજારી પણ કંઈ ઓછો ઊતરે એવો ન હતો. એણે કહ્યું : આ કંઈ ત્રાજવે તોલી શકાય એવી ચીજ થોડી જ છે ! આ માટીય મારે માટે મહત્ત્વની છે, તો આપણી મૈત્રીય કંઈ મારે મન ઓછી મહાન નથી ! તોલ તો જેના થતા હોય, એના જ થાય ! અમોલના તોલ કરવા બેસીએ, તો કોઈ વાર ધોલ ખાવી પડે !

'વાહ ! કવિરાજ વાહ !' રણસિંહે પાનો ચડાવીને પોતાની મૂળ વાત પર આવતાં કહ્યું : વનબાળ ! તું કવિનો જીવ લાગે છે. મારે તને હવે અનુભવીનો જીવ બનાવવો છે. મને તારા તરફ આટલું બધું આકર્ષણ કેમ પેદા થઈ રહ્યું છે? એનો જવાબ તો મારી પાસેય નથી ! તેં જ કહ્યું ને કે, ઘાયલ કી ગત ઘાયલ જાણે ! હું હવે તારા સથવારા વિના

પળ પણ રહી શકું એમ નથી, માટે આ પૂજારીપણું પધરાવી દે પાણીમાં ! અને ગોઠવાઈ જા મારી સાથે ! તને સાથે લીધા વિના હું જવાનો જ નથી ! આ આગ્રહને રાજહઠનું કે બાલહઠનું જે બિરુદ તારે આપવું હોય, એ આપતાં તને કોઈ જ રોકી શકે એમ નથી. પણ મારી લાગણીભરી માગણી એટલી જ છે કે, આપણી આ મૈત્રી ટકાવવા તારે અહીંની માટીની માયા તોડવી જ પડશે ! તંબૂ તાણીને અહીં રહેવા હું નથી આવ્યો, સોમાનગરીની સુંદરીને પરણવા માટે જવાનું છે, આ બધુંય સાચું ! પણ વધારામાં એટલુંય સમજી લે કે, આ કાર્ય તારા સથવારા વિના હું કરવાનો જ નથી !'



• રણસિંહ અને વનબાળ વચ્ચે મૈત્રી

રણસિંહે વનબાળને ચોખ્ખેચોખ્ખી વાત કહી દીધી. છાશ લેવી જ હતી, તો પછી દોણી શા માટે સંતાડવી ? આ જાતનો અભિગમ વનબાળને પણ ગમ્યો. પોતાના મનોરથને અને પોતાની મજબૂરીને વ્યક્ત કરતાં એણેય કહ્યું : રાજવી ! આપની આટલી બધી કૃપાને હું પાત્ર નથી. છતાં એને ઝીલવાની પાત્રતા અને પુણ્યાઈ પેદા થાય, એટલા માટે સાથે આવવામાં મને વાંધોય નથી. પણ અહીંની મારી જવાબદારીનું શું ? પૂજા-કાર્ય સંભાળી શકે, એવી વ્યક્તિને અહીં ગોઠવી આપવાની બાંહેધરી આપ આપતાં હો, તો કયો માણસ એવો મૂર્ખ હોય કે, એ રાજમૈત્રીને જાકારો દેવા તૈયાર થાય ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોં ધોવા જવાની વાત ન કરાય, એ તો હુંય જાણું છું.

રણસિંહે બધી જવાબદારી સ્વીકારી લેતાં કહ્યું : વનબાળ ! એ બધું હું સમજી લઈશ. હવે તો તું આવવા તૈયાર છે ને ? કાલે સવારે જ આપણે આગળ વધવાનું છે. આજથી અમે બધા તને 'વનબાળ' તરીકે જ સંબોધીશું, તું પણ તારું જૂનું નામ સાવ ભૂલી જ જજે. સાંજ ઢળે એ પહેલાં તું અહીં આવી જજે ! આનંદ ! આનંદ ! આજે મને મિત્ર મળ્યો મનગમતો !

પૂજારી વનબાળ પર આજે તો જાણે વાદળવિહોણું આકાશ વરસી ગયું હતું ! નહિ તો રખડતા રોઝમાંથી રાજમિત્ર તરીકેની કક્ષા સુધી એ કઈ રીતે પહોંચી શકે ? એક રાત પણ નહિ, માત્ર એક વાત જ એના માટે ભાગ્યને પલટાવવામાં નિમિત્ત બની ગઈ હતી.

મનગમતો મિત્ર મળ્યાની મસ્તીનો મહાસાગર રણસિંહના દિલમાં એવો તો ઘૂઘવાટ રેલાવી રહ્યો કે, કમલવતીના વિરહનો વિચાર પણ એમાં ઘસડાઈને જાણે પાતાળને તળિયે પહોંચી ગયો. એને થયું કે, મને વનબાળ મળ્યો એટલે બધું જ મળી ગયું ! ખરેખર યક્ષદેવની જ આ કૃપા લાગે છે. કોઈ દેવકુમાર જેવો વનબાળનો દેદાર કેટલો બધો દિવ્ય છે ! ચીંથરેવીંટ્યાં આવાં રત્નોનું જ્યારે દર્શન થાય છે, ત્યારે થાય છે કે, **કેવી છે આ કર્મસત્તા ? ચક્રવર્તીના ખોળાનો ખજાનો બની શકે, એવા વનબાળ જેવાં સંતાનોને જે સત્તા રસ્તામાં રઝળતાં મૂકી દે છે !** હવે કમલવતી મળે તોય ઠીક છે, ન મળે તોય ઠીક છે. મને વનબાળ મળ્યો, એટલે બધું જ મળી ગયું !

રાજવી રણસિંહના આનંદમાં એની આખી સવારીનો આનંદ સમાયો હતો. વનબાળનો સથવારો સૌને ભાવી ગયો. એના ચહેરામાં જ એવું કામણ હતું કે, શત્રુની સમશેર પણ એની આગળ મ્યાનમાં પેસી ગયા વિના ન રહે ! સૌને એ જ વાત સમજાતી ન હતી કે, આવા રખડતા આદમીમાં આટલી બધી આકર્ષણ શક્તિ, આટલી બધી વાક્છટા અને આવી હોશિયારી કઈ રીતે આવી ગઈ હશે ? આનું જીવન જોતાં લાગે છે કે, કર્મની ક્રૂર ક્રીડાનો આ બિચારો ભોગ બન્યો છે ! પણ આના મોહક વ્યક્તિત્વના દર્શને દિલમાં એવી ઈર્ષા જાગી જાય છે કે, ભાગ્યદેવતા શા માટે આની પર હજાર હાથે કૃપા-વર્ષા કરી રહ્યા હશે !

વનબાળના આગમને રણસિંહ સહિત આખીયે સવારી આનંદી ઊઠી. રણસિંહ તો પોતાના પડછાયાની જેમ વનબાળ વિના એક પળ પણ અલગ રહેવા અસમર્થ હતો. એ સવારી આગળ વધતી-વધતી એક દહાડો સોમાનગરીના પાદરે જઈ પહોંચી.

રત્નવતીના દિલમાં સળગેલી હોળી તો ક્યારનીય ઓલવાઈ ગઈ હતી અને ત્યાં દિવાળીના દીવડા પ્રકાશ પાથરી રહ્યા હતા. રણસિંહની સવારી જેમ જેમ નજીક આવતી ગઈ હતી, એમ એમ રત્નવતીના હૈયામાં હર્ષનો સાગર વધુ ને વધુ હિલોળા લઈ રહ્યો હતો. રત્નવતી પણ સુખના મૃગજળ પાછળ આશા-દોટ મૂકવાની ભ્રમણામાં જ રાચતી

એક નારી હતી ને ? એથી એને એવો વિચાર આવવો પણ અસંભવિત હતો કે, **કમલવતીનાં સુખોની સૃષ્ટિને સળગાવી દઈને એના ભસ્માવશેષ પર હું મારાં સુખોની સૃષ્ટિને સજવા/શણગારવાની ઘેલછા તો કરું છું, પણ કોઈની આહ, કોઈનાં આંસુ અને કોઈની આગ પર સજાવેલી એ સૃષ્ટિ મને સુખે રહેવા દેશે ખરી ?** રત્નવતીની આંખ આગળ અત્યારે તો મોહનાં મૃગજળ સાક્ષાત્ નદીની પ્રતીતિ કરાવતાં વહી રહ્યાં હતાં, એથી એને આવો વિચાર આવવો શક્ય જ ન હતો.

સોમાનગરીનું પાદર અને રત્નવતીના અંતરનું આંગણું ધવલ-મંગલના વાતાવરણથી ધમધમી ઊઠ્યું. રણસિંહ રાજવીને અનોખા ઠાઠમાઠ સાથે પુરુષોત્તમ રાજાએ નગર-પ્રવેશ કરાવ્યો. રણસિંહના રૂપદર્શને રત્નવતીને એમ લાગ્યું કે, મારો આગ્રહ અસ્થાને ન હતો ! આવા રૂપવાન અને ગુણવાન સ્વામીને જ વરવાનો આગ્રહ રાખીને મેં કશું જ ગુમાવ્યું નથી! પોતાના ભાવિ ભરથારની પડખે પડછાયાની જેમ જ સાથે રહેતા વનબાળની રીતભાત અને બોલચાલ રત્નવતીના દિલમાંય અહોભાવ અને આકર્ષણ પેદા કરી ગઈ.

સોમાનગરીના આંગણે લગ્નના મંડપો તો ક્યારનાય નખાઈ ગયા હતા. રણસિંહના આગમનથી એ મંડપોની મનોહરતા કંઈ ઓર જ મહોરી ઊઠી ! રાજકુમારી રત્નવતી ઘણી ઘણી મનોવ્યથા બાદ પોતાના મનગમતા સ્વામીનો મેળાપ પામવા ભાગ્યશાળી બની હતી, એથી રાજા-પ્રજા આ લગ્નમહોત્સવને ખૂબ જ શાનદાર રીતે ઊજવવાનો ઉલ્લાસ ધરાવી રહ્યાં હતાં. આવા પ્રસંગોને વીતતાં વાર નથી લાગતી ! લગ્નની એ ઘડી-પળ આવી અને હજારોની સાખે રણસિંહ અને રત્નવતી લગ્ન-બંધને બંધાઈ ગયાં.



• રત્નવતીને પરણતો રણસિંહ

રાજવી પુરુષોત્તમના આનંદને કોઈ અવધિ ન રહી. જમાઈરાજ રણસિંહને મહિનોમાસ રોકી રાખવાનો એમનો અણનમ આગ્રહ હતો. એથી રણસિંહને એ આગ્રહનો સ્વીકાર કર્યા વિના ચાલે એમ ન હતું. રણસિંહને માટે તો વિજયવતી કે સોમાપુરી સરખાં જ હતાં, કારણ કે એને વનબાળની મૈત્રી મળી ગઈ હતી. વનબાળનો

સાથ હોય તો ભરજંગલમાં વસવાય એ તૈયાર હતો. વનબાળવિહોણું જીવન મહેલમાં વિતાવવા મળતું હોય, તોય એ માટે એ તૈયાર ન હતો.

સુખનાં સુખડ જલી રહ્યાં. પ્રસન્નતાના પવનની લહેર એની સુગંધને ફેલાવવા માંડી. રણસિંહ-રત્નવતીનો સંસાર સર.... સર કરતો સરકવા માંડ્યો. રણસિંહ રત્નવતીની સાથે ભોગના ફાગ ખેલી રહ્યો હતો ખરો, પણ કમલવતીને દેશવટો અપાવવામાં એનો હાથ હોવાની આશંકા બન્ને વચ્ચે આછો પડદો બનીને રહી હોવાથી દિલ-દિલ વચ્ચે હજી પૂરો અભેદ રચાયો ન હતો. રણસિંહે પોતાના ગુપ્તચરો દ્વારા ગંધમૂષિકા યોગિની અંગે ગુપ્ત તપાસ કરાવી હતી અને જે માહિતી મળી આવી હતી, એ એની આશંકાને વધુ મજબૂત બનાવી જાય એવી હતી. રણસિંહને ગુપ્તચરો દ્વારા એવું જાણવા મળ્યું હતું કે, યોગિની ગંધમૂષિકા સોમાનગરીમાં જ રહે છે. પણ છેલ્લા ત્રણેક મહિનાથી એ બીજે ક્યાંક ગઈ હતી. થોડા દિવસો પૂર્વે જ બે-ત્રણ મહિનાનો પ્રવાસ પૂરો કરીને એ આવી હતી, છતાં એ ફરી પાછી કોઈ ઠેકાણે જવા રવાના થઈ ગઈ હતી, એનું આશ્ચર્ય પ્રજાના હૈયે એક પ્રશ્નાર્થ રૂપે હજીય અનુત્તરિત જ રહ્યું હતું.

યોગિની અંગે આટલી માહિતી મળતાં જ રણસિંહની આશંકા વધુ ઘેરી બની હતી. મંત્રીશ્વર મતિસાગરે કટોકટીના એ કાળમાં દર્શાવેલાં અનુમાનો અત્યારે એને વધુ યાદ આવતાં હતાં. છતાં જ્યાં સુધી પાકો પુરાવો ન મળે, ત્યાં સુધી આ આશંકાની રત્નવતીને ગંધ પણ ન આવી જાય, એ રીતનો પ્રેમભર્યો વર્તાવ રાખવાનો એનો નક્કર નિર્ણય હતો. રણસિંહને ખાતરી હતી કે, રત્નવતીએ જ જો યોગિનીને હાથો બનાવવાનું કાર્ય કર્યું હશે, તો આજે નહિ ને કાલે એના પેટમાંથી માયાનું આ પાપ બહાર આવ્યા વિના નહિ જ રહે! માટે ધીરજનાં ફળ મીઠાં હોવાની વાતમાં વિશ્વાસ રાખીને રણસિંહ રાખથી ઢંકાઈ ગયેલા અંગારાના આછા તાપ જેવી કમલવતીના વિરહની પીડા અનુભવતો સોમાનગરીમાં દિવસો વિતાવી રહ્યો.

વેદનાભર્યા વખતને વીતતાંય જો વાર લાગતી નથી, તો પછી સુખના સમયને સરી જતાં તો ક્યાંથી વાર લાગે ! મહિનો પૂરો થઈ ગયો. રણસિંહે રાજવી પાસે વતન તરફ પાછા ફરવાની અનુજ્ઞા માગી. હવે પુરુષોત્તમ વધુ આગ્રહ કરી શકે તેમ ન હતા, એથી દુભાતા દિલે અઠવાડિયું રોકાયા બાદ વિજયવતી જવાની રજા એમણે નછૂટકે આપી.

રણસિંહના વિદાયની વાતે સોમાનગરીના નગરજનોને વ્યથિત બનાવી મૂક્યા. રાજમિત્ર વનબાળનો પ્રેમ-તંતુ તોડવાની તાકાત ઘણી ઓછી વ્યક્તિઓમાં હતી. અઠવાડિયાની અવધિય પૂર્ણ થઈ ગઈ ! વિદાયની વસમી વેળા આવી ચૂકી. રાજા/ પ્રજાની આંખમાં જાણે વર્ષાઋતુ આવી બેઠી.

સૌની આંસુભીની વિદાય સ્વીકારીને લાગણીભીના હૈયે રણસિંહ, વનબાળ, સુમિત્ર અને રત્નવતીની એ સવારીએ વિજયવતી તરફ પોતાનાં કદમ ઉઠાવ્યાં. એ પળ પનોતી નહિ હોય, એથી જ એક ભયંકર ભાવિએ પણ એ પગલાના પગલે પોતાની ભૂતાવળો સાથે પગલું ઉઠાવ્યું. ભાવિની ભીતરમાં છુપાયેલી વિધિના એ અફર-વિધાનની લિપિને ઉકેલવાની કોઈની તાકાત ન હતી. ભાવિના એ ભીતર-ભેદમાં કેવી જાતની ભૂતાવળોના ભણકારા પડછંદા પાડી રહ્યા હશે ?

# ભયાનક ભાવિની ભૂતાવળ

## ૧૮

માનવના મનની આ એક ખતરનાક ખાસિયત છે કે, પોતાની આશાને ઉછેરવા એ માત્ર પાપ કરીને જ અટકી જતું નથી, પરંતુ એ આશાના છોડવે જો સિદ્ધિનું ફૂલ ખીલી નીકળે, તો એ પાપની પેટ ભરીને પ્રશંસા કર્યા વિના એને ચેન પડતું નથી. પાપના ઝેરને આ રીતે વધારવા દ્વારા વધુ જીવલેણ બનાવવું, એ માનવ-મનની એક ખતરનાક ખેવના રહી છે.

રણસિંહની સાથે લગ્નના બંધનથી બંધાવા માટે રત્નવતીએ કમલવતીને દેશવટો અપાવવાનું પાપ તો કર્યું જ હતું, પણ એને એટલેથી જ સંતોષ ન હતો ! સમય આવ્યે એ પોતાના પાપને પ્રશંસવા દ્વારા પોતાની કપટ-કળાને સ્વામીનાથ રણસિંહની આગળ પ્રગટ કરવા તલપાપડ હતી, અને આ માટે એ યોગ્ય તકની રાહ જોઈ રહી હતી. રણસિંહ દિવસનો ઘણોખરો સમય તો વનબાળ સાથે જ વિતાવતો હતો. દિવસો જેમ જેમ વીતતા જતા હતા અને પ્રવાસ જેમ જેમ આગળ વધતો જતો હતો, એમ એમ વનબાળ પાસેનો વાતોનો પુરવઠો જાણે વધતો જ જતો હતો. અને એના પ્રભાવે બંને વચ્ચેની મિત્રતા વધુ ને વધુ ગાઢ બનતી જતી હતી.

સોમાનગરી પાછળ જતી હતી અને પાટલિખંડનું તીર્થધામ નજીક આવતું જતું

હતું. રણસિંહની સવારીના પગલે પોતાનું પગલું દબાવીને ભયંકર ભાવિની જે ભૂતાવળ પીછો પકડવા કટિબદ્ધ બની હતી, ચિંતામણિ-તીર્થમાં પ્રવેશતા રણસિંહની સાથે જ એ ભૂતાવળ સવારીમાં સામેલ થઈ ગઈ.

પ્રવાસના આ દિવસોમાં એકાંતનું વાતાવરણ ઠીકઠીક મળ્યું હતું, એથી રણસિંહે પોતાની જીવનકિતાબનાં પાનાં વનબાળ આગળ ખુલ્લાં મૂકી દેવાનો અનેક વાર પ્રયત્ન કર્યો હતો. રણસિંહના જીવનપ્રસંગો અને એમાંય કમલવતીના દેશવટાની આખી ઘટના સાંભળીને તો વનબાળે ખૂબ જ આશ્ચર્યભાવ વ્યક્ત કર્યો હતો. એણે ત્યારે પૂછેલું પણ ખરું કે, જો કમલવતીને અત્યારે આપ આટલી બધી ઝંખો છો અને એની પાછળ ઝૂરો છો, તો ત્યારે જરા વિચારીને પગલું ભરવું હતું ને ? જબ ચીડિયા ચૂન ગઈ ખેત, અબ પસ્તાયે હોત ક્યા ?

વનબાળની આ ટકોરનો જવાબ વાળતાં રણસિંહની આંખે ઝળઝળિયાં આવી ગયાં હતાં. ત્યારે એણે ગદ્ગદ સ્વરે કહેલું કે, વનબાળ ! **આવેશ બહુ ખતરનાક ચીજ છે. આવેશ જ્યારે માણસ પર સવાર થઈ જાય છે, ત્યારે એ દોસ્તને ઠુકરાવી દેતાં અને દુશ્મનને દિલ્લગી સાથે ભેટી પડતાં પણ વિચાર કરતો નથી.** આવા જ આવેશનો ભોગ બનીને હું યોગિનીના કપટ-દાવનું પ્યાદું બની ગયો હતો. આજે મને એનો પારાવાર પસ્તાવો થાય છે. પણ રાંડ્યા પછીનું આ ડહાપણ હવે શા કામનું ?

ચિંતામણિ-તીર્થ તરફ આવવા માટે રણસિંહે જાણી જોઈને બીજો માર્ગ લીધો હતો, જેથી વચમાં આવતું ચક્રધર નગર છૂટી જાય ! એને ભય હતો કે, ચક્રધરની માટીની માયા કદાચ જોર કરી જાય અને વનબાળ મૈત્રીને ગૌણ કરીને માટીને મહત્ત્વ આપવા લલચાય ! એથી બીજો રસ્તો થોડો પંથ વધારીનેય રણસિંહે લીધો હતો.

ચિંતામણિ-તીર્થમાં બે-ત્રણ દિવસનો મુકામ કરવાનું પૂર્વથી જ નિર્ણિત થઈ ગયું હતું. કારણ કે રણસિંહના જીવનમાં આવી ગયેલી ઘણી તેજી-મંદીઓ સાથે આ ભૂમિનો નિકટનો સંબંધ હતો. આ ભૂમિ જેમ એના ઉત્થાનની ઉદ્ગાતા બની હતી, એમ એના પતનની પગથાર પણ બની હતી! યક્ષકૃપા મળવાથી માંડીને રણસિંહ કનકવતીને પરણી શક્યો, ભૌતિક દૃષ્ટિએ આ એનો ઉત્થાનનો તબક્કો કહી શકાય. જ્યારે રત્નવતીને પરણવા નીકળેલો એ ચિંતામણિ-તીર્થમાં કમલવતીને પરણીને જ પાછો ફરી ગયો, એથી એના ઉત્થાનના પાયામાં ઘણના ઘા પડ્યા, એમ કહી શકાય.

આવાં બધાં કારણોસર રણસિંહ ચિંતામણિ-તીર્થની ધરતીની માયાને જલદી અળગી કરી શકતો ન હતો. આ ભૂમિ પર પગ મૂકતાંની સાથે જ એના મન આગળ એક વિરાટ સ્મરણ-સૃષ્ટિ નૃત્ય કરી રહી. એમાં કેટલાંક સ્મરણો આનંદનું નૃત્ય પ્રેરે એવાં હતાં, તો કેટલીક ઘટનાઓ પ્રલયતાંડવના ધ્વનિના પડછંદા પાડે એવી ગોઝારી હતી.

છેલ્લા બે-ત્રણ દિવસથી રત્નવતીની સાથે એનું દિલ સંતોષાય એ રીતે મળવું રણસિંહ માટે અશક્ય બન્યું હતું, એથી એણે ચિંતામણિ-તીર્થથી થોડા દૂર રહેલા એક ઉદ્યાનમાં રત્નવતી સાથે વનવિહારનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. એમાં બીજું પણ એક કારણ કામ કરી ગયું. વનબાળની તબિયત જરા અસ્વસ્થ હતી. પ્રવાસનો પરિશ્રમ એમાં નિમિત્ત હતો, એથી એને આરામની અનિવાર્ય આવશ્યકતા હતી. આ તક ઝડપી લઈને રણસિંહે વનવિહારનો કાર્યક્રમ ગોઠવ્યો. રત્નવતી એથી રાજી રાજી થઈ ગઈ.

દિલની વાતો કરવાનું સ્વપ્ન રત્નવતીની આંખોમાં ઘેરાતું તો હતું જ, એમાં વળી વનવિહાર દ્વારા જરૂરી એકાંત મળવાની આશા બંધાતાં એણે આ કાર્યક્રમને સહર્ષ વધાવી લીધો. સમી-સાંજે વનબાળના ખબર-અંતર પૂછીને રણસિંહ જ્યારે ઉદ્યાનમાં પહોંચ્યો, ત્યારે ફૂલડાં વેરતી વાણીમાં સ્વામીનાથને વધાવવા રત્નવતી ત્યાં હાજર જ હતી. એણે સત્કારની સૂરાવલિ રેલાવી : પધારો, સ્વામીનાથ ! આપના આગમનને તો હું મારી હૈયા-છાબમાં ઝીલી લેવા ક્યારની અહીં ઊભી છું. આજનો આ કાર્યક્રમ ખરેખર મારા જીવનની એક મોંઘી મૂડી બની જશે.

રત્નવતીને ક્યાં ખબર હતી કે, વિધિનાં વિધાન વિચિત્ર છે, પોતે જે કાર્યક્રમને મોંઘી મૂડી માની રહી હતી, એ જ કાર્યક્રમ સંધાયેલા દિલ પર ઊભો ચીરો મૂકનારી સૂડી બનવાના અંજામમાં પલટાનારો હતો. ભાવિમાં ખેદ જન્માવનારા એ ભેદને જાણવાની તાકાત ન તો રણસિંહની પાસે હતી કે ન તો રત્નવતીની પાસે હતી.

આકાશના ઓવારે સંધ્યાસુંદરીના હાથમાંથી રેલાતી રંગલીલા અદ્‌ભુત સૌંદર્ય વિસ્તારી રહી હતી. એ આકાશી સૌંદર્યનું પ્રતિબિંબ ઉદ્યાનની ધરતી ઝીલી રહી હતી. એથી એની સુંદરતામાં કોઈ ઓર વધારો થતો હતો. આવા સૌંદર્યના સથવારે રણસિંહ-રત્નવતી વચ્ચે વાર્તાલાપનો આરંભ થયો.

વાતાવરણમાં વેરાયેલો પ્રકૃતિનો વૈભવ રણસિંહના દિલમાં વસી ગયો હતો. એ વસવાટ એની જીભ દ્વારા પ્રગટ થવા મથી રહ્યો હતો. એણે કહ્યું : દેવી ! નગર/ગામના

વાતાવરણમાં ભભકો હજી હોઈ શકે, પણ ભવ્યતાને તો પ્રકૃતિની ગોદમાં કિલ્લોલતા આવા કોઈ સ્થાનનો જ ઇજારો ગણવો જોઈએ !

રત્નવતીએ કહ્યું : **સ્વામીનાથ ! આ તો દૃષ્ટિ એવી સૃષ્ટિ છે. આપની દૃષ્ટિમાં સૌંદર્યનો વાસ છે, એથી જ આ સૃષ્ટિ આપને સુંદર ભાસે છે. બાકી જેની દૃષ્ટિમાં સૌંદર્યનો વાસ નથી, એને તો આવા સ્થાનમાં અંતરને અકળાવતી એકલતાનો અને ભયને જગાડતી ભેંકારની ભૂતાવળોનો નાચ જ જોવા મળતો હોય છે ! સૌંદર્યને નીરખવાની પણ એક આગવી દૃષ્ટિ છે. એ જેની પાસે હોય છે, એ બધી સૃષ્ટિમાં સૌંદર્ય શોધી શકે છે ! જેની પાસે આ દૃષ્ટિ નથી હોતી, એને સૌંદર્યમાં પણ બિહામણી આકૃતિઓ જ દેખાતી હોય છે.**

રત્નવતીની આ વાત સાંભળતાં જ રણસિંહના દિલમાં દિવસોથી સૂતેલો આશંકાનો એક કીડો સળવળી ઊઠ્યો. એથી એણે વાતને મચકોડતાં કહ્યું : દેવી ! તો તો એક નિયમ એવો પણ બાંધી શકાય કે, જેના અંતરમાં જેવો ભાવ ભર્યો હોય, એવા જ પ્રતિભાવનો પડઘો પૃથ્વી પાસેથી સંભળાય! ચોરને થાય કે, આખી દુનિયા ચોર  છે ! માયાવીને એમ લાગે કે, સૌ કોઈ પોતપોતાની ચોપાટ ગોઠવીને કોઈને  ને કોઈને સપડાવવા કટિબદ્ધ છે. શાહુકારને કોઈનામાં અવિશ્વાસનું દર્શન ન થાય. ભિખારીને એવો ભય રહે કે આ બંગલાવાળો મારા ચપ્પણિયાને ઝૂંટવી તો નહિ લેને ! અને  શ્રીમંતના પુત્રને એમ થાય કે, ભૂખમરો ભલેને ગમે તેવો ભયંકર હોય, પણ આ ગરીબો છેવટે ખાજા ખાઈનેય કેમ પેટ ભરી લેતાં નહિ હોય ?



• રણસિંહ રત્નવતી વચ્ચે વાર્તાલાપ

રત્નવતીએ વળતી જ પળે પોતાનો મનોભાવ રજૂ કરતાં કહ્યું : એક દૃષ્ટિએ આવો નિયમ બાંધવામાં કોઈ વાંધો નથી. 'પ્રાયઃ'ની છટકબારી રાખીને એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે, જેની જેવી દૃષ્ટિ, એના માટે એવી સૃષ્ટિ !

રણસિંહે વધુ પડતી છૂટ લેતાં પૂછ્યું : હું તને પૂછું છું કે, તને મારી દૃષ્ટિમાં શેનું દર્શન થાય છે, અને મારો તને બીજો સીધો સવાલ છે કે, તારી દૃષ્ટિમાં તું કોનો વાસ માને છે ?

રત્નવતીએ સાવ ભોળાભાવે કહી દીધું : સ્વામીનાથ ! આપને આવો સવાલ કેમ કરવો પડ્યો, એ જ મને તો સમજાતું નથી. સીધા આ સવાલનો જવાબ પણ જડબેસલાક છે કે, આપની દૃષ્ટિમાં મને મારો વાસ છવાયેલો જણાય છે અને મારી દૃષ્ટિમાં આપના સિવાય બીજો કોઈનોય વાસ શોધી કાઢવા મથનાર, ધોળે દિવસે દીવો લઈનેય નીકળે, તો એને કારમી હતાશા જ સાંપડે, એવો મને વિશ્વાસ છે !

રણસિંહના દિલમાં સળવળતા આશંકાના કીડાના સળવળાટે ફરી ઉગ્રતા પકડી. એણે પોતાના અંતરમાં ધરબાયેલી આશંકાની એંધાણીને ખુલ્લી પાડતાં પૂછ્યું : આ તો તું વર્તમાનકાળની માંડે છે ! ભૂતકાળનું શું ?

રત્નવતીએ તરત જ કહ્યું : ભૂતકાળનું શું ? આ સવાલનો જવાબ મારા અંગે તો એનો એ જ છે કે મારી દૃષ્ટિમાં આપના સિવાય બીજા કોઈનોય વાસ...

રણસિંહે રત્નવતીના વાક્-પ્રવાહને આગળ વધતો અટકાવી દઈને પૂછ્યું : તો શું મારા ભૂતકાળને લાગતો જવાબ વળી જુદો છે ?

'મારા કરતાં આપનો ભૂતકાળ જરા જુદો જ છે, એ તો જગજાહેર બીના છે, શા માટે આપ આ ઘટનાને મારા મોંઢે બોલાવીને સૂતેલા સાપને જગાડવા જેવું કરો છો ? સૌ કોઈ જાણે છે કે, દૃષ્ટિની દુનિયામાં મને વસાવીને આપ વિજયવતીથી મને જ પરણવા નીકળેલા. પણ પાટલિખંડના આ પ્રદેશમાં આવતાં જ મારું સ્થાન કોઈએ ઝૂંટવી લીધું અને આપ આપની દૃષ્ટિમાં એને સમાવીને અહીંથી જ પાછા ફરી ગયા. આ બીના શું જગજાહેર નથી ?'

રત્નવતીએ સ્વામીનાથના સવાલનું સમાધાન જેમાં સમાયેલું હતું, એવો પ્રશ્નાર્થ પ્રગટ કર્યો. એના મનમાં દિવસોથી છુપાયેલી એક ઇચ્છા વધુ જાગ્રત થઈ ઊઠી. યોગિનીના માધ્યમે કમલવતી જેવી કુલવધૂને કુલાંગાર તરીકે આરોપિત ઠરાવવાનો ઇડરિયો ગઢ જીતવા પોતે સમર્થ બની હતી ! આ વિજયવાર્તા કહીને પોતાના અહંની આળપંપાળ કરવાનો અવસર એ ગોતી જ રહી હતી. રણસિંહ પણ પોતાના દિલમાં

ઘૂમરાતી આશંકાનો ફેંસલો કરવાની તક ગોતી જ રહ્યો હતો. પોતપોતાની દૃષ્ટિએ બંનેને અનુકૂળ તકનો તખ્તો ગોઠવાતો હોય, એમ લાગ્યું. રણસિંહે ખૂબ જ વાત્સલ્યભરી વાણીમાં સાવ સાહજિકતાનો ભાવ પ્રગટ કરતાં પૂછ્યું : તારી વાત સાવ સાચી કે, તારો/મારો ભૂતકાળ જુદો છે ! પણ દિવસોની મૂંઝવણ પછીય હજી હું એ રહસ્યનો તાગ પામી શક્યો નથી કે, મારા દિલમાંથી કમલવતીને પદભ્રષ્ટ કરવાનું કાર્ય કોણ કરી ગયું હશે ?

રત્નવતી એક શરતે આ રહસ્યનું ઉદ્ઘાટન કરવા તૈયાર હતી. એણે કહ્યું : સ્વામીનાથ ! મારી બુદ્ધિ મુજબ આ રહસ્યનો ઉકેલ આપવા હું તૈયાર છું, પણ પહેલાં મને આપ એ વાતનો જવાબ આપો કે, કમલવતી અને મારામાં આપને કયો તફાવત જણાય છે. નારીત્વ, યૌવન અને સમૃદ્ધિ સમાન હોવા છતાં આપ કમલવતીને પરણીને પાછા ફરી ગયા ! આમાં કોઈ કારણ તો હોવું જ જોઈએ ને ?

રણસિંહના મનમાં દિવસોથી ચિંતિત વિચારો ઘૂંટાવા માંડ્યા કે, ક્યાં કમલવતી ને ક્યાં આ રત્નવતી ! કોહીનૂર અને કાચની સરખામણી હજી થઈ શકે, પણ આ બે વચ્ચેની સમાનતા સ્વપ્નેય કોઈ રીતે દર્શન દે એવી નથી ! આ નગ્ન સત્યને કહી દેવાની ઉતાવળ કરીને રહસ્યોદ્ઘાટનના કાર્યને રણસિંહ ડહોળી નાખવા માગતો ન હતો. એને થયું કે, કદાચ હું આ સત્ય કહી નાખું, તો રત્નવતી રહસ્યના ઉકેલને વધુ ગૂંચવી દે ! એથી એણે કહ્યું : તફાવતની વાત પછી કરીશ. પહેલા તું મારા મનની મૂંઝવણ દૂર કર ! હું તને કોલ આપું છું કે, સત્યને જરાય સતાવ્યા વિના હું તને તફાવતની વાત ન કહું, તો મને વિશ્વાસઘાતનું પાપ ઘેરી લે !

જે ભયંકર ભાવિ સોમાનગરીથી જ રત્નવતીને પોતાના સપાટામાં સપડાવવા માટે તક ગોતી રહ્યું હતું, એ ભાવિની આંખમાં જાણે આશાનાં કિરણો નૃત્ય કરી ઊઠ્યાં. એ ભાવિને થયું કે, જંજાળની જાળ આબાદ પથરાઈ ચૂકી છે અને ભોળા પારેવડા જેવી આ રત્નવતી હમણાં જ એમાં સપડાઈ જવાની ! કોઈની આહ ઉપર જે પોતાની ચાહ અને વાહ-વાહનો રાહ રચવા માગે છે, એના રાહની ધૂળધાણી થયા વિના રહેતી નથી!

ભાવિના આ ભીતરને ભાળવાની શક્તિ જો રત્નવતીમાં હોત, તો મૂંગી બની જઈને, ચાલતી આ વાતને સમેટી લેવાનું ડહાપણ અદા કરવામાં એ જરાપણ વાર ન જ કરત. પણ આ શક્તિનો અભાવ હોવાથી એણે રહસ્ય પરથી પડદો ઊંચકવાના

અભિનય સાથે કહેવા માંડ્યું.

'સ્વામીનાથ ! આપ ક્યાં નથી જાણતા કે, પરાજિત પ્રેમ પોતાના પરાજયનો બદલો લીધા વિના જંપીને બેસી શકતો નથી ! મારો પ્રેમ પરાજિત હતો, એથી વેરની વસૂલાતનો માર્ગ હું અપનાવું, એ અસંભવિત નહોતું. કકડીને ભૂખ લાગી હોય, ત્યારે બત્રીસા પકવાન્ન અને તેત્રીસા શાકથી ભર્યાભર્યા ભાણા પરથી કોઈ તગેડી મૂકે, તો એને કોણ સહી શકે ? મારી સ્થિતિ આવી જ હતી. મારો પરાજિત પ્રેમ મને પોકાર પાડતો હતો કે, તારું ભર્યું ભાણું ઝૂંટવી લેનાર કમલવતીને તારે મારી હટાવવી જ જોઈએ ? અને તારા ભાણા પરનો તારો અબાધિત અધિકાર તારે પુનઃ મેળવવો જ જોઈએ. આ પોકારને આવકાર આપીને મેં એક યોગિનીને મારી માયાજાળનું પ્યાદું બનાવવાનું નક્કી કર્યું.

'યોગિની ગંધમૂષિકા તો નહિ ?' રણસિંહે જરા કઠોરતા સાથે પ્રશ્ન કર્યો. કાર્યકારણની આખી કડી એને જડી ગઈ ! એની આંખમાં છાવરાઈને પડેલા ક્રોધાગ્નિ પરથી જાણે ધીમેધીમે રાખ દૂર થઈ રહી હતી અને બુઝાઈ ગયેલા હોય, એવા લાગતા એ અંગારામાં ફરી ધખારાનો ધમધમાટ પેદા થઈ રહ્યો હતો ! રત્નવતીએ વાત આગળ ચલાવી :


• વાર્તાલાપમાંથી વિસ્ફોટ

'સ્વામીનાથ ! હા, એ જ ગંધમૂષિકા ! આપને ત્યાં આવીને એણે જે માયાજાળ પાથરી, એનાથી તો આપ પરિચિત જ છો ! છતાં એટલું કહી દઉં કે, કમલવતીના મહેલમાં પ્રવેશતા પરપુરુષનો પુરાવો એની મેલી વિદ્યાનું જ એક તરકટ હતું. કમલવતી પર આપનો પ્રેમ ઓસરી જાય, આપ એને દેશવટો આપો અને આના ફળરૂપે આપ મને પરણવા તૈયાર થાવ, એ માટે જ મેં આ બધી માયાજાળ ઘડી કાઢી હતી અને એ માટે માધ્યમ તરીકે યોગિનીને વિજયવતીમાં મોકલનાર પણ હું પોતે જ હતી. મારે તો ગમે તે ભોગે આપની સાથે પરણીને એ કમલવતીને મારું પાણી બતાવી આપવા દ્વારા એવો બોધપાઠ ભણાવવો હતો કે, આ રીતે કોઈના પ્રેમપાત્રને લૂંટી લેવાનો અંજામ આવો ભયંકર જ આવે છે ! સ્વામીનાથ ! સમૃદ્ધિ ભલેને ગમે તેવા સરવાળા માંડતી હોય, પણ બુદ્ધિના બળ આગળ એને હારવું પડતું હોય છે, એનું દૃષ્ટાંત જ કમલવતી છે.'

રત્નવતીએ આપબડાઈની આત્મકહાણી પૂરી કરી. રણસિંહ પાસેથી એ શાબાશીની આશા રાખતી હતી, એથી એના ચરણમાં સમર્પિત ભાવે નમી પડતાં એ બોલી : મારી માયા આમ સફળ થઈ અને પૂર્વના કોઈ મહાપુણ્યે સ્વામીનાથ તરીકે આપનો સાથ/હાથ ઝાલવા હું બડભાગી બની !

રણસિંહનાં રોમેરોમે દ્વેષનો દાવાનલ ધખી ઊઠ્યો હતો ! પોતાના ચરણ ચાટતી રત્નવતીને પગના એક પ્રહારે હડસેલી દઈને પોતાનો પુણ્યપ્રકોપ એણે ઠાલવવા માંડ્યો : ધુતારી ! મને મેળવવા તેં આવી ધૂર્તવિદ્યા વાપરી ! મારા હાથે કેટલું બધું મોટું પાપ થઈ ગયું ! કુલવધૂ કમલવતીને કુલટા માનીને મેં તગેડી મૂકી, એના સતીત્વને મેં શાપિત થયેલું જાહેર કર્યું. તફાવતના તારા સવાલનું સણસણતું સમાધાન તારે મેળવવું છે ને ? તો કાન ખુલ્લા રાખીને એ પણ સાંભળી લે કે, ક્યાં કમલવતી અને ક્યાં તું ! મેં એની પર હડહડતો અન્યાય કર્યો, તોય એણે તો મારું કુશળ જ ઇચ્છ્યું ! ક્યાં એની સરળતા ! અને પાપ કરીને એની આપબડાઈ હાંકનારી તારી ધિટ્ઠાઈ ક્યાં ? એણે કોયલ બનીને મારા જીવનના ઉપવનને ગીત-સંગીતથી ભરી દીધું હતું ! જ્યારે તું તો કાગડી બનવા પણ નાલાયક છે ! એની ગંભીરતા આગળ સાગરનેય હાર સ્વીકારવી પડે એમ હતી. તારી છીછરાઈ સાથે સરખાવી શકાય એવું એક ખાબોચિયું મળવું સંભવિત નથી !



● રત્નવતી સમક્ષ વિફરેલો રણસિંહ

રત્નવતીએ જ્યાંથી આશીર્વાદની અભિલાષા રાખી હતી, ત્યાંથી આગની વર્ષા થઈ રહી હતી. એની તમામ ધારણાઓ ધૂળધાણી થઈ ગઈ. એ ફફક ફફક રડી પડી. એનું રુદન આંસુની અનરાધારને ખેંચી લાવ્યું. રણસિંહની કઠોરતાને કરુણાજનક આ વાતાવરણે વધુ કઠોરતા આપી. એણે રાડ/ત્રાડ નાખતાં કહ્યું : ધુતારી ! તેં મારો અક્ષમ્ય અપરાધ કર્યો છે, એટલું જ નહિ, પણ એક સતીત્વ પર તેં જે સિતમ ગુજાર્યા છે, એનું

કડક પ્રાયશ્ચિત્ત તો મારે કરવું પડશે. કમલવતીને સાવ નિર્દોષ જાણ્યા પછી હવે તો એના વિના હું પળવાર પણ જીવવા કાયર છું, માટે અગ્નિસ્નાન એ હવે મારો મુદ્રાલેખ છે. આને કોઈ મીનમેખ પણ નહિ ફેરવી શકે !

રત્નવતીને રોતી મૂકીને રણસિંહ ઊભો થઈ ગયો. ધરતીને ધ્રુજાવતા પગલે આંખમાંથી વરસી રહેલી આંસુધાર સાથે એણે ઉદ્યાનનો ત્યાગ કર્યો. એના બોલમાં પ્રલયના મેઘ જેવી ગર્જના અને વીજની કરેરાટી ઘૂમરાઈ રહી હતી. એની ચાલમાં જાણે પ્રલયનૃત્યનાં ઠૂમકાં વેગ પકડી રહ્યાં હતાં અને એથી ધરતી ધમધમી ઊઠી હતી.

રત્નવતી એકદમ બેબાકળી બનીને પોતાની પર તૂટી પડેલા ભયાનક ભાવિ તરફ ફાટી આંખે જોઈ રહી, એને નહોતું સમજાતું કે, અત્યારે હું કોઈ સ્વપ્ન જોઈ રહી છું ? કે સાચેસાચ વેદનાનાં વાદળ મારી પર ખાબકી પડ્યાં છે અને વીજના કડાકા મને બાળી રહ્યા છે !

રાત જામી રહી હતી. રત્નવતીના દિલમાં એ રાતની કાળાશને ભોંઠા પાડે એવાં અંધારાનાં ધાડેધાડાં ઊતરી રહ્યાં હતાં. એનાં રોમરોમમાં એક જ પ્રશ્ન ઘૂંટાતો હતો : હવે શું થશે ? આ ભયાનક ભાવિની ભૂતાવળોમાંથી મને હવે કોણ ઉગારશે ?

૧૯

# પુનર્ભેટાનું એ પરોઢ ખીલશે ખરું ?

પળે-પળે પલટાતું મન ક્યારે કઈ જાતનો પલટો પામીને શું કરવા તૈયાર થઈ જતું હોય છે ? એનો ફલાદેશ ભાખવા જતાં ભલભલા જ્યોતિષીઓ પણ ભીંત ભૂલી જાય છે. એ પલટામાં એવી તો ઝંઝાવાતી ઝડપ રહેલી હોય છે કે, પાતાળમાં પ્રસન્નતા માણતું મન ક્યારેક બીજી જ પળે મેરુના શિખરે પહોંચી જતું હોય છે, તો ત્રીજી પળે એ મન પાછું પાતાળ-પ્રવાસ શરૂ કરી દેતું હોય છે. પલટાના પ્રભાવમાં આવી ગયેલા એ મનને કદીક આગ શીતળતા આપતી જણાય છે, તો કદીક બાગમાં એને આગની અનુભૂતિ થતી હોય છે.

રણસિંહના મનના પલટાતા પ્રવાહોનો જ એ એક અંજામ હતો કે, કમલવતીને મેળવીને એક વાર સૌને તરણાની તોલે તોલતા રણસિંહે જ એને દેશવટો આપ્યો હતો. વનબાળ અને રત્નવતીનો ભેટો થતાં કમલવતીની સ્મૃતિને અભરાઈએ ચડાવી દેનાર એની આગળ જ્યારે રહસ્યે પોતાની ઉપરનો પડદો ઉઠાવી લીધો, ત્યારે કમલવતીના વિયોગથી વ્યથિત બનીને આગમાં ઝંપલાવી દેવાનો નક્કર નિર્ણય લેનાર પણ રણસિંહ જ હતો. આમ આશીર્વાદ સમો એ વનવિહાર એક ભયંકર અભિશાપનું કારણ બની બેઠો !

ઉદ્યાનની ધરતી પર રત્નવતી સાથેના વાર્તાલાપ ઉપરથી રણસિંહને જ્યારે એવી ચોક્કસ ખાતરી થઈ ગઈ કે, કમલવતીને કલંકિત જાહેર કરવાની માયાજાળ રત્નવતીએ જ બિછાવી હતી. કમલવતી સંપૂર્ણ નિર્દોષ હતી, પણ એના પર આળ ચડાવીને એને દેશવટો આપવાનું જે પાપ પોતે આચરી બેઠો, એમાં આ માયાજાળ જ ભાગ ભજવી ગઈ ! ત્યારે રણસિંહે આગમાં કૂદી પડીને જીવનનો અંત આણવાનો મક્કમ નિરધાર કરી નાખ્યો.

રણસિંહ આવેશમાં હતો. એથી હવે વનબાળને કે મિત્ર સુમિત્રને પણ મળવા એ તૈયાર ન હતો. એણે પોતાના નોકર-ચાકરોને આજ્ઞા આપી દીધી કે, જે ધરતી પર મેં કમલવતીનો હાથ ગ્રહણ કર્યો હતો, એ જ ધરતી પર અગ્નિની એક ચિતા સવાર સુધીમાં તૈયાર થઈ જવી જોઇએ ! આ આજ્ઞાના અવાજે સૂની ધરતીમાં અને સૂમસામ એ રાતમાં એક જબ્બર ખળભળાટ અને એક ભયાનક હલચલ પેદા કરી દીધી !

એ ખળભળાટ અને હલચલના ધ્વનિથી જાગી જઈને વનબાળ અને સુમિત્ર અધીર-હૈયે રણસિંહ પાસે દોડી ગયા. એમણે જોયું, તો સમી-સાંજે જે ચહેરા પર સંધ્યા જેવી લાલી/ગુલાબી વેરાયેલી હતી, ત્યાં અત્યારે લાલચોળ અંગારાની ભભડતી લાલાશ લબલબી રહી હતી. એનો ધખારો અંતર અને આંખને બાળી જતો હતો. આવી આગને ઠારવા માટે નાખવામાં આવતું પાણી પણ પ્રાયઃ તેલની જ ગરજ સારતું હોય છે. એ વાતથી વનબાળ/સુમિત્ર અજાણ ન હતા. એટલે યુક્તિથી વાત રજૂ કરતાં એમણે કહ્યું :



• આવેશ અંકિત રણસિંહ

'રાજવી રણસિંહ ! અગ્નિની ચિતા તો કલાકમાં રચાઈ જશે. પણ આ અગ્નિસ્નાનનો હેતુ જાણવાનો અમારો કોઈ અધિકાર ખરો કે નહિ ?'

'હેતુ ! તમે મને હજી હેતુ પૂછી રહ્યા છો ?' રણસિંહે અંગારા વેરતી આંખ ઘુમાવતાં ઘુમાવતાં વાત શરૂ કરી : આ રત્નવતી તો કુલાંગાર નીકળી ! પોતાના પિતાનું નામ એણે બોળ્યું ! યોગિનીને કપટના દાવ ખેલવા મોકલનાર કુલટા આ જ હતી ! એની માયાથી મૂઢ થઈને મેં કેટલુંબધું ગોઝારું પાપ બાંધ્યું! મારી પ્રાણપ્રિય કમલવતીને મેં કલંકિત જાહેર કરીને દેશવટો દીધો, એ આ જ રાંડના પાપે ! આજે જ બધી વાતનો

ઘટસ્ફોટ થયો. આવી માયાવી અને મારા સુખી સંસારને સળગાવી મૂકનારી ધુતારી સાથે હવે હું એક પળ પણ રહી શકું એમ નથી ! અને એ કમલવતી વિના અડધી પળ પણ જીવવા હું સાવ જ કાયર છું ! એથી અગ્નિસ્નાન એ મારો નક્કર નિર્ણય છે. એના વિના આ પાપમાંથી મને કોઈ ઉગારી શકે એમ નથી ! આ નિર્ણયમાંથી મને ડગાવવા કોઈ જ સમર્થ નથી. કમલવતી વિનાના આ ખાલી ખોળિયાના ભારને વેંઢારીને જીવનના રથને ધક્કા મારીમારીને આગળ વધારવાનો અર્થ પણ શો છે ?

અંગારાને ઓકતા આવેશ સાથે રણસિંહ બધું બોલી જઈને પળ માટે અટક્યો. એની આંખ અને એનું અંતર આજે જાણે ભઠ્ઠી બનીને ભડભડ જલી ઊઠ્યું હતું. વનબાળે કહ્યું : 'રાજવી રણસિંહ ! આપની વાત બરાબર છે. ચિતા તૈયાર...'

'વનબાળ ! હું તને ચોખ્ખા શબ્દોમાં કહી દઉં છું કે, તું મૈત્રીને આગળ કરીને મારો નિર્ણય બદલવા મથીશ, તો તને પણ કારમી હતાશા જ મળશે. તારા વેણને મેં ક્યારેય ઉત્થાપ્યું નથી, પણ આજે તારી કોઈ વાત સાંભળવા હું તૈયાર નથી. આપણી મિત્રતા ભલે મરી જાય, મારા નિર્ણયને નંદાવા દેવા હું હરગિજ તૈયાર નથી !'

• વનબાળનો ઉધડો લેતો રણસિંહ



રણસિંહે વનબાળનોય ઊધડો લઈ લીધો. વનબાળ સમજતો હતો કે, આ તો આવેશનો વેગ છે. એથી એણે કહ્યું : રાજવી! આપના નિર્ણયને અમલી બનાવવા માટે જ તો અમે આવ્યા છીએ. આપની વાત સાવ જ સાચી છે કે, કમલવતી વિના જીવવાનો હવે કોઈ અર્થ જ નથી ! ચિતા રચવાનો આદેશ અપાઈ ગયો છે. સેવકો કામેય લાગી ગયા છે, પણ અમે બીજી જ વાત અંગે આપની સલાહ લેવા આવ્યા છીએ. આપ જો અગ્નિસ્નાનના સમયને થોડો લંબાવો, તો આ સમાચાર પાટલિખંડમાં પહોંચાડી શકાય. કદાચ કનકસેન રાજાને કમલવતી અંગે કોઈ ખબર મળી હોય...!

'કમલવતી મળે એવી આશા રાખવાનો હવે કોઈ અર્થ જ નથી ! આ આશા એક જાતની આત્મઠગાઈ ગણાય ! તું મિત્ર થઈને મને આવી ખોટી સલાહ આપવા

આવ્યો છે ? સુમિત્ર ! તારી મિત્રતા તો વનબાળ કરતાંય જૂની છે. તું કેમ કંઈ જ બોલતો નથી ? મારો આ નિર્ણય બરાબર નથી શું ? કમલવતી વિના હું જીવી શકું, એમ તને લાગે છે ખરું ?'

સુમિત્રનેય રણસિંહે સપાટામાં લઈ લીધો. સુમિત્રે કહ્યું : રાજવી ! આપની વાત સો ટકા સાચી છે, પણ આ વનબાળની વાતેય કંઈ સાવ ફેંકી દેવા જેવી તો નથી જ ! આમાં આપના અગ્નિસ્નાનના નિર્ણયને ઊની આંચ પણ આવતી નથી. માત્ર થોડો કાળક્ષેપ જ થાય છે. સમાચાર પહોંચાડવામાં આપનું શું બગડી જવાનું છે ! કદાચ પછી કોથળામાંથી બિલાડું નીકળે તો કાળ જાય અને કહેણી રહી જાય !

રણસિંહ થોડો ઠંડો પડ્યો. પણ પોતાની જીદને જાકારો આપવા એ તૈયાર ન હતો. એણે પગ પછાડીને કહ્યું : પણ કમલવતીના પુનર્મિલનની કોઈ શક્યતા જ જ્યાં નથી, ત્યાં આ બધી પંચાતનો અર્થ જ શો ? હા. જો કમલવતીના ભેટા અંગેની નવ્વાણું ટકાની નિરાશામાં આશાનો એક ટકો પણ ટેકો આપે એમ હોય, તો અડધો દિવસ શું, અડધો જન્મારો વિતાવી દેવો યોગ્ય ગણાય ! પણ આવી જ્યારે કોઈ જ શક્યતા નથી, ત્યારે તમે બંને નકામી જીદ કરી રહ્યા છો ! મારા અંતરના આઘાતને તો હું જ જાણી શકું છું. ઘાયલ કી ગત ઘાયલ જાણે ! માટે મને સુખેથી મરવા દેશો, તો હું તમારો ઉપકાર માનીશ.

વનબાળને તો ગમે તે ભોગે કાળક્ષેપ જ કરાવવો હતો. આગળ આવીને એણે રણસિંહના કાનમાં કંઈક વાત કરી, એથી આશ્ચર્યભર્યા અંતરે રણસિંહ બોલી ઊઠ્યો કે, શું કમલવતીના મિલનની થોડી પણ સંભાવના છે, એમ ? તો હું મારો નિર્ણય ફેરવવા તૈયાર છું. વનબાળ ! વિગતથી વાત કર. જમરાજના જડબામાં જઈ પહોંચેલી વ્યક્તિ હજી જીવંતી રહી શકે, પણ આવા ભરજંગલમાં તરછોડાયેલી કમલવતીનો તો કઈ રીતે ભેટો થઈ શકે ?

રણસિંહ એકદમ શાંત થઈ ગયો. હજારો નિરાશામાં ઝબકતું એક આશાકિરણ એના હતાશ હૈયાને કંઈક હસાવી ગયું. વનબાળને એક વાર કાળક્ષેપ જ કરાવવો હતો. એ જાણતો હતો કે, અણી ચૂક્યો કદીક સો વરસ જીવી જતો હોય છે ! એણે કહ્યું : 'રાજવી રણસિંહ ! મને તો સો ટકા વિશ્વાસ છે કે, કમલવતી હજી જીવતી હોવી જોઈએ. આપે જ કહ્યું હતું ને કે, સોમાનગરી જતી વખતે યક્ષદેવ ચિંતામણિએ

કમલવતીના મિલનની વાતને 'તથાસ્તુ' કહીને વધાવી હતી. મને આ વાત પર વિશ્વાસ છે. વધારામાં મને પણ થોડીઘણી વિદ્યાઓ આવડે છે. જેની સાધના દ્વારા હું ચોક્કસ ભવિષ્ય ભાખી શકું છું. પણ આ સાધના માટે અત્યારનો કાળ અકાળ ગણાય. સૂર્યોદય પછી જ આ સાધના થઈ શકે. એકદમ અણીના અવસરે અને કારમી કટોકટીની પળે જ આ સાધના કરવાનો મારા ગુરુદેવનો આદેશ હોવાથી આજ સુધી મેં આપને આ વાતથી અજાણ રાખ્યા હતા. માટે આપ હવે મારું કહ્યું માની જાવ અને નિર્ણયની અવધિને થોડી લંબાવી દો. એકાદ કિરણ ઘણી વાર એવો પ્રકાશ પાથરી જતું હોય છે કે, એથી નગણ્ય નિરાશાઓનો ગાઢ અંધકાર એ પ્રકાશના પ્રભાવે ઓગળી જાય !'

વનબાળની વિનંતી સ્વીકારાઈ ગઈ. રણસિંહના મરણની અણી ચુકાઈ ગઈ હતી, હવે સો વરસ જીવવાની આશા બંધાય, એ સહજ હતું. રણસિંહ પોતાના સ્થાને જઈને સૂવાની મહેનત કરી રહ્યો. પણ આવી પળોમાં નિદ્રા આવે ખરી ?

વનબાળ અને સુમિત્ર રણસિંહને સ્વસ્થાને પહોંચાડી દઈને સીધા જ ઉદ્યાનમાં જઈ પહોંચ્યા. ત્યાં રત્નવતી મૂર્ચ્છિત થઈને પડી હતી. પ્રિયપાત્ર તરફથી ખાબકેલા આઘાતને જીરવવાનું કૌવત, એ બિચારીના કોમળ કાળજા પાસે તો હોય જ ક્યાંથી ? થોડાઘણા ઉપચારને અંતે એ જ્યારે સભાન બની, ત્યારે એના મોંમાંથી નીકળેલો પહેલો ધ્વનિ એ હતો કે, સ્વામીનાથ ! સ્વસ્થ થઈ ગયા ? હું કેવી અક્કરમી કે, આવા પતિદેવ પામ્યા પછી પણ એમને સાચવી ન શકી ! આપબડાઈ હાંકવાની આત્મઘાતી મનોવૃત્તિને જો હું કાબૂમાં રાખી શકી હોત, તો આવો જીવલેણ અંજામ ન જ આવત !

વનબાળ અને સુમિત્ર રત્નવતીને સાચું/ખોટું સમજાવી-પટાવીને એના ઉતારે લઈ ગયા. એ પથારીમાં આડી પડી. પણ આવી પળો નિદ્રાને આવવા દે ખરી ?

રણસિંહ અને રત્નવતી બંનેની હૈયા-સૃષ્ટિ પર વિચારોનું એક વેગીલું વાવાઝોડું ઊતરી પડીને સમતુલાની સમગ્ર ધરતી ધણધણી ઊઠે, એવી રીતે ધમાચકડી મચાવી રહ્યું. રણસિંહના દિલમાં સ્થપાયેલા યક્ષશ્રદ્ધાના સિંહાસનના ચારેચાર પાયા ડગમગી ઊઠ્યા હતા. હવે એની સમગ્ર શ્રદ્ધા વનબાળની વિદ્યા પર કેન્દ્રિત થઈ રહી હતી. કમલવતીની કામનાને અનુલક્ષીને આશાનિરાશાના ઝંઝાવાતી ઝડપે ઘૂમતા ઝૂલા પર ઝોલાં ખાતાં-ખાતાં રણસિંહ અને રત્નવતીએ એ રાત માંડમાંડ પૂરી કરી !

એક રાતમાં વાત જે રીતે વણસી ગઈ અને વણસેલી એ વાત જે રીતે પાછી

ઠેકાણે આવી શકી, એના વિચારમાં સૌ મગ્ન હતા. આમાં વધુ મગ્નતા આણવા જ જાણે વનબાળે વિદ્યાસાધનામાં બેસવાની તૈયારી કરવા માંડી. એક બાજુ સૂર્યનો ઉદય થયો ને બીજી બાજુ વનબાળની વિદ્યાસાધના શરૂ થઈ. એથી ચોમેર આતુરતા અને અચરજનું સામ્રાજ્ય છવાઈ ગયું. પડદા પાછળ સાધના શરૂ થવાને થોડીઘણી પળો વીત્યા બાદ હર્ષ-શોકની મિશ્ર લાગણી સાથે વનબાળ બહાર આવ્યો. સૌની આતુરતાનો અંત આણતાં એણે કહ્યું : 'રાજવી રણસિંહ ! વિદ્યાસાધના તો મેં કરી, પણ પાણીનો રેલો મારા જ ઘરે આવતો લાગવાથી મારું હૈયું વિયોગની વેદનાના ઘાવ અત્યારથી જ અનુભવવા માંડ્યું છે. આપના માટે આનંદના સમાચાર છે, પણ મારા માટે એ જ સમાચાર આઘાતજનક બને એવા છે.'

વનબાળ ભૂમિકા બાંધીને રણસિંહના મનોભાવને ઉકેલવા મથી રહ્યો. ત્યાં તો રણસિંહે અધીરતા દર્શાવતાં કહ્યું : વનબાળ ! રમત-ગમત મૂકી દે. અત્યારે આપણે વાર્તા-વિનોદ કરવા નથી બેઠાં. મારા માટે પળ લાખેણી વીતી રહી છે. માટે જે હોય, તે સ્પષ્ટ કહી દે. તારા માટે જે મજાકમશ્કરીનો વિષય છે, એ જ મારા માટે જીવન-મરણનો સવાલ છે.

વનબાળને થયું કે, હવે વિલંબ કરવામાં મજા નથી. એણે સીધેસીધી રીતે વાત રજૂ કરતાં કહ્યું : રાજવી ! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે ! એક ગુફા બે વનરાજોને આશરો ન આપી શકે. એથી આપને એક ચીજ પર પસંદગી ઉતારવાની છે : કાં મિત્રતા પર ! કાં મહિલા પર ! મૈત્રી અને મહિલાઃ આ બંને આપના ભાગ્યમાં નથી. મારી વિદ્યા મને કહે છે કે, કમલવતી હયાત છે. પણ રણસિંહને જો એનું પુનર્મિલન ખપતું હોય, તો વનબાળ સાથેની મિત્રતાના તમામ પ્રેમપાશના એઓએ ટુકડેટુકડા કરવા જ પડશે ! બોલો, આપને શું ખપે છે ? આપણી મિત્રતા કે મનગમતી એ મહિલા ?

જેની કોઈને કલ્પના પણ ન હતી, એવો પ્રશ્નાર્થ ઊભો થતાં સૌ મૂંઝવણ અનુભવી રહ્યા. વનબાળની મૈત્રી જો છેહ દેવા જેવી નહોતી, તો કમલવતીના પુનર્ભેટાની પળો પણ જાકારો દઈ શકાય, એવી ન હતી. નિર્ણય તો રણસિંહે જ કરવાનો હતો. સૌની પસંદગી તો એવી હતી કે, કમલવતી જેવી મહિલાઓ તો ઘણી મળશે. પણ વનબાળ જેવો મિત્ર મળવો મુશ્કેલ છે ! પણ રણસિંહની પસંદગી જુદી જ નીકળી. કમલવતીની યાદ અગન બનીને એને એ રીતે દઝાડી રહી હતી કે, વનબાળની મૈત્રીના માંડવાને

ઉખેડી/ફેંકી દઈનેય એ કમલવતીને મળવા/મેળવવા તલપાપડ હતો ! એણે કહ્યું :

'વનબાળ ! તારો વિયોગ વેઠવો મારા માટે અસહ્ય છે, પણ કમલવતીનો વિયોગ સહેવો હવે તો મારા માટે અશક્ય જ છે ! આટલામાં તું બધું સમજી જા !'

વનબાળ કટાક્ષના બાણ છોડવાની આ પળને ચૂકી જાય ખરો ! એણે કહ્યું : રાજવી આપણે જે સ્થાને પહેલવહેલા ભેગા થયા હતા અને ત્યાં જે વાતો કરી હતી, એ શું સાવ જ ભૂલી ગયા ! મારા વિના પળ પણ ન રહી શકવાની વાત છાતી ઠોકીને કરનારા આપ જ હતા કે બીજું કોઈ ? કમલવતીઓ તો આપને ઘણી મળશે ! પણ આ વનબાળને માટે તો રાજવી રણસિંહ એક જ છે ! શું કમલવતીના મિલનની આશા, આપણી દૂધ-સાકર જેવી મૈત્રીને છેહ દઈ દેવાય હસતે હૈયે તૈયાર થઈ જશે ? જો, જો... પછી પસ્તાવો ન થાય. માટે જ કહું છું કે, હજી પણ વિચાર કરી લો ! કમલવતીને તમે મેળવશો, તો આપણી મૈત્રીનું એ રીતે ઉઠમણું થઈ જશે કે, પછી સ્વપ્નેય એની આશા નહિ રાખી શકો !

● વનબાળને છેલ્લો જવાબ વાળતો રણસિંહ



રણસિંહનું હૈયું કમલવતીની પાછળ એ રીતે ઝૂરી રહ્યું હતું કે, હવે પળનોય વિલંબ એને યુગ-સમોવડો જણાતો હતો. એથી એણે જરા જુસ્સા - ગુસ્સાપૂર્વક કહ્યું કે, વનબાળ ! શા માટે તું મારા આ માર પર મીઠું ભભરાવે છે! તને એક વાર કહી દીધુંને કે, હું કમલવતી વિના હવે રહી શકું એમ જ નથી ! મારા મોઢેથી નાગી-વાત કઢાવવાનો જ તારો હઠાગ્રહ હોય, તો તું કાન ખુલ્લા રાખીને સાંભળી લે કે, કમલવતી જો મને મળતી હોય, તો આપણી મૈત્રીને ઠાઠડીમાં બાંધીને ફૂંકી બાળવાની મારી તૈયારી છે. તેં હજી સંસાર માંડ્યો નથી, તને ક્યાંથી ખબર હોય કે, જીવનમાં મહિલાનું માન કેવું મહત્ત્વનું હોય છે અને એની સરખામણીમાં મિત્રનું સ્થાન કેવું મામૂલી હોઈ શકે છે ! ઘાયલ કી આ ગત તો ઘાયલ જ જાણી શકે ! વનબાળ ! આ મારો છેલ્લો જવાબ છે. આટલા દિવસોમાં તારા દિલને દૂભવતી કોઈ વૃત્તિ-પ્રવૃત્તિ મારાથી થઈ ગઈ હોય, તો નત-મસ્તકે ક્ષમા ચાહું છું. માનવમાત્ર ભૂલને પાત્ર હોવાથી, આપણે મૈત્રીના માંડવે જ રમ્યા, ભમ્યા અને જમ્યા હોવા છતાં ભૂલના ડંખમાંથી જખમ પેદા થવાની શકયતા સાવ નકારી શકાય એવી તો

નથી જ અને દિલ સાફ હોય, તો બધું જ માફ થઈ શકે છે, માટે ક્ષમા ચાહું છું અને પરભવે પણ આપણી મૈત્રીના તૂટેલા આ પ્રેમ-તાર ફરી પાછા સંધાય, એવી પ્રાર્થના પ્રગટ કરું છું.

રણસિંહે મનની વાત કહી નાખી. એની આંખ આંસુથી ભરાઈ આવી હતી અને એનો કંઠ રૂંધાઈ ગયો હતો. વાતાવરણ ગંભીર અને ગમગીન બની ગયું. વનબાળનો વિયોગ આઘાતજનક વાતાવરણને પેદા કરી રહ્યો, તો કમલવતીના પુનર્ભેટાની પરોઢ પાંગરવાની આશા વાતાવરણને આનંદિત બનાવી રહી. વનબાળે રડમસ સાદે અંતરની વ્યથા જણાવતાં કહ્યું :

'રાજવી ! આપની આજ્ઞા તો હું મારા માથે ચઢાવું છું. ક્ષમા આપવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. ક્ષતિ વિના ક્ષમા કેવી ! અને મનોવ્યથા વિના વળી માફી કેવી ? મારી પણ એ જ પ્રાર્થના છે કે, આપણી મૈત્રીના તૂટેલા પ્રેમ-તાર ફરી પાછા વહેલી તકે સંધાય ! હવે આપણે આ ભવમાં અને આ ખોળિયામાં મળી શકવાના નથી, એ સનાતન સત્ય છે. વિદાયની આ વેળા દિલ અને દેહમાં વ્યથાનું જાગરણ કરે એવી છે. પણ આપની અભિલાષા જો સાકાર થતી હોય, તો આ વ્યથાને હસતાં-હસતાં સહેવાની મારી તૈયારી છે. કમલવતીના પુનર્ભેટાનું પરોઢ ખીલવવાની વેદી પર હું મારી જાતની ન્યોછાવરી કરવાનો કર્તવ્ય-ધર્મ અદા કરવા જઈ રહ્યો છું, ત્યારે મારે મારા અંતિમ-અરમાન રૂપે એ જ કહેવાનું છે કે, ચક્રધરનગરના એ મંદિરની પૂજાનું ઉત્તરદાયિત્વ બરાબર અદા થતું રહે, એનો ખ્યાલ રાખવા વિનંતિ ! બાકી તો મારી આગળ કોઈ ઉલાળ નથી ને પાછળ કોઈ ધરાળ નથી. અને આવી કોઈ જ જંજાળ નથી, એથી જ તો હું મૈત્રી કાજે મરી ફીટવાનો મિત્ર-ધર્મ અદા કરવાની આ પળે, ચહેરા પરના હાસ્યના હોજને મોજથી હિલોળા લેવા દઈ રહ્યો છું. બસ, ત્યારે અલવિદા ! ફિર મિલેંગે !'



• વિદાય લેતો વનબાળ

વનબાળ વસમી વિદાય લઈને પડદા પાછળ ગુમ થઈ ગયો. વાતાવરણમાં જાણે કોઈ શાયરના સૂર ઘૂંટાઈ રહ્યા :

***"ચમન મેં ફૂલ ખિલતે રહેંગે,***
***જિંદા રહે તો ફિર મિલતે રહેંગે !"***

# ૨૦ પુનર્ભેટાનો ઊંચકાતો પડદો

**સમયને વરેલું લંબાણ-ટૂંકાણ સ્વયંભૂ નથી હોતું, એ સાપેક્ષ હોય છે. આંખમાં આંસુ અને અંતરમાં અગનભરી આતુરતા હોય તો પળનો વિલંબ પણ યુગ-સમોવડો જણાતો હોય છે અને આંખમાં આનંદ તેમ જ અંતરમાં આલ્હાદ ઊભરાતો હોય, તો યુગની યાત્રા પણ પળવારમાં પૂરી થઈ ગયાની અનુભૂતિ થતી હોય છે.**

પાટલિખંડના એ ચિંતામણિ-તીર્થની ધરતી પર પ્રતીક્ષાભરી પળો વીતી રહી હતી. પળની માત્રાને યુગની યાત્રા જેવી લેખાવનારી પ્રતીક્ષાના એ પ્રવાહમાં રણસિંહ, રત્નવતી, સુમિત્ર આદિ પરિવાર તણાતો જતો હતો. મૈત્રીની વેદી પર જાતે ન્યોચ્છાવર થઈનેય, કમલવતીના પુનર્ભેટાનું પરોઢ ખીલવવા વનબાળે વિદ્યાસાધના આરંભી દીધી. ઘડી-અધઘડીનો એ સાધનાનો સમય પૂર્ણ થવા આવ્યો, પુનર્ભેટાની પરોઢ ખીલવાની એંધાણી રૂપે પડદાની પાછળ પાયલના નાદ અને કંકણના કેકારવનો આછો આછો ધ્વનિ સંભળાવા લાગ્યો. સૌ ઉત્કંઠિત કાને એ ધ્વનિની ધન્યતાનું પાન કરી રહ્યા.

શ્રવણ-કાનને તો શ્રદ્ધા થઈ ગઈ કે, કમલવતીના પુનર્ભેટાનું પ્રભાત હવે ખીલ્યું જ સમજો ! પણ આંખની આતુરતા હજી અમીટ હતી. સૌની નજર પડદા સામે ઝંખનાભરી મીટ માંડી રહી. પળ બે પળ વીતી-ન વીતી, ત્યાં તો પડદો સરરર કરતો

ખેંચાયો અને સ્વર્ગની કોઈ સુંદરીની અદાથી આવતી કમલવતીને સૌ ફાટી આંખે જોઈ જ રહ્યા. રણસિંહને સમજાતું નહોતું કે આ સ્વપ્ન છે કે સત્ય ! ત્યાં તો પાયલનો રૂમઝૂમ રૂમઝૂમ નાદ રેલાવતી કમલવતી ઉતાવળા પગલે આવીને રણસિંહ રાજવીના ચરણને ઝાલી લેતાં બોલી ઊઠી : સ્વામીનાથ ! આપનું દર્શન મારી આંખમાં અત્યારે અમૃતનું અંજન બનીને પ્રવેશી રહ્યું છે. આ અંજનની શલાકા બનવા શહાદત વહોરી લેનારા વનબાળનું ઋણ તો હું કોઈ ભવે ફેડી શકીશ નહિ. પાટલિખંડના આ જ પ્રદેશમાંથી મહિનાઓ પૂર્વે આપને પાઠવેલા સંદેશનો એ સૂર હજી મારા કાનમાં ગુંજી જ રહ્યો છે : આપનું કલ્યાણ મારી કામના છે ! આપનું મંગલ મારા મનોરથ છે અને આપનું ખેમ મારી ખેવના છે !

• કમલવતીનો રણસિંહને પુનર્ભેટો



કમલવતીની આંખમાંથી આંસુઓ અભિષેકની ધાર બનીને વહી રહ્યાં હતાં અને પોતાના સ્વામીનાથના ચરણને જાણે પખાળી રહ્યાં હતાં. રણસિંહની દશા પણ આવી જ હતી. એની આંખમાંથી ખળખળ નાદે અનુતાપની આંસુધાર વહી છૂટી હતી અને પોતે કમલવતીના કપાળે 'કલંકિની' તરીકેની જે કાળી ટીલી ચોડી હતી, એને ધોવા જાણે એ મથી જ રહી હતી. બંને મૌન હતાં. પણ મૌનની ભાષામાં એ ચાર આંખોએ જે વાતો કરી લીધી, એનો તાગ પામવા બૃહસ્પતિ પણ અસમર્થ હતા.

રણસિંહ અવાક્ બની ગયો હતો. મનોમંથન પછીના કથનનો દરિયો એની જીભ પર છલક-છલક છલકી રહ્યો હતો. પણ એ છાલકનું એક શબ્દબિંદુ પણ બહાર પડતું નહોતું. રણસિંહે માંડમાંડ બોલવાનું શરૂ કર્યું : દેવી ! સૌ પ્રથમ આપણે ભગવાન પાર્શ્વનાથના દર્શને જઈએ, પછી ચિંતામણિ યક્ષદેવને નમીને બધી વાતો કરીશું. જેમની કૃપા જ આ ગાઢ અંધકારને કિરણ બનીને અજવાળી ગઈ છે. એ ઉપકારીઓના ઉપકારને પ્રથમ પ્રણામ કરવા, આપણું કર્તવ્ય બની જાય છે.

કમલવતી અને બીજા તમામ પરિવાર સાથે રણસિંહ ચિંતામણિ પાર્શ્વનાથના સાંનિધ્યમાં પહોંચ્યો. ત્યાં પ્રભુ આગળ ભક્તિનું ભેટણું ધરીને સૌ યક્ષદેવને નમ્યા. રાજપરિવાર પોતાના રહેઠાણમાં પહોંચ્યો, ત્યારે સૂર્યની સવારી ઠીકઠીક આગળ વધી ગઈ હતી. ટૂંકી રાતમાં ઝાઝા વેશ ભજવવાના હતા. અઘટ ગણી શકાય, એવી આ

ઘટનાના સમાચાર પાટલિખંડ પહોંચાડવાના હતા. પ્રયાણનો કાર્યક્રમ નક્કી કરવાનો હતો અને પાટલિખંડનું આમંત્રણ આવે, તો એના સ્વીકાર-અસ્વીકાર અંગેનો નિર્ણય લેવાનો હતો. આ બધી જવાબદારી સુમિત્રને સોંપી દઈને રણસિંહ કમલવતી સાથે દિલ ખોલીને વાતો કરવા તલપાપડ હતો. વનબાળના વિયોગની વેદના એના અંતરના એક ખૂણે હજી જલી જ રહી હતી. એને હજી પણ એ નહોતું સમજાતું કે, આ બધું કઈ રીતે બની ગયું ?

કમલવતીની વિચારધારામાં રત્નવતી તરફની કરુણા ઘોળાઈ રહી હતી. એને ભય હતો કે, પોતાના સ્વામીનાથ ક્યાંક રત્નવતીને પિયરમાં ધકેલી ન દે ! એથી કમલવતી પણ થોડું એકાંત મેળવીને દિલની વાતો કરવા દ્વારા સ્વામીનાથનું મન જાણી લેવા માગતી હતી. ભેગા થવાની ભાવના બંનેની હતી, એથી મધ્યાહ્નની એકાંત પળોને એમણે ઝડપી લીધી. વાર્તારંભ કરતાં રાજવી રણસિંહે કહ્યું :

'દેવી ! તારું આગમન અને વનબાળનું ગમન : આ બંને મારા માટે હજી પણ અણ-ઊકલ્યું એક રહસ્ય જ રહ્યું છે ! નથી સમજાતું કે, કઈ રીતે તારો પુનર્ભેટો થયો ? ખ્યાલ નથી આવતો કે, વનબાળ તેમ જ તારી વચ્ચે એવો કયો વાંધો છે કે, ગુફામાં બે સિંહની જેમ તમે બંને સાથે ન રહી શકો ? આ બધા પ્રશ્નો એવા છે કે, એને ઉકેલવા મથું છું, એમ એ પ્રશ્નોના પ્રવાહમાં બીજા બીજા પ્રશ્નો ઉમેરાતા જાય છે, અને એથી જ હું એ જાણવા માગું છું કે, તારી પાસે આ પ્રશ્નોનો કોઈ ઉકેલ છે ખરો ? આટલા દિવસ તેં ક્યાં પસાર કર્યા ? વનબાળની વિદાય તારા આગમનનું આંગણું કઈ રીતે બની ગઈ ? આ બધું મને તો કોઈ રીતે સમજાતું જ નથી !'

રણસિંહે દિલનાં દ્વાર ખોલી દઈને ત્યાં ઘૂઘવાટ મચાવતા પ્રશ્નોના પૂરનું દર્શન કરાવ્યું. કમલવતીના કાળજામાં રત્નવતી તરફ જાગેલી કરુણા જ જાણે બોલી ઊઠી :

'સ્વામીનાથ ! આપ જો મારી પર ખરેખર પ્રસન્ન જ થયા હો અને મારું મનગમતું કરવાની જ આપની કામના હોય, તો હું એક વરદાન માગવા ઇચ્છું છું. વરદાનનું આ દાન થશે, તો વધુ પ્રસન્ન થઈને આપના પ્રશ્નોને ઉકેલવાનો હું શક્ય પ્રયત્ન કરીશ. આપની અનુમતિ હોય, તો મારી માગણી રજૂ કરવા હું તલપાપડ છું.'

રણસિંહે વધુ પડતી ઘેલછા અને આશ્ચર્યનો ભાવ વ્યક્ત કરતાં કહ્યું કે, હું જ જ્યાં તને સમર્પિત છું, ત્યાં આ બધું જ તારું હોય, એ કોઈ નવાઈની વાત નથી !

પછી તારે વરદાન યાચવાનો સવાલ જ રહેતો નથી ! છતાં કોઈ વિશિષ્ટ માગણી લઈને તું આવી હોય, તો તે જણાવી શકે છે. એને જાનના જોખમેય પૂર્ણ કરવા હું વચનબદ્ધ બનું છું.

'આપ આ સમજી/સોચીને બોલો છો ને, સ્વામીનાથ ! હું ગમે તે માગું, તોય એને આપવા બંધાઈ જવાની જે બાંહેધરી આપ આપી રહ્યા છો, એમાં મારા તરફનો સ્નેહ જ કારણ છે. છતાં માગતાં મારું મન જરા સંકોચાય છે.'

કમલવતી દાણો દબાવી રહી હતી. એમને એમ માગી લેવામાં મજા નહોતી. પોતાની પર વરસનારી સ્વામીનાથની વાત્સલ્યવર્ષામાં રત્નવતીની ભાગીદારી પણ સમાનભાવે માગવી હોય, ત્યાં આવી ભૂમિકા બાંધ્યા વિના કેમ ચાલે ?

'દેવી ! બધી શંકા-કુશંકાઓને ફગાવી દઈને એક વાર તારે જે માગવું હોય એ તું માગી નાખ. જોઈ લેજે : હું એ માગણી પૂર્ણ કરું છું કે નહિ ?' રણસિંહે બેધડક કહી દીધું.

'સ્વામીનાથ ! આપની ધારણા કરતાં મારી માગણી જુદી જ જાતની છે. હું ઇચ્છું છું કે; આપની અમીનજર મારી જેમ રત્નવતી પર પણ વાત્સલ્ય વેરતી રહે ! જે આંખે આપ મને નિહાળો, એ જ આંખે રત્નવતીને પણ નિહાળતાં રહેવાનું વચન આપો, એ જ મારી માગણી છે.'

રણસિંહ ફાટી આંખે આ માગણીને સાંભળી રહ્યો. એણે કહ્યું : કમલવતી ! તું રત્નવતીને હજી જાણતી જ નથી, એથી જ આવું વરદાન માગવાનું આત્મઘાતક પગલું તું હસતે હૈયે ભરવા તૈયાર થઈ છે ! તને ખબર નથી કે, તારે દેશવટો ભોગવવાની જે પળ આવી, આપણા અભિન્ન દિલમાં ભેદનું જે ભંગાણ પડ્યું અને આપણા સુખી સંસારમાં જે આગ લાગી, એ બધાંનું કારણ જ આ રત્નવતી છે ! એને તો હું એના પિયરમાં જ તગેડી મૂકવા માગું છું. છતાં હું વચનબદ્ધ બન્યો છું, એથી તારી માગણી મક્કમ હશે, તો એને પૂરી કરવામાંય મને વાંધો નથી. પણ હજી તને વિચારવાની તક આપું છું કે, તું શું માગી રહી છે, એને જરા વધુ ઊંડાણથી વિચારી લે !

કમલવતીએ વળતી જ પળે જવાબ આપ્યો : સ્વામીનાથ ! ક્ષમાની શક્તિમાં વિશ્વાસ રાખો. રત્નવતીનું હૃદયપરિવર્તન કરવાનો અણમોલો અવસર જ આ છે ! એને પિયરમાં તગેડી મૂકશો, તો બીજી ગંધમૂષિકાને એ તૈયાર કરશે અને વેરની વસૂલાત

લેવા નાગણ બનતાંય એ નહિ ખચકાય ! પરંતુ આપ એને અપનાવી લેશો, તો મારી પરનો એનો તમામ દ્વેષ ઓગળી જશે અને પ્રેમનું નવપ્રસ્થાન આરંભાશે. ઘણું ઘણું વિચારીને જ મેં આ માગ્યું છે.

રણસિંહે કમલવતીને સાંભળી લીધી. એનેય લાગ્યું કે, આ વાત કાઢી નાખવા જેવી તો નથી જ ! લગ્ન પૂર્વે પણ જો રત્નવતીએ વેરની વસૂલાત માટે આવો ક્રૂર દાવ અજમાવ્યો, તો પછી લગ્ન બાદ જો એને તગેડી મૂકવામાં આવે, તો એ કયો માર્ગ ન લે ? એ કલ્પી જ ન શકાય ! એથી કમલવતીની માગણીને માન્ય રાખીને રણસિંહે કહ્યું : તું રાજી થા, બસ તારી જેમ રત્નવતીને પણ હું અપનાવી લઈશ. હવે તો મારા પ્રશ્નોનો તું ઉકેલી આપીશ ને ? કે હજી બીજું કંઈ માગવાનું બાકી રહે છે ?

'ના, સ્વામીનાથ ! મારી માગણી પૂરી થઈ, એથી આનંદ ! હવે આપના પ્રશ્નો પરનો પડદો હટાવતાં પહેલાં હું આપને પૂછવા માગું છું કે, મારામાં અને વનબાળમાં આપને કોઈ વાતનું સામ્ય જણાયું હતું ખરું ? આપે આટલા દિવસ વનબાળની સાથે વિતાવ્યા એમાં કોઈ એવી વિશેષતા આપ નિહાળી શક્યા ખરા કે, જેનો મેળ મારી સાથે આવતો હોય !'

કમલવતી એક રહસ્યને ઉકેલવાની ભૂમિકા તૈયાર કરવા માંડી. વનબાળનો ભેટો થયો હતો, એ જ ઘડી-પળથી રણસિંહના મગજમાં એવો ભાસ થવો શરૂ થયો હતો કે, કમલવતી સાથે આ વનબાળ ઘણી રીતે સામ્ય ધરાવતો લાગે છે ! માત્ર આ પુરુષ છે, એ જ મોટો તફાવત છે. પણ આ આભાસને એણે પ્રગટ કર્યો ન હતો. એને પોતાની એ જાતની મશ્કરી થવાનો ભય હતો કે, આ બાયડી-ઘેલાને બધે કમલવતી જ જણાય છે ! એથી એણે એ વાત મનમાં જ દાબી દીધી હતી. મનની એ વાતને છેક હવે અત્યારે રજૂ કરતાં રણસિંહે કહ્યું :

'વનબાળને જોયો, ત્યારથી જ મને એનામાં તારા જ કોઈ પુરુષાવતારની પ્રતીતિ થતી રહી હતી. મને થતું હતું કે, આ વનબાળ કેમ મારો આટલો બધો પ્રીતિપાત્ર બનતો હશે ? પણ આજે મને એનો જવાબ મળે છે કે, તમારા બંનેમાં આકાર, અવાજ અને આંતર-લાગણી જેવી કેઈ કેઈ ચીજો સમાનતા ધરાવતી હતી, એથી જ વનબાળ મારું ચિત્ત ચોરી શક્યો હતો.'

કમલવતીએ પ્રશ્ન પર પથરાયેલો પ્રતીક્ષાનો પડદો ઝંઝાવાતી ઝડપે ઊંચકી લેતાં


• રહસ્ય પરનો પડદો હટાવતી કમલવતી

કહ્યું : સ્વામીનાથ ! પહેલી પળે આપ કદાચ નહિ માનો, પણ આપ સાંભળી લો કે, વનબાળ મારો પોતાનો જ પુરુષાકાર હતો. વનબાળના વાઘામાં આટલા દિવસ સુધી હું પોતે જ આપની કાયાની છાયા બનીને રહી શકવા બડભાગી બની ! મારું આ પુણ્ય કંઈ જેવું તેવું ન ગણાય?

પુનર્ભેટાના પ્રશ્ન પરથી પડદો ઊંચકાઈ જતાં રણસિંહ આશ્ચર્ય અનુભવતાં સહસા બોલી ઊઠ્યો : કમલવતી ! તું શું આ સાચું કહે છે ? શું વનબાળ એ તારો જ પુરુષાકાર હતો ! છતાં અમને કોઈને આ વાતની થોડી ગંધ પણ ન આવી ! તારું આ વળી કઈ જાતનું કૌશલ્ય ! આ તારી કેવી કપટ-કળા કે, તું કાયાની છાયા બનીને રહી, છતાં હું તને ઓળખી પણ ન શક્યો. આ કોના પ્રભાવે ને કઈ રીતે શક્ય બન્યું ?

'કેમ સ્વામી ! ભૂલી ગયા પેલી જડીબુટ્ટીને ! જેના પ્રભાવે આ જ ધરતી પર આપણે ભીમશ્રેષ્ઠિની આંખમાં ધૂળ નાખીને લગ્નગ્રંથિથી જોડાઈ શક્યાં હતાં ! એ જ જડીબુટ્ટીનો પ્રભાવ મને વનબાળ તરીકેના વાઘા સજવામાં આ રીતે શું સહાયક ન બની શકે ? યોગિની અને સારથિને વળાવીને શીલરક્ષા કાજે એ જ પળે જડીબુટ્ટીને કાને ભરાવી દઈને હું વનબાળ બની ગઈ હતી અને આજે કાળ પાક્યો, ત્યારે એ વાઘા ફગાવી દઈને હું પાછી કમલવતી તરીકે ખુલ્લી થઈ છું.'

રણસિંહના મન સામે આતુરતા અને આશંકાનું જે ગાઢ ધુમ્મસ દિવસોથી છવાયેલું રહેતું હતું, એ એકાએક વિખેરાઈ-વિલાઈ ગયું અને પ્રકાશનો પ્રવાહ એની આંખને અજવાળી રહ્યો. કમલવતીએ જ્યારે બધી વાત વિગતવાર કહી સંભળાવી, ત્યારે તો રણસિંહે મજામાં આવીને મીઠો-ઉપાલંભ આપતાં કહ્યું : કમલવતી ! મારી અર્ધાંગના થઈને તને આ રીતે મારી સાથે માયાની રમત રમવાનું કોણે શિખવાડ્યું ?

મીઠું મીઠું હસતાં કમલવતીએ કહ્યું : કાળ સિવાય મને આવી શિખામણ બીજું કોણ આપે ! સમય સમય બળવાન છે, ત્યારે વનબાળ તરીકે રહેવાનો સમય હતો, આજે એ પુરુષાકાર ફગાવી દેવાનો સમય છે. ધર્મની ધજા અણનમ રાખવા ત્યારે

**વનબાળ તરીકેની સજા ભોગવવાનો કાળ હતો. આજે કાળ બદલાયો છે અને કમલવતી તરીકેની મઝા માણવાનો સમયનો સાદ સંભળાય છે. ઉતાવળે આંબા ન પકવી શકાય, એમ ઉતાવળે કાર્યસિદ્ધિ પણ ન થઈ શકે !**

રણસિંહનો આશ્ચર્ય-મિશ્રિત આનંદ પોકારી ઊઠ્યો : ત્યારે તો તેં ખરું નાટક ભજવ્યું ગણાય ! પણ મને આટલેથી સંતોષ નહિ થાય, બધી વાત વિસ્તારથી કહી બતાવીશ, તો જ મારું મન સ્વસ્થતા પામી શકશે, એમ મને લાગે છે !

રણસિંહ/કમલવતી વચ્ચે વાર્તાલાપ શરૂ થયો. કાળની ઘડીમાંથી કેટલીય રેતી સરી ગઈ ! એનો કોઈને ખ્યાલ પણ ન રહ્યો. સાયં-ભોજન માટે આમંત્રણ આપતો સુમિત્રનો સાદ સંભળાયો, ત્યારે રણસિંહ બોલી ઊઠ્યો : શું સાંજ થવા આવી ! સુમિત્ર, મારા જીવનમાં કદી ભૂલી ન શકાય, એવી મનની મૂડી સમી આજની ઘડીઓ છે. કમલવતીએ ખરું નાટક કર્યું ! એની વાત લાંબી છે, એથી રાતે બધી ઘટના કહી સંભળાવીશ. પાટલિખંડમાં તો આ સમાચાર પહોંચી ગયા ને ?

સુમિત્રે કહ્યું : હા, રાજવી ! કાલે સવારે જ જવાબ આવી જશે. જો કમલસેન રાજવીનું આમંત્રણ આવે, તો એને સ્વીકારીને પાટલિખંડ જવાનો નિર્ણય પણ લેવાઈ ગયો છે. મને વિશ્વાસ છે કે, ચોક્કસ આમંત્રણ આવશે જ. ચાલો, ભોજન કરી લઈએ! આશ્ચર્ય અને આનંદથી જ રણસિંહનું પેટ ભરાઈ ગયું હતું. એથી થોડું જમી લઈને એ જ્યારે બહાર આવ્યો, ત્યારે ત્યાં પાટલિખંડનો દૂત રાજવી કમલસેનનું આમંત્રણ લઈને રણસિંહની પ્રતીક્ષા કરતો ઊભો હતો. સુમિત્રે એને ખુશાલીના સમાચાર આપતાં કહ્યું કે, કાલે સવારે પાટલિખંડ આવવાનું નક્કી કર્યું છે. ધાર્યું જ હતું કે, સમાચાર મળ્યા બાદ રાજવી કમલસેન પાટલિખંડના પાદરેથી એમને એમ નહિ જ જવા દે !

ખુશાલીના એ સમાચાર લઈને દૂત થોડા જ સમયમાં પાટલિખંડ જવા રવાના થઈ ગયો. વાત તો વાયરે ચડીને વિસ્તાર પામતી હોય છે. કમલવતી-વનબાળની એ વાતો જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ સૌ આશ્ચર્ય અને આનંદ અનુભવવા માંડ્યા.

ઘટી જ ન શકે, એવી આ ઘટનાના સમાચાર પાટલિખંડમાં પણ પહોંચી ગયા. એથી બીજે દિવસે રણસિંહના સ્વાગત કાજે આખું નગર ઊમટ્યું. રણસિંહ, કનકવતી, કમલવતી અને રત્નવતીના જીવનની ક્ષિતિજે સોનાનો સૂરજ પુનઃ પ્રકાશ વેરી રહ્યો. ચોરે ને ચૌટે તેમ જ વાટે અને ઘાટે વનબાળ અને કમલવતીની વાતો જ

દિવસો સુધી ચર્ચાતી રહી, કમલવતીની કુશળતા અને સ્વામીભક્તિનાં સૌ ચાર મોઢે વખાણ કરી રહ્યા.

થોડા દિવસોનું આતિથ્ય માણીને રાજવી રણસિંહે પાટલિખંડથી વિદાય લીધી. ચિંતામણિ-તીર્થમાં પૂજન-દર્શન કરીને વિજયવતી તરફ બનતી ઝડપે પ્રયાણ કરવાનો એમનો મનોરથ હતો. પણ ધાર્યું કયાં ધણીનું બનતું હોય છે ! ચિંતામણિ-તીર્થમાં પુનઃ આવ્યા બાદ ચિંતામણિ યક્ષે રણસિંહને આદેશ આપ્યો કે, રણસિંહ ! તારી પિતૃભૂમિ તો વિજયપુરનગર છે. સાસરાના આશરા કંઈ જિંદગી સુધી લેવાના ન હોય ! માટે હવે વિજયવતી જવાનું માંડી વાળીને વિજયપુર તરફ વિજય પ્રસ્થાન લંબાવ. તને વિજયી બનાવવાની તમામ જવાબદારી મારી છે. ત્યાં અત્યારે તારા દૂરદૂરના કોઈ સગાનું રાજ છે. એ સીધી રીતે માની જાય, તો સારી વાત છે, પણ એ જો માનવા તૈયાર ન હોય, તો તારી સમશેરને એ જવાબદારી સોંપી દઈને, તું રણભેરી વગાડજે ! બસ તારે આટલું જ કરવાનું છે, બાકી બધું હું સંભાળી લઈશ !

રણસિંહે યક્ષવચનને શિરોધાર્ય કરીને સુમિત્ર સાથે મંત્રણા શરૂ કરી. યક્ષદેવનું વચન હતું, એથી બીજો તો કોઈ વિપરીત-વિચાર કરવાનો હતો જ નહિ. પણ કઈ રીતે યુદ્ધ-કાર્યક્રમ નક્કી કરવો, એ જ વિચારવાનું હતું !

વિજયપુરનું નામ સાંભળતાં જ રણસિંહના અંતરના આંગણેથી સ્મરણોની એક વિરાટ-વણઝાર વિહરવા માંડી. ભગવાન શ્રી મહાવીર-દેવના વરદ-હસ્તે દીક્ષિત બનેલા શ્રી ધર્મદાસ ગણિના પુત્ર તરીકેની પોતાની જાત-ભાત તાજી થતાં જ રણસિંહનું ધર્મદિલ વિચારી રહ્યું : **'આ મનના મેદાન પર પણ કેવા કેવા ખૂનખાર સંગ્રામ ખેલાય છે ! મન એ યુદ્ધમાં ઢાલ બનતું હોય છે, અને તલવારનું કાર્ય પણ એમાં મન જ અદા કરતું હોય છે. લોહીનું એક ટીપું પણ પડ્યું ન હોવા છતાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિને મનના આ સંગ્રામે જ સાતમા નરકનાં રૌરવ દ્વાર દેખાડવાની તૈયારી કરી હતી ને ? અને નરક ભણીની એ કર્મયાત્રાને વળાંક આપીને નિર્વાણ તરીકે ધર્મયાત્રા બનાવવામાં પણ એ રાજર્ષિને મનના મહારથીએ જ મરદ બનીને મદદ કરી હતી ને ?'**

રણસિંહની વિચારયાત્રા હજી આગળ વધત, પણ વિજયપુરના રાજાને પાઠવવાનો સંદેશ-પત્ર લખવા માટે સુમિત્રનો સાદ સંભળાતાં જ રણસિંહને મંત્રણાના ખંડમાં દાખલ થવું પડ્યું. આનું જ નામ માણસ ધારે છે શું ? અને માણસને માધ્યમ બનાવીને ભાગ્યદેવ કરાવે છે શું ?

૨૧

# વિજયપુર પર વિજય-વાવટો

આ સંસારમાં સત્તા, સુંદરી અને સંપત્તિના સામ્રાજ્યમાં એક એવું માદક આકર્ષણ છુપાયેલું હોય છે કે, જે એમાં લપેટાય છે, એના માટે આકર્ષણના એ પાશમાંથી મુક્ત થવું અશક્ય બની જાય છે. એ પાશની પક્કડ જ એવી હોય છે કે, એમાંથી સમય આવ્યે જાતે મુક્ત થઈ જવાનું શાણપણ દાખવવામાં ભલભલા ભડવીરોય ગોથાં ખાઈ જતાં હોય છે. જ્યારે સામ્રાજ્યના સિંહાસન પરથી એ ભડવીરોને કોઈ બળાત્કારે પદભ્રષ્ટ કરે, ત્યારે એઓની આંખમાં આંસુ સિવાય બીજું કંઈ જ જોવા મળતું હોતું નથી, સમયસર સિંહાસનને સલામ ભરી દેવાનું ડહાપણ અદા ન કર્યા બદલ ત્યારે એમને પસ્તાવો પણ થતો હોય છે. પરંતુ ઘોડો તબેલામાંથી છટકી ગયા બાદ તાળું મારવાના પ્રયાસની જેમ એ પસ્તાવો નિરર્થક નીવડે છે.

વિજયપુરનગરના વીસરાઈ ગયેલા વર્ષોપુરાણા વાતાવરણને તાજું કરવા ત્યાં જરા એક ડોકિયું કરી લઈએ :

સગા તરફથી જ થયેલા દગાની વેદના વિરાગ ભણી વળાંક લઈ ગઈ. નંદભદ્રાને અભય આપી ચૂકેલા રાજવી વિજયસેને પોતાના નવજાત શિશુનું અપહરણ કરાવનારી

રાણી અજયાનેય ક્ષમા આપી અને રાણી વિજયા તેમ જ સાળા સુજયની સાથે એમણે સંયમ-ધર્મનો સ્વીકાર કર્યો. ત્યારે દૂર-દૂરના સગા રાજવી ધર્મસેનને એમણે વિજયપુરની રાજ્યધુરા સોંપી. બનેવી-સાળાની એ જોડી આગળ જતાં શ્રી ધર્મદાસ ગણિ અને શ્રી જિનદાસ ગણિ તરીકે સુપ્રસિદ્ધ બની.

વિજયનગરમાં ધર્મસેન રાજવીનું શાસન તપી રહ્યું. પ્રજા તો ઊગતા સૂર્યનો સત્કાર કરવાના સ્વભાવવાળી હોય છે. થોડા જ દિવસોમાં દીક્ષિત બનેલી એ ત્રિપુટીની અને વિજયસેન રાજવીના નવજાત શિશુની વાર્તાય સૌ ભૂલી ગયા. અજયા-ચંદ્રલેખાએ તો નગરત્યાગ કરી જ દીધો હતો. એક નંદભદ્રા હજી એવી હતી કે, અવારનવાર એની આંખ સામે પોતાના સગા હાથે તજાયેલો એ રાજશિશુ યાદ આવી જતો હતો. એને વિશ્વાસ હતો કે, એ શિશુ પુણ્યશાળી છે. એથી વહેલોમોડો પણ પાછો પિતાની રાજગાદીને એ શોભાવશે જ ! અને લાંબા ભાવિના અંતે આ જાતના વિશ્વાસને દૃઢ બનાવે, એવી એક પુણ્ય પળ વર્ષોના વર્ષો પછી આવી પણ ખરી !

એ પળ રણસિંહના સંદેશાનું સ્વરૂપ લઈને આવી હતી. પાટલિખંડના પાદરેથી અને યક્ષદેવ ચિંતામણિની પ્રેરણાથી રણસિંહ તરફથી વિજયપુરને પાઠવાયેલા એ સંદેશામાં લખ્યું હતું કે,

'રાજવી ધર્મસેન ! મારા પિતા રાજવી શ્રી વિજયસેને તમને રાજી-ખુશીથી વિજયપુરના સિંહાસન પર બેસાડ્યા હતા, કારણ કે ત્યારે સંજોગો જ એવા હતા. તમે તમારા બાહુબળથી આ રાજ્યના માલિક બન્યા હો, એવું નથી. માટે એ પ્રતાપી પિતાના સપૂત તરીકે તમને સવિનય જણાવવાની જવાબદારી અદા કરતાં મારે લખવું પડે છે કે, જેવી રાજીખુશી સાથે તમે સિંહાસન પર બેઠા હતા, એવી જ રાજીખુશી સાથે સિંહાસન ખાલી કરો, તો સારી વાત છે. તમે જો બાહુબળથી આ રાજ્ય મેળવ્યું હોત, તો હું આમ ન લખત ! તો આપણે આપણા બળાબળનો નિવેડો લાવવાની જવાબદારી સમશેરના શિરે નાખી દેત ! પણ આમ નથી, એથી જ હું તમને પ્રેમપૂર્વક જણાવું છું કે, વિજયપુરના સિંહાસનને શોભાવી શકે, એવા સપૂતને માટે તમે પ્રસન્નતાપૂર્વક પદત્યાગ કરવાનું શાણપણ દાખવશો જ. નહિ તો પછી મારે છેવટે સમશેરના જોરે તમારી પાસેથી સિંહાસન ખાલી કરાવવું જ પડશે?'

સત્તાનો સ્વાદ જેની દાઢમાં ચોંટી ગયો હોય, એ માત્ર આટલા શબ્દોથી

સિંહાસનને સલામ ભરવા તૈયાર થાય ખરો ? એ સત્તાનો સ્વાદ એવો તો માદક હતો કે, ધર્મસેને આ સંદેશની ભરસભામાં હાંસી ઉડાડતાં કહ્યું :

'પેલો રણસિંહ મને શું આવી સલાહ આપવા બેઠો છે ? એના મોં પરથી હજી દૂધ તો સુકાયું નથી. પણ પુણ્ય જરા પાધરું છે, એથી એનો કેફ એની પાસે આવું લખાવે, એ ક્ષમ્ય ગણાય ! મેં કઈ અનીતિ-અન્યાયથી આ રાજગાદી મેળવી નથી કે, કાયરની જેમ હું મારો અધિકાર જતો કરી દઉં ? રણસિંહ જો ખરા સપૂત હોય, તો મેદાનમાં આવી જાય અને પોતાનું પાણી બતાવી આપીને પિતાના રાજ્યનો માલિક બને ? એ ક્યાં ઊછર્યો ? કઈ માતાનું એણે દૂધ પીધું અને કઈ જાતનો પિતા એનો પાલક બન્યો ? આ અંગે તો તરેહતરેહની વાતો ઊડે છે. પણ બે-ત્રણ સુંદરીનો સ્વામી બની ગયો, એથી મદાંધ બનીને આમ લખતાંય એ શરમાતો નથી. રણસિંહનું નામ ધરાવવું જેટલું સહેલું છે, એથીય કેઈ ગણું કઠિન છે : રણમાં સિંહની અદાથી ઘૂમવાનું કામ !'

ધર્મસેને હૈયાનો ઊભરો ઠાલવ્યો. મંત્રીશ્વરે એ ઊભરાને એક કાગળમાં કેદ કરીને પ્રતિસંદેશ તરીકે રણસિંહના દૂતના હાથમાં મૂક્યો. રણસિંહ ધારતો જ હતો કે, સિંહાસનને હસતે-હૈયે છોડવાનું શાણપણ દાખવનારા ઓછા હોય છે. સિંહાસન ખૂંચવાઈ ગયા પછી જ જેઓને ભૂલ સમજાતી હોય, એવાઓની સંખ્યા જ મોટી હોય છે. એથી ધર્મસેન તરફથી આવેલો સંદેશો વાંચતાં એને કંઈ બહુ આશ્ચર્ય ન થયું. પાટલિખંડથી વિજયપુર પહોંચવા માટે ત્રણ-ચાર દિવસનો પ્રવાસ તો કાફી હતો.

ચિંતામણિ-તીર્થની ધરતી રણખંજરીના નાદે જાગી ઊઠી. યુદ્ધ-પ્રસ્થાન કરીને, પોતાના પિતાના કુલદીપક વારસદાર તરીકેની કીર્તિને કમાવાની કામના રણસિંહના સૈન્યને આગળ ધપાવી રહી. એ સેનામાં પાટલિખંડની વિશાળ સેના પણ જોડાઈ. ધર્મસેન રાજવીના ગુપ્તચરો સક્રિય બની ગયા હતા. રણસિંહની સેનાને વરેલી વિશાળતા જોઈને જ એમની છાતીનાં પાટિયાં બેસી ગયાં. ઝંઝાવાતી ઝડપે ધર્મસેન પાસે જઈને એમણે કહ્યું : 'રાજવી ! આપ જેટલો ધારો છો, એટલો સસ્તો વિજય નથી ! રણસિંહ મોટા સૈન્યને લઈને આવે છે. એને જીતવું તો અઘરું છે જ, પણ એના ઘેરામાંથી ભાગી છૂટવું પણ સહેલું નથી ! માટે અમારી તો આપને એવી વિનમ્ર વિનંતી છે કે, નગરના બધા દરવાજા બંધ કરાવીને આવેલી આપત્તિને ખાળવાનું પગલું ભરવું જ યોગ્ય લાગે છે !'

સિંહની અદાથી ગર્જના કરતો રાજવી ધર્મસેન ઢીલોઘેંસ થઈને સસલાની જેમ ધ્રૂજી ઊઠ્યો. એના આદેશ મુજબ નગરના તમામેતમામ દરવાજા પર તોતિંગ તાળાં લાગી ચૂક્યાં. ભાવિ હવે કેવો વળાંક લે છે; એનો તાગ પામવા ભયભીત નજરે આખું નગર રણસિંહના આગમનની દિશા તરફ મીટ માંડી રહ્યું.

સાગરની જેમ ધસમસતી આવતી રણસિંહની સેના ધારણા કરતાં વિજયપુરના પાદરે એક દિવસ વહેલી આવી પહોંચી. પણ નગરના દરવાજા બંધ જોઈને સેનાનું પૌરસ-પરાક્રમ હતાશ બની ગયું. રણસિંહને યક્ષદેવ યાદ આવ્યા. ચિંતામણિ-યક્ષનું એણે સ્મરણ કર્યું. યક્ષદેવ તો હાજર જ હતા. એમણે આકાશમાં રહીને કહ્યું : વત્સ રણસિંહ, તારા આગમન પછીની બધી જવાબદારી અદા કરવા હું અહીં આવી જ ગયો છું.

રણસિંહની સેનામાં વિશ્વાસ અને વીરતાનું વાતાવરણ છવાઈ ગયું. યક્ષદેવ જાતે જ ત્યાં હાજર હતા, ત્યાં હવે વિજયપુર પર વિજય મેળવવાની વાતમાં અવિશ્વાસ કે આશંકા રાખવાની જરાય જરૂર નહોતી !

કિલ્લાની બહાર સાગરની જેમ ઘૂઘવાટ રેલાવતી રણસિંહની સેનાની વાત વિજયપુરમાં ફરી વળી અને રાજા-પ્રજા ભયથી ફફડી ઊઠ્યા. એ ફફડાટમાં વધારો કરે એવું એક દૃશ્ય સૌની નજરે પડ્યું અને નગરમાં દોડાદોડ મચી ગઈ.

આકાશને ઓવારેથી રણસિંહની વિરાટ સેના નીચે નગરમાં ઊતરી રહી હતી. ઉતરાણનું એ દૃશ્ય જોતાં જ ધર્મસેનની છાતીનાં પાટિયાં બેસી ગયાં. જેનીજેની આંખે એ દૃશ્ય ચડ્યું, એનાએના શરીરમાં ભયનાં કંપનો ફરી વળ્યાં. એ દૃશ્ય ખરેખર ભલભલા ભડવીરોનેય ભયભીત કરી મૂકે એવું હતું. આકાશને આંગણેથી રણસિંહની ઘૂઘવતી સેના વિજયપુરના રાજભવન તરફ ઝંઝાવાતી ઝડપે અવતરણ કરતી જણાતી હતી. સૈનિકોનાં શસ્ત્રાસ્ત્રોની ભયંકર અથડામણમાંથી ચકમક ઝરી રહી હતી. ચકચારભરી એ ચકમક મેઘલી અષાઢી-રાતે કડાકા બોલાવતી વીજ અને વર્ષાની સ્મૃતિ કરાવી રહી હતી. આકાશ જાણે સૈનિકોનાં વાદળ-દળથી ગોરંભાઈ ઊઠ્યું હતું અને એમનાં શસ્ત્રો વીજળી જેવી કરડાકી બોલાવી રહ્યાં હતાં. રાજા ધર્મસેન આ દૃશ્યને ક્યાંથી જીરવી શકે ? કારણ કે આ દૃશ્યનો દોરીસંચાર યક્ષદેવના હાથમાં હતો. ધર્મસેનને ભગાડી મૂકવા જ યક્ષદેવ આકાશની અટારીએથી રણસિંહની સેનાનું ઉતરાણ બતાવી રહ્યા હતા.



• ગગનના ગોખેથી ઉતરતું રણસિંહનું સૈન્ય

ધર્મસેનને થયું કે, આ રણસિંહ તો ખરેખર રણનો સિંહ જ લાગે છે ! એની સહાયમાં કોઈ દેવ હોવા જ જોઈએ. એથી ભાગી છૂટવામાં જ હવે મજા છે ! પોતાના પરિવાર તરફ ઇશારો કરીને ધર્મસેન જીવ લઈને નાઠો. થોડી જ વારમાં આખું રાજભવન ખાલીખમ થઈ ગયું. પ્રજાને તો કોઈ ભય ન હતો, કારણ કે ત્યારની રાજનીતિ પર સૌને વિશ્વાસ હતો. રાજા જો ભાગી છૂટે, તો પ્રજાને તો નવો રાજા પુત્રની જેમ પાળવા બંધાયેલો હતો. આ નીતિ પર સૌને શ્રદ્ધા હતી.

• પિતૃરાજ્ય પ્રાપ્ત કરતો રણસિંહ



નગરના બધા દરવાજા ખુલ્લા થઈ ગયા હતા. રણસિંહની સવારી રાજ-ભવનની અંદર પેઠી. સિંહાસન ખાલી જ પડ્યું હતું. રણસિંહે ખાલી પડેલા એ સિંહાસનને શોભાવ્યું, ત્યારે સંપૂર્ણ પ્રજા એની સામે હાથ જોડીને નતમસ્તકે ખડી હતી. બીજ જ પળે રાજવી રણસિંહની જય-ગર્જનાથી ગગનનો ગુંબજ ગુંજી રહ્યો. ગગનભેદી એ નાદના પડઘા સાંભળીને ભાગી છૂટેલો

ધર્મસેન ઈર્ષાના અંગારાથી જલી ઊઠ્યો.

વિજયપુરમાં વાટે ને ઘાટે નવા રાજવી રણસિંહ ચર્ચાઈ રહ્યા. રાજ્યપલટાના આ સંક્રાન્તિ-કાળમાં સૌથી વધુ આનંદાનુભૂતિ જો કોઈ માણી રહી હતી, તો એ નંદભદ્રા ! કારણ કે મહિનાઓ અને વર્ષોથી એની આંખમાં ઘેરાતું એક સ્વપ્ન આજે સાકાર થયું હતું. રણસિંહના પરિચયની પરિમલ જેમ જેમ વધુ ફેલાતી ગઈ, એમ એમ પ્રસન્નતાનું મોજું વધુ ને વધુ ઘેરું બનીને વિસ્તરી રહ્યું.

રાજવી રણસિંહના જીવનાકાશે પ્રતિષ્ઠા, પદ અને પુણ્યાઈના સૂર્યો સહસ્રકળાએ ખીલી ઊઠ્યા. કનકવતી, કમલવતી અને રત્નવતી એના અંતઃપુરને શોભાવી રહી. પિતાના વારસાને વીરતાથી મેળવવાની સિદ્ધિ એની પ્રતિષ્ઠાને ચારે તરફ ફેલાવી રહી. યક્ષદેવ ચિંતામણિની કૃપા-કથા એના વ્યક્તિત્વને અને ગામને દેશોદેશમાં ગુંજતા કરી રહી, દિવસો અને મહિનાઓ વીતવા માંડ્યા. સમયની સવારી પોતાની ચાલે ચાલતી જ રહી હતી.

વિજયપુરની પ્રજાનો પ્રેમ એટલો બધો હતો કે, રણસિંહને વિજયવતી જવાની વાત ભૂલી જવી પડી. ત્યાંનું રાજ્ય પોતાના સસરા કનકશેખરને ભળાવી દઈને રણસિંહ ન્યાય-નીતિ અને ધર્મથી વિજયપુરની પ્રજાનું પાલન કરી રહ્યા. પોતાના પાલક પિતા સુંદર અને પાલક માતા સુશીલાને વિજયપુરમાં બોલાવી લેવામાં આવ્યાં. જન્મભૂમિની માટી પર વાસ-પ્રવાસ કરવાનું સ્વપ્ન ફળતાં એમના આનંદનો પણ પાર ન રહ્યો.

રણસિંહના જીવનાકાશેથી દુઃખનાં વાદળ હવે જાણે વરસી ગયાં હતાં અને સુખનો સૂરજ ત્યાં કરોડ-કરોડ કળાએ ખીલી ઊઠ્યો હતો. પોતાની ત્રણે પત્નીઓને સમાનભાવે સ્નેહાર્પણ કરવાની કળાથી એ ત્રણે પત્નીઓ જાણે સગી બહેનની જેમ હળીમળીને રહેતી હતી.

યક્ષદેવ ચિંતામણિનું સાંનિધ્ય હવે નજીક હતું, એથી અવારનવાર રાજવી રણસિંહ તીર્થયાત્રા કરવા જતા અને દરેક વખતે નવી જ કોઈ ધર્મ-પ્રેરણા લઈને એ પાછા ફરતા. ભાગ્યનો ભાનુ જ્યારે ખીલી ઊઠે છે, ત્યારે કૃપાની કિરણવર્ષા કરવામાં એ જરાય પાછીપાની નથી કરતો. રણસિંહને પિતૃરાજ્યનો વૈભવ મળ્યો, એમના મહેલે પારણિયાં બંધાયાં, એક પ્રતિષ્ઠિત રાજવી તરીકેનું માન-સન્માન એમના ચરણનું ચાકર બની રહ્યું, આસપાસનાં ગામ-નગરોમાં એમની હાક અને ધાક વાગવા માંડી.

ભૌતિક દૃષ્ટિએ મહાન ગણાતી આ બધી શક્તિઓનો સદુપયોગ કરવા દ્વારા જિનશાસનના જયનાદને વધુ ને વધુ ગગનચુંબી બનાવવામાં એમને સફળતા મળતી રહી.

કાળચક્ર ઘૂમતું રહ્યું. મહિનાઓને વર્ષનું, વર્ષોને યુગનું અને યુગોને દશકાનું નામ આપીને, સમયની સવારી પોતાની કાળયાત્રાને લંબાવી રહી. આ અરસામાં રણસિંહ રાજવી તરીકેનાં ઊંચેરા સ્થાન-માન પામી ચૂક્યા. વયની વૃદ્ધિ પણ એમાં કારણ હતી. એમના પાલક પિતા સુંદર એક દહાડો મૃત્યુની યાત્રાએ ઊપડી ગયા. થોડા મહિનાઓ બાદ પાલક માતા સુશીલાએ પણ એ યાત્રાને પોતાની યાત્રા બનાવી. ઉપરાઉપરી આવી પડેલા આ આઘાતને રાજવી રણસિંહ સહી શકે, એમ ન હતા. કારણ કે રણસિંહ માટે તો એમણે સગાં માબાપ કરતાંય સવાયું લાગણીભર્યું લાલન-પાલન કર્યું હતું. પણ એય દુઃખ થોડા દહાડામાં ભુલાઈ ગયું ! દુઃખનું ખરું ઓસડ તો દહાડા જ ગણાય, એની પ્રતીતિ રાજવી રણસિંહ અનુભવી રહ્યા.

સુખનાં સુખડ જલી રહ્યાં. સમૃદ્ધિની સુગંધ વાતાવરણને મઘમઘાટ આપતી રહી. પવન પ્રતિષ્ઠાની પરિમલને પોતાની પાંખે બેસાડીને મંદમંદ ગતિએ વહી રહ્યો. આમ, સંસાર જેને સુખનું સલિલ માને છે અને સંતો જેને મૃગજળ ગણાવે છે, એના પ્રવાહ પર રાજવી રણસિંહની જીવનનૌકા તરતી તરતી આગે ને આગે બઢી રહી !

વિજયપુરની જનતા જ્યારે જાગી, ત્યારે એક સનસનાટીભર્યા સમાચાર એને ઘેરી વળ્યા. એક ઘેરો સન્નાટો એમાં ભળવાથી એ ઘેરો વધુ દૃઢ બન્યો. શ્રેષ્ઠિ-પુત્ર વિમલધનની ગોઝારી હત્યાના એ સમાચાર હતા. જેના કાને આ સમાચાર અથડાયા, એના કાળજામાં ઊભો કાપો પડ્યો. સૌ બોલી ઊઠ્યા : નક્કી અતિસમૃદ્ધિ જ આવો અંજામ આણવામાં કારણ બની ગઈ હોવી જોઈએ !

પોતાની દૃષ્ટિએ જનતાને આ અનુમાન સાચું લાગતું હતું, કારણ કે વિમલધનની પાસે વૈભવનો તો જાણે સાગર જ લહેરાતો હતો. એથી જ ધનલાલચુ ચોરો દ્વારા કરપીણ હત્યાનો એ ભોગ બને, એવી સંભાવના નકારી શકાય, એવી નહોતી. આ ગોઝારી હત્યાના સમાચારે રાજવી રણસિંહને સિંહાસન પરથી ઊભા કરી દીધા. કોટવાળોને દંડતો એમનો પુણ્યપ્રકોપ ઠલવાયો : તમારો બધાનો ચોકીપહેરો હોવા છતાં આ ગોઝારી ઘટના બની, એનો અર્થ મારે શો સમજવો ? તમારી ચોકી પર મારે ચોકડી મૂકવી કે

ચોરની ચાલાકી પર આ દોષારોપણ કરવું ? જાવ, આ જ પળથી શોધખોળનો પ્રારંભ કરી દો. આકાશ-પાતાળને એક કરીનેય ચોરને હાજર કરવાની મારી આજ્ઞા છે.

રાજવી રણસિંહે મંત્રીશ્વર તરફ નજર કરતાં કહ્યું : આ ગોઝારી ઘટનાને પડતા-કાળનું જ ચિહ્ન ગણવું જોઈએ ને ? લક્ષ્મીની લાલચ ખાતર આવી કરપીણ હત્યા થયાનો આ પ્રથમ જ બનાવ વિજયપુરમાં બની રહ્યો છે. માટે ગુનેગારને ગમે તે રીતે ગોતી કાઢવો જ રહ્યો.

રાજાની અને મંત્રીશ્વરની આજ્ઞાને શિરોધાર્ય ગણીને કોટવાળોએ હજાર-હાથે અને સેંકડોની સંગાથે ચોરની શોધખોળનો આરંભ કરી દીધો. વિજયપુરના ગુપ્તચરો પણ એમાં જોડાયા. નગરમાં અફવાઓ અને આગાહીઓનું બજાર તેજ બનીને તરેહતરેહની વાતો ફેલાવી રહ્યું. રાતદિવસના ભેદને ભૂલીને સૌ ગુનેગારને ગોતી રહ્યા. બે દિવસ વીતી ગયા.

બીજા દિવસની સમી-સાંજનો સમય હતો. બાજુના કોઈ ગામડામાંથી એક કણબી વિજયપુર તરફ આવી રહ્યો હતો. વચમાં ચીભડાનું એક ખેતર એની નજરે ચડ્યું. ગાડું જોઈને પગ ઢીલા થાય, એમ પાકાં ચીભડાં જોઈને કણબીની જીભમાંથી પાણી છૂટવા માંડ્યું. ભૂખ તો કકડીને લાગી જ હતી. છતાં કણબી ચીભડાં-ચોર બનવા તૈયાર ન હતો. ચીભડાંનો કોઈ માલિક ત્યાં હાજર ન હતો, એથી એણે ચીભડાના બજારુ મૂલ્ય કરતાં બે ગણું મૂલ્ય ખેતરમાં મૂકી દઈને એક ચીભડું ઉઠાવ્યું. પોતાની કેડ પર ઉત્તરીય-વસ્ત્ર સાથે ચીભડું બાંધી દઈને કણબી વિજયપુર તરફ ઝડપથી ચાલતો થયો. કારણ કે સૂર્ય આથમે એ પૂર્વે નગરમાં પ્રવેશી જવું અનિવાર્ય હતું. એને ખ્યાલ હતો કે, વિમલધનના હત્યારાઓને શોધવા કોટવાળો/સૈનિકો આકાશ-પાતાળ એક કરી રહ્યા છે !

કણબીની ઝડપ ઘણી હતી. પણ સૂર્યાસ્ત વચમાં જ થઈ ગયો. ઝડપ વધારીને એ વિજયપુર તરફ ચાલવા માંડ્યો. ચોરની શોધ માટે છૂટાછવાયા ઘૂમતા સૈનિકોની નજર કણબી પર પડી. એના પગમાં વરતાતી ઝડપ જોઈને સૈનિકોને શંકા જાગી. એની કેડ પર નજર જતાં એ શંકા વધુ મજબૂત બની. સૈનિકોએ કણબીનો પીછો પકડ્યો.

કણબી ઉતાવળે પગલે જ્યાં વિજયપુરના પ્રવેશદ્વારમાં પેઠો, ત્યાં જ સૈનિકોએ એને આંતરી લીધો. એની ઝડતી લેતાં એમણે હાકોટો કર્યો : અલ્યા આમ ભાગે છે



• ચોર તરીકે પકડાતો કણબી

કેમ ? શું તું ચોર-બોર છે કે, આમ ઉતાવળે પગલે નગરમાં પેસવા માગે છે ?

કણબી બિચારો ગાય બનીને બોલી ઊઠ્યો : હું તો અર્જુન નામનો કણબી છું. જોડેના ગામડામાં મારો વાસ છે. નગરમાં પ્રવેશતાં જરા મોડું થઈ ગયું. એથી ઉતાવળે પગલે જઈ રહ્યો છું, બાપા ! આ ગરીબ પર વહેમ નહિ, રહેમ રાખજો.

સૈનિકો તાડૂક્યા : એ શાહુકારના દીકરા ! આ કેડે શું બાંધ્યું છે ! અમને શંકા છે. તું ગમે તેવા બચાવના બોલ કાઢે, પણ તારી ચાલ અમને તો ચોરની જ લાગે છે.

કણબી અર્જુન તો બિચારો સાવ નિર્દોષ હતો. એણે કેડ પરથી ખેસ છોડતાં-છોડતાં કહ્યું : બાપા ! જરા ખમૈયા કરો. આ તો ચીભડું છે, ભૂખ લાગી છે, માટે ખાવા લીધું છે.

• ચીભડાને બદલે ખેસમાંથી મસ્તક મળ્યું



કણબી ખેસ છોડીને ચીભડું બતાવવા ગયો, પણ ત્યાં જ એની આંખે અંધારાં આવી ગયાં. પોતે તો ચીભડું બાંધ્યું હતું, અને ખેસ છોડ્યો, ત્યારે એમાંથી તો કોઈનું બિહામણું મસ્તક નીકળ્યું.

કણબીના દિલમાં સોંપો પડી ગયો. સૈનિકોએ એનો ઊધડો લેવા માંડ્યો : આ તારું ચીભડું છે એમ ? કોઈ રાક્ષસ લાગે છે કે, જેથી આ ચીભડું ખાવા માટે તેં પસંદ કર્યું ! ચાલ, રાજા પાસે ! તારો ન્યાય તો રાજા રણસિંહ જ કરશે.

સૈનિકો અર્જુન કણબીને ઢસડીને રાજભવન તરફ લઈ જવા માંડ્યા. એની પાછળ મોટું ટોળું પણ ચાલવા માંડ્યું. તમાશો કદી તેડાની અપેક્ષા રાખતો નથી.

## ૨૨

# દૂર થઈ દુવિધા દિલ-દિલની

**કહેવાય છે કે ઈમાનની ઇજ્જત સો ગુનેગારો છટકી જાય, એ કારણે જેટલી કલંકિત નથી બનતી, એના કરતાં એક બિનગુનેગાર દંડાઈ જાય, એથી એ ઇજ્જત વધુ કલંકિત બને છે.**

શ્રેષ્ઠિપુત્ર વિમલધનના હત્યારા તરીકે પોતાની સમક્ષ જ્યારે કણબી અર્જુનને ગુનેગારના રૂપમાં ખડો કરાયેલો રાજવી રણસિંહે જોયો, ત્યારે કોઈ બિનગુનેગાર ન દંડાઈ જાય; એની ચિંતાથી એમણે સૈનિકોને સાશ્ચર્ય કહ્યું : આ તો અક્કલનો ઓથમીર, મગાવ્યા મરચાં ને લાવ્યો કોથમીર ! જેવો ઘાટ ઘડાયો લાગે છે ! આ ભોળા-ભલા કણબીને પકડી લાવવાનું તમને કોણે કહ્યું હતું ? મેં તો વિમલધનના હત્યારાને હાજર કરવાનો હુકમ આપ્યો હતો.

રાજવી રણસિંહના ચરણનો સ્પર્શ કરતાં સૈનિકોએ કહ્યું : મહારાજ ! મુખમાં રામને રમતાં રાખીને બગલમાં છૂરી છુપાવવાની ધૂર્ત-વિદ્યાના અઠંગ અભ્યાસીઓ લગભગ આવો ભોળોભાળો પહેરવેશ ધારણ કરીને જ બગલાની જેમ ઘણાં માછલાંઓની આંખમાં ધૂળ નાખતાં હોય છે. આ કણબી પણ આવા બગલાઓમાંનો

જ એક બગલો છે. પહેરવેશ આને નિર્દોષ જણાવે છે. પણ આની પાસેથી મળેલો પુરાવો, આને વિમલધનના હત્યારા તરીકે છાતી ઠોકીને બેધડક જાહેર કરે છે, એનું શું ? આ રહ્યો એ પુરાવો !

કણબીના કેડે બંધાયેલા ખેસમાંથી મળી આવેલા મસ્તકનો પ્રત્યક્ષ પુરાવો રણસિંહની સમક્ષ રજૂ કરતાં સૈનિકોએ કહ્યું : રાજવી ! આની ધિઠ્ઠાઈ તો જુઓ. હત્યા ઉપર હસતો હસતો આ કહે છે કે, આ તો મારું ચીભડું છે. ભૂખ લાગી હતી, એટલે મેં એને ખરીદ્યું હતું. આનો આ ખોરાક જ કહી આપે છે કે, આની કાયા જ કણબીની લાગે છે, પણ કાળજું તો રાક્ષસ-શિરોમણિનું જણાય છે.

એ મસ્તક વિમલધનનું જ હતું. એ જોઈને રણસિંહની આંખમાં કરુણાનાં આંસુ અને ક્રૂરતાની આગનું સંમિલન રચાઈ ગયું. વિમલધનનું એ મસ્તક જોતાં જ એના તરફની રાજવીની કરુણા આંસુ બનીને વહી રહી. જ્યારે હત્યારા કણબી તરફ આગ વેરતું એમનું અંતર કણબીને ત્રાડ પાડીને પૂછી રહ્યું :

'બગલમાં છૂરી છુપાવીને મુખમાં રામને રમાડતા ઓ ધુતારા ! આ પુરાવો બાપોકાર કરીને કહી રહ્યો છે કે, આ કણબીના હાથ હત્યારા છે ! આની સામે તારો કોઈ બચાવ ચાલી શકે એમ નથી. છતાં ન્યાયની રીત-રસમ મુજબ મારે તને પૂછવું પડે છે કે, બોલ, બચાવના કોઈ બોલ તારે રજૂ કરવાના રહે છે ખરા ?'

રણસિંહે કણબીના કાળજામાં બાણની જેમ ભોંકાય, એવો પ્રશ્ન રજૂ કર્યો. કણબીને પોતાની નિર્દોષતા પર પૂરેપૂરો વિશ્વાસ હતો. પણ પુરાવો એટલો બધો પ્રતીતિજનક અને પ્રત્યક્ષ હતો કે, ગુના અંગે મુક્તિની કેડી રચવા કહેવાનારા બોલ ઉપરથી બંધનની બેડીને જ વધુ મજબૂત બનાવનારા નીવડવાના હતા. એથી પાગલ-પ્રવૃત્તિનો આશરો લઈનેય સજામુક્ત બનવાની આશાસૃષ્ટિ કણબી રચી રહ્યો. ડૂબતો માણસ જો તરવાની આશામાં તરણુંય ઝાલે તો કણબી પાગલમાં ખપી જઈનેય મોતને દૂર ઠેલવાનો પ્રયાસ કરે, એ સહજ હતું. જવાબમાં કણબીએ કહ્યું : ઘડઈ....ઘડઈ અઘડઈ....

કણબી આટલું બોલીને મૌન થઈ ગયો. એના કહેવાનો ભાવ એવો હતો કે, આ ઘટના ભલે ઘટી ગઈ, પણ આ ન ઘટે એવી છે. રાજવી રણસિંહ આ ભાવ ક્યાંથી સમજી શકે ! એથી એમણે કરડાકી સાથે પૂછ્યું : એ ઘડઈવાળી! કોથળામાં પાંચશેરી

કૂટવી રહેવા દે અને જે હોય, એ ચોખ્ખેચોખ્ખું ભરડી નાખ ! નહિ તો અવળી ઘાણીએ ઘાલીને તને પીલી નાખતાંય મને કોઈ રોકી શકે એમ નથી. બોલ, સાચું બોલ ! તારા હાથ હત્યારા છે કે નહિ ?

કણબીનો જવાબ તો એનો એ જ હતો : અઘડઈ અઘડઈ ઘડઈ ઘડઈ.

રાજવીના ગુસ્સાનો પાર ન રહ્યો. એમણે મંત્રીશ્વરને કહ્યું : લાતથી માનનારા નાદાનો કદી વાતથી વશ થતા નથી. લગાવો ચાબુક ! ચાબુક વિના આ ચોર સીધો થાય એમ નથી !

મંત્રીશ્વરે ચાબુક ઉઠાવી, તો કણબી હસવા માંડ્યો. ચાબુકના માર પડવા લાગ્યા. ત્યારે ખડખડ હસતો કણબી પોતાની એ જ વાતને વાગોળવા માંડ્યો : ઘ, ડ, ઈ, ! અ, ઘ, ડ, ઈ, ! અઘડઈ અઘડઈ ઘડઈ !

સૈનિકો, કોટવાળો, શ્રેષ્ઠિઓ આદિએ ઘણી ઘણી ધાકધમકી આપી. પણ કણબી તો પોતાની ડફલી પર ડફોળની અદાથી પોતાનું એ પાગલ ગાન ગાતો જ રહ્યો કે, ઘડઈ અઘડઈ, અઘડઈ ! ઘડઈ અઘડઈ !

રાજવી રણસિંહ કંટાળ્યા. પુરાવો પ્રત્યક્ષ હતો. એથી પૂરા વિશ્વાસ સાથે કણબી પર મૃત્યુદંડની કડક આજ્ઞા ફરમાવતાં એમણે કહ્યું : કોટવાળજી ! આ ઘડઈવાળાને ફાંસીને માંચડે ચડાવી દો ! પ્રત્યક્ષ પુરાવો છે. એથી બીજો કોઈ વિચાર કરવાનો રહેતો જ નથી. આ કેટલો બધો ધિટ્ઠો છે ! વિમલસેનની સોના જેવી કાયાનો હત્યારો બનીને, અત્યારે આ અપરાધમાંથી છૂટવા પાગલ બની જતાંય આને આવડે છે ! પણ આને કોણ સમજાવે કે, ન્યાયની આ દેવડીમાં, ઇન્સાફના દેવતાની દિલ-દૂભવણી કરીને, અપરાધી પર અનુકંપા કરવાનો અધિકાર કોઈનેય નથી ! આવાની પર રહેમ કરવામાં આવે, તો હત્યારાઓની નાખી નજર ન પહોંચે એવી હારમાળાથી આ ધરતી ઊભરાઈ ઊઠે !

• ચીભડાના ચોરને મોતની સજા ફરમાવતા રણસિંહ



કણબી પર ફટકારાયેલી મૃત્યુ-સજાને સાંભળીને ઘણાને દયા આવી ગઈ કે, આ કણબી પાગલ તો છે જ ! એના પર વળી આવી સજાનું ફરમાન! લોકો કણબીની દયા ખાઈ રહ્યા. પણ કણબી તો જોરજોરથી નાચવા માંડ્યો અને પોતાનું ગીત રાગડા તાણી-તાણીને લલકારી રહ્યો. ઘડઈની ઘટમાળ ફેરવતા કણબીને રાજપુરુષો રાજમાર્ગ પરથી નગર બહાર લઈ ચાલ્યા. એના મોઢા પર આનંદનો દરિયો 'ઘડઈ....ઘડઈ'નો ઘૂઘવાટ કરતો નૃત્ય કરી રહ્યો હતો. એની પાછળ-પાછળ આખું નગર ઊમટ્યું. ફાંસીના માંચડાની નીચે ઊભો રાખીને છેલ્લે કોટવાળે કણબીને પૂછ્યું : બોલ, હજી તારે કંઈ કહેવું છે? મૃત્યુ પૂર્વેની આ પળે તારે તારી કોઈ અંતિમ ઇચ્છા વ્યક્ત કરવી હોય તો બોલી જા !

કણબીનો જવાબ તો એ જ હતો : અઘડઈ ! આ જ ધ્વનિ સાથે એ ફાંસીના માંચડે ચડી ગયો. એના ગળામાં ફાંસલોય ગોઠવાઈ ગયો. પણ જ્યાં ફાંસીનો એ ફંદો, રંધો બનીને કણબીના ગળા પર ફરી વળે, એ પૂર્વે તો આકાશમાંથી પ્રચંડ ગર્જના રેલાવતા એક ધ્વનિના પડછંદા પડઘાતાં-પડઘાતાં નીચે ઊતરી આવ્યા. સન્નાટો અનુભવતાં સૌ આકાશ સામે જોઈ રહ્યા. આકાશના ઓવારેથી એક યક્ષ ગુસ્સા-જુસ્સા સાથે કહી રહ્યો હતો કે,

'સાંભળો, નગરજનો ! સાંભળો ! આ કણબીને સજા કરવા ભેગા થયેલા તમે બધા મારી દૃષ્ટિએ જરાય નિર્દોષ નથી. આ કણબીને પોતાના ગુનાની સજા મળી જ ગઈ છે ! હવે તમે જો મારા વચનની ઉપરવટ જઈને આને ફાંસીની સજા ફટકારશો, તો મારા કોપની જ્વાળા આ આખા નગરને ઘેરી વળશે.'

રંગમાં ભંગ પડ્યો. સૌ નમ્ર-નજરે અને નત-મસ્તકે યક્ષદેવને નમી રહ્યા. રાજવી રણસિંહને આ સમાચાર મળ્યા અને મારતે ઘોડે એઓ પણ જ્યાં ફાંસીનો માંચડો રચાયો હતો ત્યાં આવી ઊભા. એમના અંતરમાં આશ્ચર્ય હતું. બધી વાતો સાંભળીને મનની મૂંઝવણને યક્ષની સમક્ષ રજૂ કરતાં એમણે નમ્રતાથી કહ્યું :

'યક્ષદેવ ! ધૂપ-દીપની આ પૂજા સ્વીકારીને અમને અનુગૃહિત બનાવો. આપે કહ્યું કે, કણબીને ગુનાની સજા મળી જ ગઈ છે, આ કેવી રીતે ? અપમાનની આ સજા તો હજી પાશેરાની પહેલી પૂણી જ છે ! વિમલધનની આ કણબીએ હત્યા કરી, એની સજા આને ફાંસી આપ્યા પૂર્વે કઈ રીતે મળી ગયેલી ગણાય ? કૃપા કરીને આનો જવાબ

વાળવાની સમગ્ર પ્રજા વતી હું આપને પ્રાર્થના કરું છું.'

રણસિંહ રાજવીની નમ્રતા અને પૂજાથી પ્રસન્ન થયેલા યક્ષે કહેવા માંડ્યું : રાજવી ! હું કોણ છું ? એનો રહસ્યસ્ફોટ પછી કરીશ, પહેલા કણબીની કહાણી સંભળાવી દઉં ! આ કણબી ગામડેથી વિજયપુર આવી રહ્યો હતો. માલિક વિનાના એક ખેતરમાં ચીભડાંનો ઢગલો પડેલો જોઈને એની ભૂખ વધુ તીવ્ર બની. પરંતુ ચીભડાની પણ ચોરી કરવા આ તૈયાર ન હતો. એથી એણે બમણું મૂલ્ય એ ખેતરમાં મૂકી દઈને એક ચીભડું ઉઠાવ્યું અને આમ, એ મારો ગુનેગાર બન્યો !

રાજવી રણસિંહ વચમાં જ પૂછી બેઠા, યક્ષદેવ ! આ તો કણબીની પ્રામાણિકતાની પરાકાષ્ઠા કહેવાય ! આપ એને ગુનાના ખાતે કેમ અને કઈ રીતે ખતવો છો ? સ્પષ્ટતા કરવાની કૃપા કરો. આપના શબ્દાર્થને પકડવા અમે અશક્ત અને અજ્ઞાત છીએ.

યક્ષે પોતાની જાત પ્રગટ કરતાં કહ્યું : **મારું નામ દુઃષમકાળ છે. કલિકાળ તરીકેય મને ઘણા ઓળખે છે. ભગવાનશ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના વીત્યા પછી મારા સામ્રાજ્યની સ્થાપના થઈ છે અને દિવસે દિવસે મારા આ સામ્રાજ્યની પ્રતિષ્ઠા વધતી જ રહેવાની છે ! પ્રામાણિકતા એ મારા રાજ્યમાં ગુના તરીકે ઓળખાય છે. આ કણબી ખરી રીતે તો કોઈ પણ જાતનું મૂલ્ય ચૂકવ્યા વિના જ જો ચીભડા-ચોર બની ગયો હોત, તો મારો ગુનેગાર ન ગણાત ! પરંતુ આ ધરમની ઢીંગલી થવા ગયો અને બમણું મૂલ્ય મૂકીને એણે એક જ ચીભડું લીધું. એથી એ મારા રાજ્યનો વધુ અપરાધી બન્યો. આ અપરાધની શિક્ષા, મેં એના ચીભડાને વિમલધનના મસ્તક રૂપે પલટાવી નાખીને જ આ રીતનો ફિટકાર અપાવીને ફટકારી જ દીધી છે. હવે તમે એને વધુ શિક્ષા કરવાના અધિકારી નથી !**

રાજવી રણસિંહના જ નહિ, પ્રજાના દિલમાં પણ એક પ્રશ્ન ઘોળાઈ રહ્યો હતો કે, તો પછી વિમલધનની હત્યા કરનાર કોણ ? પ્રજાના પ્રતિનિધિ બનીને રાજવી રણસિંહે સાશ્ચર્ય પૂછ્યું : યક્ષદેવ ! તો પછી વિમલધનનો હત્યારો છે કોણ ? આપના કથન મુજબ આ કણબીની પ્રામાણિકતા જ એનો ગુનો હતો, અને એની સજા આપે ચીભડાને વિમલધનના મસ્તકમાં પલટાવીને કરી દીધી ! તો પછી એ પ્રશ્ન ઊભો જ રહે છે કે, વિમલધનની હત્યા કરી કોણે ?

યક્ષદેવે હસતાં-હસતાં કહ્યું : વિમલધન તો જીવતો છે. જુઓ, એ દૂરદૂરથી

આવતો દેખાય ! એની હત્યાનો દેખાવ તો મેં જ કર્યો હતો. મારે મારા રાજ્યને વિસ્તારવું છે, એથી મેં આવો આભાસ ઊભો કર્યો છે. તમારી દૃષ્ટિએ જે અપરાધ નથી, એ મારી દૃષ્ટિએ ગુનો છે અને આવા ગુનેગારને કેવી સજા ભોગવવી પડે છે, એનો હૂબહૂ ચિતાર તમને પ્રત્યક્ષ બતાવવા જ મેં આ કણબીને એ હત્યાનો હાથો બનાવી દીધો. રાજા રણસિંહ ! અપરાધ અને ગુનાની મારી વ્યાખ્યા આવી છે. મારું રાજ્ય હવે વિસ્તરવાનું છે, એથી પ્રજાને અને ખાસ કરીને તને આ ઘટનાના માધ્યમે હું એમ કહેવા માગું છું કે, ધરમની ઢીંગલી ન બનતો. નહિ તો મારી પ્રસન્નતાનું પાત્ર તું નહિ બની શકે !

યક્ષદેવ અદૃશ્ય બની ગયા. રાજા અને પ્રજા એક જાતની દ્વિધાનો દરિયો માથે વેંઢારીને પોતપોતાના સ્થાને પાછાં ફર્યાં. કોઈને સમજાતું નહોતું કે, આ વળી કઈ નવી સામ્રાજ્ય-સ્થાપના થઈ ! નવા સામ્રાજ્યના અપરાધી-નિરાપરાધીના નવા તોલમાપ અને ગણિત તો કોઈના ભેજામાં ઊતરતાં નહોતાં! રાજવી રણસિંહ પણ દિવસોના દિવસો સુધી આ વાતનો નિર્ણય ન લઈ શક્યા કે, મારે કઈ પ્રામાણિકતાને મુદ્રાલેખ તરીકે સ્વીકારીને રાજ-કાજ ચલાવવું ? અંતે પ્રત્યક્ષ-પ્રતીતિને પ્રબળ ગણીને એમણે ધર્મને ધક્કો મારવા માંડ્યો. થોડા જ દિવસોમાં એમના રાજ્યમાંથી જાણે શીલ, સદાચાર અને નીતિ-નેકી જેવા પાયાના ગુણો વિદાય થવાની તૈયારી કરી રહ્યા.

રાજવી રણસિંહની વૃત્તિ-પ્રવૃત્તિમાં આમૂલ-ચૂલ પલટો આવેલો જાણીને પ્રજાની પીડાનો પાર ન રહ્યો. કલિ-યક્ષની અપકૃપાનો ભોગ ન બની જવાય, એ માટે જાણે બધો જ ધર્મ રણસિંહ તજી બેઠા. યથા રાજા તથા પ્રજા ! ધીમેધીમે મંદિરો સૂનાં પડવા માંડ્યાં, ધર્મસ્થાનો ખાલીખમ દેખાવા માંડ્યાં અને પાપના અખાડા ગણાતાં સ્થાનોમાં કીડિયારાની જેમ મેદની ઊભરાવા માંડી. રાજાની જેમ પ્રજા પણ ધીમેધીમે કલિ-યક્ષના વચન ઉપર વિશ્વાસ રાખીને સ્વધર્મને સલામ ભરી રહી.

વિજયપુરમાં રાજા-પ્રજાના હૈયે સ્થપાયેલા કલિ-સામ્રાજ્યની વાતો વહેતી-વહેતી એક દહાડો રાજવી રણસિંહના સંસારી સંબંધે પિતાશ્રી ધર્મદાસ ગણિના કાને અથડાઈ અને એમનું અંતર વેદના અનુભવી રહ્યું. શ્રી જિનદાસ ગણિ અને આર્યા શ્રી વિજયા પણ એ વેદનામાં ભાગીદાર બન્યાં. સૌએ પોતપોતાની કક્ષા મુજબનો માનસિક તાપ અનુભવ્યો. પિતાગુરુ વિચારી રહ્યા : પુત્ર રણસિંહ જો આ રીતે જ વર્તશે, તો એની દુર્ગતિના દ્વારને કોણ તાળાં મારી શકશે ? મામા-મુનિની મનોવ્યથા હતી : ભાણેજ

રણસિંહને ધર્મમાર્ગે પુનઃ સ્થિર કરવો મારી ફરજ બની રહે છે. માતા-સાધ્વીનું મનોમંથન હતું : રણસિંહનું આવું ધર્મવિમુખ જીવન, એની માતા તરીકે મારે માટેય લાંછનજનક ન ગણાય શું ?

આ વેદનાના વેગમાં કરુણાનાં ઝરણાં ભળ્યાં અને એક દહાડો શ્રી જિનદાસ ગણિ પોતાના પરિવાર સાથે વિજયપુર તરફ વિહાર કરી ગયા. સાધ્વી શ્રી વિજયાએ પણ પોતાના પરિવાર સાથે થોડા દિવસ બાદ વિજયપુરની વાટે વિહાર લંબાવ્યો. આ સમાચાર વિજયપુરમાં પહોંચ્યા અને ધર્મદિલ ધરાવતી પ્રજા આનંદ-આઘાતની મિશ્ર લાગણીઓ અનુભવી રહી. શ્રી જિનદાસ ગણિ અને સાધ્વી વિજયાનું થનારું આગમન આનંદનો વિષય હતો, એથી પ્રજામાં રાજવી રણસિંહના દિલપરિવર્તનની આશા પણ જન્મી હતી. પરંતુ રાજા-પ્રજામાં ફેલાયેલા અધર્મનું દર્શન આ પૂજ્યોના દિલમાં જે પીડા પેદા કરનારું હતું, એની કલ્પના આઘાતનો વિષય હતી.

ઠેરઠેર જળવર્ષા રેલાવતી મેઘમાળાની જેમ ગામેગામ ધર્મવર્ષા કરતાં શ્રી જિનદાસ ગણિ એક દહાડો વિજયપુરના ઉદ્યાનમાં પધાર્યા. ખુશાલીના આ સમાચાર રાજવી રણસિંહને મળતાં એઓ મામા-મુનિને મળીને દિલની દુવિધા ટાળવાની ઉત્કંઠાને દબાવી ન શક્યા. પોતાના પરિવાર સાથે એઓ શ્રી જિનદાસ ગણિના ચરણકમળ પાસે પહોંચીને એક ભ્રમરની અદાથી વાણીનું પાન કરી રહ્યા. પોતાના પિતા શ્રી ધર્મદાસ ગણિની કુશળ વાર્તા જાણીને અને ઉપદેશ-પાન કરીને રણસિંહની ડગમગી ઊઠેલી ધર્મ-આસ્થા ધીમેધીમે પુનઃ સ્થિર બનવા માંડી.

• જિનદાસ ગણિની વિજયનગરમાં પધરામણી



શ્રી જિનદાસ ગણિના આગમન પર બે-ત્રણ દિવસ વીત્યા. એટલામાં તો વિજયપુરના વાતાવરણમાં ધરખમ પલટો આવવા માંડ્યો. એમાં વળી

આર્યા શ્રી વિજયાનું આગમન થયું અને ધર્મતરફી એ પલટામાં જાણે પ્રચંડ વેગ આવ્યો. માતા-પુત્રનું અને મામા-ભાણેજનું આ પ્રથમ જ મિલન હતું. એ મિલનના મિનારે વિજયપુરમાં ધર્મનું એક નવું જ સામ્રાજ્ય પોતાના ઊંડા પાયા નાખીને વિસ્તરવા અને વિજય વાવટો ફરકાવવા માંડ્યું.

એક દિવસ રાજવી રણસિંહે કણબી અને કલિ-યક્ષની એ વાત ગુરુ સમક્ષ જણાવીને પોતાના દિલની દુવિધા જાહેરમાં વ્યક્ત કરી. વધુમાં એમણે એ પણ જણાવ્યું કે, મારામાં આવેલા પાપતરફી પરિવર્તનનું મુખ્ય કારણ જ આ દુવિધા હતી. એ દુવિધાને ધરમૂળથી દૂર કરતાં શ્રી જિનદાસ ગણિએ કહ્યું :

**'રાજવી રણસિંહ ! કલિ-યક્ષના નામે તમને કોઈ મિથ્યાદષ્ટિ દેવ છળી ગયો ! તમારી ફેલાતી જતી ધર્મ-કીર્તિ જોઈને ઈર્ષાળુ બનેલા કોઈ મિથ્યાદષ્ટિ દેવની જ આ માયા હોવી જોઈએ. માણસની વધતી જતી સામાન્ય કીર્તિય બીજાથી જો જોઈ જવાતી નથી, તો પછી તમારી શુદ્ધિ-વૃદ્ધિ પામતી જતી ધર્મકીર્તિ કોઈ મિથ્યાદષ્ટિ દેવના દિલમાં ઈર્ષાની આગ પેટાવી જાય, અને એથી તમારી ધર્મ-કીર્તિનાં આભ ઊંચાં શિખરોને માટીમાં મેળવી દેવા એ આવી માયા રચે, એ કોઈ આશ્ચર્ય પામવા જેવી વાત નથી ! તમે યક્ષદેવ ચિંતામણિ સમક્ષ દિલ-દિલની દુવિધા દૂર કરવાની અરજ ગુજારી હોત, તોય કલિ-યક્ષની માયાના મૃગજળને તમે આજ સુધી વળગી રહ્યા ન હોત અને માયાના એ મૃગજળથી તમે ક્યારનાય ચેતી જઈને તૂટું-તૂટું થતાં કીર્તિ-શિખરોને ટકાવી શક્યા હોત, પણ હજીય કંઈ બગડી ગયું નથી. જાગ્યા ત્યારથી સવાર ગણવાનો આશાવાદ જ્યાં સુધી તમારી પડખે છે, ત્યાં સુધી તમે ધાર્યા ધર્મ-સામ્રાજ્યની પુનઃ સ્થાપના કરી શકો છો.**

રાજવી રણસિંહની આંખમાં આંસુ ધસી આવ્યાં. એમણે કહ્યું : સ્વામિન્ ! આપે મારી ખાતર અહીં આવવાના કષ્ટને ઈષ્ટ ગણીને જે ઉપકાર કર્યો છે, એનો બદલો હું ક્યારેય વાળી શકું એમ નથી ! ભૂતકાળની ભૂલોને હું આંસુની ધારે ધોઈ નાખીશ અને ભાવિની ભવ્યતાને આવાં પાપ ફરી ભરખી ન જાય, એ માટે હું પળ-પળનો પ્રહરી બનીશ. ફરમાવો વધુ શી આજ્ઞા છે ?

શ્રી જિનદાસ ગણિ રાજવી રણસિંહના દિલમાં જે ધર્મવૃક્ષ પુનઃ વવાયું હતું, એનાં મૂળિયાં ખૂબ ઊંડાણ સુધી ઉતારવા માગતા હતા. જેથી પહાડોનેય પટકી નાખતું

ભયંકર વાવાઝોડું એ વૃક્ષને ફરીથી હચમચાવી ન શકે. એમણે કહ્યું :

'રાજવી રણસિંહ ! કલિ-ચક્ષે પાથરેલા માયાના મૃગજળની આ વાત કંઈ હું અનુમાનના આધારે નથી કરી રહ્યો, પણ તમારા પિતાશ્રી ધર્મદાસ ગણિએ પોતાને લાધેલા અવધિજ્ઞાનના અજવાળામાં માયાના આ મૃગજળને અને એની પાછળ મોહાઈને દોડતી તમારી જાતને જોયા પછી મને જે જણાવ્યું, એના આધારે કહી રહ્યો છું. **તમારી ધર્મશ્રદ્ધાનું વૃક્ષ અંતરના ઊંડાણમાં બદ્ધમૂલ બને, ગમે તેવા ઝંઝાવાતી વાયરા એનાં પાંદડાંનેય પાડવા જતાં પોતે જ પાછા પછડાઈ જાય, એ માટે પૂજ્ય શ્રી ધર્મદાસ ગણિએ 'ઉપદેશમાળા'ના માધ્યમે મારી સાથે એક ધર્મસંદેશ પાઠવ્યો છે. એ ઉપદેશની માળાને તમે જો હંમેશાં હૈયાહાર તરીકે કંઠમાં ધારણ કરશો, તો દુર્ગતિનાં દ્વાર તમારા માટે આપોઆપ બંધ થઈ જશે, અને થોડા જ ભવોમાં તમને પ્રવેશ આપવા માટે ખૂલેલા મોક્ષના મહાદ્વારને બંધ કરવા કોઈ જ સમર્થ નહિ બની શકે !'**

'કૃપા પૂજ્ય ધર્મપિતા શ્રી ધર્મદાસ ગણિની !'

રણસિંહની આંખમાં આનંદનાં આંસુ તોરણ રચી રહ્યાં. એમણે કહ્યું : ભગવન્! એ ઉપદેશમાળાને મારા હૈયાના હાર તરીકે આવકારવા તલપાપડ છું. આપ એ ઉપદેશમાળાનો ઉપદેશ-સંદેશ સંભળાવવાની કૃપા કરશો ?

શ્રી જિનદાસ ગણિના અંતરમાં આનંદ નૃત્ય કરી રહ્યો. માતા સાધ્વી વિજયાનું મન હર્ષથી છલકાઈ ઊઠ્યું. પ્રજાનાં ધર્મદિલ ખુશાલીના ખજાનાથી તરબતર બની ઊઠ્યાં. શ્રી જિનદાસ ગણિ 'ઉપદેશમાળા'નો એક એક શ્લોક બોલતાં ગયા, ચાતક મેઘબિંદુને ગ્રહણ કરે, એ રીતે એ શ્લોકને રાજવી રણસિંહ ઝીલી રહ્યા. એકડેએકથી આરંભાયેલી એ શ્રવણયાત્રા ૫૪૪માં શ્લોકના કથનથી જ્યારે સમાપ્તિના શિખરે પહોંચી, ત્યારે રાજવી રણસિંહને થયું કે, અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે !

એ ધર્મ-સભામાંથી વિદાય થતી વેળાએ શ્રોતા અને વક્તા બંને અહોભાવની અનુભૂતિ કરી રહ્યા ! શ્રી જિનદાસ ગણિ માર્ગભૂલ્યાની મશાલ બનવા બદલ વધુ આનંદિત હતા, તો રાજવી રણસિંહ અને પ્રજાજન મશાલના મિલનથી પ્રાપ્ત થયેલા ધર્મપ્રકાશના ધારક બનવા બદલ ધન્યતાની અનુભૂતિ માણી રહ્યા હતા.

રાજા-પ્રજાને ધર્મ-માર્ગ ચીંધવાનું કર્તવ્ય અદા થઈ જતાં શ્રી જિનદાસ ગણિ અન્યત્ર વિહાર કરી જવા કટિબદ્ધ થયા, અને નગરનો અત્યાગ્રહ એમને થોડા વધુ દિવસો સ્થિરતા કરાવી ગયો ! થોડા દિવસો બાદ પણ એ આગ્રહ ચાલુ જ રહ્યો, ત્યારે 'સાધુ તો ચલતા ભલા'નો સંદેશ રેલાવતાં તેઓ વિજયપુરથી વિહાર કરી ગયા.

રાજવી રણસિંહના કંઠમાં એ ઉપદેશમાળા એવી પનોતી-પળે સ્થાપિત થઈ હતી કે, એથી એમની અને એમના ધર્મની સુવાસ સદા વધુ ને વધુ વિસ્તરતી જ રહી ! થોડા જ દિવસો પછી એઓ પોતાના પિતા અને ધર્મપિતા શ્રી ધર્મદાસ ગણિના દર્શન-વંદન કરી આવીને વિરાગની સૃષ્ટિમાં વિહરવાનું સ્વપ્ન સેવતાં થયા. એ સ્વપ્ન થોડાં વર્ષો પછી જ્યારે સાકાર થવાની અણીએ આવ્યું, ત્યારે શ્રી ધર્મદાસ ગણિ અને શ્રી જિનદાસ ગણિ સ્વર્ગની યાત્રાએ સંચરી ગયા હોવાથી શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજીની પાસે રણસિંહ રાજામાંથી મહર્ષિ બન્યા !

વિજયપુરના સિંહાસન પર કમલવતીના પુત્ર ધર્મસિંહનું શાસન તપી રહ્યું. ઉપદેશમાળા એમને પણ સુવાસિત બનાવતી રહી !

આજે શ્રી ધર્મદાસ ગણિ, શ્રી જિનદાસ ગણિ, આર્યા શ્રી વિજયા અને રાજર્ષિ શ્રી રણસિંહ ભલે અસ્તિત્વ ધરાવતાં નથી ! પણ આ પુણ્ય-વિભૂતિઓની સ્મરણયાત્રા કરાવતી એ ઉપદેશમાળા આપણા શ્રુત વારસામાં શિરમોર તરીકે શોભી રહી છે ! એય આપણું ઓછું પુણ્ય ન ગણાય!

**આધાર : શ્રી ઉપદેશમાળા**



## વિ.સં.૨૦૨૭ થી વિ.સં.૨૦૬૦ સુધીની
# સૂરજબેન સંઘવીની આરાધના

- ૩ વર્ષીતપ
- ૩ ઉપધાન
- ૫ સિદ્ધગિરીમાં ચાતુર્માસ
- ૭ માસક્ષમણ
- ૩૧ ઉપવાસ
- ૧૧ ઉપવાસ
- ૧૦ ઉપવાસ
- ૯ ઉપવાસ
- અઠ્ઠાઈ-૧૬
- ૬ ઉપવાસ
- ૪ ઉપવાસ
- અઠ્ઠમ-૩૫
- ૨ વાર સિદ્ધિતપ
- સમવસરણ તપ
- ૨ વાર ક્ષિરસમુદ્ર તપ
- મોક્ષદંડક તપ
- ૧ વાર ચંદનબાળા તપ
- ૨ વાર ચારમાસી
- અઢીમાસી
- કષાયજય તપ
- ૨૦ ઓળી વર્ધમાન તપની
- ૧૨ ઓળી નવપદજીની
- ૨૪ ભગવાનના એકાસણા
- જ્ઞાનપંચમી તપ
- મૌન એકાદશી તપ
- સિદ્ધાચલજીના ૭ છઠ, ૩ અઠ્ઠમ
- ૨ વાર નવાણુયાત્રા
- મેરૂતેરસ તપ
- ૩ વાર છ ગાઉયાત્રા
- ભાવડબીજ તપ
- ૧ વાર ચત્તારિ અઠ દસ હોય
- ૧ વાર શ્રેણિતપ
- વિશસ્થાનકની ૨૦ ઓળી પુરી
- ૧ વાર અક્ષયનિધિ તપ
- ચોવિહાર છઠ કરી સાત જાત્રા ૧ વાર
- ગૌતમ કમળ તપ
- કંઠાભરણ તપ
- વીર ગૌતમ ગણધર તપ
- સુયડાંગ તપ
- ૧૨ વાર અતિથી સંવિભાગ તપ
- ૬૨૭૧૬૩૭ નમસ્કાર મહામંત્રનો જાપ
- ૩,૬૬,૫૦૮ શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ
- ૨,૦૮,૯૮૫ વિમલનાથદાદાનો જાપ
- એકાંતરા - ૫૦૦ આયંબિલ
- સ્વાધ્યાય - ૫,૭૧,૮૬૫
- સામાયિક - ૫૦,૭૮૪
- છુટક ઉપવાસ - ૪૫૩૨
- આયંબિલ - ૨૧૫૮
- એકાસણા - ૪૫૬
- પૌષધ - ૩૪૦
- કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, સમેતશિખર સહિત કુલ ૧૮૦ તીર્થોની સ્પર્શના અને શત્રુંજયની ૭૦ વાર યાત્રા

# પ્રમુખ પ્રદાતા

સાહિત્યસ્વામી પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની કામણગારી કલમે કંડારાયેલ પુસ્તકોનું પ્રકાશન કરવામાં સૌથી પ્રારંભે સંસ્કૃતિ પ્રમુખ પ્રદાન કરનારા વાસરડા નિવાસી સંઘવી રીખવચંદ કાનજીભાઈ તથા સંઘવી સૂરજબેન રીખવચંદભાઈનો સોનેરી સહયોગ ભૂલાય તેમ નથી. જેઓના પરિવારમાંથી કુલ ૧૦ દીક્ષાઓ થવા પામી છે, તે શ્રીમતી સૂરજબેને આરાધેલ સુકૃતોની સરવાણી અનુમોદનાથી મસ્તકને ઝુકાવી દે તેમ છે. રત્નકુક્ષી માતાને લાખ લાખ ધન્યવાદ.

# 'પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન'ની

## કથા-વાર્તા-ચિંતન-સભર સાહિત્ય-સૂચિ

શબ્દશિલ્પી : સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.**

૧. કલિકાલ સર્વજ્ઞ ને કુમારપાળ
૨. અંધારે અજવાળાં
૩. ઝેર તો પીધાં જાણી જાણી
૪. દરિયામાં એક વીરડી મીઠી
૫. મૃગજળની માયા
૬. પળપળના પલટા
૭. કમળની કેદ
૮. કલ્યાણ યાત્રા
૯. સો સો સલામ સંસ્કૃતિને
૧૦. ચિંતન અને ચિનગારી
૧૧. વેર અને વાત્સલ્ય
૧૨. શૌર્ય અને શહાદત
૧૩. પ્રકાશ પ્રતિ પ્રયાણ
૧૪. કલ્યાણ મંત્ર
૧૫. તૂટ્યા તાર ગુંજે ગીત
૧૬. ફૂલ અને ફોરમ
૧૭. દિલ જેનાં દરિયાવ
૧૮. સતના ત્રાજવે
૧૯. મૂંઝાતા માનવીને
૨૦. મૂંઝવણમાંથી મુક્તિ
૨૧. યુદ્ધ વિરામ
૨૨. મધબિંદુની માયા
૨૩. દાસ : દેવાધિદેવનાં
૨૪. ફૂલ નાનું શૂલ મોટી
૨૫. કલ્યાણનો કુંભ
૨૬. વાદળી કાળી કોર રૂપાળી
૨૭. કલ્યાણ કંકોત્રી
૨૮. સંસ્કૃતિના સાદે
૨૯. વરસે વાદળ ઝબૂકે વીજ
૩૦. પગલે પગલે પુણ્ય પ્રભાવ
૩૧. ફૂલડાં ફોરમ ભર્યા
૩૨. ધૂપ સુગંધ
૩૩. દંડનાયક મહામંત્રી વિમલ
૩૪. શૌર્યની શાહીથી
૩૫. શૌર્યનાં શિલ્પ
૩૬. શૌર્યનાં શિલાલેખ
૩૭. ભોગે શૂરા ત્યાગે શૂરા
૩૮. મૈત્રીનાં મૂલ અમૂલ
૩૯. ભાગ્યચક્ર
૪૦. પુણ્યે જય પાપે ક્ષય
૪૧. લેખ મીટે નહિ મેખ લગાયો
૪૨. હસતા તે બાંધ્યાં કર્મ
૪૩. કલ્યાણની કેડી
૪૪. સુકૃત સાગર
૪૫. ગિરનારના ગીત ગાયકો
૪૬. ધ્રુવધામ એક રામ
૪૭. શંખેશ્વરનાં શરણે
૪૮. ગરવીગાથા ગિરનારની
૪૯. જ્યોતિર્ધામ રામનામ
૫૦. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી
૫૧. નળ દમયંતી
૫૨. પોઢેલા પથિકને
૫૩. આજનો બાળ કાલનો રખેવાળ
૫૪. રક્ષણહાર એક નવકાર
૫૫. સંસ્કૃતિનો સિંહનાદ
૫૬. બલિદાન બોલે છે
૫૭. કર્તવ્ય કાજે કુરબાની
૫૮. જ્યોત જલાવીએ જૈનત્વની
૫૯. મહિમાઃ મિચ્છા મિ દુક્કડંનો
૬૦. અમર યાત્રિકો
૬૧. ઇતિહાસની સુવાસ
૬૨. પ્રસંગના રંગતરંગ
૬૩. હંસા ! ચરો મોતીનો ચારો
૬૪. સ્વાતિનાં મોતી
૬૫. આંખો ખોલી આગમે
૬૬. પ્રભાવ : પર્યુષણનો
૬૭. અંતરની અમીરી
૬૮. કલ્યાણનો કિનારો
૬૯. રોજનીશીની રોશની
૭૦. ખજાનો ખુમારી ને ખમીરીનો
૭૧. મોતીની માળા
૭૨. મહાવીર પ્રભુના દશ શ્રાવકો
૭૩. સત્ત્વ અને સમર્પણ
૭૪. સુખ દુઃખની ઘટમાળ
૭૫. આર્યાવર્તની અસ્મિતા
૭૬. કાવ્યોપદેશ
૭૭. હુંની હારમાળા
૭૮. ધર્મ ધ્વજના ધારકો
૭૯. સંઘર્ષમાં હર્ષ
૮૦. જીવદયા કાજે જંગ
૮૧. સૌભાગ્યનો સૂર્ય
૮૨. મહાસતી મૃગાવતી
૮૩. રામને પ્રણામ
૮૪. મુનિને માર્ગદર્શન
૮૫. इतिहास के झरोखें से
૮૬. કલ્યાણનું ગાન
૮૭. ૨૪ તીર્થંકર
૮૮. મહારાજા ખારવેલ
૮૯. ઈર્ષાના ઇંધણ
૯૦. ભગવાન શ્રી શાંતિનાથ
૯૧. ઘરઘરની કથા ઘરઘરની વ્યથા
૯૨. કલ્યાણ પ્રતિ પ્રયાણ
૯૩. દિલના દરિયે ભાવનાની ભરતી
૯૪. સંસ્કૃતિના સપૂતો
૯૫. મહેંકતી મર્દાનગી
૯૬. मंत्रीश्वर विमल
૯૭. અમર ઉપાધ્યાયજી
૯૮. મુક્તિનો મારગ મીઠો
૯૯. મર્દાનગીની મહેફીલ
૧૦૦. શબ્દાત્મક શાલિભદ્રની ૯૯ પેટી
૧૦૧. મનના મોડ અજોડ
૧૦૨. શૌર્યનો શંખનાદ
૧૦૩. મન સાથે મૈત્રી
૧૦૪. જવાંમર્દી
૧૦૫. મન સાથે મુલાકાત
૧૦૬. જીવનની જડીબુટ્ટી
૧૦૭. ધ્રુવ તારક
૧૦૮. મનન મોતી
૧૦૯. બોધ બિંદુ
૧૧૦. અમૃત કુંભ
૧૧૧. તેજસ્વી તારલા
૧૧૨. ભગવાન શ્રી પાર્શ્વનાથ
૧૧૩. ઝિંદાદિલી
૧૧૪. પ્રેરણાના પુષ્પો
૧૧૫. કલ્યાણ જ્યોત
૧૧૬. કલ્યાણ ધારા
૧૧૭. કલ્યાણ ધ્વનિ
૧૧૮. કલ્યાણ સ્રોત
૧૧૯. માર્ગ ચીંધતી મશાલ
૧૨૦. માનવતાનો મહેરામણ
૧૨૧. આર્યત્વના અજવાળાં
૧૨૨. બુદ્ધિનાં ખેલ
૧૨૩. જાત સાથે વાત
૧૨૪. સાધના સંદેશ
૧૨૫. સર્વં ક્ષણિકમ્

પૂજ્યશ્રી લિખિ
તમામ સાહિત્ય
ઘર બેઠા પ્રાપ્ત
કરવા માત્ર
રૂપિયા ૧૫૦૦/
ભરીને આજીવ
સભ્ય બનો. સ
બનતાની સાથે
રૂપિયા ૭૫૦/-
પુસ્તકો તથા
ભાવિ તમામ
પ્રકાશનો મળ

• પ્રાપ્તિસ્થાન :- **પંચ પ્રસ્થાન પુણ્ય સ્મૃતિ પ્રકાશન... રમેશભાઈ આર સંઘવી**
**બી-૩, રતન ભુવન એપાર્ટમેન્ટ, રામજીની પોળ, હનુમાન ચાર રસ્તા, ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૨. મોબાઈલ : ૯૩૭૪૫ ૧૩૬૫૫.**

જેમની પુણ્યસ્મૃતિમાં આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.



: જન્મ :
ઈ.સ. ૧૯૬૧

: મૃત્યુ :
ઈ.સ. ૨૦૦૪

## સ્વ. પ્રવિણભાઈ ગેલાભાઈ રામજી નીસર

(ગામ : લાકડીયા - કચ્છ)

૪૩ વર્ષની લઘુવયે જીવનની ક્ષણિકતાનો
સચોટ સંદેશ આપી વિદાય થઈ ગયેલા આપની સ્મૃતિ હજુ વીસરાતી નથી.

'આ જયોત જલી બુઝાઈ જશે, આ ફૂલ ખીલી કરમાઈ જશે,
તું ધર્મનો મર્મ સમજી લે, નહિ તો આમ જ આંખ બીડાઈ જશે.
'સુબહ ફૂલો કો ખિલના હૈ, શામ કો મુરઝાના હૈ,
જ્ઞાન હમેં બસ ઈતના હૈ, આને વાલો કો જાના હૈ.
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે. અંજલિ આપતા હૈયું તૂટે છે.

લિ. આપનો સ્નેહાધીન પરિવાર